# અનુકૂળ સંજોગો બહારની મુસાફરીઓ



લેખક : રેવ. ડેવિડ ડબલ્યુ. એફ. વોંગ
અનુવાદક : ટેનીલ્સા રૂબેન ક્રિસ્ટી

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

IHBGA1 55.

# અનુકૂળ સંજોગો બહારની મુસાફરીઓ

જ્યારે આપણે પરિચિત અને
નિત્યક્રમ છોડીએ છીએ ત્યારે શું થાય છે?

મનન અને ચર્ચા વિચારણા કરવા માટેની
પ્રશ્નાવલિ સહિત

લેખક
રેવ. ડેવિડ ડબલ્યુ. એફ. વૉંગ

અનુવાદક
ટેનીલ્સ રૂબેન ક્રિસ્ટી

પ્રકાશક :
**ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી**
સાહિત્ય સેવાસદન,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૪૪૫૨૮૧.

પ્રથમ આવૃત્તિ: ૨૦૦૬ નકલ : ૧૦૦૦

**કિંમત રૂા. ૩૦/-**

મુદ્રક :
**સ્કીન ડોટ પ્રિન્ટર્સ**
૬૪, કામા કોમર્શિયલ સેન્ટર,
મિરઝાપુર કોર્ટ સામે,
મિરઝાપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૦૭૯-૬૫૪૪૬૬૨૯

# અનુક્રમણિકા

પ્રકાશકના બે બોલ

સ્નેહભરી યાદ

અનુવાદકનું નિવેદન

પ્રસ્તાવના

આભાર દર્શન

સંક્ષિપ્તમાં મુસાફરી શરૂ કરતાં પહેલાં

પ્રકરણ એક યાકૂબઃ અંધારી રાત્રિ

પ્રકરણ બે યૂસફઃ જેલ સુરક્ષા

પ્રકરણ ત્રણ ઈબ્રાહીમઃ ખુલ્લા હાથ

પ્રકરણ ચાર મુસાઃ બુઝાતો જતો અંગારો

પ્રકરણ પાંચ રૂથઃ અજાણ્યો માર્ગ

પ્રકરણ છ એલિયાહઃ બીજો શ્વાસ

પ્રકરણ સાત નહેમ્યાહઃ દૂરના અંતરથી દર્શન

પ્રકરણ આઠ મરિયમઃ હૃદયમાં ખુશીથી સંઘરી રાખેલ રહસ્ય.

પ્રકરણ નવ પિત્તરઃ પૂર્ણ વર્તુળ

પ્રકરણ દસ પાઉલઃ લાંબુ ઘસડાયેલો

વિસ્તાર પૂર્વક અનુકૂળ સંજોગોના આઠ સિધ્ધાંતો

સંદર્ભ પુસ્તકો

ચર્ચા વિચારણા માટેની પ્રશ્નાવલિ

# પ્રકાશકના બે બોલ

માનવ જીવન એ પ્રવાસ સમાન છે. જીવનનો પ્રવાસ વિવિધ મુકામે થઈને આગળ વધતો રહે છે. આ સમગ્ર જીવન એક સરખું ક્યારેય રહેતું નથી. જીવન વિવિધ પાસાઓથી, બનાવોથી ઘેરાયેલું હોય છે. અનુકૂળ સંજોગો હંમેશા આનંદ અને ઉત્તેજન આપતાં હોય છે. જ્યારે પ્રતિકૂળ સંજોગો માનવ જીવનને તમામ રીતે હલાવી નાખનારા હોય છે. પરંતુ પ્રતિકૂળ કે અનુકૂળ સંજોગો એ માનવ જીવનના અવિભાજ્ય અંગો સમાન છે. જેનાથી કોઈપણ વ્યક્તિ બાકાત રહી શકે નહિ.

બાઇબલ આ તમામ સંજોગો, પ્રસંગો, પરિસ્થિતિને કેવી રીતે હલ કરવા સામનો કરવો તે વિશે સમજણ અને શિક્ષણ પૂરાં પાડે છે, ઉત્તેજન આપે છે. આ પુસ્તકમાં અસામાન્ય સંજોગોમાં કેવી રીતે જીવન જીવવું અને તેના પર જય પ્રાપ્ત કરવો તે અંગે ઊંડાણથી સમજ, શિક્ષણ આપવામાં આવ્યું છે. ખાસ કરીને બાઇબલના વિવિધ પાત્રોના જીવનોને આધારે કેવી રીતે જીવનની યાત્રા ચલાવવી કે જીવવી તેનું શિક્ષણ આપવામાં આવ્યું છે.

તેથી, આ પુસ્તક તમામ વર્ગના ભાઈ-બહેનો માટે જીવનના તમામ સંજોગોને માટે ઉત્તેજન અને દોરવણી પૂરું પાડનારું બની રહેશે તેમાં શંકાને સ્થાન નથી. લેખકે પાત્રોને અને તેમની સાથે સંકળાયેલી તમામ પરિસ્થિતિ, બાબતોને પૂરતો ન્યાય

આપ્યો છે. જ્યારે શ્રી ટેનીલ્સ રૂબેન ક્રિસ્ટીએ આ પુસ્તકને યોગ્ય રીતે ગુજરાતી ભાષામાં મૂકેલ છે. શ્રી ટેનીલ્સ ક્રિસ્ટીનો અનુવાદક તરીકેનો આ પ્રથમ પ્રયાસ છે. જે પ્રસંશનીય છે. તેઓ આપણા અભિનંદનના અધિકારી સાચા અર્થમાં બને છે.

આ ખાસ પ્રકારનું પુસ્તક ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના પુસ્તકોની શ્રેણીમાં ઉમેરાય છે ત્યારે ગૌરવની અને આનંદની લાગણી અનુભવતા આ પુસ્તકને આવકારું છું.

આ પુસ્તકના પ્રકાશન પેટે શ્રી ટેનીલ્સભાઈ અને તેમના કુટુંબીજનો તરફથી રૂા. ૨૫,૦૦૦/-નું દાન મળેલ છે. તેઓનો આ સમયે આભાર માનું છું. આ પુસ્તક તેના વાચકોને માટે આશિષ લાવનારું બની રહે એવી શુભેચ્છા તથા પ્રાર્થના છે.

પ્રેમભાવથી,
**રેવ. હેમંતકુમાર જે. પરમાર**
સેક્રેટરી

સાહિત્ય સેવા સદન,
એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦૦૦૬
ડિસેમ્બર /૨૦૦૬

# સ્નેહભરી યાદ

આ અનુવાદિત પુસ્તક હું મારા દાદા સ્વ. વડીલ ભુરાજી પુનાજી, ૮૬ વર્ષ અને દાદી સ્વ. મેરીબેન, ૧૦૦ વર્ષની આ પૃથ્વી પરની મુસાફરી પૂરી કરી ગયા તેમની સ્નેહભરી યાદમાં પ્રસિધ્ધ કરુંછું.



**સ્વ. વડીલ ભુરાજી પુનાજીભાઈ**
**જન્મઃ ૬–૧૦–૧૮૯૫**
**મરણઃ ૧–૮–૧૯૮૧**

**સ્વ. મેરીબેન ભુરાજીભાઈ**
**જન્મઃ ૪–૮–૧૯૦૪**
**મરણઃ૧૬–૯–૨૦૦૪**

પ્રભુ તથા તેની મંડળી અને વિશેષ કરીને પંચમહાલના પહાડી જંગલ વિસ્તારમાં જંગલ ટ્રાઈબ મિશન ધ્વારા સ્થપાએલી મંડળીઓની, સમાજની સેવા કરતાં તેઓ બન્નેએ ઘણાં વર્ષો સુધી કરેલી અનુકૂળ સંજોગો બહારની મુસાફરીને હું ખાસ રીતે યાદ કરું છું, તેમની સેવાઓને બિરદાવું છું અને પ્રભુને માન–મહિમા અને આભાર સ્તુતિનાં અર્પણ ચઢાવું છું.

આ પુસ્તકના પ્રકાશન અર્થે નીચે જણાવેલ તેમના સંતાનો તરફથી દાન મળ્યું છે.

ટેનીલ્સ રૂબેન ક્રિસ્ટી, ઈલેકટા રાજેશકુમાર પરમાર (ન્યુઝીલેન્ડ), વિશાલ વિનય હેરીસ (ઓસ્ટ્રેલીયા), મીનાક્ષી બેરીંગટન ક્રિશ્ચિયન (લંડન), ડો. જવેલીના જોશી (વડોદરા), હર્ષદ મનાશેહ પરમાર (અમદાવાદ), ઓનેસીમસભાઈ પરમાર (સુરત).

# અનુવાદકનું નિવેદન



ખ્રિસ્તમાં પ્રિય વાચક મિત્રો, પ્રેમી સલામ.

રેવ. ડેવિડ વોંગ લિખિત પુસ્તક " જર્નીસ બિયોન્ડ ધ કમ્ફર્ટ ઝોન " નો ગુજરાતીમાં અનુવાદ " અનુકૂળ સંજોગો બહારની મુસાફરીઓ " રજૂ કરતાં આનંદ અનુભવું છું. મારી આશા તથા પ્રાર્થના છે કે આ પુસ્તક આપને કોઈક રીતે ઉપયોગી નિવડશે.

## લેખક અને પુસ્તકની ઓળખ

ઈશ્વરકૃપાએ મને ઓકટોબર ૨૦૦૪માંહાગ્ગાય ઈન્સ્ટીટયુટના સેમિનાર (માવી, હવાઈ)માં ભાગ લેવાની તક મળી. ત્યાં મને આ પુસ્તક અને તેના લેખક રેવ. ડેવિડ વોંગ બંને મળ્યા. રેવ. વોંગ તે સમયે હાગ્ગાય ઈન્સ્ટીટયુટના વાઈસ પ્રેસીડેન્ટ (ટ્રેઈનીગ) તરીકે ફરજ બજાવતા હતા, તદ્ઉપરાંત "Integrity" વિષયના અધ્યાપક હતા.

## ભાષાંતર કરવા માટેનાં કારણો

- તેઓ સાહેબના પ્રવચનો, શિક્ષણ અને આ પુસ્તકનો વિષય વસ્તુ મને ખૂબ જ અસર કરી ગયા.
- બાઈબલમાંના આ દસ પાત્રો વિશે નાનપણથી અત્યાર સુધી, સન્ડે સ્કૂલ, સંદેશાઓ, સેમિનાર વિગેરેમાં વિવિધ રીતે સાંભળ્યુ અને શીખ્યો હતો, પરંતુ લેખકે જે દ્રષ્ટિકોણથી આ પાત્રાલેખન કર્યું છે તે ખરેખર એક નવો હૃદયસ્પર્શી વિચાર

છે. આ અસરકારક વિશ્લેષણ મેં જયારે જાણ્યું અને અનુભવ્યું છે ત્યારે તે બીજા ગુજરાતી લોકો પણ તે પ્રાપ્ત કરે.

- હાગ્ગાય ઈન્સ્ટીટયુટના ટ્રેનિંગ સેમિનાર દરમિયાન " ગોલ સેટિંગ" વિષય અંતર્ગત જીવનના વિવિધ ક્ષેત્ર અને પાસાઓમાં ચોકકસ ધ્યેય અને તે મુજબ કરવા માટેનું શિક્ષણ મળ્યું.
- હું જયાં નોકરી કરું છું તે સંસ્થા, હિટાચીમાં ૨૦૦૫ અને ૨૦૦૬ શરૂ થતાં પહેલા થયેલી ટાઈમ મેનેજમેન્ટની ટ્રેનિંગના અનુસરણના ભાગરૂપે ૨૦૦૬ના વર્ષ દરમિયાન અમદાવાદથી મારી ઓફિસ કડી જવાના દરરોજના બસના સમયનો ઉપયોગ કરી આ પુસ્તકના ભાષાંતરનો નિર્ણય કર્યો હતો.
- ઈજનેરી વિષયનો અભ્યાસ અને તે સંબંધીનો જ અનુભવ તથા આર્ટસ અને થિયોલોજીનો અભ્યાસ કે અનુભવ નહીં તેવી પ્રશ્ચાદ્દભૂમિકા ધરાવતો હોવા છતાં આ પ્રકારના મારા પ્રથમ અનુભવમાં મારા કુટુંબ અને મારા પાળક રેવ. હેમંતકુમાર તરફથી પ્રોત્સાહન પ્રાપ્ત થયું.

**આભાર**

- આ કાર્યની પ્રેરણા અને તે પુરું કરવાને ઈશ્વરપિતાએ હરેક પ્રકારે કૃપા, દોરવણી, વ્યવસ્થા પૂરી પાડીને એક સમયે પ્રતિકૂળ લાગતી બાબતોને અંતે અનુકૂળ બનાવી.
- લેખક રેવ. ડેવિડ વોંગ સાહેબે કોપીરાઈટ હક પૂરા પાડયા અને અનુવાદ કરવાની પરવાનગી આપી.
- મારા કુટુંબની પ્રત્યેક વ્યકિતએ તેમનાથી શકય તમામ સાથ અને સહકાર પૂરા પાડયા. મારા પત્ની સોનલે શબ્દોના અર્થ ડિક્ષનરીમાંથી શોધી આપવા, મમ્મી હેરિયટબેને લખાણ ટાઈપ કરવા માટે આપતાં પહેલાં સુંદર અક્ષરોમાં લખી

આપવા અને પપ્પા રૂબેનભાઈએ ભાષાંતર તપાસવા, પ્રૂફરિડિંગ અને બાઈબલની ભાષા અનુસાર શબ્દશુધ્ધિ કરવાની ખાસ સેવાઓ બજાવી હતી. બંને બાળકો જેરન અને લિયોન પણ આ કોઈ ખાસ – અલગ કાર્ય થઈ રહયું છે તેવી સમજણ ધરાવતા હતા. ઓફિસેથી સાંજે હું ઘેર આવતો કે દરરોજ જેરનના પ્રથમ પ્રશ્નો, "ડેડી, આજે કયું ચેપ્ટર લખ્યું? કેટલું લખ્યું? કેટલા પાના બાકી છે? કયારે પુરૂં થશે?" અને આવા અનેક પ્રશ્નો એ મને ખાસ ઉત્તેજન પુરૂં પાડયું. આ કાર્યને લીધે કુટુંબના બધાંજ સભ્યોને કંઈક અને કંઈક બાબતો જતી કરવી પડી – ભોગ આપવો પડયો.

- મારા પાળક રેવ. હેમંતકુમાર સાહેબે સતત ખૂબ જ પ્રોત્સાહન પુરું પાડયું અને ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીની સેવાઓ ઉપલબ્ધ કરાવી આપી.
- ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીએ આ પુસ્તક પ્રકાશનની જવાબદારી સ્વીકારી અને પ્રમુખ, ઉપ પ્રમુખ, સેક્રેટરી, ખજાનચી, તમામ સભ્યો અને સ્ટાફ એ જરૂરી ફરજો અને સેવાઓ બજાવી.

- શ્રી આઈઝેક ઈસુદાસભાઈ ત્રાજકરે ગુજરાતીમાં ટાઈપ કરવાની મહામૂલી સેવાઓ પૂરી પાડી.

- મારી ઓફિસમાં ટાઈમ મેનેજમેન્ટની ટ્રેઈનીંગનું આયોજન સંસ્થાના મેનેજમેન્ટે કર્યું, સંસ્થા "ઉન્નતિ" એ ટ્રેનિંગ આપી, તથા વખતો વખત આ ટ્રેનિંગ દરમિયાન કરેલા નિર્ણયોની સમીક્ષા તથા સમય મર્યાદામાંતે પૂરા કરવા માટે "મેનેજીંગ ટાઈપ" ગ્રુપ અને સંસ્થાના ડાયરેકટર શ્રી વિનય ચૌહાણ સાહેબે પ્રોત્સાહન પૂરા પાડયા.

- ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીના નિર્ણયને માન આપીને શ્રી વસંત કામદાર સાહેબે ગુજરાતી તરજૂમાનું લખાણ તપાસવાની અને સુધારવાની સેવા બજાવી અને પુસ્તક પ્રકાશનની ખાસ ભલામણ કરી.

- મુખપૃષ્ઠ ચિત્ર શ્રી દિપકભાઈ લોરેન્સ ક્રિશ્ચિયન તરફથી પ્રાપ્ત થયું.

- આ પુસ્તકના પ્રકાશન માટે મારા કુટુંબના સભ્યો તરફથી નાણાં પ્રાપ્ત થયા.

ઉપરોકત આશિષ અને દરેક સેવાઓ, ભલી લાગણીઓ બદલ હું પ્રત્યેકનો, તેમજ પ્રત્યક્ષ અને પરોક્ષ સેવાઓ આપનાર તમામનો અંતઃકરણના ઊંડાણથી આભાર માનું છું. આ પુસ્તકના પ્રકાશનનું કાર્ય તેમના અત્યુત્તમ ફાળા વગર શકય બનવું અત્યંત મુશ્કેલ – અસંભવ હોત.

**અંતમાં**

હું ફરીથી ત્રિએક ઈશ્વરની સ્તુતિ કરતાં આભાર માનું છું અને પ્રાર્થના કરું છું કે મારી અમદાવાદથી કડી જવાની રોજની મુસાફરી દરમિયાન મેં કરેલા આ પુસ્તક અનુવાદને આશિષિત કરે અને વાંચનાર પ્રત્યેકને તેમની આ પૃથ્વી પરની જીવન મુસાફરીમાં અનુકૂળ સંજોગોથી બહાર જવાના સમયો આવે ત્યારે હિંમત અને દોરવણી પ્રાપ્ત થાય, અને આ પુસ્તકના અનુવાદ, પ્રકાશન અને વાંચનથી ઈશ્વરના નામનો મહિમા હો, આમેન.

**ટેનીલ્સ રૂબેન ક્રિસ્ટી**
**અમદાવાદ**
**ડિસેમ્બર/૨૦૦૬**

# પ્રસ્તાવના

બીજા વિશ્વયુધ્ધ દરમિયાન, જનરલ ડવાઈટ આઈઝન હોવરે કહયું હતું, "એક પણ જીત એવી નથી કે જેની કિંમત સોદાબાજી કરેલી કિંમત હોય." સફળતા માટે પ્રયત્ન જરૂરી છે. આ બાબત યુધ્ધ માટે જેટલી સાચી છે તેટલી જ સાચી માનસિક, નીતિમત્તા અને આત્મિક જ્ઞાન માટે છે.

"અનુકૂળ સંજોગો બહારની મુસાફરીઓ" પુસ્તકમાં રેવ. ડેવિડ વોંગ વચનબધ્ધતાથી તે શિસ્ત સુધી વહેતી અમર્યાદિત શકયતાઓને ખુલ્લી કરે છે. તેઓ સર્જનાત્મક વિચારક અને પ્રથમ કક્ષાના સંદેશવાહક બન્ને છે. આ પુસ્તક ખ્રિસ્તી જીવનશૈલી વિષેના વિચારો પ્રત્યેનું મોટું યોગદાન દર્શાવે છે.

આ મોટા ચઢાવ–ઉતારવાળા સાહસિક પ્રયોગો નથી. દરેક દલીલો ઈશ્વરના વચનરૂપી ખડકો પર આધારિત છે. તેમના પાત્ર અભ્યાસ સીધા શાસ્ત્રના પૃષ્ઠ પરથી જ આવે છે. અને વાચક દરેક પ્રકરણને વ્યકિતગત ધ્યેય અને કાર્ય કરવાના પગલામાં રૂપાંતર કરી શકે છે.

આપણે આરામદાયક અનુકૂળ જમાનામાં જીવીએ છીએ. ખ્રિસ્તીઓએ હવે ફરીથી જાણવાની જરૂર છે કે સાચી અને ટકનાર સફળતા યુસફે મિસર જતાં અરણ્યમાં પ્રતિકૂળતા સામે ટકયો ત્યારે પ્રાપ્ત કરી હતી.

આજ રીત બાઈબલમાં વારંવાર લખાઈ છે. રેવ. વોંગે પસંદ કરેલા પાત્રોમાંના એકે પણ જે પરીક્ષણોમાંથી તેઓ પસાર થયા અને જેણે તેમને તે સમયનાં મહાન નામાંકિત પુરૂષો અને સ્ત્રીઓ બનાવ્યા તેને પસંદ કરત નહીં, છતાં તેમણે પડકારને જાણ્યો અને હિંમતપૂર્વક તેમણે તેમની અનુકૂળતાને તેમના ધ્યેય સુધી પહોંચવા બાજુ પર મૂકી.

અનુકૂળતા આપણને સિધ્ધિ પ્રાપ્ત કરવા માટે પ્રોત્સાહન આપતી નથી, મુશ્કેલી અને અગવડતા આવું કરી શકે છે. માનવીય પ્રયાસના કોઈપણ ક્ષેત્ર જેવા કે, વૈદકિય, રમતગમત, ઉદ્યોગમાં જે કોઈ શ્રેષ્ઠતા માટે કિંમત ચૂકવે છે તે જ ઉપર આવે છે.

આ પુસ્તક બુધ્ધિથી અને હૃદયથી પણ લખાયું છે. મેં તેમના પ્રવચનો સાંભળ્યા છે અને તેથી આકર્ષિત થયો હતો.

વારંવાર આ આગેવાનો – જેમાં નિષ્ણાંત ધારાશાસ્ત્રીઓ, મલ્ટીનેશનલ ઉદ્યોગપતિઓ, પ્રસાર માધ્યમના અગ્રણીઓ, શસ્ત્રક્રિયા કરનારાઓ, સાંસદો અને અગ્રગણ્ય દિક્ષીત વ્યકિતઓનો સમાવેશ થાય છે. તેઓએ વિનંતી કરી હતી કે રેવ. વોંગ તેમના વિચારોને લેખિત સ્વરૂપમાં એકત્રિત કરે. આખરે તેઓ તેમ કરી શકયા છે અને આપણે તેના લાભદાયી છે.

ડેવિડ વોંગ હાગ્ગાય ઈન્સ્ટીટયૂટમાં એકધારી રીતે ઊંચી ગુણવત્તા ધરાવતા વ્યાખ્યાતામાં સ્થાન ધરાવે છે. તેમની પાસે કંઈક કહેવા માટે યોગ્ય બાબત છે અને તેઓ યોગ્ય રીતે કહે છે.

મેં એક કરતાં વધારે વખત આ પુસ્તક વાંચી લીધું છે. હું ચોકકસ છું કે હું ફરીથી તે વાંચીશ. હું શંકા વગર તેની પ્રસંશા કરૂં છું.

**ડો. જોન એડમન્ડ હાગ્ગાય**
સ્થાપક અને પ્રમુખ, હાગ્ગાય ઈન્સ્ટીટયૂટ,
સપ્ટેમ્બર ૨૦૦૦.

# આભાર દર્શન

આ પુસ્તક "મારી મુસાફરીઓ" પુસ્તકની શ્રેણીમાં દયા મુસાફરી (૧૯૯૭) અને કઠણ મુસાફરી (૧૯૯૮) પછીનું આ ત્રીજું પુસ્તક છે. હાગ્ગાય ઈન્સ્ટીટયૂટના સેમિનારમાં જે "મનન" મેં કરાવ્યાં તેની શ્રેણીમાંથી આ પુસ્તક ઉદ્‌ભવ્યું છે. હું મારા સાથીદારો અને મિત્રોનો તેમના દ્રઢ વચન માટે અને ડો. જોન એડમન્ડ હાગ્ગાયનો પ્રસ્તાવના માટે આભાર માનું છું. મિકી ચિઆંગ, પોલાઈન કોઈ, માઈક હસબન્ડ અને કેઈયેંગ જેઓએ મારૂં કાચું લખાણ વાંચ્યું હતું અને ઉપયોગી સૂચનો આપ્યા હતા. ૧૯૯૪માં ડો. રિચાર્ડ બાવીએ મને મારા અનુકૂળ સંજોગો છોડીને હાગ્ગાય ઈન્સ્ટીટયૂટનું બીજું ટ્રેનીંગ સેન્ટર માવી, હવાઈમાં સ્થાપના માટે આમંત્રણ આપ્યુંહતું. તેમને આભારસહ આ પુસ્તક અર્પણ કર્યું છે.

રેવ. ડેવિડ વોંગ.

# સંક્ષિપ્તમાં
# મુસાફરી પહેલાં

હ' જે વ્યકિત પગલું ભરતાં પહેલાં સમજી વિચારીને
નિર્ણય કરે છે તે તેનું આખું જીવન એક પગ પર જીવી શકશે."
ચાઈનીઝ કહેવત

તમારા જીવનના એક કે બે મહત્વના મુદદાઓ વિષે વિચાર કરો. આ મુદદાઓને આપણે "નિર્ણાયક પળો" કહીએ છીએ કારણ કે આપણે મહત્વના નિર્ણયો કરીએ છીએ જે આપણા બાકીના જીવનને દોરે છે અને નકકી કરે છે.

થોડા વર્ષો સુધી, મેં બાઈબલમાંના પાત્રોના વ્યકિતગત જીવન વિષે અભ્યાસ કર્યો. તેમાંના ઘણાંએ સામાન્ય વ્યકિત તરીકે શરૂઆત કરી. પરંતુ વિશ્વાસના મહાન પુરુષ અને સ્ત્રી તરીકે વૃધ્ધિ પામ્યા. તેમના નામો આપણે જાણીએ છીએઃ ઈબ્રાહીમ, યુસફ, મુસા, મરિયમ, પાઉલ અને બીજા અન્ય.

તેઓના જીવનમાં નિર્ણાયક ઘડી આવી હતીઃ ઈબ્રાહીમ માટે જયારે તેણે તેના દીકરા ઈસ્હાકને મોરિયાહ પહાડ પર અર્પણ તરીકે આપ્યો ત્યારે, યુસફ માટે જયારે તેણે મિસરમાં પોટીફારની સ્ત્રી ધ્વારા વ્યભિચારની માગણીનો નકાર કર્યો, મુસા માટે જયારે તે મિદ્યાનમાં ખુલ્લા પગે બળતા ઝાડવા આગળ ઉભો હતો, મરિયમ માટે જયારે તેણે તેનો પોતાના પ્રથમ દીકરાને બેથલેહેમની ગભાણમાં જન્મ આપ્યો અને પાઉલ જયારે તે દમસ્કના રસ્તા પર અંધ કરી નાંખનાર પ્રકાશને લીધે પડી ગયો ત્યારે.

જેમ હું આ અર્થસભર મહત્વની બાબતો પર વિચારતો હતો, આ બધા અનુભવોમાં એક સામાન્ય બાબત મારા ધ્યાન પર આવીઃ આમાંની દરેક વ્યકિત પોતાના ઘરથી દૂર હતી જયારે તેને કે તેણીને જીવન બદલી નાખનાર અનુભવનો ભેટો થયો. લગભગ બધાજ જીવન બદલી નાખનાર અનુભવ વિષે આપણે બાયબલમાં વાંચીએ છીએ કે, જીવનમાં બદલાણ લાવનાર લગભગ બધા જ અનુભવો, જે તે વ્યકિતના અનુકૂળ સંજોગોથી દૂરની જગ્યાએ બન્યા. આ બધા ઉપરાંત બીજી એક વાત ધ્યાનમાં લઈએ તો બનાવો જે બન્યા તે સુસામાં નહેમ્યાહ, બાબેલોનમાં દાનિએલ, પોતાના પિતાનું ઘર છોડીને જતો યાકૂબ, મોઆબ છોડીને જતી રૂથ, કર્નેલ્યસનાં ઘરમા પિત્તર અને પાત્મસ બેટમાં યોહાન.

થોડા વર્ષો સુધી આખા વિશ્વના ખ્રિસ્તી આગેવાનોને તાલીમ આપવામાં હું સહભાગી હતો. તેઓ માવી, હવાઈના મિડ–પેસેફિક સેન્ટર પર આવેલા હાગ્ગાય ઈન્સ્ટીટયુટમાં આવતા. ઘણા લોકો હજારો માઈલોની અને ઘણા દિવસોની મુસાફરી કરીને એક મહીના સુધીનો સમય અમારા સેમિનારમાં ગાળવા આવતા. મોટા પેસેફિક સમુદ્રના એક ટાપુ પર દરેક પ્રતિનિધિ પુરૂષ કે સ્ત્રી પોતાના ઘરથી દૂર હોય છે.

દરેક સેમિનારની શરૂઆતે હું તેઓની સાથે પ્રશ્નની સમીક્ષા કરૂં છું કે, આપણે જયારે જાણીતું અને રોજિંદું કામકાજ છોડીએ છીએ ત્યારે શું થાય છે? અથવા બીજા શબ્દોમાં કહીએ તોઃ જયારે આપણને આપણા અનુકૂળ વિસ્તારમાંથી બહાર લઈ જવામાં આવે ત્યારે શું થાય છે?

જોએલ બાર્કરે "પેરાડિમ્સ – પ્રણાલિગત ઘરેડમાંથી બહાર નીકળવું"[1] વિચારને જાણીતો કર્યો. તે માને છે કે દરેક જણ પોતાની અનુકૂળ ઘરેડમાં સ્થાયી થાય છે. અને તેના નિયમોને પાળે છે અને કામ કરે છે. તેથી દરેક વ્યકિત ગમા અને અણગમાને વિકસાવે છે અને સંસ્થાઓ જગિક સંસ્કૃતિને આગળ ધપાવે છે. સમય પ્રમાણે દરેક જોવાની રીત અને કામ કરવાની રીત વિકસાવે છે.

બાર્કર ચેતવણી આપે છે કે આપણે એવી ઘરેડમાં એવા જકડાઈ જઈ શકીએ છીએ કે જેથી આપણે કોઈ બાબતને બીજી કોઈ રીતે જોઈ શકતા નથી. અથવા કરી શકતા નથી. ઈતિહાસમાં પરિવર્તન ત્યારે આવે છે જયારે ચીલાચાલુ ઘરેડ બદલાય છે.

હું માનું છું કે આવો પરિવર્તન લાવનાર બદલાવ વ્યકિતગત જીવનમાં પણ આવી શકે છે. મોટે ભાગે આવો બદલાવ અનુકૂળ વિસ્તારથી બહાર થાય છે. અને ત્યારબાદ આપણને પરિચિત અને રોજિંદા કામકાજથી દૂર લઈ જાય છે. નહેમ્યાહે જયારે યરૂશાલેમનો કોટ ફરીથી બાંધવાનું દર્શન પ્રાપ્ત કર્યું ત્યારે તે તેઓથી સેંકડો માઈલ દૂર હતો. જયારે પાઉલને તેનું વિદેશી જગતને સુવાર્તા પ્રગટ કરવાનું તેડું મળ્યુંત્યારે તે વિદેશી શહેર દમસ્કમાં હતો.

## મહાન મૂળભૂત વિચારો

મહાન સંસ્થાઓના જન્મ વિષેના મારા અભ્યાસમાં, મેં આ જ લાક્ષણિકતા જોઈ. જોન એડમન્ડ હાગ્ગાય પોતાના ઘરથી અડધી દુનિયા જેટલા દૂર બાલીમાં એક હોટલમાં હતા, ત્યારે તેમણે હાગ્ગાય, દુનિયાના દેશોના લોકોને તેમના દેશના લોકો સુધી પહોંચવા માટેની તાલીમ આપતી એક સંસ્થાના દર્શન વિષે લખ્યું [2],

મૂરે કેન્ડન કે જેઓ ન્યુઝીલેન્ડના એક પાયલોટ હતા, તેઓથી એક યોજનામાં ખોટું પગલું ભરાયું. તેઓ એક વાર એટલાન્ટીક મહાસાગર પર ચોકી કરવા નીકળ્યા હતા ત્યારે તેમણે વિચાર્યું, "જો વિમાન લડાઈ અને વિનાશ કરવામાં આટલું અસરકારક બની શકે તો શા માટે આપણે તેને શાંતિની સુવાર્તાને ફેલાવવા માટે ઉપયોગમાં ન લઈ શકીએ?" આમ મિશન એવિએશન ફેલોશીપનો જન્મ થયો.[૩]

એવું કહેવાય છે કે આપણે જયારે ઓફિસમાં બેઠા હોઈએ છીએ ત્યારે ભાગ્યે જ આપણને મહાન મૂળભૂત વિચારો આવે છે. ઓપરેશન મોબીલાઈઝેશના જયોર્જ વર્વરે જયારે એક આશ્ચર્ય પમાડે તેવો વિચાર આપ્યો ત્યારે તેઓ ભારત તરફના પહાડો અને ઉજજડ પ્રદેશમાંથી એક ટ્રકના પાછલા ભાગમાં બેસવાની જગાએ બેસીને જઈ રહયા હતા. "જયારે તેઓ ઊંચેનીંચે થબલાઈ રહયા હતા ત્યારે તેમણે પરિવહન માટેની મુશ્કેલી પર વિચાર્યું અને પુસ્તક વહેંચણીની સેવા અને મુસાફરી બંન્ને સાથે કરી શકાય તેવો વધારે સારો રસ્તો અચૂક હશે જ તેમ વિચાર્યું. આ મુસાફરી દરમિયાન તેમના મનમાં વહાણનો ઉપયોગ કરવાનો વિચાર આવ્યો." સુવાર્તિક વહાણ એમ. વી. લોગોસની શરૂઆત થઈ.[૪]

હવે ફરીથી તમારા જીવનની એક કે બે નિર્ણાયક ઘડી વિષે વિચારો. એવી શકયતાઓ રહેલી છે કે તે બની હશે તે વખતે તમે તમારા અનુકૂળ સંજોગોમાંથી બહાર હો, કદાચ એવી જગાએ કે જે ઓફિસ અથવા ઘરથી દૂર હોય. તે એક કેમ્પ હતો કે જયાં મેં મારું જીવન ખ્રિસ્તી સેવા માટે પ્રભુને સોંપ્યું. દક્ષિણ ચીનના સમુદ્રમાં વહાણ ઉછળતું હતું ત્યારે મારા મનનું સમાધાન થયું કે મારે મારા કિશોર અવસ્થાની પ્રેમિકા સાથે લગ્ન કરવા પાછા જવું જોઈએ.

પરંતુ અનુકૂળ વિસ્તાર શબ્દશઃ જગ્યા જ હોવી જરૂરી નથી. તેઓ આરામદાયક નોકરી, સુખી રાજાશાહી જીવનશૈલી અથવા સરળ કારકિર્દીરૂપ માર્ગના સ્વરૂપમાં પણ આવી શકે. મારી પાળકીય સેવામાં હું ઘણી વ્યકિતઓને મળ્યો છું જેઓ ઈશ્વરનું સાંભળવા થોભ્યા ન હોત જો તેઓને તેઓના અનુકૂળ વિસ્તારમાંથી બહાર ધકેલ્યા ન હોત તો. તેઓના રોજીંદા કાર્યક્રમમાંથી તેઓએ વિચલીત થવું પડયું હતુંઅને પોતાની જાણીતી હદમાંથી બહાર જવું પડયું હતું.

જયારે આધેડ ઉંમરના પુરૂષને જાણ થાય છે કે તેની કંપનીનું સંખ્યાબળ ઘટાડાતા તેની લાંબા વર્ષોની વિશ્વાસુ સેવાઓ હોવા છંતા તેણે નોકરી ગુમાવી છે અથવા જુવાન દંપતિ જયારે પોતાનું નવું જન્મેલું બાળક જન્મજાત ખોડવાળું છે અને કદાચ થોડા વર્ષોથી વધુ જીવી નહી શકે તેવા સમાચાર સાંભળતા, આખી દુનિયા પોતા પર પડતી જુએ છે ત્યારે ધ્રુજારી આવી જાય છે. પ્રત્યેક વ્યકિત અપરિચિત અને અજાણી દુનિયા તરફ કઠોર રીતે જાગી જાય છે.

પરંતુ અનુકૂળ વિસ્તારથી વિચલન હમેંશા ખરાબ સમાચારથી જ થાય છે, તેવું જરૂરી નથી. પછીથી સુખદ પરિણામ પણ આવી શકે છેઃ ઉત્તેજીત થયેલ પ્રેસિડેન્ટ સ્કોલર અભ્યાસ માટે પરદેશ જવા જહાજમાં ચઢે છે, ભાવનાશીલ નવોઢા પોતાના પતિ માટે પિતાનો હાથ છોડે છે, સફળ વહીવટકર્તા પોતાની બઢતીને વિભાગીય જવાબદારીઓ સાથે માણે છે. જીવનનું નવું પ્રકરણ આવકારે છે.

## ખુલ્લા કાન અને આંખો

દરેક વ્યકિતઓ માટે, તેમના સારા માટે કે ખરાબ માટે, એક મુસાફરી શરૂ થાય છે જે તેમને તેમના અનુકૂળ વિસ્તારની બહાર

લઈ જશે. તો જયારે આપણે પરિચિત અને રોજિંદું કામકાજ છોડીએ છીએ ત્યારે શું થાય છે?

પ્રથમ, આપણે બદલાવ પ્રત્યે વધારે ખુલ્લા થઈએ છીએ. જાણીતી જગ્યામાં આપણે વિચારીએ છીએ કે આપણે બધું જાણીએ છીએ, આપણે નવા વિચારોને શંકાશીલ દ્રષ્ટિથી જોઈએ છીએ અને તેમને આપણી યથાસ્થિતિ માટેના ભય તરીકે જોઈએ છીએ. આપણે ભવિષ્યને સામાન્યતઃ ભૂતકાળને લંબાવેલા તરીકે જોઈએ છીએ. જો આપણે ભૂતકાળમાં સારો દેખાવ કર્યો છે, તો ભવિષ્યમાં પણ સારો દેખાવ કરીશું– અથવા એવું કંઈક આપણે વિચારીએ છીએ.

પરંતુ જયારે આપણે અપરિચિત વિસ્તારમાં આવી પડીએ છીએ ત્યારે આપણને સમજાય છે કે જૂનો રોજિંદો ક્રમ હવેથી અમલમાં મૂકાશે નહીં, જે આપણે ધારી લીધું હતું તે હવે રહયું નથી. આપણે એ બાબતો કરવાની છે કે જે આપણે પહેલાં કરી નથી. પરિણામે આપણે નવા વિચારો અને નવી કાર્ય જવાબદારી માટે વધુ ખુલ્લા બનીએ છીએ. એક વિધવા પોતાના પતિ વગર પોતાની ઓળખ શોધવાની શરૂઆત કરે છે. એક આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી પોતાના કરતાં જુદી સંસ્કૃતિની આંટીઘૂંટી ઉકેલે છે. કેન્સરનો દર્દી પોતાની જાતને પોતાના શરીરની મર્યાદા અને તેની જીવન અવધિના સંદર્ભમાં સમાધાન કરે છે. આપણને ગમે કે ના ગમે, આપણે બદલાવ સ્વીકારીએ છીએ અને તેની સાથે વૃધ્ધિ પામીએ છીએ.

બીજું, અનુકૂળ વિસ્તારથી બહાર આપણે ઈશ્વર પ્રત્યે વધારે ખુલ્લા થઈએ છીએ. જયારે કોઈ એક સ્થળ આપણને જાણીતું હોય છે ત્યારે તેમાં આવવા જવા માટે આપણે કોઈની મદદની જરૂર રહેતી

નથી. પરંતુ અજાણ્યા સ્થળે કે જયાં આપણે કદી ગયા નથી, ત્યાં આપણે મદદ ઈચ્છીએ છીએ. જગ્યા જેટલી મૂશ્કેલ તેટલી મદદ મળવી મૂશ્કેલ. આપણે આપણા અનુકૂળ સંજોગોથી જેટલા દૂર હોઈએ તેટલું વધારે આપણે ઈશ્વરને પોકારીએ છીએ.

શું આ કારણથી ઈશ્વર ઘણીવાર પુરૂષો અને સ્ત્રીઓને તેમનું ધ્યાન દોરવા તેમના અનુકૂળ સંજોગોથી દૂર લઈ જતા હશે? બે પ્રસંગોએ યાકૂબે ઈશ્વરને ખૂબ નજીકથી અનુભવ્યા - બેથેલમાં અને પનીએલમાં- આ ત્યારે બન્યું જયારે તે પોતાના પિતાના ઘર અને પોતાના મામાના ઘરની વચ્ચેની મુસાફરીમાં હતો. બે પ્રસંગોએ જયારે મરિયમને તેના મનમાં વિચારવાનું કહેવામાં આવ્યું ત્યારે તેણે જે જોયું અને સાંભળ્યું તે તેના ઘરથી ઘણે દૂર બન્યું હતું- બેથલેહેમમાં અને યરૂશાલેમમાં.

તેથી ઉલટું, જયારે દાઉદ રાજા પોતાના ઘરમાં હતો અને મહેલની આરામદાયક સ્થિતિમાં હતો, ત્યારે તે ઈશ્વર અને અંતરઆત્મા વિષે બહેરો રહયો હતો. તેણે બેથશેબા જોડે વ્યભિચાર કર્યો અને બીજા વિચાર વગર તેના પતિના ખૂનની યોજના ઘડી કાઢી. શું દાઉદ જયારે શાઉલ રાજાથી નાસતો ફરતો, પહાડોમાં સંતાતો અને વિષમ પરિસ્થિતિમાં જીવતો હતો ત્યારે ઈશ્વરની નજીક નહોતો? તે તો અનુકૂળ સંજોગોથી બહાર કે જયાં આપણે પ્રભુના અવાજ પ્રત્યે વધુ લાગણીશીલ બનીએ છીએ ત્યાં હતો.

ફરી એકવાર, તમારા જીવનની નિર્ણાયક ઘડીઓ વિષે વિચાર કરો. કદાચ તમે તેમાંની એકમાંથી અત્યારે પસાર થઈ રહયા હશો. તે હમેંશા ખૂબ આનંદદાયક સમયો હોતા નથી. પરંતુ તેઓ આપણા જીવનની વૃધ્ધિ વિકાસ માટે અનિવાર્ય છે. તેથી જયારે

આપણે બદલાવ પ્રત્યે ખુલ્લા અને ઈશ્વર પ્રત્યે ખુલ્લા હોઈએ છીએ ત્યારે આપણે આપણા અનુકૂળ વિસ્તારની બહાર, વૃધ્ધિ માટે સૌથી મહાન શકિત શોધી કાઢીએ છીએ. આ કારણથી આ પુસ્તક લખાયું છે – જાણીતા માર્ગોથી બહારની મૂસાફરીઓમાં આગળ વધીએ માટે મદદ કરવા અને અણધાર્યા પડકારોનો સામનો કરવા.

આપણે બાઈબલના મહાન પુરૂષો અને સ્ત્રીઓની મુસાફરીને અનુસરવી છે. આપણે તેમની પાસેથી શીખવું છે આ પ્રત્યેક વ્યકિતઓ અનુકૂળ સંજોગોમાંથી બહાર મુસાફરીમાં જોડાયા અને ઈશ્વર વિષેના જ્ઞાન અને અનુભવમાં વૃધ્ધિ પામ્યા. હું બાઈબલની વાર્તાઓની સાથે સમકાલીન વાર્તાની વિવિધતા લાવ્યો છું. પૌરાણિક મુસાફરીને તેમનો અર્વાચીન સમોવડ છે. આશા છે કે તમે તમારી જાતને આમાંની કોઈક મુસાફરીમાં જોશો અને હિંમત પ્રાપ્ત કરશો કે તમારી સાથે મુસાફરી કરનાર સાથીદાર છે. તમે એકલા નથી.

આપની મુસાફરી સુરક્ષિત હો.

# પ્રકરણ–૧
# યાકૂબઃ અંધારી રાત્રિ

"ખ્રિસ્તી વ્યકિતની સુખી સંપત્તિ તો જુઓ!
તેની પાસે શ્રેષ્ઠ બાબતો સૌથી છેલ્લે છે અને
તેથી તે સૌથી ખરાબ બાબતો પહેલાં પ્રાપ્ત કરે છે."
ચાર્લ્સ સ્પર્જન[1]

જયારે રાત પડે છે ત્યારે અંધકાર, દિવસે આપણે જે જોઈ શકીએ છીએ તેને ઢાંકી દે છે. જયારે ઈશ્વરનું શાસન આવે છે ત્યારે અંધકાર આપણી દ્રંષ્ટિમાંથી જેના પર આપણે આધાર રાખીએ છીએ તે બધું દૂર કરે છે. પવનના તોફાનમાં જયારે કંઈ જોઈ શકાતું નથી, ત્યારે વિમાન ચાલક અંધ વ્યકિતની જેમ ઉડાવે છે, તેની પાસે તેને માર્ગદર્શન આપવા તેના સાધનોની માહિતી માત્ર હોય છે. તે માહિતી સિવાય બીજા કશાનું તેમજ તેને કેવી લાગણી થાય છે અથવા તે શું વિચારે છે તેનું મહત્વ નથી. તેવી જ રીતે પરીક્ષણમાં પણ આપણે આંખે પાટો બાંધ્યો હોય તેમ ચાલીએ છીએ. આપણે કશું જોતા નથી છતાં માનીએ છીએ, પુરાવાઓની ગેરહાજરીમાં, વાસ્તવમાં તો પુરાવાઓની વિરૂધ્ધમાં જઈને પણ આપણે માનીએ છીએ.

મહાન સ્પેનિશ રહસ્યવાદીઓમાંના એક, સંત જોન ઓફ ધ ક્રોસ, આવા અનુભવને આત્માની અંધારી રાત્રિ કહે છે.[2] અર્વાચીન આધ્યાત્મવિદ્ એ. ડબ્લ્યુ. ટોઝર એવી રાત્રિ વિશે લખે છે કે જયારે વિશ્વાસ સમજશકિતથી વીટળાયેલો હોતો નથી પરંતુ તે સંપૂર્ણપણે ઈચ્છાશકિત પર આધારિત હોય છે. "તમે જયારે રાત્રિ સેવાકાર્ય, તેની શુધ્ધ કરવાની શકિત, જુદા કરવાની, નમ્ર બનવાની, મરણની

બીકનો નાશ કરવાની અને સૌથી અગત્યનું તે ઘડીએ તમારા માટે શું છે – " જીવનનો ડર ",[૨] વિશે અનુભવશો અને સમજશો ત્યારે આત્મા પર રાત્રિ ફરી વળે છે, અંધકાર છવાઈ જાય છે. તેનો હેતુ તો આપણને આપણી જાત પ્રત્યે અંધ બનાવવાનો છે કે જેથી આપણે માત્ર ઈશ્વરને જોઈ શકીએ.

કદાચ, આ અનુભવને બાઈબલમાં યાકૂબ સિવાય બીજું કોઈ વધારે સારી રીતે સમજી શક્યું નથી. બે વાર તે પોતાની જાતને એકલો અનુભવે છે, એક રાત્રે અને ઈશ્વર સાથે નિકટની લડાઈમાં. દરેક વખતે તે એક જગાએથી બીજી જગાએ નાસતો હતો. પ્રથમ કિસ્સામાં તે પોતાના ભાઈના ક્રોધથી અને બીજા કિસ્સામાં તે પોતાના મામાની લુચ્ચાઈથી દૂર ભાગતો હતો. યાકૂબ, તેની મા રીબ્કાહ અને તેના મામા લાબાનના ઘરની વચ્ચે મુસાફરીમાં હતો. તેના અનુકૂળ સંજોગોથી બહાર યાકૂબને દરેક પ્રસંગે ઈશ્વર મળ્યા. જયારે તે ઘેર હતો ત્યારે શું તેણે કદી પણ ઈશ્વર પ્રત્યે ધ્યાન આપ્યું હતું?

ઈશ્વર સાથેની બંન્ને મુલાકાતો જે સ્થળે થઈ હતી તેને યાકૂબે જે નામ આપ્યાં તેમાં તે અમર થઈ ગઈ. પ્રથમ મુલાકાતમાં તે સૂઈ ગયો અને તેને સ્વપ્ન આવ્યું. જયારે તે તેની ઊંઘમાંથી જાગી ગ[યો] તેણે વિચાર્યું, "ખચીત યહોવા આ ઠેકાણે છે, અને મેં તે જાણ્યું [નહિ]. અને તે બીધો, ને બોલ્યો, આ જગા કેવી ભયાનક છે, દેવના ઘર [વિન]ા બીજું કંઈ નથી, ને આ તો આકાશનું દ્વાર છે." (ઉત્પ[ત્તિ ૨૮:] ૧૬–૧૭) તેણે તે જગાનું નામ બેથેલ, કે જેનો અર્થ "દે[વનું ઘર"] પાડયું.

બીજી મુલાકાતમાં, યાકૂબે એક માણસ સાથે રાત રાત યુધ્ધ કર્યું. જયારે અરૂણોદય થયો, ત્યારે તેને ભાન થયું તે માણસ ખુદ

ઈશ્વર સિવાય બીજું કોઈ નહોતું. તેથી યાકૂબે તે જગાનું નામ "પનીએલ" પાડીને કહયું કે, "કેમકે મેં દેવને મોઢામોઢ દીઠો છે, તો પણ મારો જીવ બચ્યો છે." (ઉત્પત્તિ ૩૨: ૩૦). પનીએલ એટલે દેવનો ચહેરો.

બેથેલ પાસે તેણે પોતાની અજ્ઞાનતાની કબૂલાત કરી. પનીએલ પાસે તેણે પોતાનો આભારીભાવ વ્યકત કર્યો. બંને જગ્યાએ યાકૂબે ભયનો અનુભવ કર્યો કે જેણે તેને દબાવી દીધો હતો. તે દેવની હજૂરમાં રહયો હતો, તેણે દેવને મોઢામોઢ જોયો હતો. અમરપણાએ મર્ત્ય પર નિયમન કર્યું હતું, મર્યાદિત તે અમર્યાદિતમાં દોડી ગયું હતું.

આ બંને બનાવો વચ્ચે લગભગ વીસ વર્ષનો ગાળો હતો. યાકૂબ કશું પણ લીધા વગર ઘેરથી નીકળ્યો હતો. પરંતુ હવે તેની સાથે ચાકરો હતા. બે દાયકા પછી, તે બહોળા કુટુંબ, ઘણા ચાકરો અને સંખ્યાબંધ ગાય અને પાલતુ જાનવરોના ધણ સાથે ઘેર પાછો ર્યો. તેના મામાને ત્યાં કામ કરીને સંપત્તિમાં તેના કરતાં આગળ ળીને સારા પ્રમાણમાં એકઠી કરેલી સંપત્તિ લઈને તે ખૂબ દૂરથી ો હતો. યાકૂબે તેના જન્મ સમયે પણ આગળ નીકળી જવાની તાવી હતી. તે જોડિયામાં બીજો જન્મ્યો હતો. જે કુતૂહલ રીતે નિયામાં આવ્યો હતો તે રીતે બેશક રીબ્કાહ પર એક છાપ

પેટમાં તેને જણવાના દહાડા પૂરા થયા, ત્યારે જુઓ તેના ી. અને પહેલો લાલ નીકળ્યો, તે તમામ રૂઆંટીવાળા લૂગડા સર હતો, અને તેઓએ તેનું નામ એસાવ પાડયું. ત્યારપછી તેનો ભાઈ ર વની એડી હાથમાં પકડીને નીકળ્યો, અને તેનું નામ યાકૂબ પાડવામ ાવ્યું." (ઉત્પત્તિ ૨૫: ૨૪–૨૬)

યાકૂબને જે નામ આપવામાં આવ્યું હતું તેનો લગભગ અર્થ "પકડી રાખનાર" થાય છે. તે બીજો જન્મ્યો હતો છતાં તેણે પ્રથમ થવા ખૂબ મથામણ કરી. જો તે કરી શકયો હોત તો તેણે તેના ભાઈને ગર્ભસ્થાનમાં પાછો ખેંચી લીધો હોત અને તે પહેલાં બહાર આવ્યો હોત. આગળ નીકળી જવું એ તેનું વલણ ગર્ભસ્થાનમાં પણ હતું. તેનું તેના જોડિયાભાઈની જન્મ સમયે એડી પકડવી એ સંઘર્ષમય જીવનનું ચિહ્રન બની જવાનું હતુંઃ પ્રથમ થઈ જવાની પ્રબળ ઈચ્છા, આગળ નીકળી જવાની અને જીતી જવાની ઈચ્છા, અને તેના જન્મ સમયના સંજોગો તેના જીવનની ઓળખાણ બની ગયા.

શરૂઆતની જિંદગીમાં તે મેળવી લેવાની મનોવૃત્તિ સાથે જીવ્યો. પ્રથમ તેણે એસાવને તેના જન્મસિધ્ધ અધિકાર માટે છેતર્યો. તેણે તેના ભાઈને તેની નબળાઈનો ભોગ બનાવ્યો અને થોડી રોટલી અને લાલ દાળના શાકના બદલામાં તેનું જયેષ્ઠપણું સસ્તામાં ખરીદી લીધું. એક વાટકી જેટલા દાળના શાકના બદલામાં યાકૂબે એસાવ પાસેથી તેનું જયેષ્ઠપણું મેળવી લીધું. (ઉત્પત્તિ ૨૫: ૨૯–૩૪)

બીજું, તેણે એસાવને તેના આર્શીવાદ માટે છેતર્યો. તેણે એસાવ હોવાનો દેખાવ કર્યો અને તેના નબળી દ્રષ્ટિવાળા પિતા પાસેથી જયેષ્ઠ પુત્રનો આર્શીવાદ પામ્યો. કુટુંબના અધિકૃત વારસ એસાવે કૌટુંબિક વારસો ગુમાવ્યો કારણ કે વિશ્વાસઘાત અને છેતરપીડી એ બંને દ્વારા યાકૂબે તે મળવી લીધો હતો. (ઉત્પત્તિ ૨૭: ૧–૪૦)

દરેક ઘટનામાં, યાકૂબે પોતાનું ન હોય તેવું મેળવી લીધું. બંને જયેષ્ઠપણુંઅને આશીર્વાદ મોટા ભાઈ તરીકે એસાવનાં હતા. યાકૂબે તેની પાસેથી ખૂંચવી લીધું. યાકૂબે તેના ભાઈના દૂરંદેશીપણા અને

જાગૃતિના અભાવને ધ્યાનમાં લીધા પણ એસાવના ક્રોધ અને બદલો વાળવાની ભાવનાની ક્ષમતાની ગણતરી કરી નહીં. એસાવ અત્યંત ક્રોધથી ધૂંધવાયો અને તેના ભાઈને મારી નાંખવાની પ્રતિજ્ઞા લીધી.

પોતાના દીકરાને બચાવવા, રીબ્કાહે યાકૂબને તેના મામાને ઘેર નાસી જવા અને એસાવનો ગુસ્સો શમી જાય ત્યાં સુધી થોડા સમય માટે ત્યાં રહેવાની વિનંતી કરી. જેમ તે બન્યું તે પ્રમાણે, થોડો સમય એ વીસ વર્ષ સુધી ખેંચાયો. મેળવી લેનાર કે જેણે વિચાર્યું કે બધું તેની પકડમાં હતું તેણે બધુંજ ગુમાવી દીધું. કાવતરાખોર કે જેણે વિચાર્યું કે બધું બરાબર થયું હતું, તેણે પોતાની યોજનાઓ પડી ભાંગતા જોઈ. તેના ઘરથી બહાર ધકેલાયેલા તેણે પોતાની મુસાફરી બેરશેબાથી લગભગ ૫૦૦ માઈલ ઉત્તર પૂર્વમાં હારાન ભણી શરૂ કરી. તે તેના અનુકૂળ સંજોગો બહારની મુસાફરી હતી.

યાકૂબને તેના ઘરનું પરિચિત વાતાવરણ અજાણી જગા માટે છોડવાની ફરજ પડી. તેને ખૂબ ઓછા સમયની ચેતવણી મળ્યાથી ફરજ પડી હતી. હમણાંજ ભાગી જા - તેની પાસે પોતાની જાતને ભાવનાત્મક અથવા વ્યવહારિક રીતે તૈયાર થવા ખૂબ થોડો સમય હતો. તેનું જીવન ભયમાં હતું અને હવે સમય ગુમાવવાનો નહોતો.

આવું સ્થળાંતર અચોકકસતા અને આતુરતાને નોંતરે છે. યાકૂબ માટે, આવી લાગણીઓ, લાંબી મુસાફરી તથા તેની સાથે સાથે શરીર અને આત્માનો થાક ને લીધે વધુ ને વધુ ખરાબ થઈ હતી. યાકૂબનો અનુભવ તે આપણામાંના જેઓ "પરિવર્તન" પામી રહયા છે તેવા કહેવાય છે તેઓનો અનુભવ થઈ શકે. આપણે એક જગાએથી બીજી જગાએ જઈએ છીએ, જે પરિચિત છે તેથી ખસેડાઈને જે નવું અને જુદું છે તેમાં ધકેલાઈએ છીએ. બદલાવ હંમેશા વિચલિત કરે છે અને અચાનક બદલાવ તેથી પણ વધારે ખલેલ પહોંચાડે છે.

દરેક બદલાવ તે પછી નોકરીનો, વૈવાહિક સ્થિતિનો અથવા રહેઠાણનાં સ્થળનો હોય પણ આવો પ્રત્યેક અનુભવ તે આપણા અનુકૂળ વિસ્તાર બહારની મુસાફરી છે. કામમાં નવી જવાબદારી, લગ્નમાં નવો ભાગ, પાડોશમાં નવા મિત્રો આ રીતે આપણે બદલાવ મારફતે મુસાફરીમાં છીએ. આપણું જીવન યાકૂબના જેવા ભયવાળું ના પણ હોય, પરંતુ જો આપણે તેનો બેથેલ પાસેનો અનુભવ ધ્યાનમાં લઈએ તો આપણે પણ તે અનુભવ તેની સાથે જાણી શકીએ છીએ.

"યાકૂબ બેરશેબાથી હારાન જવા નીકળ્યો. જયારે તે ચોકકસ જગાએ પહોંચ્યો, ત્યાં તે રોકાયો, કારણ કે સૂર્ય આથમી ગયો હતો. ત્યાંથી પથરાઓમાંથી એકને લઈને પોતાના માથા નીચે મૂકીને તે સૂઈ ગયો. અને તેને સ્વપ્ન આવ્યું. અને, જુઓ, એક સીડી પૃથ્વી પર ઉભી કરેલી હતી, ને તેની ટોચ આકાશ સુધી પહોંચી હતી, અને જુઓ તેના પર દેવના દૂત ચઢતાને ઉતરતા હતા." (ઉત્પત્તિ ૨૮: ૧૦–૧૨)

તે સમય રાતનો હતો અને જગ્યા ખુલ્લી હતી. રાત્રે, ખુલ્લામાં, અંધકાર વિચિત્ર ડર લાવ્યો. અવાજો અને આકૃતિઓ જે દિવસે આકર્ષતા હતા તે અંધારામાં બિહામણા હતા. યાકૂબે એક પથ્થર લીધો અને સખત જમીન ઉપર તેની કામચલાઉ પથારીમાં ઓશિકા તરીકે તેનો ઉપયોગ કર્યો. તેની આરામ કરવાની જગ્યા ખરબચડી, બરછટ અને ઠંડી હતી. જયારે તેણે સૂઈ જવાનો પ્રયત્ન કર્યો, ઘણાં વિચારો તેના મનમાંથી પસાર થયા અને આવતા–જતા રહયા. તેનું શું થશે? શું તે હારાન સુધી પહોંચી શકશે? તેના મામા લાબાનને શું પસંદ હતું? તેની મા પાછળ બેરશેબામાં કેમ હશે? શું તેના ભાઈને તેના છટકી જવા વિશે ખબર પડી હશે? શું તે તેને મારી નાંખવા તેની પાછળ રસ્તામાં જ હશે?

સંખયાબંધ વિચારો સ્વપ્નને નોંતરે છે. યાકૂબને સ્વપ્ન આવ્યું. જે આશ્ચર્યજનક નહોતું. તેણે સ્વપ્નમાં જે જોયું તેનાથી વિપરિત પરિસ્થિતિમાં તે હતો. તે પથ્થરનો તકિયો બનાવીને ઠંડી અને અંધારામાં બહાર ખુલ્લામાં સૂતો હતો. આસપાસ બધું સૂમસામ અને શાંત હતું. તેના સ્વપ્નમાં તેણે પૃથ્વી પરથી આકાશ સુધી પહોંચતી સીડી જોઈ, જેના પર દેવના દૂત ચઢતા અને ઊતરતા હતા. દૂતો હંમેશા પ્રકાશિત વ્યકિતઓ તરીકે જોવાયા છે. આપણે દૂતોની આવ–જા, તેમના દેખાવની ઝળહળાટ અને સ્વર્ગનું ગૌરવ પૃથ્વી પર ફેંકાતો હોય તેવી કલ્પના કરી શકીએ. યાકૂબે જે જોયું તે, તે વખતે તે જેમાં રહેતો હતો તે કરતાં તદ્દન જુદી જ દુનિયા હતી.

પરંતુ તે દર્શનનું મહત્વ શું છે? જૂના કરારમાં ઈશ્વર ઘણીવાર લોકો સાથે દ્રશ્ય મારફતે બોલ્યા હતા. મૂસાએ અરણ્યમાં બળતું ઝાડવું જોયું. ઈબ્રાહીમને આકાશના તારાઓ તરફ જોવાનું કહેવામાં આવ્યું. એલિયાહે પવનનું તોફાન, ધરતીકંપ અને અગ્નિનો સામનો કર્યો. યાકૂબને એક એવી, સ્વર્ગીય–ફરતી સીડી બતાવવામાં આવી, કે જે પર દૂતો ચઢતા ઊતરતા હતા. એનો અર્થ શો થાય?

તેનો જવાબ ઈસુના શબ્દોમાં મળે છે, જયારે તેણે થનારા શિષ્યો સાથે વાતચીત કરીને દર્શનને યાદ કર્યું. નથાનિયેલે તેને ઉત્તર દીધો કે, "રાબ્બી, તું દેવનો દીકરો છે, તું ઈસ્ત્રાએલનો રાજા છે." ઈસુએ તેને કહયુંકે, "મેં તને અંજીરી તળે દીઠો, એવું મે તને કહયું તેથી શું તું વિશ્વાસ કરે છે? એ કરતાં તું મોટી વાતો જોશે." તે તેને કહે છે કે, "હું તમને ખચીત ખચીત કહું છું કે તમે આકાશ ઉઘડેલું અંને દેવના દૂતોને માણસના દીકરા ઉપર ચઢતા અને ઊતરતા જોશો." (યોહાન ૧ઃ ૪૯–૫૧)

નથાનિયેલ અચંબો પામ્યો કે તેઓ હજુ તો મળ્યા નહોતા તોપણ ઈસુ તેના વિશે ઘણું બધું જાણતો હતો. ઈસુએ તેને કહયું કે તે તેનાથી મોટી વાતો જોશે. મોટી વાતો કઈ છે? ઈસુની, વ્યકિતને આરપાર જોવાની ક્ષમતા તે તેનો નોંધપાત્ર ગુણોમાંનો એક છે. નથાનિયેલ અને અન્ય શિષ્યો પાછળથી તેના અન્ય ગુણોને જોશે. તેઓ મોટી વાતો જોશે. આકાશ ઉઘડેલું અને દેવના દૂતોને માણસના દીકરા ઉપર ચઢતા અને ઊતરતા જોશે.

ઈસુ સ્વર્ગમાંથી આવ્યા અને જયારે તેઓ આકાશમાંથી નીકળ્યા (જેમ પહેલા હતા) તેમ આકાશનો દરવાજો ખુલ્લો રાખ્યો અને તેથી દૂતો આકાશ અને પૃથ્વી પર ઉપર નીચે ચઢતા–ઊતરતા હતા. આ ચિત્ર આકાશ અને પૃથ્વીની વચ્ચે તથા ઈશ્વર અને માણસ વચ્ચેની સંગત દર્શાવે છે. તે બાઈબલના દેહધારણના સિધ્ધાંતઃ ઈશ્વરનું મનુષ્ય બનવું અને માણસજાત વચ્ચે રહેવું તે વિશે કહે છે. જેમ યોહાન પોતાની સુવાર્તામાં શરૂઆતમાં જાહેર કરે છેઃ "શબ્દ સદેહ થઈને આપણામાં વસ્યો અને બાપના એકાકીજનિત દીકરાના મહિમા જેવો તેનો મહિમા અમે દીઠો, તે કૃપા તથા સત્યતાથી ભરપૂર હતો." (યોહાન ૧:૧૪)

યાકૂબે તેના સમય કરતાં ઘણું આગળનું જોયું કે જે ઈશ્વર, ઈસુમાં જયારે તે માનવી બનીને આ પૃથ્વી પર આવ્યા ત્યારે કરવાના હતા. પરંતુ શા માટે ઈશ્વરે યાકૂબને આવું સ્વપ્ન આપ્યું? યાકૂબ તે એસાવથી દૂર ભાગી રહયો હતો. તે ઘર અને ભયસ્થાનથી દૂર ભાગી રહયો હતો. તે ભાગેડુ હતો. કોઈક કે જે દૂર ભાગે છે તે હંમેશા પોતે એકલો છે તેવું અનુભવે છે. તે કોઈની પર પણ વિશ્વાસ મૂકવાની હિંમત કરતો નથી. તે વિચારે છે કે બધાંજ તેની વિરૂધ્ધમાં છે. તે તરછોડાયેલો હોય તેવી લાગણી અનુભવતો હતો. સ્વપ્નમાં

ઈશ્વરે યાકૂબને કહયું, કે તે તરછોડાયેલો નહોતોઃ તે એકલો નહોતો. ઈશ્વર ત્યાં આકાશમાં હતા, પરંતુ આકાશનો દરવાજો પૃથ્વી માટે ખુલ્લો હતો. યાકૂબ આકાશ સુધી ચઢી શકતો હતો અને ઈશ્વર તેની પાસે નીચે ઉતરી આવી શકતા હતા.

સંદેશાવ્યવહાર માટેનો માર્ગ ખુલ્લો હતો. ઈશ્વરે ફોન હૂક પરથી નીચે મૂકી દીધો નહોતો. તેમણે દરવાજા પર "બંધ" નું નિશાન મૂકયું નહોતું. તેઓ અજાણ્યા સરનામા પર જતા રહયા નહોતા. વાસ્તવમાં, ઈશ્વર પ્રાર્થના કરવા જેટલે જ છેટે હતા. યાકૂબને એ કેટલું બધું જરૂરી હતું કે, તે તેની જરૂરિયાતોના સમયને જાણે. આપણે પણ તે યાદ રાખવું એ કેટલુ બધું જરૂરી છે. જયારે આપણે પણ લોકોથી તરછોડાઈ જઈએ અને ઈશ્વરથી તજાયેલા હોય તેવી લાગણી અનુભવીએ ત્યારે તે બહુ દુઃખદ છે પણ સાચું છે કે જયારે આપણે અચાનક કપરા સંજોગોમાં આવી પડીએ છીએ ત્યારે આપણને ખબર પડે છે કે આપણને કેવી રીતે પ્રાર્થના કરવી તે પણ આવડતું નથી. કપરા સંજોગો સિવાયના સામાન્ય સંજોગોમાં કેવી પ્રાર્થના કરવી તે આપણને આવડે છેઃ નિયત પ્રાર્થનાઓ, રોજિંદા ઉપયોગમાં લેવાતી ગોખેલી પ્રાર્થનાઓ, પ્રાર્થનાઓ કે જેનો જવાબ મળે કે ના મળે તેનું કંઈ મહત્વ નથી.

પરંતુ શું આપણે કપરા સમયમાં કેવી પ્રાર્થના કરવી તે જાણીએ છીએ? આપણે શું બોલવાનું છે તે જાણીએ છીએ અથવા શું આપણે ચોકકસ છીએ કે આપણી પ્રાર્થનાઓ સાંભળવામાં આવશે? નિરાશાજનક અને જરૂરિયાતના સમયે નિયત શબ્દો આપણને અધૂરા માલૂમ પડે છે. આપણને આપણા વિશ્વાસનો સામાન્ય જથ્થો અપૂરતો લાગે છે. આપણે કટોકટી વખતનો પૂરવઠો મેળવવો જોઈએ. જંયારે આપણે ઉપર જોઈએ છીએ અને યાકૂબે જેમ કર્યું તેમ

આકાશ સુધી પહોંચતી સીડી અને દૂતો તેની ઉપર ચઢતા અને ઊતરતા જોઈએ છીએ. ત્યારે ઈશ્વર આપણને કહે છે, "તમારી આંખો ઊંચી કરો, અને તમે તમારી આગળ સંદેશાવ્યવહાર માટેનો માર્ગ જોશો, તમે એકલા નથી."

## હાજરી અને ખાતરી

યાકૂબે માત્ર સીડીનું દર્શન જોયું નહીં, પરંતુ બીજે છેડેથી તેણે યહોવાને બોલતો સાંભળ્યો. "અને જુઓ, તેના ઉપર યહોવા ઉભો રહયો હતો," ને તે બોલ્યો, "હું યહોવા તારા બાપ ઈબ્રાહીમનો દેવ તથા ઈસ્હાકનો દેવ છું, જે ભૂમિ પર તું સૂતો છે તે હું તને તથા તારાં સંતાનને આપીશ, અને પૃથ્વીની રજ જેટલાં તારાં સંતાન થશે, ને તું પૂર્વ–પશ્ચિમ તથા ઉત્તર–દક્ષિણ ફેલાશે, ને તારામાં તથા તારાં સંતાનમા પૃથ્વીના સર્વ ગોત્રો આશીર્વાદ પામશે. અને જો, હું તારી સાથે છું ને જયાં તું જશે ત્યાં સર્વ ઠેકાણે હું તને સંભાળીશ, ને આ દેશમાં હું તને પાછો લાવીશ, કેમકે જે જે મેં તને કહયું છે તે પુરૂં કર્યા વગર હું તને નહિ મૂકીશ." (ઉત્પત્તિ ૨૮: ૧૩–૧૫)

યહોવાએ યાકૂબ સાથે તેનો, એ કરાર કે જે તેણે યાકૂબના પિતા ઈસ્હાક અને યાકૂબના દાદા ઈબ્રાહીમ જોડે કર્યો હતો તે કરાર તાજો કર્યો. ઈશ્વર ભૂલી ગયા નહોતાઃ તેમણે વચનો ફરીથી કહયાં– જમીન, સંતાનો અને સાર્વત્રિક આશીર્વાદ વિશેના.

કદાચ આપણે ન્યાય કરવામાં ઉતાવળા થઈએ છીએ, આપણે યાદ રાખવાનું છે કે સાચે જ આપણામાંનો કોઈપણ ઈશ્વરના આશીર્વાદો માટે લાયક નથી. આપણે પાપી છીએ, આપણામાંના દરેકે, યાકૂબે જેવું પાપ કર્યુ તેવું પાપ કદાચ કર્યું નથી, પરંતુ આપણે

તેણે જે રીતે પાપ કર્યું તેવી રીતે પાપ કરીએ છીએ. જે આપણને યાકૂબ જેવા પાપી બનાવે છે. તેની કૃપા થકી ઈશ્વર યાકૂબ સાથે બોલ્યા અને જે તેણે ઈબ્રાહીમ આગળ સમ ખાધા હતા તે વચન આપ્યું.

યાકૂબને તો તે વધારાની ખાતરી હતી: "હું તારી સાથે છું, ને જયાં તુ જશે ત્યાં સર્વ ઠેકાણે હું તને સંભાળીશ, ને આ દેશમાં હું તને પાછો લાવીશ, કેમકે જે જે મેં તને કહયું છે તે પૂરું કર્યા વગર હું તને નહિ મૂકીશ." જો કે તે માણસથી દૂર ભાગી રહયો હતો, પણ તે ઈશ્વરથી દૂર જઈ શકયો નહીં. જો કે તે તેના પિતૃઓ ઈબ્રાહીમ અને ઈસ્હાકને વચન અપાયેલા દેશથી દૂર ભાગી રહયો હતો, પણ ઈશ્વર તેને તે જગ્યામાં પાછો લાવશે. ઈશ્વર તેમણે વચન આપેલું બધું જ કરશે.

અને યાકૂબ જાગી ઉઠયો, ને તેણે કહયું, "ખચીત યહોવા આ ઠેકાણે છે, અને મેં તે જાણ્યું નહિ. અને તે બીધો ને બોલ્યો, આ જગ્યા કેવી ભયાનક છે, દેવના ઘર વગર આ બીજું કંઈ નથી, ને આ તો આકાશનું દ્વાર છે. અને યાકૂબ મોટી સવારે ઉઠયો, ને જે પથ્થર તેણે માથા નીચે મૂકયો હતો તે લઈને તેણે સ્તંભ તરીકે તે ઉભો કર્યો, ને તેના પર તેલ રેડયું. અને તેણે તે જગાનું નામ બેથેલ પાડયું, પણ પહેલાં તે નગરનું નામ લૂઝ હતું." (ઉત્પત્તિ ૨૮: ૧૬–૧૯)

જયારે તે સૂઈ જવા માટે આડો પડયો ત્યારે યાકૂબ જાણતો નહોતો કે યહોવા ત્યાં તેની સાથે હતો. પણ જયારે તે જાગ્યો ત્યારે તેણે જાણ્યું. તેવી જ રીતે, ઘણીવાર આપણે ઈશ્વરની આપણી સાથેની હાજરી વિશે સભાન હોતા નથી. આપણે સહેલાઈથી ભૂલી જઈએ છીએ. એવી જ રીતે કે, જેમ આપણે ભૂલી જઈએ છીએ કે સૂર્ય

આપણી ઉપર પ્રકાશે છે અને આખી પૃથ્વીને પ્રકાશ અને જીવન આપે છે. આપણે કેટલીવાર ઊંચે આકાશ તરફ જોઈને બોલીએ છીએ, "સૂર્ય હજુ ત્યાં છે માટે હું ખુશ છું" ? ઈશ્વર હંમેશા આપણી પાસે છે, આપણે તે વિશે સભાન હોઈએ કે ના હોઈએ. ઈશ્વર એવા લોકો જેવો નથી કે જેઓ જયારે હાજર હોય છે ત્યારે અવાજ, દેખાડો અને ધાંધલથી તેમની હાજરી બતાવે છે. ઈશ્વરની હાજરી નિરાડંબરી, અવરોધ વગરની અને સૂચના આપ્યા વગરની હોય છે. આપણે કદાચ ઓળખી ના શકીએ, પણ ઈશ્વર તેમ છતાં ત્યાં હોય છે.

યાકૂબ ઈશ્વરની શાંત હાજરી વિશે જ આશ્ચર્ય પામ્યો તેમ નહીં પણ ઈશ્વરના ભયાનક મહિમા વિશે પણ આશ્ચર્ય પામ્યો: "આ જગ્યા કેવી ભયાનક છે, દેવના ઘર વગર આ બીજું કંઈ નથી, ને આ તો આકાશનું દ્વાર છે." જો આપણે માત્ર આપણી આંખ ખુલ્લી રાખીએ તો આપણે ઈશ્વરનો મહિમા સર્વત્ર જોઈ શકીએ છીએ.

૧૭મી સદીના ધર્મચુસ્ત લોકો પાસેથી આ વિષે આપણને શીખવવા માટે ઘણું બધું છે. તેઓએ ઈંગ્લેન્ડમાંથી તેમના ઘર છોડીને એટલાન્ટિક મહાસાગરમાં મુસાફરી કરીને નવી દુનિયા તરફ ગયા. ત્યાં તેઓએ વસાહત શરૂ કરી અને આજે જે યુનાઈટેડ સ્ટેટસ ઓફ અમેરિકા છે તેનો પાયો નાંખ્યો.

ધર્મચુસ્ત લોકો દરેક સામાન્ય બાબતમાં ઈશ્વરને જોવામાં માનતા હતા. તેઓ જીવનની "પળો"માં ઈશ્વરને શોધતા હોવાનું માનતા હતા. જીવનની દરેક પળ એવી આશા સાથે જીવતા કે ઈશ્વર પાસેથી તેમને શીખવવાનું કંઈક હતું. જીવનની દરેક સામાન્ય બાબત કે ઘટના ઈશ્વર માટે તેમની હાજરી અને મહિમાનું પ્રકટીકરણ કરવાનું સાધન બની શકે, તેથી તેઓમાંના એકે પૂછયું, "પૃથ્વી અને

સ્વર્ગનાં ભવ્ય સિનેમાઘરને જયારે આપણે જોઈએ છીએ ત્યારે શું બીજા બધા પ્રત્યે જોવાનું બંધ કરી શકીએ? પણ ખરેખર તો તે એ છે કે આપણે અહીં આંગળીઓ, હાથો અને ઈશ્વરનું ડહાપણ જોઈએ છીએ?"[૮]

આજે આપણે જીવનના માર્ગમાં તે પ્રકારની જાગૃતિ મોટે ભાગે ગુમાવી દીધી છે. આપણે ઈશ્વરને 'પવિત્ર' કહેવાતી બાબતોમાં જ જોઈએ છીએ. આપણે ઈશ્વરને 'પવિત્ર' કહેવાતા પ્રસંગોમાં જ શોધીએ છીએ. પરંતુ યાકૂબની જેમ આપણે કહેવાની જરૂર છે કે "ઈશ્વર અહીં આ જગ્યામાં છે અને મેં તે જાણ્યું નહીં." બ્રધર લોરેન્સ, એક મધ્યકાલીન સાધુએ આમ કહયું હતું, "ઈશ્વરની હાજરીની ટેવ પાડવી." તેમણે સાક્ષી આપી હતી કે આશ્રમનાં રસોડામાં રસોઈયા તરીકે વાસણોના ખણખણ અવાજ મધ્યે તેઓ ઈશ્વરની હાજરી ચેપલમાં પ્રાર્થના કરતી વેળા કરતાં વધારે અનુભવતા હતા.[૯]

આવું કેવી રીતે બની શકે? જવાબ છેઃ ટેવ. યાકૂબે ઈશ્વરની હાજરી જાણી નહીં કારણ કે તેણે ઈશ્વર ત્યાં હોય તેવી અપેક્ષા રાખી નહોતી. ઈશ્વર ત્યા કેવી રીતે હોઈ શકે? જયારે ત્યાં મંદિર નથી, વેદી નથી અને યાજક નથી? તેમ છતાં ઈશ્વરે બધા ધાર્મિક પોષાક અને ચિહ્રન વગર તેની હાજરી અને મહિમાનું પ્રકટીકરણ કર્યું. યાકુબે ઈશ્વર ત્યાં હશે તેવી અપેક્ષા રાખી હોત તો શું થાત? તો તેણે એક અલગ પ્રકારની દુનિયા બનાવી દીધી હોત. જો આપણે માત્ર સામાન્ય સ્થિતિ અને સામાન્ય જગ્યાઓમાં ઈશ્વરની હાજરીની અપેક્ષા રાખીશું, તો આપણે કોઈપણ જગ્યા માટે કહી શકીશું, "સાચેજ ઈશ્વર આ જગામાં છે, આ જગ્યા દેવના ઘર વગર બીજું કંઈ નથી. આ તો આકાશનું દ્વાર છે."

યાકુબને પોતાની સાથે ઈશ્વરની હાજરી છે એ જાણવાની જરૂર હતી. જીવનની મુસાફરી કરી રહેલા પુરૂષો અને સ્ત્રીઓએ પણ કદાચ બીજા બધા કરતાં તે વધારે જાણવાની જરૂર છે. જયારે આપણે જીવનના એક પ્રકરણથી બીજા પ્રકરણમાં જઈએ છીએ ત્યારે આપણને ખાતરી અને દિશાની જરૂર હોય છે. જયારે આપણે જાણતા નથી કે આપણે આગળ કયાં જઈ રહયા છીએ ત્યારે આપણને ઈશ્વર તરફથી દિશા મળવી જરૂરી છે. વારંવાર આપણે ઈચ્છીએ છીએ કે ઈશ્વર ચોકકસ હોય અને આપણને ચોકસાઈથી કહે કે શું થવાનું છે અને તેમાં આપણે શું ચોકકસ કરવાનું છે.

ઈશ્વરે યાકુબને કહયું, કે અંતે તે આ જગામાં પાછો આવશે. પરંતુ તેમણે યાકુબને હવે પછી શું બનવાનું છે તે વિષે કહયું નહીં, ઈશ્વરે માત્ર તેને ખાતરીદાયક વચન આપ્યું, "હું તારી સાથે છું, ને જયાં તું જશે ત્યાં સર્વ ઠેકાણે હું તને સંભાળીશ." જો આપણે આ જાણીએ તો તે આપણા માટે શું પૂરતું નથી?

મારી મુસાફરીઓમાં હું ઘણીવાર વિમાન મથકે વિમાનના આગમન સમયે, મિત્ર કે મિત્રના મિત્રને મળ્યો છું. તે બહુ જરૂરનું છે કે હું તે વ્યકિત પર ભરોસો રાખું અને માનું કે તે મને સલામત જગ્યાએ લઈ જાય છે. તે મને ગમે ત્યાં લઈ જઈને લૂંટી લેવાનો નથી. જયારે હું વ્યકિતને મળું ત્યારે મારે જે બધું જાણવાનું જરૂરી છે તે એ કે આ એ જ વ્યકિત છે કે જેને મારે મળવાનું હતું. એકવાર મને તે ખાતરી થાય છે ત્યારે હું મારી જાતને તેના હાથમાં સોંપુ છું. તે મને જયાં જવાનું કહે છે ત્યાં હું જઈશ. હું કદાચ જાણતો ના હોઉં કે તે કયાં જઈ રહયો છે, પણ હું જાણું છું કે તેની સાથે હું સલામત હોઈશ.

કયારેક મારો મિત્ર મને કહે, "આપણે શહેરમાં જવા માટે સીધા માર્ગથી જવાના છીએ." અથવા "આપણે ટ્રાફિક સમસ્યાથી

દૂર રહેવા આ માર્ગે જવું પડશે" અથવા "આપણે કોઈએક જગ્યાએ થોડીવાર માટે થોભવું પડશે" અથવા ત્યારે હું કહીશ, "આગળ વધો અને તમારે જે કરવું જ જોઈએ તે કરો, તમારા સલામત હાથોમાં મારી જાત વિષે હું ભરોસો કરું છું." મારે વાસ્તવમાં બધી જ વિગતો જાણવાની જરૂર નથી.

ઈશ્વર સાથેના આપણા સંબંધોમાં આ સાચું છે. આપણી મુસાફરીમાં, આપણે ઈચ્છીએ છીએ કે હવે પછી શું બનવાનું છે તે આપણે જાણી શકીએ. આપણે સ્પષ્ટ દિશા અને ચોકકસ સૂચનાઓ ઈચ્છીએ છીએ, પણ શું આપણે બધું જાણવું જરૂરી છે? ઈશ્વર તેની હાજરીની ખાતરી આપણને આપે છે તે પૂરતું જ છે. જયારે આપણને આવી ખાતરી મળે છે ત્યારે આપણે શાંતિ અનુભવીએ છીએ. આ શાંતિ સાથે વિશ્વાસમાં આપણે આગળ વધીએ. આપણે તેના સુરક્ષિત હાથોમાં આપણી જાતને વિશ્વાસથી મૂકીએ અને માનીએ કે તે આપણને સુરક્ષિત જગાએ દોરી જશે. ખાતરી હંમેશા દોરવણી પહેલાં આવે છે.

**હમણાંથી પર**

આખરે, યાકુબને દૂરના દ્રશ્યની જરૂર હતી. આગામી થોડા દિવસો કે મહિનાઓમાં શું થવાનું છે તે જણાવ્યા કરતાં ઈશ્વર યાકુબને યુગો પૂર્વે લઈ ગયા. "હું યહોવા તારા બાપ ઈબ્રાહીમનો દેવ તથા ઈસ્હાકનો દેવ છું. જે ભૂમિ પર તું સૂતો છે તે હું તને તથા તારાં સંતાનને આપીશ, અને પૃથ્વીની રજ જેટલાં તારાં સંતાન થશે, ને તું પૂર્વ–પશ્ચિમ તથા ઉત્તર–દક્ષિણ ફેલાશે, ને તારામાં તથા તારા સંતાનમાં પૃથ્વીના સર્વ ગોત્રો આશીર્વાદ પામશે."

ઈશ્વર યાકુબને તેના પિતૃઓના સમયમાં પાછળ અને તેના સંતાનોના સમયમાં આગળ લઈ ગયા. ઈશ્વરે તેને તેની સલામતીના

પ્રશ્નમાંથી ઊંચકયો અને તેનું ધ્યાન પૃથ્વીના બધા લોકો માટે તે આશીર્વાદરૂપ છે તે તરફ દોર્યું. પથ્થરને તકીયા અને લાકડીને માલિકી તરીકે રાખનાર યાકુબ ભાગ્યે જ તેની જરૂરિયાતોથી પર જોઈ શકયો. પરંતુ ઈશ્વર પાસે તેને માટે ભવ્ય યોજનાઓ હતી.

જયારે આપણે મુસાફરીમાં હોઈએ છીએ ત્યારે ઘણીવાર આપણી સુખાકારી અને જરૂરિયાતો પ્રત્યે ચિંતિત હોઈએ છીએ. મારા હકમાં શું થશે? હું શું કરીશ? શું હું આ બદલાવમાંથી પાર ઊતરી શકીશ? આપણા વિચારોનું શબ્દભંડોળ "હું" અને "મારા"થી ભરપૂર હોય છે.

આપણે પહેલેથી જ "તરતની" બાબતોમાં રોકાયેલા હોઈએ છીએ, ઈશ્વર તેને પેલે પાર જુએ છે, તે આપણી મર્યાદાઓની પણ પાર જુએ છે. યાકુબના અનુભવ વિષે માની ન શકાય તેવી એક બાબત એ છે કે ઈશ્વરે યાકુબની અયોગ્યતા છતાં તેને પોતાની હાજરીની ખાતરી આપી. તેણે તેના પિતાને છેતર્યા હતા અને તેના ભાઈને ઠગ્યો હતો, અને તેમ છતાં તે ખોટા કામોનો કયાંય ઉલ્લેખ કરાયો નહોતો. યાકુબને ધમકાવવાને બદલે, ઈશ્વરે તેને પુનઃવચન આપ્યું. આવું કેવી રીતે બની શકે?

તેનો જવાબ ઈશ્વરના યાકુબ માટેના મહાન ઈરાદાઓમાં મળે છે. તેને ઈશ્વરના ઈબ્રાહીમને આપેલા - "તારાથી એક મોટી કોમ ઉત્પન્ન થશે" - એ વચનના આશીર્વાદ સાથે સંબંધ હતો. તેમાંના એક મસીહ, કે જેમના દ્વારા પૃથ્વીની સર્વ દેશજાતિઓ – કુટુંબો આશીર્વાદ પામવાના તે હતા. યાકુબ જેવા કોઈ એક વ્યકિતના દોષ અને કાવતરાને લીધે ઈશ્વર પોતાનાં તે વચનો ભંગ કરવાનું ચલાવી લે નહીં. ઈશ્વરના ઈરાદાઓ માણસના કાવતરાને લીધે

નિષ્ફળ જઈ શકે નહીં. યાકૂબ તે જગ્યાથી દૂર ભાગી રહયો હતો, પરંતુ ઈશ્વરે કહયું, "આ દેશમાં હું તને પાછો લાવીશ." તે તેના પિતાના વસિયતનામામાં અપાયેલા વારસાગત આશીર્વાદથી દૂર ભાગી રહયો હતો, પરંતુ ઈશ્વરે કહયું, "તારામાં તથા તારાં સંતાનમાં પૃથ્વીના સર્વ ગોત્રો આશીર્વાદ પામશે." કદાચ તે ઈશ્વરથી દૂર ભાગી રહયો હતો, પરંતુ ઈશ્વરે કહયું, "હું તારી સાથે છું. જે જે મેં તને કહયું છે, તે પૂરું કર્યા વગર હું તને નહિ મૂકીશ."

આવી જ રીતે, ઈશ્વર પાસે આપણ પ્રત્યેક માટે મહાન હેતુ છે. "વળી આપણે જાણીએ છીએ કે જેઓ દેવના ઉપર પ્રેમ રાખે છે, જેઓ તેના સંકલ્પ પ્રમાણે તેડાયેલા છે, તેઓને એકંદરે સઘળું હિતકારક નીવડે છે. કેમકે જેઓને તે અગાઉથી જાણતો હતો, તેઓના વિષે તેણે અગાઉથી ઠરાવ્યું પણ હતું કે, તેઓ તેના દીકરાની પ્રતિમા જેવા થાય." (રૂમીઓને પત્ર ૮: ૨૮–૨૯) ઈશ્વરનો મૂળભૂત હેતુ તો આપણને તેના દીકરા ઈસુની પ્રતિમા પ્રમાણે પુનઃબનાવવાનો છે. જેથી આપણે તેના જેવા થઈ શકીએ. ઈશ્વરનો હેતુ આપણને સુખી બનાવવાનો નથી, પરંતુ ઈસુ જેવા પવિત્ર બનાવવાનો છે.

જીવનમાંના "અહીંતહીં"નું ભ્રમણ આપણને પરિપકવ થવા માટેની શ્રેષ્ઠ તકો પૂરી પાડે છે. યાકુબની જેમ આપણે ઈશ્વરની હાજરીની ખાતરીની જરૂર છે. જેમ રાત પડતી જાય છે અને અંધારામાં આત્મા પીડા અનુભવે છે, ત્યારે તરત આપણે શીખીશું કે જો ઈશ્વર આપણી સાથે છે, તો બધું જ સારું છે. ભલે આપણી પાસે બધા ઉત્તરો ના હોય. આપણે એ પણ શીખીશું કે આપણે ગમે તેટલાં અશકય અને ભટકેલા હોઈએ, તેમ છતાં ઈશ્વર તેમના હેતુઓ પૂરા કરે છે – ભલે આપણે ઈચ્છીએ કે ના ઈચ્છીએ.

બેથેલમાં, યાકુબને ઈશ્વર મળ્યા. પોતાનું ઘર છોડીને ભાગતાં તેણે પોતાની જાતને ઈશ્વરના ઘરમાં દીઠી. આપણી અનુકૂળ સંજોગો બહારની મુસાફરીમાં, આપણી આસપાસ રાત પડશે. પરંતુ જયારે અરૂણોદય થશે, ત્યારે પ્રકાશ એ બતાવશે કે ઈશ્વર બધો વખત આપણી સાથે હતા.

# પ્રકરણ – ૨

# યુસુફ : જેલ સુરક્ષા

" સુરક્ષા, તમારી પાસે કેટલું બધું છે તેની પર આધાર
રાખતી નથી પરંતુ તેના વગર તમે કેટલું કરી શકો છો
તેની પર આધાર રાખે છે. "
જોસફ વુડ ક્રચ[૧૦]

ત્રણવાર છેતરાઈને, યુસફ તેના અંતરઆત્મામાં ઘવાયેલો હતો. તેના ભાઈઓ દ્વારા ગુલામોના વેપારીને વેચાયો. તેના માલિક દ્વારા જેલમાં નંખાયો અને જેને તેણે મદદ કરી હતી તે તેને ભૂલી ગયો. ઘણાં વરસો વીતી ગયા કે જે તેને તેના ઘરથી માઈલો, દૂર લઈ ગયા. તેનો ભૂતકાળ દુઃખદ યાદોથી ભરપૂર અને ભવિષ્ય ધૂંધળું તથા તેના આરોગ્યને હાનિકારક અંધકાર સમાન હતું. તે બેસીને આ બધાનો હેતુ વિષે વિચાર કરે છે. આપણે કલ્પના કરીએ કે તેના મનમાં શું આવતું હશે?

ભિન્ન મત ધરાવનાર સોવિયતનો એલેકસાંદર સોલઝેનીટસન પોતે પ્રખ્યાત નહી તેવા ગુલેગમાં પસાર કરેલાં વર્ષો તરફ દ્રષ્ટિપાત કરતાં કહે છે, " જેલ તને ધન્ય છે, મારા જીવનમાં આવવા બદલ. કારણ કે ભાંગીતૂટી જેલ જે વાસ્તવમાં ત્યાં હતી તે દ્વારા હું દુન્યવી હયાતીનો અર્થ શીખ્યો કારણ કે આપણે એવું વિચારતાં મોટા થયા છીએ કે માણસ આધ્યાત્મિક વૃધ્ધિને બદલે ભૌતિકતામાં વૃધ્ધિ પામે."[૧૧]

જર્મન પાળક ડાયેસ્ટ્રીક બોન હેફરે, નાઝી કાળના એડોલ્ફ હિટલરના સમયમાં જેલમાંથી લખ્યું, " દરેક બાબત જે મારા માટે

બને છે તેનો મારા માટે ચોકકસ હેતુ છે તેમ હું માનું છું. ભલે તે આપણી ઈચ્છાઓને કાપી નાંખતી હોય. હું અહીં કોઈ હેતુ માટે છું તેમ હું જોઉં છું અને હું માત્ર એજ આશા રાખું છું કે હુંતેના માટે જીવું છું. આપણા મહાન હેતુના પ્રકાશમાં આપણા બધા જ અંગત ગમા અને અણગમા ગૌણ છે."[૧૨]

યુસફ, આ માણસો અને જેઓને પણ આ સત્ય લાધ્યું છે તેઓની સુંદર સંગતમાં આગેવાની આપે છે. તેઓમાં જર્મનનો કોરી ટેનબુમ, જે હોલેન્ડનો કબ્જો મેળવનાર, ચીનના વેંગમીંગ ડાઓ, ઈંગ્લેન્ડના જોન બન્યન અને તાર્સસના પાઉલનો સમાવેશ થાય છે. જેલ તે ખૂબ સારી રીતે અનુકૂળ સંજોગોથી બહાર એવી આખરી મુસાફરી દર્શાવે છે. એ વાત ચોકકસ છે કે અસાધારણ સેવાને માટે જેઓને ઈશ્વર ભાવિને માટે ચીંધે છે તેઓને તે, તે માટે ઘડે છે. આત્માનો વિકાસ એ ઈશ્વરનું મહાન કાર્ય છે.

યુસફના જીવનમાં આ કેટલું બધું સાચું ઠર્યું છે. માનવીય દ્રષ્ટિકોણથી જોઈએ તો એક પછી એક પીછેહઠમાં તે પડી ગયો હતો. ઈશ્વરની દ્રષ્ટિએ તે પોતાના જીવનના તેડા અને ભવિષ્યને માટે કાળજીપૂર્વક તૈયાર થઈ રહયો હતો. આપણે મોટે ભાગે કાર્ય પુરૂં કરવા માટે ચિંતિત હોઈએ છીએ. પરંતુ ઈશ્વર વ્યકિતને તૈયાર કરવાની ચિંતા રાખે છે જેથી તે કે તેણી કાર્ય પુરૂં કરી શકે. આપણે કામ પુરૂં થાય એવું ઈચ્છીએ છીએ. પરંતુ ઈશ્વર વ્યકિતને ઘડવા માગે છે. આપણે ઈશ્વર માટે કાર્ય કરવું છે, પરંતુ ઈશ્વર આપણા પર કામ કરવાની ઈચ્છા રાખે છે.

યુસફ એવા કુટુંબમાંથી આવ્યો કે જયાં બધાંએ ખોટું કર્યું હતું. યુસફનો જન્મ થયો તે સમયે તો પિતા યાકૂબ ખૂબ વૃધ્ધ વ્યકિત હતા.

યુસફ એ યાકૂબની પ્રિય પત્ની રાહેલ (તેની બે પત્નીઓ અને બે ઉપપત્નીઓમાંની એક) થી જન્મ્યો હતો. સ્વાભાવિક રીતે તે યાકુબનો બીજા અગિયાર કરતાં વહાલો પુત્ર થયો. યુસફ માટે ખાસ રંગીન ઝભ્ભો આપીને યાકુબે બીજાઓ કરતા એક પુત્રની તરફેણ કરીને ખોટું કર્યું.

યુસફે પણ તરફેણવાળી સ્થિતિ પોતાના માથા પર રાખીને ખોટું કર્યુ. માત્ર ૧૭ વર્ષની ઉમરે વખાણ અને ખાસ તરફેણને લીધે તેનું માથું ઉચું થયું. તેની ઉમરના બીજાઓની જેમ કદાચ તે નિખાલસ હતો. તેણે સમજયા વગર તેના ભાઈઓને પોતાની મોટાઈ પ્રદર્શિત કરતાં સ્વપ્નો વિષે વાત કરી, જે તેમની સામે અહંકારી અવાજો તરીકે આવ્યાં. તેથી ભાઈઓ ઉશ્કેરાયા, દુઃખ લાગ્યું અને ગુસ્સે થયા.

તેઓએ યુસફની અદેખાઈ કરી, તે સમજી શકાય તેમ હતું, પરંતુ ભાઈઓએ તેમની ઈર્ષાની ભાવનાને ધિકકારમાં પરીવર્તિત થવા દઈને ખોટું કર્યું. ખૂનના બીજ વવાઈ ગયાંહતાં. આ ઈસ્ત્રાએલી કુટુંબની ગતિશીલતામાં બધાંએ ખોટું કર્યુ. યાકુબ પક્ષપાત બતાવવામાં ખોટો હતો, યુસફ આપવડાઈ બતાવવામાં ખોટો હતો. ભાઈઓ યુસફને ધિકકારવામાં ખોટા હતા.

## અસલામતીનું મૂળ

દરેક જણ તેમની પોતાની રીતે ખોટા હતા, તો એ બધાંનુ મૂળ શું હતું? અસલામતી. દરેક વ્યકિત સલામતી શોધતી હતી, પરંતુ ખોટી જગામાં શોધતી હતી. યાકૂબે પોતાના પુત્ર યુસફમાં સલામતી શોધવાનો પ્રયત્ન કર્યો. તેની પ્રિય પત્ની રાહેલ મરી ગઈ હતી, અને

યુસફ તે તેની જીવંત યાદગીરી હતી. તેની વૃધ્ધાવસ્થામાં, યાકૂબને કોઈ બાબત જેને તે મજબૂત રીતે વળગી રહે તેની જરૂરિયાત હતી કે જે તેણે યુસફમાં મેળવી.

બીજી બાજુ, યુસફે માનીતા પુત્ર તરીકેના પોતાના મોભામાં સલામતી શોધી. તેણે તો મોભાની મજા માણી અને હકિકતમાં તેણે તેના ભાઈઓની વિરૂધ્ધ તેનો ઉપયોગ કર્યો. તેના સમયની સંસ્કૃતિ પ્રમાણે નાનો ભાઈ મોટાઓ વિષે ખરાબ બોલે તે અભદ્ર અને અયોગ્ય હતું. પરંતુ યુસફ પોતાના " માનીતા " મોભાને લીધે રમત રમ્યો અને પોતાના ભાઈઓ વિશે પિતાને ખોટી માહિતી આપી. પિતા તેનો પક્ષ લે છે, તે જાણીને યુસફની કિંમત વધી ગઈ.

ભાઈઓએ ભયંકર અસલામતી અનુભવી. એ કોઈ નવાઈની વાત નહોતી કે યુસફની આપવડાઈથી વ્યથિત અને તેની ઉધ્ધતાઈથી ડઘાઈ ગએલા તેના ભાઈઓ હવે તેની સાથે વધુ અસલામતી અનુભવવા લાગ્યા. તે તેમના બધા કરતા સૌથી નાનો (બેન્જામીન સિવાય) હતો. તેમ છતાં તે બધા કરતા વધુ પસંદ કરાયો હતો. તેઓ જલ્દી તેવા તારણ પર આવ્યા કે તેમની મુશ્કેલીનો એક જ માર્ગ એ છે કે તેમની સલામતીના ભયને દૂર કરવા યુસફથી છૂટકારો મેળવવો. તેમણે યુસફને તેમના જીવનમાંથી દૂર કરવાનું કાવતરું રચ્યું.

તેથી તે તેમણે કર્યુ. તેઓ તેને લઈ ગયા. અને મિસર જતા મિદ્યાની વેપારીઓને વેચી માર્યો. પરિણામે આખું કુટુંબ જે પહેલેથી અસાલમત હતું તેણે અસલામતીમાં આગળ એક કદમ ભર્યું. દરેક જણે કશુંક ગુમાવ્યું. યાકૂબે પોતાનો માનીતો પુત્ર ગુમાવ્યો. અને યાકૂબે તેનાં વસ્ત્ર ફાડયાં, ને તેની કમરે તાટ બાંધ્યું, ને તેના દીકરાને સારૂ ઘણાં દહાડા સુધી શોક કર્યો. અને તેના સર્વ દીકરા તથા

દીકરીઓ તેને દિલાસો દેવાને ઉઠયાં, પણ તેણે દિલાસો પામવાને ના પાડી, અને તેણે કહયું કે, " હું શોક કરતો કરતો કબરમાં મારા દીકરાની પાસે જઈશ, " અને તેનો બાપ તેને સારૂ રડયો (ઉત્પત્તિ ૩૭: ૩૪ – ૩૫). યાકૂબે પોતાનું બધું જ ગુમાવી દીધું, કારણ કે યુસફ તેના માટે સર્વસ્વ હતો.

યુસફે પોતાનો માનીતા પુત્ર તરીકેનો મોભો ગુમાવ્યો. તેણે પોતાનું સ્વાતંત્ર્ય ગુમાવ્યું અને સામાન્ય ગુલામ બન્યો. તેણે પણ સર્વસ્વ ગુમાવ્યું. બધું જ કે જે તેના માટે સલામતી હતી, પિતા, ઘર, માનીતો મોભો. ભાઈઓ કે જેમણે પોતાના અધમ કૃત્યો દ્વારા વિચાર્યું હતું કે કશુંક મેળવ્યું પરંતુ તેઓએ પણ ગુમાવ્યું. તેઓ તેમના પિતા આગળ જૂઠું બોલ્યા કે જંગલી જનાવરે યુસફને મારી નાંખ્યો છે. જયારે તેમના પિતા વિરહને લીધે ચિત્તભ્રમ થઈ ગયા ત્યારે તેઓએ તેમને શાંત્વન આપવાનો પ્રયત્ન કર્યો. પરંતુ કેવી રીતે તેઓ તેમના પિતાને દિલાસો આપી શકે કે જયારે તેમને ખબર હતી કે તેમના પિતાની આ અત્યંત શોકાતુર દુઃખી પરિસ્થિતિ માટે તેઓ પોતે જ જવાબદાર હતા.

તેમણે તેમની સાથે ગુનાહિત લાગણી લઈ ફરવું પડયું. વીસ વર્ષ પછી તેઓએ તે દિવસે જે કર્યું હતું તે આબેહૂબ યાદ કર્યું. ઈજીપ્તમાં જયારે તેમનાં કુટુંબ વિશે પ્રશ્ન કરવામાં આવ્યો ત્યારે તેમનો ગુનો બહાર આવ્યો. તેઓએ એકબીજાને કહયું, " સાચે જ આપણે આપણા ભાઈ વિષે અપરાધી છીએ, કેમકે જયારે તેણે કાલાવાલા કર્યા, ને આપણે તેના જીવનનું દુઃખ જોયું ત્યારે આપણે તેનું સાંભળ્યું નહિ, તે માટે આ સંકટ આપણા પર આવી પડયુંછે. " (ઉત્પતિ ૪૨:૨૧)

ગુનો કર્યાના દિવસથી જ તેઓ બીકમાં જીવતા હતા કે એક દિવસે તેમનું પાપ તેમને પકડી પાડશે. તેઓએ મનની શાંતિ ગુમાવી. યુસફે પોતાનું સ્થાન મોભો અને સ્વાતંત્ર્ય ગુમાવ્યું. યાકૂબે પોતાનો પ્રિય પુત્ર ગુમાવ્યો. બધાંએ ખોટું કર્યુ અને બધાંએ કશુંક ગુમાવ્યું.

તેમ છતાં ઈશ્વરે યાકૂબના કુટુંબની નિરંકુશ ઘટનાઓ પર અંકુશ ગુમાવ્યો નહોતો. ઈશ્વરે ઈબ્રાહીમને વચન આપ્યું હતું કે તેમના દ્વારા એક આખી દેશજાતિ આવશે. આ દેશજાતિમાંથી વચન અપાયેલો – મસીહ કે જે આખી દુનિયા માટે તારણ અને આશીર્વાદ લાવનાર આવશે. આ વચન ફરીથી ઈબ્રાહીમના દીકરા ઈસ્હાકને આપવામાં આવ્યું હતું. અને ફરીથી તેના પૌત્ર યાકૂબને આપવામાં આવ્યું હતું. ઈશ્વર પાસે યાકૂબ અને તેના કુટુંબ માટે મહાન હેતુ હતો. માનવી યોજનાઓ કે નજીવું અપલક્ષણ તેની યોજનાને ઉથલપાથલ કરી શકે નહિ.

યાકૂબના કુટુંબમાં બધી ભૂલો અને ખોટું હોવા છતાં અને કુટુંબના દરેક સભ્યને પડેલી દુ:ખદ ખોટ છતાં, ઈશ્વર ત્યારે પણ કાબૂ ધરાવતા હતા. માનવીય દ્રષ્ટિકોણથી ભલે બધુંજ ખોટું થયું હોય તોપણ તે તેના હેતુઓ કાર્યાન્વિત કરી શકે છે.

પ્રેમ માટે ઝૂરતા યુસફ માટે, જેલમાં પ્રત્યેક પ્રસંગો અગાઉ હતા તેવા જ ખૂબ ગહન હતા. દરેક બિનાઓ જે તેના હકમાં બની હતી તે દુ:ખદ, અયોગ્ય અને બિનખાત્રીદાયક હતી. તે બધામાં શું કોઈ હેતુ કે આયોજન હતા? હા, ઈશ્વર યુસફને એવું કુટુંબ કે જયાં બધાં ખોટી જગાએ સલામતી શોધતા હતા, ત્યાંથી બહાર લઈ જતા હતા અને સાચી જગ્યામાં સલામતી શોધવાની તાલીમ આપતા હતા.

યુસફની તાલીમ ત્રણ સત્રમાં જોઈ શકાય છે. પહેલાં સત્રમાં તે છેતરાયો અને અંતે ગુલામ બન્યો. બીજા સત્રમાં ખોટા આરોપો દ્વારા પકડાયો અને અંતમાં કેદી બન્યો. ત્રીજા સત્રમાં તે તરછોડાયો અને ભૂલાઈ ગયો. જે એવું લાગતું હતું કે બાકીનું જીવન જેલમાં ગુનેગાર તરીકે વિતાવશે.

પ્રથમ, ઈશ્વર યુસફને તેના પિતાથી દૂર લઈ ગયા. અથવા, ઈશ્વરે તેના પિતાને યુસફ પાસેથી લઈ લીધા. તેના પિતાની જગાએ ઈશ્વરે પોતાને મુકયા. યુસફના પિતા હવેથી તેની સામે ન હતા, પણ ઈશ્વર તેની સાથે હતાઃ અને ઈશ્વર યુસફની સાથે હતો, ને તે ભાગ્યવાન બન્યો અને તે તેના શેઠના એટલે તે મિસરીના ઘરમાં રહયો. અને તેના શેઠે જોયું કે, ઈશ્વર તેની સાથે છે, ને તે જે કંઈ કરે છે તેમાં ઈશ્વર તેને સફળ કરે છે અને યુસફ તેની દ્રષ્ટિમાં કૃપા પામ્યો. ને તેણે તેની સેવા કરી, અને તેણે તેને તેના ઘરનો કારભારી ઠરાવ્યો, ને તેનું જે હતું તે સર્વ તેણે તેના હાથમાં સોંપ્યું. (ઉત્પત્તિ ૩૯ઃ ૨–૪)

તે સત્રને અંતે, યુસફ ખૂબ આંનદથી જીવન વ્યતિત કરતો હતો. જેવી રીતે ઘેર પોતાના પિતાને માનીતો હતો તેવી રીતે મિસરમાં તેના માલિકનો માનીતો બન્યો. માનીતા પુત્રમાંથી તે માનીતો ગુલામ બન્યો. યુસફે સલામતી મેળવી, પરંતુ તે ઈશ્વરમાં હતી કે પોટીફારમાં? બેશક, તે તેના માલિકનો માનીતો બન્યો હતો કે તેણે બધું તેના હાથમાં સોંપી દીધું. ઈશ્વર ફરીથી યુસફને માણસમાં સલામતી શોધવાની ભૂલમાં પડવા દેવા માંગતા નહોતા.

હવે તે સમય આવ્યો કે ઈશ્વર તેને બીજા સત્રમાં દોરી ગયાં. તેનો સલામતીના સંજોગો ફરીથી ધૂળધાણી થઈ ગયા. પોટીફારની પત્ની દ્વારા ખોટો જાતિય આક્ષેપ અંતે યુસફને જેલમાં લઈ ગયો. ઘટનાનો કરૂણ ભાગ એ હતો કે પોટીફાર, યુસફ સાથે ન રહયો પરંતુ તેની પત્ની સાથે યુસફની સામે ઉભો હતો. આપણને કહેવામાં આવ્યુંછે કે પોટીફારનો કોપ સળગી ઉઠયો (ઉત્પત્તિ ૩૯: ૧૯). શું તે ગુસ્સો યુસફ તરફ હતો કે તેની પત્ની તરફ હતો? પોટીફાર તેની પત્નીને સારી પેઠે જાણતો હતો. તે યુસફને પણ સારી રીતે જાણતો હતો. તે જાણતો હતો કે તે યુસફ પર વિશ્વાસ રાખી શકે, પરંતુ શું તે તેની પત્ની પર વિશ્વાસ રાખી શકે?

એક ગુલામ કે જેણે પોતાના માલિકની પત્ની સાથે વ્યભિચાર કરવાનો પ્રયત્ન કર્યો તેને ચોકકસ મૃત્યુદંડ મળે. પરંતુ પોટીફારે યુસફને જેલમાં નાંખ્યો, એ જગ્યા કે જયાં રાજાના કેદીઓને રાખવામાં આવતા હતા. (કલમ ૨૦) એક ટેલીવીઝન નેટવર્ક ધ્વારા રજૂથતી આ વાર્તાના નાટકમાં પોટીફારની પત્ની જયારે યુસફને ફરમાવેલ શિક્ષા વિષે સાંભળે ત્યારે તે તેના પતિનો વિરોધ કરતાં કહે કે " તમે મારૂં અપમાન કર્યુ. " " તમે તેને કેવી રીતે જીવતો રાખી શકો?" અને એ રીતે તમે મને કેવી રીતે ઉતારી પાડી શકો? તો એનો પોટીફારે ઉત્તર આપ્યો કે, " કારણ કે એક નામોશી બીજી નામોશીનો ભોગ માંગે છે."[૧૩]

શું પોટીફાર તેના હૃદયમાં માનતો હતો કે યુસફ નિદોર્ષ છે? જો તેમ હોત તો યુસફ માટે તે કેટલું દુઃખદ હોત, કે કોઈ વ્યકિત કે જેની પર તે વિશ્વાસ કરે છે, તેમ છતાં તેને પક્ષે ઉભો રહેતો નથી. એવી જ રીતે જેમ ઈશ્વરે યુસફના પિતાને તેનાથી દૂર કર્યો તેમ તેણે યુસફના માલિકને યુસફથી દૂર કર્યો. પોટીફારની સલામતીના

આધાર મધ્યેથી ઈશ્વર યુસફને દૂર કરી રહયા હતા. ઈશ્વર તેને માત્ર તેમનાંમાં જ સલામતી શોધવાની તાલીમ આપી રહયા હતા.

બીજા સત્રના અંતે, આપણે યુસફને બંદીવાન તરીકે જોઈએ છીએ. પરંતુ બંદીખાનામાં પણ યુસફે પોકાર કર્યો: " પણ ઈશ્વર યુસફની સાથે હતો, ને તેણે તેના પર દયા કરી, ને તેને કેદખાનામાં દરોગાની દ્રષ્ટિમાં કૃપા પમાડી, અને જે કેદીઓ કેદખાનામાં હતા, તેઓ સર્વને દરોગાએ યુસફના હાથમાં સોંપ્યા, અને ત્યાં જે કામ તેઓ કરતા તેનો કરાવનાર તે જ હતો. " (કલમ ૨૧:૨૨)

માનીતા પુત્રથી માનીતો ગુલામ અને હવે માનીતો બંદીવાન! અત્યાર સુધી, યુસફ પોતાના ઘરથી ૧૧ વર્ષ દૂર થઈ ગયો. તે લાંબો સમય હતો, ખાસ કરીને એવો સમય કે જે કોઈએ કેદખાનામાં સમય વ્યતિત કરવો પડયો હોય, પરંતુ તે તેનું જીવન દુઃખને કારણે ક્ષીણ થવા દે તેમ નહોતો. ગમે તેવી નિરાશાજનક અને બિનખાત્રીદાયક એવી બધીજ પરિસ્થિતિમાંપણ તેનો તેણે શ્રેષ્ઠ ઉપયોગ કર્યો. તેણે તેની કમનસીબી પર બેસી રહીને જરાપણ સમય બગાડયો નહી, પરંતુ જે કાંઈ તેને કરવાનું સોંપવામાં આવ્યું હતું તેમાં ચડિયાતો થયો. યુસફ છેલ્લા સત્રમાં જવા માટે હવે તૈયાર હતો.

તે સત્રની શરૂઆતે, તેણે બંદીખાનાના દરોગાનો પણ વિશ્વાસ જીતી લીધો હતો. તે ફરીથી માનીતી જગા પર હતો. ઈશ્વર યુસફને એક છેલ્લો પાઠ શીખવવાના હતા. જયારે ફારૂનનો જીવ લેવાનો પ્રયત્ન થયો ત્યારે મહેલના કાવત્રાએ તેનું કદરૂપું માથું ઉચું કર્યુ. તપાસ મુલત્વી રાખીને બે શંકાસ્પદો–ભઠિયારો અને પાત્રવાહકને પકડયા અને કેદખાનામાં નાંખ્યા. તેઓમાંના દરેક યુસફ પાસે એક સ્વપ્ન લઈને આવ્યા ને તેનો તેણે અર્થ કરી બતાવ્યો.

ભઠિયારો ગુનેગાર માલૂમ પડયો અને મોતની સજા થઈ. પાત્રવાહકને છોડી મૂકવામાં આવ્યો. તેમાં યુસફે કહયું હતું તેવું જ થયું હતું.

યુસફ આશા રાખતો હતો કે, પાત્રવાહક તેના વિષે ફારૂનને વાત કરશે અને તેને ખોટી રીતે થયેલ શિક્ષામાંથી મુકત કરાવશે. જો કે યુસફે તેના સ્વપ્નનો અર્થ કહી તેની મદદ કરી હતી. વળી, પાત્રવાહક દરરોજ રાજાની હજૂરમાં જતો હતો, જે લ્હાવો ઘણાં લોકોને મળતો નહોતો. મુખ્ય પાત્રવાહકે યુસફને સંભાર્યો નહિ, પણ તેને ભૂલી ગયો. (ઉત્પત્તિ ૪૦:૨૩) એક અઠવાડિયા માટે, એક મહિના માટે કે એક વર્ષ માટે નહીં પરંતુ પૂરાં બે વર્ષ માટે. (ઉત્પત્તિ ૪૧:૧)

એક માણસ કેટલું સહી શકે? પ્રથમ, તેના ભાઈઓએ તેને ગુલામ તરીકે વેચી દીધો. બીજું, તેના માલિકની પત્નીએ તેને ભ્રષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો, તેના પર આળ મૂકયું અને તેના માલિકે તેને કેદખાનામાં નાંખ્યો. હવે કોઈ એક જેને તેણે મદદ કરી કે જે મુકત થયો તે તેને ભૂલી ગયો. બે વર્ષના લાંબા સમય માટે યુસફ ભુલાઈ ગયો. જે કંઈ મદદની આશા તેણે લોકોની અથવા તેમના તરફથી રાખી હતી તે બધી તેનાથી અળગી થઈ ગઈ.

તેણે તેના માલિક તરફ દ્રષ્ટિ કરી હતી, પરંતુ તેણે તેને કેદખાનામાં નાંખ્યો. તેણે પાત્રવાહક તરફ દ્રષ્ટિ કરી, પણ તે તેને ભૂલી ગયો. તેના પિતા તેને મદદ કરી ન શકે, તે ઘણે દૂર હતા. તેણે યુસફને મરી ગયો તેમ માની લીધો હતો. તેના કેદખાનાનો દરોગો તેને મદદ કરી ન શકયો. તેણે યુસફને બધા બંદીવાનોનો મુખ્ય બનાવ્યો. પરંતુ તે હજુ કેદખાનામાં જ હતો. ત્રીજા સત્રને અંતે, યુસફની તાલીમ પૂર્ણ થઈ.

ઈશ્વરે તેને એક મોટા સંપૂર્ણ અભ્યાસક્રમમાં મૂકયો. તેણે યુસફને બતાવ્યું કે એકલા ઈશ્વર સિવાય બીજે કશામાં સલામતી મળતી નથી. જયારે યુસફ તે પાઠ શીખ્યો ત્યારે ઈશ્વરે તેની પરિસ્થિતિને હવે ઉલટી કરવાનું શરૂ કર્યું. ફારૂનને સ્વપ્ન આવ્યું અને પાત્રવાહકને યાદ આવ્યું કે કેવી રીતે યુસફે તેના સ્વપ્નનો અર્થ કરી બતાવ્યો હતો. તેથી ગુલામને રાજા પાસે લાવવામાં આવ્યો. પછીના ઘટનાક્રમમાં યુસફને આવનાર દુકાળના સમયમાં આખા દેશને માટે કાર્યક્રમ ઘડી કાઢવાની દીર્ઘદ્રષ્ટિ સાથે વડાપ્રધાન તરીકે બઢતી આપવામાં આવી.

**સત્તા પહેલાં દુઃખ**

યુસફે તેનો અભ્યાસક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો અને આખા મિસરનો બીજા ક્રમનો સત્તાધીશ વ્યકિત બનવા સ્નાતક થયો. જો કે એવું દેખાય છે કે યુસફે તે જગા રાતોરાત મેળવી પરંતુ ખરેખર તેમ નહોતું. સલામત વિસ્તારની બહાર ઉજજડ અને પછાત પ્રદેશ દ્વારા ઈશ્વર યુસફને લાંબી અને આકરી મુસાફરીએ લઈ ગયા. ઈશ્વરે યુસફને સફળતા અને સત્તાના ખાસ કાર્ય માટે મુકરર કર્યો હતો. પરંતુ તે સત્તા ધારણ કરે તે પહેલાં તેણે દુઃખ અનુભવ્યું. સફળતા મળે તે પહેલાં તેણે સલામતી મેળવી.

યુસફ કેવા પ્રકારની વ્યકિત બન્યો હતો? બેશક, તે પૂર્ણ રીતે હવે બદલાયેલ હતો. ઈશ્વરે તેને ચકચકીત કર્યો અને શુધ્ધ કર્યો. આટલા વર્ષો દરમ્યાન યુસફ કેવી રીતે વૃધ્ધિ પામ્યો? આંશિક જવાબ આપણને ઉત્પત્તિના નીચેના ફકરાઓમાંથી મળે છે, જેમાં આપણે વાંચીએ છીએ કે તે રડયો.

| | |
|---|---|
| ૪૨:૨૪ | જયારે તેણે પ્રથમવાર તેના ભાઈઓને જોયા |
| ૪૩:૩૦ | જયારે તેણે બિન્યામીનને જોયો. |
| ૪૫:૨,૧૪–૧૫ | જયારે તેણે પોતાના ભાઈઓને પોતાની ઓળખ આપી. |
| ૪૬:૨૯ | જયારે તેણે તેના પિતાને જોયા |
| ૫૦:૧ | જયારે તેના પિતા મરણ પામ્યા. |
| ૫૦:૧૭ | જયારે તેણે બીજીવાર ભાઈઓને માફી બક્ષી. |

૭ અલગ અલગ પ્રસંગોએ, આપણે વાંચીએ છીએ કે યુસફ રડે છે. આંસુ આપણું માનવીપણું દર્શાવે છે. ખડક રડતો નથી, ટેબલ પણ રડતું નથી. કોમ્પ્યુટર માનવીની જેમ વિચારે છે, માનવીની જેમ વાત પણ કરે છે, પરંતુ તે આંસુ વહેવડાવી શકતું નથી. જયારે પીનોકચીઓ નામના છોકરાની આંખમાંથી આંસુ ઉભરાયા, ત્યારે તેણે જાણ્યુંકે તે કઠપૂતળી નથી, આખરે તે એક છોકરો હતો.

આંસુ આપણી માનવીય આંતરિક નિર્બળતા પણ દર્શાવે છે. સત્તા વ્યકિતને સખત અને ગહન બનાવી શકે છે. પરંતુ યુસફને નહીં. તેના રડવાના બધાંજ પ્રસંગો તે ફારૂનનો વડાપ્રધાન બન્યો ત્યાર પછી જ આવ્યા. આપણે વિચાર્યુ હોય કે યુસફને રડવા માટેની ફરજ પડે તેવા કારણો તો જયારે તે દુઃખમાં આવી પડયો હતો ત્યારે હતાં એટલે કે જયારે તેને તેના પિતાથી દૂર લઈ જવામાં આવ્યો, જયારે તે ગુલામ તરીકે કામ કરતો હતો, જયારે તેને કેદખાનામાં નાંખવામાં આવ્યો અને જયારે તેને ભૂલી જવામાં આવ્યો.

પરંતુ ઉપરોકત બધા પ્રસંગોમાંથી એક પણ પ્રસંગે તે રડયો હતો એવું આપણને કહેવામાં આવ્યું નથી. પણ ઉત્પતિ ૪૧ થી

આગળ તેના મિસરમાં બીજા ક્રમનાં સત્તાધીશ માણસ બન્યા પછી આપણે તેને છ અલગ અલગ પ્રસંગોએ રડતો જોઈએ છીએ. કેવું આશ્ચર્યજનક! બધા જ પરીક્ષણોમાંથી પાર ઉત્તર્યા પછી યુસફને કંઈક થયુંહતું. એમાં શંકાને કોઈ સ્થાન નથી તે ખૂબજ સંવેદનશીલ અને માનવંતો વ્યકિત તરીકે ઉપસી આવ્યો. તે માણસ બન્યો. દુઃખ આંસુ લાવે છે. દુઃખ આપણને માણસ બનાવે છે.

દુઃખનો વિરોધાભાસ સત્તા છે. સત્તા આપણને ભૂલાવી દે છે કે આપણે માણસ છીએ. આપણે વિચારીએ છીએ કે આપણે ઈશ્વર છીએ. દુઃખ આપણને યાદ અપાવે છે કે આપણે માણસ છીએ. આપણે ઘવાઈ શકીએ છીએ. એ.ડબલ્યુ.ટોઝરે કહયું, " એ શંકાસ્પદ છે કે ઈશ્વર માણસને ખૂબ જ આશીર્વાદ આપી શકે છે કે જયાં સુધી તે તેને ઉંડે સુધી ઘાયલ ન કરે."[૧૪] યુસફને દુઃખનાં પૂરા અભ્યાસક્રમમાંથી પસાર કરવો તે ઈશ્વર માટે જરૂરી હતું, તેને સત્તામાં લાવે તે પહેલા દુઃખ આવે છે. પરંતુ દુઃખ આપણને સારી વ્યકિત અથવા કડવી વ્યકિત બનાવી શકે છે. યુસફે તેના જીવનમા દુઃખ સામે કેવી રીતે કામ લીધું? આસનાથ સાથેનાં યુસફનાં લગ્ન તેમજ બે દીકરાઓના જન્મ એ યુસફ માટે સાજાપણાની તક હતી.

દુકાળના વર્ષો આવ્યા અગાઉ યુસફના બે દીકરા જન્મ્યા કે, જે તેને ઓનના યાજક પોટીફેરાની દિકરી આસનાથને પેટે થયા. અને યુસફે જયેષ્ઠ દીકરાનું નામ મનાશ્શેહ પાડયું, કેમકે તેણે કહયું" દેવે મારા સર્વ કષ્ટ તથા મારા બાપનાં ઘરનું સર્વ મને વીસરાવી દીધું છે. " અને બીજાનું નામ તેણે એફાઈમ પાડયું, કેમકે તેણે કહયું" મારા દુઃખના દેશમાં દેવે મને સફળ કર્યો છે. " (ઉત્પત્તિ ૪૧: ૫૦–૫૨)

બાળકોનું નામકરણ એ યુસફના જીવનના અંત સમયનો નિર્દેશ કરે છે. પ્રથમ તેણે મનાશ્શેહ નામ પાડયું કેમકે દેવે મારાં સર્વ

કષ્ટ તથા મારા બાપના ઘરનું સર્વ મને વિસરાવી દીધું છે. પ્રથમ દ્રષ્ટિએ એવું દેખાતું હતું કે યુસફ ભૂતકાળને ભૂલી જવા બદલ માત્ર ખૂબ ખુશ હતો. તે શકિતશાળી અને સુખી સ્થિતિમાં સ્થાયી હતો. ફારૂનનાં સ્વપ્નો ધ્વારા તેણે જે ભવિષ્ય ભાખ્યું હતું તે હવે સાચું ઠર્યું હતું. જમીન પુષ્કળ અનાજ ઉપજાવતી હતી અને તે તેને એકઠું કરવામાં અને સંગ્રહ કરવામાં મશગૂલ હતો. બધું જ તેના માટે સારૂં થઈ રહયું હતું.

તે ભૂતકાળને ભૂલી જઈ શકયો હોત અને ફરીથી નવું જીવન શરૂ કરી શકયો હોત. પરંતુ શું યુસફ સાચે જ ભૂલી ગયો? શું તે સાચે જ ભૂલી જવા માંગતો હતો? જો તે ભૂલી જવા માંગતો હતો તો શા માટે પુત્રનું નામ યાદ કરાવવા માટે પાડયું? ના, યુસફ વ્યકિતનો અને ભૂતકાળના બનાવો ભૂલી ગયો ન હોતો. તે જે ભૂલી ગયો હતો તે તો ભૂતકાળના બનાવોની યાદ દ્વારા થતું દુઃખ. તે વધુ કડવાશ અનુભવ્યા વગર તે બનાવોને યાદ કરી શકતો હતો. ઈશ્વરે યુસફને સાજાપણું આપ્યું હતું.

આપણે આ સાજાપણું બીજા પુત્રના નામમાં પણ જોઈ શકીએ છીએ, "એફ્રાઈમ", " કેમકે મારા દુઃખના દેશમાં દેવે મને સફળ કર્યો છે. " યુસફ જે દુઃખોમાંથી પસાર થયો હતો તે ભૂલી ગયો નહોતો. કેવી રીતે તે ભૂલે? પરંતુ તેના દુઃખો છતાં ઈશ્વરે તેને ફળવંત કર્યો હતો. યુસફ તેના બે પુત્રોને જોતો અને ભૂતકાળને યાદ કરતો છતાં તે ઈશ્વરનો આભાર માની શકતો હતો. આપણે દુઃખ પરત્વે કેવું વર્તન કરીએ છીએ તે બાબત તફાવત સર્જે છે. યુસફે માફીનો માર્ગ પસંદ કર્યો. જેઓએ તેના પ્રત્યે ખોટું કર્યુ તેમને માફી આપીને તેણે ભૂતકાળનું દુઃખ તેની પછવાડે મૂકી દીધું. દુઃખનું પસાર થઈ જવુ એ બાબત માફી ઉપજાવે છે.

ગ્રીક બાઈબલમાં" માફી આપવી " નો અર્થ " ગુમાવવું" થાય છે. ચિત્ર નિર્દેશનીય છે માફી આપવી એટલે જતું કરવું. માફી ન આપવી એટલે જતું ન કરવું– જેમકે આપણે કોઈકને કહીએ છીએ " હું તમે જે કર્યુ તે કદી ભૂલીશ નહીં, હું તમને છોડીશ નહીં, જયારે આપણે આમ કહીએ છીએ ત્યારે વાસ્તવમાં આપણે તે વ્યકિતને આપણી સાથે બાંધીએ છીએ જેમ ભારે બોજને આપણી પીઠ પર બાંધ્યો હોય તેમ. આપણે આપણી માફી નહીં આપવાના બોજના વાહન અને આપણી કડવાશના કેદીઓ બનીએ છીએ. તેને છોડી નહીં મૂકીને આપણે આપણી જાતને વર્ષો સુધી ખોટી લાગણીઓ, અને દ્વેષ ભાવના રાખવાની શિક્ષા કરીએ છીએ.

યુસફ તેના ભાઈઓ માટે દ્વેષભાવ રાખતો નથી. તેણે પોટીફાર અને અન્યોની સામે ખોટી લાગણીઓ દ્વારા ખરાબ લગાડતો નથી. તેણે તેઓને માફી આપી અને મુકત કર્યા. આવું કરીને, તેણે પોતાની જાતને ભૂતકાળના બધાં જ દુઃખ અને કડવાશથી મુકત કરી. હવે તે તેની સાથે થયેલ દુષ્કૃત્યોનો બદલો લેવાની ભાવના વગર યાદ કરી શકતો હતો. તે સ્વભાવની કડવાશના ડંખ વગર ભૂતકાળને યાદ કરી શકતો હતો. તે દુઃખને જીરવી જાણતા શીખ્યો. તે શીખ્યો કે જયારે હૃદયમાંથી માફી નીકળે – અપાય છે ત્યારે દુઃખ દૂર થઈ જાય છે.

દુઃખ સત્તા પહેલાં આવે છે. આપણે સત્તાને ભોગવી શકવાનું શીખી શકીએ છીએ જયારે આપણે દુઃખને સહન કરવું શીખ્યા હોય. આત્મિક આગેવાનો માટે, ઈશ્વર ત્યારે જ સત્તા સોંપે છે જયારે આગેવાન દુઃખ ધ્વારા માનવી બન્યો હોય. સત્તા પહેલાં દુઃખ.

બીજો પાઠ આપણે યુસફના જીવન પરથી શીખીએ છીએ તે તો સફળતા પહેલાં સલામતી છે. તે એક કટાક્ષ વચન છે, પરંતુ અત્યંત સફળ લોકો અત્યંત અસલામત પણ હોય છે. જયારે આપણે ઊંચે પહોંચીએ છીએ ત્યારે આપણે ભયજનક સ્થળે ઉભા હોઈએ છીએ. એક નાની ચૂક આવે અને આપણે છેક નીચે સુધી પડી જઈએ છીએ. સફળતાનું સર્વોચ્ચ શિખર જેના વિષે આપણને કહેવામાં આવ્યું છે તે એક એકાંત જગા છે. તે બિનસલામત પણ છે. જયાં સુધી આપણે સફળતા મેળવ્યા પહેલાં સલામતી મેળવી ના હોય તો આપણી બિનસલામતી વિસ્તૃત થશે.

યુસફ અને તેના બધા ભાઈઓનો વિરોધાભાસ આપણને જણાવે છે કે તેઓએ કેટલે દૂર સુધી વિરૂધ્ધ દિશામાં મુસાફરી કરી. તેઓ બધા બિનસલામત વ્યકિતઓનાં ઘરમાં ઉછર્યા, પરંતુ બે દશકા પછી ભાઈઓ પહેલાં નહોતા તે કરતાં વધારે બિનસલામત હતા. જયારે યુસફે, હજુ તેઓથી અજાણ હતો ત્યારે તેઓ પર જાસૂસ હોવાનું તહોમત મૂકાયું ત્યારે ભાઈઓ ગભરાઈ ગયા અને વીસ વર્ષ પહેલાં તેમણે કરેલા ખરાબ કામ વિશે વિચારવા લાગ્યા, સાચે જ આપણે આપણા ભાઈને કારણે શિક્ષા ભોગવી રહયા છીએ. (ઉત્પત્તિ ૪૨:૨૧)

ગુનો બિનસલામતી જન્માવે છે. જ્ઞાની પુરૂષ આપણને જણાવે છે કે કોઈ માણસ પાછળ ધાતો  ન હોય તો પણ દુષ્ટ નાસી જાય છે. (નીતિવચનો ૨૮:૧) ગીતકર્તા પણ દુષ્ટો માટે એમ જ કહે છેઃ  જયાં ભય નહોતું ત્યાં તેઓ ઘણા ભયભીત થયા. (ગીતશાસ્ત્ર ૫૩:૫) ભાઈઓ ભયભીત થઈ ગયા હતા, જો કે તેમણે તેમ થવું

જોઈતું નહોતું. યુસફે તેમને માફ કરી દીધા હતા. તેણે તેમની આંખોમાં ભય અને દોષિતપણું જોયાં, એક બાજુ ફરીને આંસુ સારતાં તે ભાંગી પડયો.

વચ્ચેના દશકાઓમાં યુસફ સમજદાર અને સલામત વ્યકિત તરીકે વૃધ્ધિ પામ્યો હતો. તેણે તેઓનું માત્ર ભલું જ ઈચ્છયું અને તેમને અનાજ અને રૂપું ઉદારતાથી આપ્યા. અંતમાં જયારે તેણે પોતાની જાતની તેમને ઓળખ આપી, અને તેમને ખાતરી કરાવી કે, તમે મને અહીં વેચી દીધો, એને લીધે તમે દીલગીર ન થાઓ, ને તમારાં મનમાં બળાપો ન કરો, કેમકે જાન બચાવવાને દેવે તમારી આગળ મને મોકલ્યો. (ઉત્પત્તિ ૪૫:૫)

આમ કરવાથી યુસફે પોતાનો દયાભાવ અને ઉદારતા દર્શાવી. જયારે તેઓ અને યાકૂબ, મિસરથી પોતાના જાનવરો અને ઢોરઢાંક સાથે પાછા આવ્યા ત્યારે તેણે તેઓને અનાજ આપ્યું અને દેશના સારા ભાગમાં વસાવ્યા. આપણે વિચારી લીધું કે બધું જ ખોટું માફ કરી દેવામાં આવ્યું હતું અને ભાઈઓ પૂર્ણ રીતે યુસફ સાથે સમાધાનમાં આવી ગયા હતા. પરંતુ જયારે તેઓના પિતા મૃત્યુ પામ્યા ત્યારે વર્ષો જૂનો અસલામતીનો પ્રશ્ન બહાર આવ્યો. ભાઈઓ તેથી હેબતાઈ ગયા.

જયારે યુસફના ભાઈઓએ જોયું કે અમારો બાપ મરી ગયો છે, ને તેઓએ કહયું, " કદાચિત યુસફ અમારા પર દ્વેષ કરશે, ને અમે તેનું જે ભૂંડું કર્યુ હતું તે સર્વનું વેર તે નકકી વાળશે. " અને તેઓએ યુસફને કહેવડાવી મોકલ્યું કે, તારા બાપે મશ્રણ પામ્યા અગાઉ આજ્ઞા આપીને કહયું હતું કે, તમે આ પ્રમાણે યુસફને કહેજો, તારા ભાઈઓએ તારો અપરાધ કર્યો છે, હવે તું તેઓના તે પાપની

ક્ષમા કરજે, કેમકે તેઓએ તારૂં ભૂંડું કર્યુ હતું, તે માટે હવે તારા બાપના દેવના દાસોનો અપરાધ તું માફ કરજે, યુસફને તે વાત કહેવામાં આવી ત્યારે તે રડી પડયો. (ઉત્પત્તિ ૫૦: ૧૫–૧૭)

ફરીથી, યુસફે તેઓનો ભય અને દોષિતપણું જોયા, અને તેઓને દુઃખ અને આંસુ સાથે મળ્યો. તે સ્પષ્ટ હતું કે ભાઈઓ માનતા નહોતા કે યુસફે તેમને માફ કરી દીધા હતા. બીજાઓ વિશે અત્યંત ખરાબ વિચારવું એ બિનસલામત લોકોના સ્વભાવમાં હોય છે. તેઓ બીજા લોકો વિશે શ્રેષ્ઠ કેવી રીતે માને, જયારે તેઓ પોતાના વિશે શ્રેષ્ઠ માની શકતા નથી?

અહી જે બન્યું તે એકે " ક્ષમાવૃત્તિનો શ્રેષ્ઠ નમૂનો " છે. એવું નહોતું કે યુસફે ભાઈઓને માફી આપવાનો ઈન્કાર કર્યો, તેણે તેમને વિના મૂલ્યે માફ કર્યા હતા. તે તો ભાઈઓ હતા કે જેઓએ પોતાની જાતને માફ કરી નહોતી. તેઓ માની શકયા નહિ કે યુસફ તેમને માફ કરી શકે. કેવી રીતે તેઓ તે માની શકે કે જયારે તેઓ પોતે પોતાની જાતને માફ કરી શકયા નહોતા? તેઓએ પોતાની અસલામતી યુસફમાં જોઈ. તેઓએ વિચાર્યું કે જેવું તેઓએ વરસો પહેલાં યુસફને કર્યુ હતું તેવું યુસફ હવે તેમના માટે કરશે.

યુસફે જયારે આ જાણ્યું ત્યારે તે રડયો. શા માટે? તેના ભાઈઓએ તેની માફી સ્વીકારી નહોતી તે કારણે તેની લાગણી દુભાઈ. તેઓએ તેના માટે અયોગ્ય વિચાર્યુ હતું. યુસફના શબ્દોમાં અને કૃત્યોમાં બતાવેલ ખાત્રી છતાં તેઓએ આ બધાં વરસો ભયમાં ગાળ્યા હતા અને ભયમાં જીવવાનું ચાલુ રાખ્યું હતું. યુસફ અને તેના ભાઈઓ વચ્ચે ઊંડી તિરાડ પડી હતી. તેઓ તેમના જુદા માર્ગોએ ગયા અને અલગ મુકામે પહોંચ્યા. યુસફ તેની મુસાફરીમાં સલામત

– અનુકૂળ વિસ્તારથી દૂર ગયો, દુઃખ અનુભવ્યું અને સલામતી પ્રાપ્ત કરી. તેના ભાઈઓએ કદી તે મુસાફરી કરી નહીં અને તે સર્વમાં તેઓ જયાં હતા ત્યાં જ રહયા, એટલે પહેલાં જેવા બિનસલામત હતા તેવા જ રહયા.

યુસફનું જીવન એ સાચી જગામાં સલામતી શોધવાનો પાઠ છે. દુઃખનો અનુભવ અને સલામતી ઈચ્છવી એ બન્ને જીવનના જરૂરી, અનિવાર્ય ભાગ છે. આપણે બધા ઓછા કે વત્તા પ્રમાણમાં દુઃખ અનુભવીએ છીએ. આપણે સર્વ સલામતી માટે ઝંખીએ છીએ.

સંક્ષિપ્તમાં કહીએ તો, યુસફે કેદખાનામાં તેની બિનસલામતી માંથી છૂટકારો મેળવ્યો. આ સમયે તેના ભાઈઓ જો કે મુકત હતા, પણ તેમણે તેમની બિનસલામતીમાં પોતાને કેદ થયેલ પામ્યા. કેદખાનું જે અંતિમ પ્રતિકૂળ સંજોગો છે તેણે યુસફને સલામતી શીખવી. સલામતી વ્યકિતમાં કે કોઈ પરિસ્થિતિમાં મળતી નથી. પરંતુ ઈશ્વરમાં અને માત્ર ઈશ્વર એકલામાં જ મળે છે. જયારે આપણે તે શીખ્યા છીએ ત્યારે આપણે સાચે જ સ્વતંત્ર છીએ.

# પ્રકરણ – ૩
# ઈબ્રાહીમ: ખુલ્લા હાથ

"તે એવો તો મૂર્ખ નથી કે પોતે જે રાખી શકતો
નથી તે તે આપે છે અને જે ગુમાવી શકતો નથી તે તે મેળવે છે."
જીમ ઈલિયટ

દરેક નવજાત શિશુ પોતાની તરફ ધ્યાન ખેંચવા રડતા રડતા આ દુનિયામાં પ્રવેશે છે. તેથી જ સાચું અવલોકન કરાયું છે, કે "આપણી આ દુનિયામાં આપણી આંગળીઓ વળેલી રાખીને આવીએ છીએ અને માત્ર ધીમે ધીમે વારંવારના મહાવરા પછી આપણે હાથ ખોલતાં શીખીએ છીએ. આપણને જીવવા માટે તૈયાર કરવા માટે મરણની મોટી સમજણ છે."[૧૫]

આવો જ ઈબ્રાહીમ, ઈસ્ત્રાએલના અને ઘણી દેશજાતિઓના પિતાનો અનુભવ હતો. ઘણીવાર તેને તેના વિશ્ર્વાસની ઉંચાઈને જયારે તેણે મોરિયાહ પહાડ પર તેના દીકરા ઈસ્હાકને અર્પણ માટે આપી દીધો તેને આપણે યાદ કરીએ છીએ. પરંતુ આપણે ભૂલી જઈએ છીએ કે કઈ બાબત તેને ત્યાંસુધી લઈ ગઈ.

ઈબ્રાહીમ તેની નબળી સ્થિતિઓમાં હતો. તે પોતાનો જીવ બચાવવા માટે પોતાની પત્ની વિષે જૂઠું બોલ્યો – એકવાર નહીં પણ બે વાર: પહેલી વાર મિસરના ફારૂન આગળ (ઉત્પત્તિ ૧૨: ૧૦–૨૦) અને પછી ફરીથી અબીમેલેખ રાજા આગળ (ઉત્પત્તિ ૨૦: ૧–૧૧) જયારે તે સારાને મિસર લઈ જતો હતો ત્યારે તેણે દલીલ કરીને સમજાવી, "જો હું જ)ણું છું કે તું દેખાવમાં સુંદર સ્ત્રી છે, અને તેથી એમ થશે કે મિસરીઓ તને જોઈને કહેશે કે, 'આ તેની

સ્ત્રી છે,' અને તેઓ મને મારી નાખશે, પણ તને જીવતી રાખશે. તો હુંતેની બહેન છું એમ તું કહેજે, એ માટે કે તારે લીધે મારું ભલું થાય, ને તારાથી મારો જીવ બચે." (ઉત્પત્તિ ૧૨: ૧૧–૧૩)

ફરીથી, જયારે ઈબ્રાહીમ પોતાની પત્નીને નેગેબ લઈ ગયો, તેણે એ જ કારણ બતાવ્યું. " ખચીત આ ઠેકાણે દેવનું ભય નથી ને મારી સ્ત્રીને લીધે તેઓ મને મારી નાખશે. " (ઉત્પત્તિ ૨૦: ૧૧) તે ઠેકાણે દેવનું ભય નહોતું, પણ ઈબ્રાહીમ માટે કહીએ તો એના હૃદયમાં માણસોનો ભય ચોકકસ હતો. તેને ફારૂનનો ભય હતો, તે અબીમેલેખ રાજાથી બીધો. તેને ડર હતો કે તેઓ કદાચ તેને તેની સુંદર પત્નીને કારણે મારી નાંખશે. તેનું જીવન તેની પત્ની કરતાં વધારે કિંમતી હતું.

પછી, ઈબ્રાહીમને તેના નામ સાથે પ્રશ્ન હતો. પ્રથમ તો તે તેનું નામ જે ઈબ્રામ હતું જેનો અર્થ સન્માનનીય પિતા હતો. પરંતુ તેને કેટલાં બાળકો હતાં? એકપણ નહીં. જો નામ તેને માટે પ્રશ્ન હતો તો ઈશ્વરે તે નામને વધુ ખરાબ બનાવ્યું અને બદલીને ઈબ્રાહીમ જેનો અર્થ સમુદાયનો પિતા હતો. કેટલાં પૌત્ર – પૌત્રીઓ તેને હતાં? એક પણ નહીં, કેટલી મૂંઝવણ તેના માટે થઈ હશે?

તે તેના નામ પ્રમાણે જીવી રહયો નહોતો. ઈશ્વરે તેને વચન આપ્યું હતું કે તે ઘણી દેશજાતિઓનો પિતા બનશે. તેણે ઈશ્વરને મદદ કરવાનું નકકી કર્યુ. સારાહના કહેવાથી, તે તેની મિસરી દાસી હાગાર સાથે સૂઈ ગયો. તેના પરિણામે ઈશ્માએલ જન્મ્યો. તે ઘણાં વંશજો (આરબ લોકો) નો પિતા બન્યો. જે ઈબ્રાહીમના બીજા વંશજો (યહૂદી લોકો) ના વેરમાં જીવ્યા અને આજ સુધી પણ. ખોટી પસંદગી, ખોટો નિર્ણય અને તેની અસરો આજે હજારો વર્ષો પછી પણ અનુભવાય છે.

ઈબ્રાહીમની પ્રથમ નબળી સ્થિતિમાં, તેને તેના જીવન વિષે બીક લાગી, બીજી નબળી સ્થિતિમાં તે તેના નામને લીધે બીધો. પહેલામાં તેણે પોતાનો જીવ બચાવવાનો પ્રયત્ન કર્યો. આ બે બાબતોને, બીજી કોઈપણ બાબતો કરતાં આપણે આપણી જાત માટે વધારે સખત રીતે પકડી રાખીએ છીએ, આપણું જીવન અને આપણું અભિમાન.

ઈબ્રાહીમે જતું કરવાનું શીખવાનું હતું. ઈશ્વર તેને તેનું સૌથી વહાલું આપી દેવા માટે બોલાવવાના હતા, કદાચ તેના પોતાના જીવન કરતાં પણ વહાલું એવું એટલે તેનો દીકરો ઈસ્હાક. જયારે ઈશ્વરે ઈબ્રાહીમ સાથે વાત કરી ત્યારે આપણને કોઈ સંશયમાં રાખવામાં આવ્યા નથી કે ઈસ્હાક, ઈબ્રાહીમ માટે વહાલી વ્યકિત હતો. ઈશ્વરે ઈસ્હાક વિષે કહયું, તારો દીકરો, એકનો એક દીકરો, ઈસ્હાક કે જેના પર તું પ્રીતિ કરે છે. (ઉત્પત્તિ ૨૨:૨) ઈશ્વર જાણતા હતા કે ઈબ્રાહીમ માટે ઈસ્હાક કેટલો બધો હતો.

ઈસ્હાક તેનો દીકરો હતો, તેનું માંસ અને લોહી, તેના હાડકાંમાંનું હાડકું અને તેના માંસમાંનુ માંસ, તેનો ખાસ પોતાનો. ઈસ્હાક તેનો એકનો એક પુત્ર હતો, બીજું કોઈ નહોતું. ઈબ્રાહીમને એક જ દીકરો હતો, કિમંતી અને બહૂ મૂલ્યવાન. ઈસ્હાક તેનો વહાલો દીકરો હતો. તેના વૃધ્ધાવસ્થાનો દિકરો હતો. તેની લાંબા સમયથી રાહ જોવાતી હતી, આતુરતાથી આવકારાયેલો અને ઈબ્રાહીમના પ્રેમની સૌથી મહાન વસ્તુ હતી.

આ એ દીકરો હતો કે ઈશ્વરને જે જોઈતો હતો. "તેને લઈને મોરિયા દેશમાં ચાલ્યો જા, અને ત્યાં જે પર્વતો હું તને બતાવું તેઓમાંના એક પર તું તેનું દહનિયાર્પણ કર." (ઉત્પત્તિ ૨૨:૨)

ઈબ્રાહીમ અનુકૂળ સંજોગોથી બહારની તેની મુસાફરી શરૂ કરવાની તૈયારીમાં હતો. ઈશ્વરની તેને આપેલી સૂચનાઓ નોંધપાત્ર છે. પ્રથમ તેમણે ઈબ્રાહીમને બધું કહી દીધું નહીં. તેમણે બલિદાનની ચોકકસ જગ્યા બતાવી નહીં, તે મોરિયા દેશમાં હતી. "ત્યાં જે પર્વતો હું તને બતાવું તેઓમાંનો એક"

બીજું, ઈશ્વરની સૂચના તરત અમલમાં મૂકવા માટેની નહોતી. ઈબ્રાહીમ તેના દીકરાનું બલિદાન આપે તે પહેલાં અમૂક સમય હતો. તેણે પહેલાં તો મોરિયા જવા માટે નીકળવાનું હતું. મુસાફરી દરમિયાન તેની પાસે વિચારવાનો, ધ્યાનથી વિચારવાનો અને ઈશ્વરે તેને કહયું તે પ્રમાણે કરવું કે નહીં તે નકકી કરવાનો સમય હતો. જો તે ઈચ્છતો હોય તો તે પોતાનું મન બદલી શકે. ઈશ્વરે તેને સમય આપ્યો હતો. ઈશ્વરે તેને બધું કહી દીધું નહોતું અને તરત જ પગલાં ભરવાનું કહયું નહોતું. ઈબ્રાહીમે જે કરવાનું હતું તે તો પ્રથમ પગલું ભરવાનું– મોરિયા દેશમાં જવાનું– બાકીનું પછી થવાનું હતું.

## અર્થવિહીન અથવા સારી બુધ્ધિવાળું

આ આજ્ઞા વખતે આપણે ઈબ્રાહીમના હૃદય અને મનમાં ઉપસ્થિત થયેલી કઠિન પરિસ્થિતિ સમજી શકીએ છીએ. માનવીય દ્રષ્ટિકોણથી આ આજ્ઞા સંપૂણતઃ સ્વીકારવા યોગ્ય નહોતી. પ્રથમ, તે સામાન્ય બુધ્ધિથી વિરૂધ્ધની હતી. ઈશ્વરે ઈબ્રાહીમને વચન આપ્યું હતું કે તે ઘણી દેશજાતિઓનો પિતા બનશે. તે પોતાનો એકનો એક દીકરો ગુમાવે તો તે કેવી રીતે ઘણી દેશજાતિઓનો પિતા બની શકે? ઈસ્હાક તેની એક માત્ર વંશજો માટેની આશા હતી. જાણે કે તે આજ્ઞામાં કોઈ તથ્ય ન હતું.

બીજું, તે માનવી લાગણીથી વિરૂધ્ધ હતું. કેવી રીતે એક પિતા તેના પોતાના દીકરાને મારી શકે? – ખાસ કરીને જેને તે ખૂબ જ અને ઉંડાણથી પ્રેમ કરતો હતો? જો દીકરો અકસ્માતમાં મરી જાય અથવા માંદગીને કારણે મૃત્યુ પામે તે પણ દુઃખદ હોય જ. પોતાના દીકરાને મારી નાખવો? આ આજ્ઞા જાણે કે દરેક માનવીય લાગણીનું ઉલ્લંઘન કરે છે.

ઈશ્વરની આજ્ઞા ઘણીવાર આપણે કેવું વિચારીએ (માનવીય તર્ક) છીએ અને કેવું અનુભવીએ (માનવીય લાગણીઓ)ની વિરૂધ્ધમાં જાય છે. આ બે મુદ્દાઓને લીધે, ઈશ્વરે ઈબ્રાહીમને તેના દીકરાના બલિદાન આપવાની આપેલી આજ્ઞા સંપૂર્ણપણે અસ્વીકાર્ય હતી. બીજી બાજુ, આપણે જયારે તેના વિષે વિચારીએ છીએ, ત્યારે એ આજ્ઞા અસ્વીકાર્ય નહોતી, સાચું જોતા, તે સંપૂર્ણપણે સ્વીકાર્ય હતી. પ્રથમ, ઈશ્વરે ઈબ્રાહીમને તેનો દીકરો આપ્યો, તેથી ઈશ્વરને તે દીકરો ઈબ્રાહીમ પાસેથી માંગવાનો બધો જ અધિકાર હતો. અયૂબે જેમ તેના ઉત્તમ વિધાનમાં કહયું કેઃ "યહોવાએ આપ્યું અને યહોવાએ લઈ લીધું છે, યહોવાના નામને ધન્ય હો." (અયૂબ ૧:૨૧)

મને એ સમય યાદ છે કે જયારે મારો મિત્ર થોડા મહિનાઓ માટે પરદેશ ગયો હતો ત્યારે તેણે મને તેની કાર ઉછીની આપી હતી. જયારે તે પાછો આવ્યો, ત્યારે તેણે મને ફોન કરીને કહયુંકે તે આવે છે અને તે કાર લઈ જશે. હું ના પાડી શકયો નહીં. તે તેની કાર હતી, મારી નહોતી. જો ઈશ્વરે ઈબ્રાહીમને ઈસ્હાક આપ્યો હતો, તો તે ઈશ્વર માટે સંપૂર્ણપણે યોગ્ય હતું કે ઈશ્વર ઈસ્હાકને પોતાની પાસે પાછો બોલાવવા માંગે.

બીજું, ઈશ્વરે ઈબ્રાહીમને તેનો દીકરો ચમત્કારિક જન્મ દ્વારા આપ્યો હતો. તેની પત્ની સારાહ બાળકના જન્મ આપવાની ઉંમર વટાવી ચૂકી હતી. બંને ઈબ્રાહીમ અને સારાહે બાળક થવાની આશા છોડી દીધી હતી. ઈશ્વરે સ્ત્રી રોગશાસ્ત્ર પ્રમાણેનો ચમત્કાર ઈસ્હાકના હકમાં કર્યો.

જો ઈશ્વર વાંઝણી કૂખને જીવન આપી શકયા હોય કે જે મરેલા જેવી જ હતી તો ચોકકસપણે તે ઈસ્હાકને તેના બલિદાન પછી વેદી પર મૃત છોડી દીધો હોય ત્યારે જીવન આપી શકયા હોત. વાસ્તવમાં હેબ્રી ૧૧:૧૯ આપણને કહે છે, કેમકે મૂએલાંઓને પણ ઉઠાડવાને દેવ સમર્થ છે એમ ઈબ્રાહીમ માનતો હતો. જો ઈશ્વર ઈસ્હાકને પ્રથમવાર (તેના જન્મ્યા પહેલા) જીવન આપી શકયા હોય તો શા માટે બીજી વાર (તેના મરી ગયા પછી) નહીં? જો ઈશ્વર જન્મનો ચમત્કાર કરી શકયા હોય? તો શા માટે પુનરૂત્થાનનો ચમત્કાર ન કરી શકે?

જયારે આપણે તે વિષે વિચારીએ છીએ, ઈબ્રાહીમને તેના દીકરાનું બલિદાન આપવાની આજ્ઞા અયોગ્ય (માનવી તર્ક અને માનવી લાગણીનું ઉલ્લંઘન કરતી) અને યોગ્ય (ઈશ્વરની માલિકી અને ઈશ્વરની શકિત પ્રમાણે) બંને હતી. આવો વિરોધાભાસ ઈશ્વરની માણસને અપાતી પ્રત્યેક આજ્ઞા માટે સાચો છે. માનવીય દ્રષ્ટિકોણથી જોતાં આ આજ્ઞા બિનતાર્કિક, વિસંગત, અયોગ્ય બની શકે. ઈશ્વરના દ્રષ્ટિકોણથી જોતાં બધું જ અર્થસભર છે.

ઈબ્રાહીમને તેના દીકરાનું બલિદાન આપવાની અપાયેલી આજ્ઞા અર્થહીન હતી અને છતાં તે સંપૂર્ણપણે અર્થસભર હતી. તેમ છતાં આપણે જોઈએ છીએ કે, ઈબ્રાહીમે તે બાબતનું કાળજીપૂર્વક

મનન કર્યુ કે જે તેના માટે દુઃખ અને માનસિક યાતના વગર બીજું કાંઈ નહોતું. પરંતુ ઈશ્વરની આજ્ઞા પ્રત્યેના તેના પ્રતિભાવને જુઓઃ ઈબ્રાહીમ મોટી સવારે ઉઠયો, ને ગધેડા પર જીન બાંધ્યું . . . ને દેવે તેને જે જગા દેખાડી હતી ત્યાં ગયો (ઉત્પત્તિ ૨૨ઃ૩) તેનું આજ્ઞાકિંતપણું તરતનું અને પ્રશ્નો પૂછયા વગરનું હતું.

તે વહેલી સવારે ઉઠયો - જરાપણ ઢીલાશ નહિ - સમય બરબાદ કર્યો નહીં. તેણે બધી જ જરૂરી તૈયારીઓ કરી (અગ્નિ માટે લાકડાં, ચાકરો, ગધેડું) - તે પૂરી રીતે તૈયાર હતો. તે નીકળયો - તેણે નિર્ણય કર્યો હતો. તેણે ત્યાં"તેના વિષે પ્રાર્થના કરવા"ની રાહ જોઈ નહીં. ઈબ્રાહીમનું દુઃખ બે બાબતોને લીધે હતું કે જેની નોંધ કરવાનું આપણે ચૂકી જઈએ છીએ. પ્રથમ, મુસાફરી થોડાક દિવસો ચાલી. તે તેની નકકી કરેલી જગાએ ત્રીજા દિવસે પહોંચ્યો. (ક. ૪) ઈબ્રાહીમ પાસે ઈશ્વરની આજ્ઞા વિષે વિચાર કરવા, બધાં જ "જો - તો" પ્રશ્નો પૂછવા, તેણે શું કરવાનું હતું તે વિષે મનમાં ફરીથી અને ફરીથી યાદી બનાવવી અને જીવવા માનસિક યાતનામાં જીવવા માટે ત્રણ દિવસ હતા.

તેણે મોડું હોવાને લીધે માનસિક યાતના અનુભવી. જયારે આપણે તો, કંઈક મુશ્કેલ અને દુઃખદ કરવાનું હોય છે ત્યારે આપણે ઉલટાનું તે કરીને પૂરૂં કરી દઈએ છીએ. રાહ જોવી, તેના વિષે ધારણા કરવી અને તેના વિષે આપણા મનમાં વારંવાર દુઃખી થઈને પીડાવા જેવું છે.

બીજું, ઈબ્રાહીમે કોઈને કશું કહયું નહીં કે તે શું કરવાનો છે. ઈસ્હાક પણ મૂંઝવણમાં હતો, તેણે પૂછયું, "જો અગ્નિ તથા લાકડાંતો છે પણ દહનાર્પણને સારૂ ઘેટું કયાંછે?" (ક. ૭) જયારે આપણે દુઃખ

કોઈની સાથે વહેંચી નથી શકતા ત્યારે તે કેટલાય ગણું થઈ જાય છે. ગોર્ડન મેકડોનાલ્ડ તેને આ પ્રમાણે કહે છે, "છૂપી રીતે સહેવાનું દુઃખ."[૧૬] આપણે છૂપાઈને સહન કરીએ છીએ અને એકલા દુઃખ ભોગવીએ છીએ.

ઈબ્રાહીમ આ બધાંમાંથી પસાર થયો હતો – એકલો, લાંબા દિવસો અને રાત્રીમાંથી પોતાની જાતે જ એકલો જ. આ બધાને અંતે તે કેવો હતો? તેણે ચાકરને કહેલા શબ્દોમાંથી આપણને તેના વલણ અંગે અણસાર મળે છે. "તમે અહીં ગધેડા પાસે રહો, ને હું તથા છોકરો પણે જઈએ, અને ભજન કરીને તમારી પાસે પાછા આવીશું." (ક. ૫)

આપણે તેનો વિશ્વાસ તે વિધાનમાં જોઈએ છીએ. તેણે એમ કહયું નહીં કે, " અમે ભજન કરીશું(એટલે દહનાર્પણ ચઢાવીશું) અને હું તમારી પાસે પાછો આવીશ." ઈબ્રાહીમને સંપૂર્ણપણે ઈસ્હાક તેની સાથે પાછો આવશે તેવી ખાતરી હતી. આપણે જયારે ઈબ્રાહીમના વિશ્વાસથી આશ્ચર્ય પામીએ છીએ ત્યારે આપણે ઈસ્હાકના વિશ્વાસને પણ ભૂલવો જોઈએ નહીં. જેમ તેના પિતાએ ઈશ્વર પર વિશ્વાસ રાખ્યો તેમ તેણે પોતાના પિતા પર વિશ્વાસ રાખ્યો. જયારે તેના પિતાએ તેને બાંધ્યો અને વેદી પર મૂકયો ત્યારે તેણે કોઈ વિરોધ કર્યો નહીં.

**NIV** (ક. ૫, ૧૨) ભાષાંતરમાં વપરાયેલો શબ્દ 'છોકરો' નો અર્થ નવજાત શિશુથી અઢાર વર્ષની ઉંમરનાં જુવાન માણસ થાય. તે કદાચ કિશોરાવસ્થા પહેલાંનો અથવા કિશોરાવસ્થામાં હશે. તે ખચકાઈ શકયો હોત, તેણે ના પાડી શકી હોત. તે કદાચ એટલો મોટો હશે કે તે ઉભો થઈને ભાગી જઈ શકયો હોત. પરંતુ તેણે તેમ

કર્યું નહીં, તેને તેના પિતામાં પૂરેપૂરો ભરોસો હતો એવો જે કે જેવો તેના પિતાએ ઈશ્વરમાં પૂરેપૂરો ભરોસો મૂકયો હતો.

## સત્ર પૂરૂં કરવું

ઈબ્રાહીમના વિશ્વાસે તેને એક એક પગલાં ભરીને આખરી કસોટી સુધી પહોંચાડયો. તેણે પોતાનું ઘર છોડયું હતું. તે મોરિયાહ જવા નીકળયો હતો. તેણે વેદી બનાવી હતી. તેણે તેની ઉપર લાકડા ગોઠવ્યાં હતાં. તેણે તેના દીકરાને બાંધીને વેદી પર સુવાડયો હતો. પ્રક્રિયાનાં દરેક સમયે, ઈશ્વરે કહયું હશે, "બસ, ઈબ્રાહીમ, બસ. હું તારો વિશ્વાસ અને આજ્ઞાંકિતપણું જોઉં છું."

પરંતુ ઈશ્વરે ઈબ્રાહીમને છેક કિનારા સુધી જવા દીધો. તે તો તે ઘડી હતી જયારે તેણે પોતાના હાથમાં છરો લઈને પોતાના દીકરા તરફ ઉગામ્યો, ત્યારે યહોવાનો દૂત વચ્ચે આવે છે. "ઈબ્રાહીમ! ઈબ્રાહીમ!" "હું આ રહયો." ઈબ્રાહીમે ઉત્તર આપ્યો. યહોવાના દૂતે કહયું, "તું તારો હાથ છોકરા પર ન નાખ, ને તેને કંઈ ન કર, કેમકે તેં તારા દીકરાને, તારા એકના એક દીકરાને, મારાથી પાછો રાખ્યો નથી તેથી હું જાણું છું કે તું દેવથી બીહે છે." (ક. ૧૨)

ઈબ્રાહીમે હવામાં અધવચ્ચે પોતાનો હાથ થંભાવી દીધો. તેણે જાણ્યું કે તેનો વિશ્વાસ વ્યર્થ નથી ગયો. વિશ્વાસની પ્રક્રિયા પૂરી થઈ હતી. યાકૂબ આપણને જણાવે છે કે તમારા વિશ્વાસની પરીક્ષામાં પાર ઉતર્યાથી ધીરજ ઉત્પન્ન થાય છે. તમે પરિપકવ તથા સંપૂર્ણ થાઓ, અને કશામાં અપૂર્ણ રહો નહિ, માટે ધીરજને પોતાનું કામ પૂરેપૂરું કરવા દો. (યાકૂબ ૧ઃ ૨–૪)

કદાચ, યાકુબ ગર્ભાવસ્થા અને જન્મ વિષે વિચારતો હતો. આ બે સમયો વચ્ચેનો ગાળો કે જયારે ભ્રૂણ એ નવજાત શિશુ કે જે ગર્ભાશયમાંથી બહાર આવવાને તૈયાર થાય ત્યાં સુધી વૃધ્ધિ પામે છે. બાળક આખું સત્ર પૂરૂં કરે છે અને પછી આ દુનિયામાં જન્મે છે. આજ રીતે, દરેક જણ કે જે ઈશ્વરથી પરીક્ષા પામે છે તેઓએ આખું સત્ર પૂરૂં કરવું જ પડે જેથી તે પરિપકવ તરીકે બહાર આવે અને સંપૂર્ણ થાય. ઈબ્રાહીમ આખા સત્રમાંથી પસાર થયો. તેણે પોતાના એકનાએક દીકરાના હૃદયમાં છરો ભોંકી દીધો હોત તે પળ સુધી.

દુર્ભાગ્યવશ, આપણામાંના ઘણા આપણા વિશ્વાસનું સત્ર પૂરૂં કરવામાં નિષ્ફળ જાય છે. જયારે આપણી પરીક્ષા થાય છે ત્યારે આપણે છોડી દઈએ છીએ. આપણે આપણા વિશ્વાસને તેના ગર્ભસ્થાનમાંજ રૂંધી નાખીએ છીએ. પૂર્ણ સત્ર પસાર થયેલા વિશ્વાસને જન્મ આપવાને બદલે આપણે અધૂરા સત્રના વિશ્વાસને તેના શરૂઆતના સમયોમાં મારી નાંખીએ છીએ. યાકુબ આપણને કહે છે કે ઈબ્રાહીમની કરણીઓ સાથે વિશ્વાસ હતો અને કરણીઓથી વિશ્વાસને સંપૂર્ણ કરવામાં આવ્યો. (યાકુબ ૨: ૨૦–૨૨) તેનો વિશ્વાસ તેના કાર્યોથી સંપૂર્ણ કરવામાં આવ્યો. તે તેના વિશ્વાસને અંત સુધી લઈ ગયો. સત્ર પૂર્ણ કરવા સુધી લઈ ગયો.

દુકાળગ્રસ્ત એક ગામની વાત જાણીતી છે. નદી સુકાઈ ગઈ હતી અને કૂવાઓમાં પાણી નહોતું. એક રવિવારે સવારે મંડળીના પાળકે જાહેર કર્યું કે તે દિવસે સાંજે વરસાદ માટે પ્રાર્થના કરવા પ્રાર્થના સભા થશે. જયારે સાંજ પડી, ગામ લોકોથી આખું દેવળ ભરાઈ ગયું હતું. પાળક સાહેબ સભાની શરૂઆત કરતા હતા ત્યાંજ એક નાની છોકરી દોડતી દોડતી આવી અને અચકાતાં, અચકાતાં બોલી, "મને માફ કરશો હું થોડી મોડી પડી છું, હું મારી છત્રી

લાવવાની ભૂલી ગઈ હતી તેથી તે લેવા ઘેર પાછી ગઈ હતી." છોકરીની કબૂલાતથી પ્રભાવિત થઈને પાળકે મંડળીને પૂછયું બીજું કોણ છત્રી લઈને આવ્યું છે? બીજું કોઈ લાવ્યું નહોતું. તેમણે કહયું, "આપણામાંના બધાંને વરસાદ માટે પ્રાર્થના કરવાનો વિશ્વાસ છે, માત્ર આ નાની છોકરીને ભરોસો છે કે વરસાદ આવશે."

કેટલી સાચી વાતઃ ઘણા ઈશ્વરમાં માને છે, પણ થોડાને ઈશ્વરમાં ભરોસો છે. ઈબ્રાહીમે ઈશ્વર પર ભરોસો રાખ્યો, તેણે પહેલાં તેના દીકરાને કહયું હતું, "દહનાર્પણને વાસ્તે દેવ પોતને સારૂ ઘેટું મેળવશે." (ક. ૮) સાચે જ, ઈશ્વરે પૂરૂં પાડયું. અને ઈબ્રાહીમે આંખો ઉચી કરીને જોયું, ને જુઓ પછવાડે એક ઘેટો ઝાડીમાં શિંગડાએ ભરાયેલો હતો, અને ઈબ્રાહીમ જઈને તે ઘેટાંને લાવ્યો, ને પોતાના દીકરાને બદલે તેનું દહર્નાપણ કર્યુ. (ક. ૧૩)

જે સમયથી ઈબ્રાહીમ પોતાના ઘરેથી મુસાફરીએ નીકળ્યો, તે સમયથી ઈશ્વર પણ પોતાની યોજનાઓ અમલમાં લાવે છે. ઈશ્વર ફાજલ બેઠા નહોતા. જેમ ઈબ્રાહીમ પોતાના દીકરાને દહર્નાપણ માટે તૈયાર કરી રહયો હતો, ઈશ્વર ઘેટાંને તૈયાર કરી રહયો હતો. યોગ્ય સમયે, યોગ્ય જગ્યાએ ઘેટો ત્યાં હતો, જે ઈસ્હાકને બદલે અર્પણ કરવાને માટે તૈયાર હતો. જયારે આપણે આજ્ઞાંકિત થઈને કાર્ય કરીએ છીએ, ત્યારે ઈશ્વર પણ આપણી આજ્ઞાધીનતાના જવાબમાં કાર્ય કરે છે. જેમ આપણે કરણીઓથી વિશ્વાસ રાખીએ છીએ તેમ તે યોગ્ય રીતે પૂરૂં પાડે છે.

તેથી ઈબ્રાહીમે તે જગાનું નામ યહોવાહ યિરેહ અથવા શાબ્દિક રીતે "યહોવાહ જુએ છે" કે જેનો અર્થ "યહોવાહ તેના પ્રત્યે જોશે" અથવા "યહોવાહ પૂરૂં પાડશે." દરેક બાબત જે ઈબ્રાહીમે તેનું ઘર છોડયા બાદ કરી તે ઈશ્વરે જોઈ હતી અને તેની નોંધ લીધી

હતી. ઈબ્રાહીમના વિશ્વાસની દ્રશ્ય સાબિતીઓ અને તેના હૃદય માં છુપાયેલું દર્દ એ બધું ઈશ્વરે જોયું.

જોકે ઈબ્રાહીમે કોઈને કહયું નહોતું તેમ છતાં ઈશ્વર જાણતા હતા. તેણે પોતાનું દુઃખ પોતાની પાસે જ રાખ્યું હતું તેમ છતાં ઈશ્વરે તે જોયું હતું. યહોવાહની નજરમાંથી કશું ચૂકી ગયું નહોતું. યહોવાહ યિરેહ – ઈશ્વર જુએ છે, તે જોવા પૂરતું જોતો નથી, તે કાળજી રાખે છે. મારી સેવાના વર્ષોમાં, મને કાર્યકુશળ અને આધીન એવા સાથી કાર્યકરોનો આશીર્વાદ મળ્યો હતો. જયારે હું કશુંક તેમને સોંપુ, ત્યારે હું જાણું છું કે તે સારા હાથોમાં છે. જયારે તેઓમાંના એક કહે છે, "હું તે જોઈ લઈશ," હું જાણું છું કે તે બાબત લગભગ પતી ગઈ છે. ઈબ્રાહીમને તે પ્રકારનો વિશ્વાસ તેના ઈશ્વરમાં હતો. કોઈપણ જાતના સંશય વગર તે તેના દીકરાને અર્પણ વિષે જવાબ આપી શકયો, "દેવ પોતાને વાસ્તે મેળવશે."

જેમ જેમ આપણે ઈબ્રાહીમના વિશ્વાસનું વૃત્તાંત વાંચીએ છીએ તેમ તેમ, આપણે ઈબ્રાહીમ અને યહોવાહ ધ્વારા ભજવાયેલા અલગ ભાગથી પ્રભાવિત થઈએ છીએ. દરેકે પોતાની તૈયારીઓ કરી, ઈબ્રાહીમે ગધેડું, લાકડાં, અગ્નિ તૈયાર કર્યા. તેણે મુસાફરી શરૂ કરી. જયારે તે નકકી કરેલી જગાએ આવી પહોંચ્યો, તેણે પથ્થર ભેગા કર્યા અને વેદી બાંધી. જયારે બધું જ તૈયાર હતું ત્યારે ઈશ્વરે બલિદાનને માટે ઘેટું પૂરૂં પાડયું. બીજા શબ્દોમાં, ઈબ્રાહીમે વેદી અને ઘટના સ્થાન તૈયાર કર્યુ અને ઈશ્વરે જે સૌથી અગત્યનું હતું તે, બલિદાનના અર્પણ માટે પ્રાણી પૂરૂં પાડયું.

વિશ્વાસ હમેંશા સક્રિય છે, નિષ્ક્રિય નથી. ઈશ્વરમાંનો આપણો વિશ્વાસ જાહેર કરવા આપણે જે કંઈ કરી શકીએ તે બધુંજ

જયારે આપણે કરીએ છીએ ત્યારે તે બાકીનું બધું કરે છે. હું વિશ્વાસનો એક દાખલો કદી ભૂલીશ નહી , કે જેનો હું મારી ભારતની મુલાકાતોમાંની એક દરમિયાન સાક્ષી હતો. અમને ઉત્તર પૂર્વ ભારતના દૂરના એક નગરમાં સુવાર્તાની રેલીમાં ગાવા અને બોલવા માટે આમંત્રણ આપ્યું હતું. જયારે અમે આવી પહોંચ્યા, ત્યારે ભારે વરસાદ પડતો હતો. ખરેખર વરસાદ તો થોડા દિવસોથી પડતો હતો. અમારી પાસે રેલી પહેલા ખૂબ થોડા દિવસો હતા કે જેમાં ગામનાં લોકોને જઈને સભામાં આવવા માટે આમંત્રણ આપવાનું હતું. પાળક સાહેબ કે જેઓ અમારા યજમાન હતા ને અમને બધે લઈ ગયા. જેઓને અમે મળ્યા તેઓને તેમણે એમ કહેતાં આમંત્રણ આપ્યું કે, "વરસાદ વિષે ચિંતા કરશો નહીં, તે આ શનિવારે બંધ થઈ જશે કે જયારે આપણી સભા છે, આવજો."

જયારે હું તેમની સાથે એકલો હતો, ત્યારે મેં પૂછયું, "તમે બધાંને કહો છો કે વરસાદ બંધ થઈ જશે. પરંતુ જો તેમ નહીં થાય તો?" તેમણે જવાબ આપ્યો, "આપણે આપણા ભાગે જે કરવાનું છે તે કર્યું છે. ઈશ્વર તેમના ભાગે જે કરવાનું છે તે કરશે." સાચેસાચ વરસાદ બંધ થઈ ગયો. સેંકડો લોકો મીટીંગમાં આવ્યાં. બીજા દિવસે જયારે અમે તે નગરમાંથી રજા લીધી, અને એવી રીતે જ નીકળ્યા જેવી રીતે આવ્યા હતા – વરસતા વરસાદમાં.

"આપણે આપણું કાર્ય કરી લીધું છે. ઈશ્વર તેનું કાર્ય કરશે." ઈબ્રાહીમે વેદી તૈયાર કરી, ઈશ્વરે બલિદાન માટે પૂરૂં પાડયું. જયારે આપણે આપણું કાર્ય કરીએ છીએ ત્યારે ઈશ્વર બાકીનું બધું જોઈ લે છે.

## વિશ્વાસનાં પગલાં

અત્યારે આપણે ઈબ્રાહીમની તેના અનુકૂળ સંજોગો બહારની વિશ્વાસની મુસાફરી વિષે ફરીથી સ્મરણ કરીએ અને સાથે મળીને

વિશ્વાસનાં થોડા પાઠ શીખીએ. પ્રથમ, વિશ્વાસ એ ખૂબ જ અઘરો બને છે જયારે આપણે શું વિચારીએ છીએ અને આપણે કેવું અનુભવીએ છીએ તે વચ્ચે આવે છે ત્યારે. પોતાના દીકરાનું બલિદાન આપવાની આજ્ઞા માનવીય તર્ક અને લાગણીની વિરૂધ્ધ હતી. પરંતુ જયારે આપણે તેને ઈશ્વરના દ્રષ્ટિકોણથી જોઈએ છીએ ત્યારે વિશ્વાસ સાકાર થાય છે અને ત્યારે જ તેઓ અર્થસભર બને છે.

એક દંપતિએ કે જેમણે તેમનું પ્રથમ બાળક મૃત જન્મતાં ગુમાવ્યું, ઘણાં પ્રશ્નો પૂછયાં. તેઓ જાણવા માગતા હતા કે શું ડોકટરો આ કરૂણ બનાવ અટકાવી શકયા હોત? તેઓ જાણવા માગતા હતા કે તેઓ પોતે તેને માટે જવાબદાર હતા કે કેમ? શું પત્નીએ પોતાની તંદુરસ્તી વિષે વધુ કાળજી રાખવી જોઈતી હતી? શા માટે ઈશ્વરે તેમને ભેટ માત્ર પાછી લેવા માટે આપી? વિશ્વાસના માર્ગમાં માનવીય દલીલો અને લાગણીઓ વચ્ચે આવે છે. ગુસ્સો, ગુનાહિત ભાવના અને કડવાશ આપણને દબાવી દઈ શકે છે.

પ્રશ્નો પૂછવા એ ખોટું નથી. પરંતુ આપણે તેમને બીજા દ્રષ્ટિકોણથી પણ પૂછવા જોઈએ. જો આપણે બાળકને ઈશ્વરની ભેટ ગણીએ તો, તેને તે પાછી લેવાનો અધિકાર નથી? જો ઈશ્વર બાળકને પાછું લઈ લે તો તેની પાસે આપણે જાણતા ના હોય તેવા મહાન હેતુઓ નહીં હોય? અંતમાં ઈશ્વરનું કોઈપણ બાબત માટેનું ચિત્ર તે આપણા કરતાં ચડિયાતું હોવું જોઈએ. માત્ર ત્યારે જ શાંતિ મળશે.

બીજું, ઈબ્રાહીમની વિશ્વાસની મુસાફરી મોરિયાહ માટે નીકળવાના તેના પ્રથમ પગલાંથી શરૂ થઈ. ઈશ્વરે ઈસ્હાકનું ત્યાં અને ત્યારે જ બલિદાન આપવાનું કહયું નહોતું. ઈશ્વરે તેને સરળ બાબત કરવાનું પહેલાં કહયું: તારો સામાન તૈયાર કર અને તારા

ઘરમાંથી નીકળ. જો આપણને વિશ્વાસ અને આજ્ઞાધીનતા મુશ્કેલ લાગે છે તો આવા પ્રથમ પગલાંને શોધો ને તેમ કરો. ઈશ્વર આપણને ત્યાંથી આગળ દોરશે.

એક જુવાન માણસ જાણતો હતો કે અશ્લિલ ચિત્રો જોવાં એ તેના માટે સારું નથી. પરંતુ તે ઈન્ટરનેટ પર તેવી વેબસાઈટ જોવી રોકી શકતો નહોતો. મોડી રાતના સમયે તે જોતો અને ઉત્તેજના અને ગુનાહિતના મિશ્ર ભાવ સાથે સમજયો કે તેને તેની આદત પડી ગઈ હતી. એક રવિવારે દેવળમાં પાળક સાહેબે જાતિય પાપ વિષે સંદેશો આપતા ઈન્ટરનેટ પરના અશ્લિલ ચિત્રો સંબંધી નિર્દેષ કર્યો. તે જુવાન માણસને થયું કે મારે કંઈક કરવું જોઈએ, બહાર જતી વખતે જયારે તેણે પાળકસાહેબ સાથે હસ્તધનૂન કર્યું ત્યારે તેણે તેમને તેનું કાર્ડ એક નોંધ લખીને આપ્યું: "આજના તમારા સંદેશા વિષે મારે તમારી સાથે વાત કરવી છે." આ તેનું પ્રથમ પગલું હતું, ઈશ્વરની આધીનતા તરફનું અગત્યનું શરૂઆતનું પગલું.

ત્રીજું, વિશ્વાસ એ સક્રિય છે, નિષ્ક્રિય નથી. તે બેસી રહેતો નથી અને કંઈક બને તેની રાહ જોતો નથી. તે આપણી શકિત મર્યાદાથી થાય તે બધું જ પૂરૂં કરવા માટે કરે છે. તેથી ઈબ્રાહીમે બલિદાન માટે બધું તૈયાર કર્યું. તેણે પોતે જે કરી શકતો હતો તેની જવાબદારી લીધી અને બાકીનું ઈશ્વર મ)ટે છોડી દીધું.

જયારે હું વિદ્યાર્થી હતો ત્યારે હું કદી પરીક્ષાનું મૂલ્ય સમજી શકયો નહોતો. જે હું શીખતો હતો તેમાંથી મોટા ભાગનું પરીક્ષા પૂરી થયા બાદ તરત ભૂલી જતો. વળી મેં જે યાદ કરેલું તેનો તરત ઉપયોગ થતો નહોતો. તો પરીક્ષાનો હેતુ શો હતો? જેમ વરસો પસાર થયા, તેમ મને સમજાતું ગયું. પરીક્ષાનું મહત્તવ આપણે શું

ભણીએ છીએ તેમાં નહીં પરંતુ ભણવાથી આપણને શું થાય છે તેમાં રહેલું છે. પરીક્ષા આપણને શિસ્ત, એકાગ્રતા, સહનશકિત અને બીજા ઘણાં બધાં લક્ષણો કે જે આપણને વર્ગખંડની બહાર જીવન માટે તૈયાર કરે છે તે શીખવે છે. જે જ્ઞાન આપણે મેળવીએ છીએ માત્ર તેમાં જ નહીં પરંતુ વ્યકિત તરીકે આપણે જે બનીએ છીએ તેમાં પરીક્ષાનો સાચો હેતુ સમાયેલો છે.

આવું જ ઈબ્રાહીમ સાથે પણ વિશ્વાસની જે પરીક્ષામાંથી તે પસાર થયો તેમાં થયું. તે ઈસ્હાકના બલિદાન વિષે ખાસ નહોતું, પરંતુ તે ઈબ્રાહીમની આધીનતા વિષે હતું. મોરિયાહ જતાં, ઈશ્વરને ઈસ્હાક નહીં પરંતુ ઈબ્રાહીમ જોઈતો હતો. ઈશ્વરને ઈબ્રાહીમનો ખપ હતો અને ઈશ્વર એવું ઈચ્છતા હતા કે કશું પણ તેની અને ઈબ્રાહીમની વચમાં આવવું ના જોઈએ.

ઈસ્હાક તેનો દીકરો હતો, તેનો એકનો એક દીકરો, તેનો વ્હાલો દીકરો. તે ઈબ્રાહીમ અને ઈશ્વરની વચમાં આવી શકયો હોત. તેવી જ રીતે આપણા માટે પણ. કોઈક બાબત અથવા કોઈ વ્યકિત આપણી અને પ્રભુની વચ્ચે આવી શકે. તેવું જયારે બને છે ત્યારે ઈશ્વર કદાચ આપણને કહે, "હું ઈચ્છું છું કે તું તે બાબત (અથવા વ્યકિત) ને લે અને (અથવા તેને અથવા તેણીને) બલિદાન તરીકે અર્પણ કર. ત્યારે તારૂં હૃદય  સાચે જ મારું થવા માટે સંપૂર્ણ મુકત બનશે."

ત્યારબાદ ઈબ્રાહીમની જેમ, આપણે તે મુસાફરી મોરિયાહ સુધીની કરવી જ જોઈએ, વેદી બાંધીને ઈશ્વર જે માંગે છે તે મૂકીને – તેને સદાને માટે ગુમાવવા માટે તૈયાર રહેવું જોઈએ. તે એક મુસાફરી છે કે જે આપણને આપણા અનુકૂળ સંજોગોની બહાર અને

પર લઈ જાય છે. શું આપણે તે પ્રથમ પગલું ભરવા તૈયાર છીએ? શું આપણને ભરોસો છે કે ઈશ્વર બધી રીતે આખા રસ્તે જાય છે? જો તેમ છે, તો આપણે ઈશ્વર, જે યહોવાહ યિરેહ, ઈશ્વર કે જે જુએ છે અને પૂરૂં પાડે છે તેનો અનુભવ કરીશું.

કોલેજના વિદ્યાર્થી તરીકે, જીમ ઈલિયટે પોતાની રોજનીશીમાં લખ્યું, "તે એવો તો મૂર્ખ નથી કે પોતે જે રાખી શકતો નથી તે તે આપે છે અને જે ગુમાવી શકતો નથી તે તે મેળવે છે." સાત વર્ષ પછી, તેણે પોતાનું જીવન ઈકવેડોરના જંગલોમાં આપી દીધું, જે લોકોને સુવાર્તા પહોંચાડવા તેઓ ગયા હતા તેમના દ્વારા મારી નંખાયા હતા. થોડા વર્ષો અગાઉ તેમણે લખ્યું હતું, "ખ્રિસ્તના હાથ જેમ ખુલ્લા હતા તેવા મારા હાથ કાલવરીના ખીલા સ્વીકારવા ખુલ્લા કરો – કે જેથી હું બધું છોડી દઉ, કદાપિ જે કંઈ અત્યારે મને બંધનમાં રાખે છે તેથી મુકત થાઉ."[૧૭] જીમે પોતાનું જીવન ઈશ્વરને અને એકવા લોકોને માટે ખુલ્લું મૂકયું. આજે સંતોનો વિશ્વાસી સમાજ તેના નામને ધન્ય કહે છે. ઈબ્રાહીમે પોતાના દીકરાને ઈશ્વરને માટે ખુલ્લો મૂકયો અને આજે આપણે તેના નામને ઘણી દેશજાતિઓનો પિતા તરીકે માન આપીએ છીએ.

અંતિમ પૃથ્થકરણમાં, આપણે ઈશ્વરને જે આપીએ છીએ તે કદી ગુમાવતા નથી. આપણે ઈશ્વરથી જે દૂર રાખીએ છીએ તે ગુમાવીએ છીએ. આપણે જયારે આપણા હાથો જતું કરવા અને મૃત્યુ થવા દેવા માટે ખુલ્લા કરીએ છીએ ત્યારે આપણે પ્રાપ્ત કરવા અને જીવવા માટે પણ હાથો ખુલ્લા કરીએ છીએ.

# પ્રકરણ – ૪
# મુસાઃ બુઝાતો જતો અંગારો

દોષ જોનાર વ્યકિત કેવળ ભૂતકાળના કડવા પાઠો વાંચે છે એવું જ નથી,
પરંતુ તે એવી વ્યકિત છે કે જે ભવિષ્યમાં કાયમ માટે હતાશ છે.
સીડની જે. હેરિસ.[૧૮]

મુસા ખુલ્લા પગે ખચકાતો ઉભો હતો. તે ભવિષ્યને વાગોળતો બે દુનિયા વચ્ચે જકડાયેલો હતો. ચાલીસ વર્ષ પહેલાં તેણે પોતાના લોકોને મદદ કરવાનો પ્રયત્ન કર્યો હતો. પણ તે થયું નહીં. તે પોતાના ઘર મિસરથી મિદ્યાનના અરણ્યમાં નાસી ગયો. ત્યાં તેણે ભરવાડ તરીકેનું કામ અને કુટુંબ વૃધ્ધિ માટે પત્ની પ્રાપ્ત કર્યા. જયારે તેમને ત્યાં પુત્ર જન્મ્યો, તેણે તેને ગેર્શોમ કહયો, જેનો અર્થ થાય છે પ્રવાસી (નિર્ગમન ૨ : ૨૨). તે વિચિત્ર નામ હતું. દરેક વખતે જયારે તે તેના પુત્રને બોલાવતો અથવા તેનું નામ બોલાતું સાંભળતો ત્યારે તે મુસાને યાદ કરાવતું હતું કે તે પરદેશમાં પ્રવાસી છે. મિદ્યાન તેનું ઘર નહોતું. તેનું ઘર બીજે કયાંક હતું.

મુસા પોતાના ઘરથી દૂર એક પરદેશી, પોતાના સાનુકૂળ વિસ્તારમાંથી બહાર એવી એક વ્યકિત હતો. શું તે એવી આશા રાખતો હતો કે એક દિવસ તે મિસરમાં ઘેર પાછો ફરશે? ચાલીસ વર્ષ પસાર થઈ ગયાં પરંતુ ભાગ્યેજ એક એવો દિવસ પસાર થયો હશે કે એના પુત્રના નામે તેને પોતાની પ્રવાસી અવસ્થા યાદ કરાવી ના હોય. જયાં તેણે હોવું જોઈતું હતું તે ત્યાંન હોતો. એક દિવસ, જયારે તેણે ભાગ્યે જ આશા રાખી હતી, ઈશ્વરે તેને દર્શન દીધું અને તેની આ પ્રવાસી સ્થિતિમાંથી છૂટવાની તક આપી. " માટે હવે ચાલ,

મિસરમાંથી મારા લોક ઈસ્ત્રાએલપુત્રોને કાઢી લાવવા માટે હું તને ફારૂન પાસે મોકલું છું" (નિર્ગમન ૩ : ૧૦) ઈશ્વર મુસાને પાછો ઘેર મોકલતા હતા.

પરંતુ મુસાનો જવાબ હતો " હું કોણ કે ફારૂનની પાસે જઈને ઈસ્ત્રાએલપુત્રોને મિસરમાંથી કાઢી લાવું? "(૩ : ૧૧) તે પાછો જવા માગતો નહોતો. વાસ્તવમાં, તે બહાનાંઓની મોટી યાદી સાથે આવ્યો. મુસાને શું થયું હતું? તે જાણતો હતો કે તે મિદ્યાનનો વતની નથી, છતાં, તે મિસરમાં પાછો જવા માંગતો નથી. તે બે જગાઓની વચ્ચે સપડાયેલો હતો. તેણે વરસો પહેલાં કંઈક શરૂઆત કરી હતી – શા માટે તેણે તે પૂરું કરવા પાછા જવું ન જોઈએ?

ચાલીસ વર્ષ પછી, મિસરનો જૂનિયર મુસા અને મિદ્યાનનો સિનિયર મુસા બન્ને બે ભિન્ન વ્યકિત હતા. મુસા ૧૨૦ વર્ષ જીવ્યો. અત્યારના સામાન્ય જીવનકાળ કરતાં ૩૦% વધારે – આપણે જો તેની ઉમરમાં તે મુજબ પ્રમાણસર સુધારો કરીએ તો. મિસરમાં તે ૨૭ વર્ષના જુવાન પુરુષ જેવો હતો, મિદ્યાનમાં તે વૃધ્ધિ પામીને ૫૪ વર્ષના આધેડ પુરૂષ જેવો થયો. (આજના જીવનક્રમ પ્રમાણે ધારીએ તો તે ૮૧ વર્ષ ની વયે મુત્યૃ પામ્યો.) તેના શરૂઆતના વીસકામાં તે જુવાન, બેફીકર અને આદર્શવાદી હતો. તેના પચાસ વર્ષાન્તે તે અનુભવી, કાળજી રાખનાર અને વ્યવહારિક દ્રષ્ટિવાળો હતો.

જુનિયર મુસા ફારૂનની પુત્રીના દીકરા તરીકે ઉછર્યો હતો. તેનો ઉછેર ફારૂનના મહેલની ભવ્યતામાં થયો હતો, તે મિસરની વિદ્વતા અને ડહાપણમાં પ્રશિક્ષિત એવો તે મહાન સંસ્કૃતિના ધનાઢય અને શકિતશાળી લોકો જોડે ખભેખભા મિલાવતો હતો. જો તે

અત્યારે જીવતો હોત તો બેશક તે હાવર્ડ યુનિવર્સિટીનો સ્નાતક હોત, પ્રેસિડેન્ટસ, સ્કોલર તરીકેની પ્રતિષ્ઠા મેળવી હોત અને ઉદ્યોગપતિના પુત્ર જેવી મિલ્કત ધરાવતો હોત.

જુવાનીના સમયમાં મુસા પાસે બધું જ હતુંઃ હોદ્દો, સુખસગવડ, ભણતર, મોભો, સત્તા. પરંતુ શાસ્ત્ર આપણને જણાવે છે કે તેણે ફારૂનની પુત્રીનો પુત્ર ગણાવાની ના પાડી. વિશ્વાસથી મુસાએ મોટો થયા પછી ફારૂનની દીકરીનો પુત્ર ગણાવા ના પાડી, પાપનું ક્ષણિક સુખ ભોગવવા કરતાં દેવના લોકોની સાથે દુઃખ ભોગવવાનું તેણે વિશેષ પસંદ કર્યુ. મિસરમાંના દ્રવ્ય ભંડાર કરતાં ખ્રિસ્તની સાથે નિંદા સહન કરવી એ સંપત્તિ અધિક છે, એમ તેણે માન્યું, કેમકે જે ફળ મળવાનું હતું તે તરફ જ તેણે લક્ષ રાખ્યું. (હેબ્રી ૧૧ : ૨૪–૨૬)

આ કારણથી, તે મહેલનું સુખ છોડીને જયાં પોતાના લોકો રહેતા હતા અને કામ કરતા હતા ત્યાં ગયો. તેણે તેમને સખત મજૂરી કરતાં જોયા. તેઓ ગુલામ હતા. મિસરીઓ ધ્વારા શોષિત મજૂર, ગુલામીમાં દબાયેલા, સૂર્યના તાપમાં અને રણની રેતીમાં સખત મહેનત કરતા હતા. આ બધું ત્યારે જુનિયર મુસાએ જોયું કે જયારે એક મિસરી તેના પોતાના લોકામાંના એક હિબ્રુ ગુલામને મારતો હતો. મુસાએ કાયદો પોતાના હાથમાં લીધો અને મિસરીને મારી નાખ્યો.

તે દિવસે તે ઘેર પાછા ફર્યાની સમજની લાગણી સાથે ઘેર ગયો. આપણે તેને પોતાની રોજનીશીમાં લખતો કલ્પી શકીએ, "આજે મેં કશુંક કર્યુ જે હંમેશ માટે મારૂં ભવિષ્ય નકકી કરશે. મેં મારા લોકો સાથે ઉભા રહેવા પગલું ભર્યુ છે. હું હવેથી કદી ફારૂનની

દીકરીનો પુત્ર નથી. હું એક હિબ્રૂ છું હેબ્રીઓ મારા લોક છે. હું તેમને દુઃખ સહન કરતાં જોઈને કશું ન કરૂં તેમ થવું ન જોઈએ. આજે મેં કંઈક કર્યું. મેં એક મિસરીને મારી નાખ્યો. અને જરૂર હશે તો, હું બીજાને અને પછી બીજાને પણ મારી નાખીશ, જયાં સુધી મારા લોકો સ્વતંત્ર ન થાય ત્યાં સુધી. મારૂં ભાવિ મારા લોકો, હિબ્રૂલોકો, સાથે છે અને જયાં સુધી હું તેમને તેમના બંધનમાંથી છોડાવીશ નહીં ત્યાં સુધી હું જંપીશ નહી."

**સાદગીથી ટીકાત્મક વલણ તરફ**

પછી આપણને બીજો એક બનાવ જણાવવામાં આવે છે. બીજા દિવસે તે બહાર ફરવા નીકળ્યો ને જુઓ, બે હેબ્રીઓ એકબીજા સાથે લડતા હતા, અને તેણે ખોટું કરનારને કહયું, કે તું શા વાસ્તે તારા હેબ્રુ ભાઈને મારે છે? ત્યારે તેણે કહયું કે તને અમારા ઉપર સરદાર તથા ન્યાયાધીશ કોણે ઠરાવ્યો? તેં જેમ પેલા મિસરીને મારી નાખ્યો તેમ મને મારી નાખવાનું ધારે છે શું? (નિર્ગમન ૨: ૧૩–૧૪)

જુનિયર મુસાએ પોતાને પોતાના લોકોને છોડાવનાર નીમ્યો હતો. હવે તેણે તેઓને એકબીજા સાથે અને તેની સાથે સંગઠિત કરવા જોઈએ. તેથી જયારે તેણે બે હેબ્રીઓને અંદરોઅંદર લડતા જોયા. તેણે મધ્યસ્થી કરવાની કોશીષ કરી. " શા માટે તું તારા સાથી હેબ્રીને મારે છે? " તેમ તેણે તેઓને પૂછયું તેણે તેમને આ કરતાં વિશેષ એવું કહેવું જોઈતું હતું કે, "તમે શા માટે અંદરોઅંદર લડો છો? તમારી લડાઈ એકબીજા સામે ન હોવી જોઈએ. ના, પણ તમારી લડાઈ તો મિસરીઓ સામે હોવી જોઈએ. તેઓ જુલ્મી છે. ભાઈઓ, આપણે એક થવું જ જોઈએ. આપણે એકબીજા સાથે સંગઠિત થવું

જોઈએ અને આપણી જાતને મિસરી માલિકના બંધનમાંથી મુકત કરવી જોઈએ."

બેશક, જુનિયર મુસાએ ત્યાં ઉભા રહીને સુંદર વકતવ્ય આપ્યું. પરંતુ તે પ્રતિભાવ માટે તૈયાર ન હતો. " તને અમારા ઉપર સરદાર તથા ન્યાયાધીશ કોણે બનાવ્યો? તેં જેમ પેલા મિસરીને મારી નાખ્યો તેમ મને મારી નાંખવાનું તું ધારે છે શું? " જે માણસ આવું બોલ્યો તે મુસાથી પ્રભાવિત નહોતો થયો. તે જાણતો હતો કે મુસાએ મિસરીને મારી નાંખ્યો હતો, પરંતુ તે હજુ મુસાને તેઓમાંનો એક ગણે છે, આપણામાંનો એક નહીં. તે હજી તેને સરદાર અને ન્યાયાધીશ તરીકે ગણવાને તૈયાર થયો નથી.

પ્રેરિતોના કૃત્યો ૭ : ૨૫ માં ઈસ્ત્રાએલનો ઈતિહાસ ફરીથી નોંધાયો છે, ત્યાં જણાવ્યું છે કે મુસા વિચારતો હતો કે તેના પોતાના લોકો સમજશે કે ઈશ્વર તેને તેમને છોડાવવા માટે ઉપયોગમાં લઈ રહયો છે, પરંતુ તેઓ સમજયા નહીં. મુસાએ જેની આશા રાખી નહોતી તેવું બન્યું. તેણે પોતાના લોકોનો આગેવાન થવાની આશા રાખી હતી, પરંતુ તેઓએ તેને ઉપાધિકારક તરીકે જોયો. તેણે વિચાર્યું હતું કે તે તેમનો છોડાવનાર થશે, પરંતુ તેઓએ તેને ખૂની તરીકે જોયો. અને એ તો તેને માટે બહુ ખરાબ થયું કહેવાય. જયારે ફારૂને જાણ્યું કે તેણે શું કર્યું હતું, મુસાએ પોતાનો જીવ બચાવવા માટે નાસી જવું પડયું એટલે કે જુવાન વયે તેણે પોતાના લોકોના ભલા માટે કંઈક સારૂં કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ તે કસમયનું નીવડયું.

તેના જીવનના આ તબકકે આપણે મુસા માટે શું કહી શકીએ? તેના માટે શું ખોટું થયું હતું? પ્રથમ, તેણે પોતે પોતાની જાતને ઓળખી નહિ. તેણે વિચાર્યું કે બધું જ શિક્ષણ તેણે પ્રાપ્ત કર્યું છે અને

મોભો તેણે મેળવ્યો છે, તેનાથી તે જે નકકી કરે તે તે મેળવી શકશે. પરંતુ તેનું શિક્ષણ અને મોભો ઝુંટવાઈ ગયા હતાં. દેખીતી રીતે જ, તેણે તેની પોતાની જાતમાં વિશ્વાસ મૂકયો, અને તે વિશ્વાસે કશુંપણ સિધ્ધ કર્યુંનહીં.

બીજું, તે લોકોને જાણતો નહોતો. તે લોકો પ્રત્યે ભોળો હતો અને કેવી રીતે તેઓ તેણે દર્શાવેલ ભાવનાનો પ્રતિભાવ આપશે, તે સંદર્ભમાં તેણે લોકોને ઓળખ્યા નહિ. કદાચ, તેણે વિચાર્યું કે સારી ભાવના તેને માટે ટેકો તૈયાર કરશે. જો એમ હોય તો, તે ખોટો હતો. મુસાએ ભોળપણમાં વિચાર્યું કે લોકો ઉત્સાહથી તેની આગેવાનીનો પ્રતિભાવ આપશે, પણ તેઓએ તેમ ન કર્યું.

તે કઠીન પાઠ શીખ્યો. લોકો આપણે જેવી આશા રાખીએ છીએ તેવું હંમેશા કરતા નથી. તેઓ અનુમાન કરી ન શકાય તેવા હોય છે. જયારે આપણે તેમને આપણી સાથે સંગઠનમાં ઈચ્છીએ છીએ ત્યારે તેઓ બિનભરોસાપાત્ર હોય છે. તેઓ આપણી વિરૂધ્ધ થઈ જાય છે. વળી આપણને તેમની જરૂર હોય છે ત્યારે તેઓ આપણને નિરાશ કરે છે. તેઓ આપણા હેતુઓને ખોટી રીતે સમજે છે. તેઓ આપણી પર તહોમત મૂકે છે. મુસા લોકોને મદદ કરવા માગતો હતો પરંતુ તેને જે મળ્યું તે આ –"તને અમારા ઉપર સરદાર તથા ન્યાયાધીશ કોણે ઠરાવ્યો?"

મુસા નિષ્કપટ, સરળ વિચારનો હતો તે જીવનની ઘણી બાબતો સમજતો નહોતો. આપણામાંના ઘણા લોકો આ રીતે ઘણીવાર જીવનની શરૂઆત કરે છે. આપણે બધી બાબતોને સાદા સમીકરણ તરીકે જોઈએ છીએ. જો હું આવું કરીશ તો આવું થશે. આપણે જીવનને શ્વેત અને શ્યામ જોઈએ છીએ. જયારે આપણે

સરળ હોઈએ છીએ ત્યારે આપણે બધું માની લઈએ છીએ. મુસા માટે સાદગી બે બાબત ધરાવે છે. તે પોતાની ક્ષમતામાં માનતો હતો, અને તે માનતો હતો કે લોકો તેની ક્ષમતાનો પ્રતિભાવ આપશે. બન્ને અપેક્ષાઓ ખોટી ઠરી. તેણે વિચાર્યું હતું કે તેના લોકો તેના મોભાને લીધે તેની આગેવાનીની કદર કરશે. તેણે વિચાર્યું હતું કે લોકો તેની ભાવનાને લીધે તેની સાથે થશે અને ઉભા રહેશે. પરંતુ ઉલટું, તેઓ તેની સામા થયા.

તેથી તે અરણ્યમાં નાસી ગયો અને વર્ષો સુધી "શું ખોટું થયું હતું?" એ પ્રશ્નને લીધે માનસિક યાતના વેઠી. મુસા જયારે આધેડ વયનો થયો ત્યારે તે જુદી જ વ્યકિત હતો. ઈશ્વરે મુસાને દર્શન દીધું અને મિસરમાં પોતાના લોકો પાસે પાછા જવાની આજ્ઞા કરી, " તેથી જા, હું તને મિસરમાંથી મારા લોક ઈસ્ત્રાએલપુત્રોને કાઢી લાવવા માટે ફારૂન પાસે મોકલું છું." (નિર્ગમન ૩ : ૧૦)

મુસાનો શો પ્રત્યુતર હતો? તેણે એવું કહયું નહીં કે "ચોકકસ. તે તો છેલ્લા ચાલીસ વરસથી તેમ કરવાની ઈચ્છા રાખતો હતો. માત્ર મને કહો કે કયારે જવાનું છે, ને હું ત્યાં પહોંચી જઈશ." તેના બદલે તેણે ઈશ્વરને જવાબ આપ્યો, " હું કોણ કે ફારૂનની પાસે જઈને ઈસ્ત્રાએલપુત્રોને મિસરમાંથી કાઢી લાવું? " (૩:૧૧)

જયારે કોઈ વ્યકિત કહે છે, "હું કોણ? " ત્યારે તે બેમાંથી એક બાબત દર્શાવે છે. એક, તે ખૂબ નમ્ર છે કે તેને જે માન આપવામાં આવ્યું છે તેથી તે ખૂબ ખુશ છે જેનું શબ્દોમાં વર્ણન કરવુ અઘરું છે. તે ખૂબ આભારી ભાવ સાથે હકારાત્મક પ્રતિભાવ આપે છે. બીજું, તે પોતાના કાર્યની નબળાઈથી અને પોતાની અક્ષમતાથી એટલો બધો દબાયેલો હોય છે કે પૂરેપૂરો નાહિંમત બની જાય છે. તે નકારાત્મક

અને માની ન શકાય તેવી પ્રતિક્રિયા કરે છે. પ્રથમ કિસ્સામાં તે કહે છે "કેવું માન – હું તે કરીશ." બીજામાં તે કહે છે, " તમે મજાક કરો છો – જાઓ, બીજા કોઈને કહો."

મુસા માટે બીજા પ્રકારનો કિસ્સો હતો. તેનું "હું કોણ?" કહેવું એ ટીકાત્મક અવિશ્વાસ દર્શાવે છે, " હું માની શકતો નથી કે તમે મને તે કરવાનું કહો છો. હું બોલી શકતો નથી. હું લોકોને ફરી સમજાવી શકતો નથી. મહેરબાની કરીને બીજા કોઈને શોધી લો." જુનિયર મુસા લોકોને જે રીતે જાણતો હતો તેમ નહી પણ હવે સિનિયર મુસા તરીકે લોકોને તે ખુબ સારી રીતે જાણતો થયો. તેણે વિચાર્યું નહીં કે તેઓ તેનું માનશે. તે ઈશ્વરને પૂછે છે, " તેઓ મારૂં કહેવું ખરૂં નહિ માને, ને મારી વાણી નહિ સાંભળે, કેમકે તેઓ કહેશે કે, યહોવાહે તને દર્શન દીધું નથી." (નિર્ગમન ૪:૧) મુસા લોકો વિશેનો પાઠ શીખ્યો હતો. તે જાણતો હતો કે તેઓ કઠીન હતા. તેઓ બિનભરોસાપાત્ર હતા. મુસા કદી આશા રાખતો નથી કે તેઓ સહેલાઈથી તેને અનુસરે.

## અગ્નિમાં સંદેશ

વરસો વીતતાં મુસાને શું થયું હતું? તે સાદા, સરળ વ્યકિતમાંથી ટીકાકાર તરીકે વૃધ્ધિ પામ્યો હતો, બધું જ સ્વીકારી લેનારમાંથી બધાની શંકા કરનાર. તે પોતાનામાં અને તેના લોકોમાં ભરોસો કરતો હતો. પરંતુ હવે નહીં. તેણે પોતાની જાત પર શંકા કરી. ( "હું કોણ? "). તેને લોકોમાં થોડો વિશ્વાસ હતો ("જો તેઓ મારામાં વિશ્વાસ નહીં કરે અથવા મારૂં નહીં સાંભળે તો શું થશે? ").

જુનિયર મુસાથી સિનિયર મુસા સુધીની તેની મુસાફરી જે તેણે કરી તે આપણામાંથી ઘણાએ પસંદ કરેલી છે – સાદા સરળ

જીવનમાંથી ટીકાકાર જીવન તરફ. જીવનમાંઆવા ઘણાં ઉદાહરણો મળે છે. પ્રિન્સ ચાર્લ્સ અને પ્રિન્સેસ ડાયેના એ પરીકથાનાં બે પ્રેમીઓ પ્રેમમાં પડવાનું સ્વપ્ન પૂર્ણ કર્યું. દબદબાસહિત લગ્ન કરીને ત્યાર પછી સદાનું સુખી જીવન જીવવું. પરંતુ સદાનું સુખી જીવન જીવવું એ ભાગ તેમના જીવનમાં પૂર્ણ થયો નહીં. જયારે તેઓ છૂટા પડયા ત્યારે સરળતાએ ટીકાનો માર્ગ કરી આપ્યો. વૃધ્ધ પરિણિત લોકો જુવાનોને પ્રેમ અને પ્રણયઘટના સંબંધી કહે છે, " જયાં સુધી તમે માણી શકો ત્યાં સુધી લગ્નજીવનનો ભરપૂર આનંદ માણો – તે લાંબું ટકશે નહિ. "

જયોર્જ ઓરર્વાલ તેની નવલકથા ' એનીમલ ફાર્મ ' માં પણ છેલ્લોભાગ એટલે ન્યાયનું રાજય, સમાનતા અને સમૃધ્ધિ બન્યો નહીં. વાર્તાનાં અંતમાં પ્રાણીઓ કે જે તેમના માનવી સમકક્ષ કરતાં સારા નથી. તેઓ સત્તામાં આવે છે ત્યારે તેમના જીવનમાં ન્યાયનું રાજય, સમાનતા, સમૃધ્ધિવાળો છેલ્લો ભાગ બન્યો નહીં. નવલકથા સામ્યવાદી સામ્રાજય પર વ્યંગ કરે છે. પરંતુ તેજ વ્યંગ કોઈપણ સમજ ધરાવનાર રાજકારણ વ્યવસ્થાની સત્યતા બતાવે છે. સારા રાજકારણમાં વૃધ્ધ વ્યકિતઓ જુવાનોને કહે છે, " તમારી પાસે તમારા આદર્શો હોઈ શકે – પરંતુ તમે સત્તા પર આવો તેની રાહ જુઓ..."

શું હંમેશા સાદાઈ ટીકા તરફ જ દોરી જાય છે? શું આપણે સાદગીથી બહાર માત્ર ટીકાને ભેટવા જ વૃધ્ધિ પામવી જોઈએ? ઈશ્વરે મુસાને તેના યુવાન આદર્શવાદમાં નિષ્ફળ થવા દીધો, અને આધેડવયે ટીકાનો ભોગ થવા ઘસડાવા દીધો. ઈશ્વર માટે મુસાની ફરીથી મુલાકાત લેવાનો અને તેને તેના જીવનના કાર્ય માટે બોલાવવાનો સમય પાકી ગયો હતો.

મિસર અને મિદ્યાનની વચ્ચે ઝોલાં ખાતો મુસા પોતાનામાંથી બહાર આવનાર એવો માણસ હતો. તે પોતાના સાનુકૂળ વિસ્તારના કિનારે ઉભો હતો, એક પરદેશી પોતાની જન્મભૂમિથી ઘણે દૂર એવો. સંજોગોના સમય અને જગ્યાના સંદર્ભમાં ચલિત થયેલા એવા મુસા સાથે ઈશ્વર કેવી રીતે વર્ત્યા?

તેનો ઉત્તર નિર્ગમન ૩ : ૧–૨ માં મળે છેઃ હવે મુસા પોતાના સસરાના એટલે મિદ્યાનના યાજક યિથ્રોનાં ઘેટાં સાચવતો હતો, અને તે એ ઘેટાંને અરણ્યની પેલી બાજુએ લઈ ગયો, ને તે દેવના પર્વત હોરેબ આગળ આવ્યો અને યહોવાહના દૂતે ઝાડવા મધ્યે અગ્નિની જવાળામાં તેને દર્શન દીધું અને તે જોતો હતો, તો જુઓ ઝાડવું બળતું હતું, (તેમ છતાં) ઝાડવું ભસ્મ થતું નહોતું.

ઈશ્વર મુસા સાથે ઝાડવા મારફતે બોલ્યા કે જે બળતું હતું પરંતુ ભસ્મ થતું નહોતું. ઈશ્વર મુસા સાથે અગ્નિના માધ્યમથી બોલ્યા. આપણામાંથી જેઓ સંદેશાવ્યવહારના સિધ્ધાંતથી માહિતગાર છે તેઓ જાણતા હશે કે, " માધ્યમ એ સંદેશ છે. " આ સિધ્ધાંત માર્શલ મેક લુહાન ધ્વારા પ્રસિધ્ધ થયો હતો. જેણે દાવો કર્યો હતો કે " માધ્યમ એ છે કે જે માનવીય જોડાણની રચના અને શોધને આકાર આપે છે અને તેનું નિયંત્રણ કરે છે,[૧૯] માધ્યમ કે જે ધ્વારા સંદેશ આવે છે તે ખુદ સંદેશ બને છે, દા.ત. કોઈ વ્યકિત મને ટ્રાકટ આપે અને કહે " તે ઈસુ ખ્રિસ્તના શુભસંદેશ વિશે છે. " હું તે જોઉ અને મને તેના કાગળની ગુણવત્તા ખરાબ લાગે, ડીઝાઈન બિનઆકર્ષક લાગે અને મુદ્રણ વાંચી ન શકાય તેવું લાગે ત્યારે, " શુભસંદેશ બહુ કિંમતી નથી " તેવું તારણ કાઢુંતે પહેલાં મારે ટ્રાકટમાંની વિગત વાંચવાની જરૂર નથી. માધ્યમ જાતે જ સંદેશ બને છે.

ઈશ્વર મુસાને એક સંદેશ આપવા માંગતા હતા અને તેમણે અગ્નિનો માધ્યમ તરીકે ઉપયોગ કર્યો. સંદેશો શું હતો? પ્રથમ, ઈશ્વરે અગ્નિ ધ્વારા વાત કરી. શું ઈશ્વર મુસાને કહી રહયા હતા કે આ સમયે તેના જીવન ધ્વારા તેમને જે જોઈતું હતું તે અગ્નિ છે? મુસાએ વિચાર્યુ કે તે જયારે મિસરમાં હતો ત્યારે તેનામાં આવેશ જુસ્સો હતો. જુસ્સો ફાટી નીકળ્યો હતો ત્યારે તે તેના લોકોને મદદ કરવા બહાર નીકળી આવ્યો હતો. કદાચ તે જે ધરાવતો હતો તે તો પ્રકાશ હતો. તેણે શાળામાં જઈને જ્ઞાન પ્રાપ્ત કર્યુ હતું. અને મહેલમાં અસ્ત્રાની ધાર કાઢતાંશીખ્યો હતો.

પરંતુ પ્રકાશ અને અગ્નિ બે ભિન્ન પદાર્થ છે. પ્રકાશ તે સ્થિર છે, અગ્નિ તે ગતિશીલ છે. પ્રકાશ તે બીજા કોઈક તરફ ધ્યાન ખેંચે છે. અગ્નિ પોતાની તરફ ધ્યાન ખેંચે છે. વર્ગખંડમાં વિદ્યાર્થીઓ છત પરથી પ્રકાશ કયાંથી આવે છે તે વિચાર્યા વગર અભ્યાસ કરે છે. પરંતુ ખંડના એક ખૂણામાં આગ લાગવા દો, દરેક પોતપોતાના પગ પર ઉભા થઈ તેનાથી દૂર (કે તરફ) દોડતા થઈ જશે. જયારે અગ્નિ આપણી સામે હોય ત્યારે આપણે શાંત બેસી શકતા નથી.

પ્રકાશ માહિતી વિશે કહે છે જયારે અગ્નિ ક્રિયા વિશેની માહિતીથી મગજને ભરે છે પરંતુ જયાંસુધી હૃદયમાં અગ્નિ ઉદ્ભવતો નથી, તો કંઈજ બનશે નહિ. શું તે એવું છે કે આપણે મોટે ભાગે હૃદયને પ્રજવ્વલિત કર્યા વગર મનને માહિતગાર કરીએ છીએ? મિસરની તેની તમામ શીખેલી બાબતો તેના મગજમાં હતી. તેમ છતાંમુસા ત્યાં સુધી ઈશ્વરની સેવા મ)ટે તૈયાર ના થયો જયાં સુધી તેનું હૃદય મિદ્યાનના અરણ્યમાં પોષણ પામ્યું. અગ્નિ પડવો જ જોઈએ અને હૃદયએ પ્રજવ્વલિત થવું જ જોઈએ.

પરંતુ અગ્નિ પોતે તેનો જવાબ નથી. આપણામાનાં કેટલાએક ઉત્સાહથી પ્રજવ્વલિત થાય છે પરંતુ થોડી વારમાં બળીને ભસ્મ થઈ જાય છે. તેથી બીજી વાર, ઈશ્વર અગ્નિ ધ્વારા બોલ્યા કે જેથી મુસા બળી ન ગયો પણ દાઝી ગયો. વરસોએ તેનામાંથી જોશ અને ગતિશીલતા દૂર કરી દીધા હતા. તેણે પોતાનો ઉત્સાહ અને જુસ્સો ગુમાવી દીધા હતા. એક જાહેરાતનું બોર્ડ ગતિ સામે ચેતવણી આપતાં કહે છે " વીજળીની જેમ વાહન ચલાવો – મેઘગર્જનાની જેમ અથડાવો. " તે ઘણાં બધાં દાઝેલા લોકોના જીવનનું પરિણામ સૂચવે છે. તેઓ ઝડપ ધરાવે છે પરંતુ કઠીન પરિશ્રમ માટેની શકિત નહીં, ઉત્સાહ ધરાવે છે પરંતુ સહનશકિત નહીં.

ઈશ્વર મુસા સાથે તેના જીવનના એવા તબકકે કે જયારે તે દાઝી ગયો હતો ત્યારે વાત કરતા હતા. તે પોતાના લોકોને મિસરમાં છોડી દેવાની આરે હતો અથવા છોડી દીધા હતા. એક જુવાન માણસ તરીકે તેને તેમના છોડાવનાર થવું હતું. પરંતુ વરસોએ તેને અનુભવથી ઘડયો. દરેક વરસે તેની મૂળ ઈચ્છાની જયોતિ ધીમી પડી ગઈ હતી. કદાચ જયોતિ બુઝાઈ ગઈ હતી. મુસા હજુ પોતે કયાંથી આવ્યો હતો તે ભૂલી નહોતો ગયો. તેના દીકરાનું નામ ગેર્શોમ તેને યાદ કરાવતું હતું કે તે પરદેશની ભૂમિમાં એક પ્રવાસી હતો. તેનુંઘર પાછળ મિસરમાં હતું. તેનું જીવન તેના લોકોની સાથે હતું. તે હેબ્રુ લોકોમાંનો હતો અને તેઓ તેના હતા. તે બાબત તેના મનમાંથી કદી બહાર કાઢી ન શકયો.

પરંતુ શા માટે તેણે પાછા જઈને જે તેણે ઘણાં વરસો અગાઉ શરૂ કર્યુ હતુંતે પૂરૂં ન કરે? પોતાના લોકોને છોડાવવાનું કાર્ય તે કરી શકતો ન હતો કારણકે તે ઘરડો અને ટીકાખોર થઈ ગયો હતો. એક સમયે તે પોતાના લોકો માટે જુસ્સાથી પ્રજવ્વલિત હતો પરંતુ હવે તે જયોત લગભગ જતી રહી છે. બળતું ઝાડવું મુસાને યાદ દેવડાવતું હતું

કે ઈશ્વરની જયોત મુસાની જયોત જેવી નથી, પરંતુ તે સળગ્યા કરે છે. તે ભસ્મ થયા વગર સળગતું હતું. નહિ બદલાયેલ અને ન બદલાઈ શકવું તે ઈશ્વરનો ગુણ છે.

આપણે ટીકાખોર તરીકે વૃધ્ધિ પામીએ છીએ. આપણે આપણી જાત પર જ ભરોસો રાખવાનું બંધ કરીએ, અને લોકોમાં માનવાનું બંધ કરીએ છીએ, પણ ઈશ્વર તેમ કરતા નથી. ઈશ્વર હજુ મુસામાં ભરોસો ધરાવતા હતા કે તે કરી શકશે, નહિ તો ઈશ્વરે મુસાને કહયું ન હોત! ઈશ્વર હજુ પણ માનતા હતા કે લોકોને તે છોડાવી શકશે, નહિ તો તેમણે મુસાને તેઓમાં પાછા જવાનું કહયું ન હોત. આપણે સાદાઈથી શરૂઆત કરીએ છીએ. પણ પછી આપણે ટીકાખોર તરીકે વૃધ્ધિ પામીએ છીએ. ઈશ્વર તેમ કરતા નથી. તે કદી સાદા સરળ હોતા નથી અને કદી ટીકાખોર બનતા નથી. તે ગઈકાલે, આજે અને સદાકાળ એવા જ છે. તેમના ગુણનું ચિત્ર એકધારી સળગતી જયોત છે. જે સળગે છે પણ બળી જતી નથી.

## બહાદુરીનો ડોળ કે પક્ષઘાત

ઈશ્વર મુસાને એક સંદેશ આપવા માંગતા હતા. તેમણે બળતા ઝાડવાનો ઉપયોગ કર્યો. એ વખતે તે ધ્વારા તેઓ બોલ્યા. ઝાડવા ધ્વારા ઈશ્વરે પોતાની ઓળખ આપી. જયારે મુસાએ તેમનુંનામ પૂછયું, ઈશ્વરે તે કહયું, "તું ઈસ્ત્રાએલપુત્રોને આ પ્રમાણે કહેજે કે, "હું છું" એ મને તમારી પાસે મોકલ્યો છે. "(નિર્ગમન ૩ : ૧૪) કેવું આશ્ચર્યજનક નામ, "હું છું," પરંતુ આપણે જોઈએ છીએ કે હજાર વર્ષ પછી તે જ નામ ઈસુ ધ્વારા પોતાની ઓળખ આપવા પસંદ કરાયું હતું. તેણે તેના સાંભળનારાઓને આ દાવો કરીને અચંબામાં નાખી દીધા કે, " ઈબ્રાહીમનો જન્મ થયા પહેલાંનો હું છું" (યોહાન ૮ : ૫૮) "હું છું" એવા અસ્તિત્વની વાત તે કરે છે જે

બધીજ વસ્તુઓ અને બધાં લોકોના અસ્તિત્વ પહેલાંની તારીખની છે. કોઈ પણ વસ્તુ કદીયે અસ્તિત્વ ધરાવતી હતી તે પહેલા ઈશ્વર "હું છું" છે, તેઓ પહેલેથી જ હતા.

યોહાનની સુવાર્તામાં જુદીજુદી જગાએ ઈસુએ જાહેર કર્યુ, કે જીવતું પાણી હુંછું. જીવનની રોટલી હુંછું, જગતનું અજવાળું હું છું, પુનરૂત્થાન તથા જીવન હું છું, માર્ગ તથા સત્ય તથા જીવન હું છુંઅને એમ ઘણા બધા દાવાઓ બધું જ જેની આપણને જરૂર છે, તે તેઓ પોતે જ છે. મુસાને તે સમયે જે કંઈ જરૂરી હતું ત્યારે ઈશ્વરે કહયું, " હું છું. " શું મુસા બી ગયો હતો? ઈશ્વરે ત્યારે કહયું, " હું તારી હિંમત છું. " શું તે નિર્બળ હતો? ઈશ્વરે કહયું, " તારૂં સામર્થ્ય હું છું. " શું મુસા બોલવામાં ધીમો અને તોતડાતો હતો? ઈશ્વરે કહયું, " હું તારૂં મુખ છું. "

ઈશ્વરનું નામ એટલે દરેક બાબત જેની આપણને જરૂર પડે છે તે બધુંજ ઈશ્વર પુરૂં પાડવા શકિતમાન છે. ઈશ્વરની લાક્ષણિકતા અચળ છે. ઈશ્વરનું નામ પૂરતું છે. આ બળતા ઝાડવાનો સંદેશો છે. આ સંદેશ મુસા માટે હતો. તેની દઝાયેલી પરિસ્થિતિમાં જે સાદા સરળ વિચારોની માન્યતાથી ટીકાખોર અવિશ્વાસ તરફની મુસાફરીમાં, આ સંદેશ મુસા માટે હતો.

આપણી માનવી કાર્યક્ષમતા માટે આપણે સાદા સરળ બનવાનું ચલાવી લઈ શકીએ નહિ. જે કાંઈ આપણે કરી શકીએ છીએ તેની હદ હોય છે. બીજી તરફ આપણે દોષ જોનાર બનવું નહીં ત્યાંજ સિનિયર મુસા ભૂલમાં પડે છે. તે પોતાના લોકો માટે કશું ના કરી શકયો માટે તેણે નકકી કર્યું કે તે કશું નહીં કરે તેથી જયારે ઈશ્વરે તેને ફરીથી બોલાવ્યો, ત્યારે તેનો પ્રત્યુત્તર હતો, " હું નહીં કરી શકું, હું નહીં, મારી પાસે કશું નથી. હું કંઈ નથી. "

મુસાની માફક, આપણે પણ, આપણે કોણ છીએ અને આપણે શું મેળવી શકીએ છીએ તે વિશે ભલાભોળા બની શકીએ છીએ. સાચે જ, મુસાએ પોતાના હેબ્રુ લોકોની સાથે ઉભા રહેવા મહેલનું સુખ બાજુ પર મૂકી દીધું. જોકે તે મિસરમાંનો અભ્યાસી અને વધુ જ્ઞાન પોતાની સાથે લાવ્યો હતો એ વિચારતા કે તે લોકોને પોતાના મોભા, આવડત અને સાધન સંપત્તિના કારણે સંગઠિત કરી શકશે. તે ખોટો સાબિત થયો હતો. જો જુનિયર મુસા અત્યારે આપણા યુગમાં આપણી સાથે હોત તો સંભવિત તે મોબાઈલ ફોન અને લેપટોપ કોમ્પ્યુટર બહાર ખેતરોમાં જયાં હિબ્રૂ લોકો હતા ત્યાં રાખતો હોત અને તેમને પ્રભાવિત કરવાનો પ્રયત્ન કરત કે તે તેમના સઘળા પ્રશ્નોનો જવાબ છે.

જુનિયર મુસા ફારૂનની પુત્રીના દીકરા તરીકે ઉછર્યો હતો. તેનો ઉછેર ફારૂનના મહેલની ભવ્યતામાં તે મિસરની વિદ્વતામાં અને ડાહપણમાં પ્રશિક્ષિત અને તે મહાન સંસ્કૃતિના ધનાઢય અને શકિતશાળી લોકો જોડે ખભેખભા મિલાવતો હતો.

આ બે પ્રતિભાવો – જુનિયર મુસાનો પ્રતિભાવ (હું કરી શકું– મારી જાતે) અને સિનિયર મુસાનો પ્રતિભાવ (હું કોણ? હું કાંઈ કરી શકું નહીં.) કઠિન લાગે છે કે જેની સામે આપણે આપણી જાતને બચાવવાની છે. શરૂઆતે આપણે પરિપકવતા તરફ યાત્રા કરીએ છીએ. સરળતાથી બહાદુરીનો ડોળ કરીને નહીં– એમ વિચારતા કે આપણે બધું આપણી જાતે પોતાની શકિતથી અને પોતાની સત્તાથી કરી શકીએ અને નહીંકે ટીકાખોર લકવાગ્રસ્ત બનીને કે આપણે કશું કરી શકતા નથી કારણ કે આપણે એકવાર નિષ્ફળ ગયા અથવા આપણે પહેલાં કદી તે કર્યું નથી.

સરળતા અને ટીકા એ બેની વચ્ચમાં એક સામાન્ય દોરી છે તે તો પોતાની જાત છે. ભોળપણમાં આપણે આપણી જાત પર ખૂબ જ આધારિત થઈ જઈએ છીએ. ઈશ્વર આપણને નિષ્ફળ કરવા માંગતા હોય કે જેથી આપણે આપણી જાતથી પર તેની તરફ જોઈએ ટીકાખોર વણલમાં આપણે આપણી જાતથી ખૂબ હતાશ થઈ જઈએ છીએ. આપણે આપણી જાતમાં કશું સાચું જોતા નથી. ઈશ્વર ફરીથી આપણને બોલાવે છે કે આપણે આપણી જાતથી ફરીને તેની તરફ જોઈએ. આપણી જાતમાં આપણે કશું કરી શકતા નથી. તેનામાં આપણે બધું જ કરી શકીએ છીએ.

મુસા ખુલ્લા પગે અને ખચકાટ સાથે મિદ્યાનના અરણ્યમાં ઉભો હતો તેની ભોળપણથી શરૂ કરીને ટીકાખોર સુધીની મુસાફરી પૂર્ણ થવાની હતી. તે બીજી મુસાફરી શરૂ કરવાની પળોમાં હતો કે જે તેને પોતાની જાતથી દૂર અને ઈશ્વર તરફની દિશામાં સ્થિર કરે. બળતા ઝાડવાના ઈશ્વરે અગ્નિ ધ્વારા વાત કરી. તેણે પોતાનું નામ "હું છું" જાહેર કર્યુ. મુસા માટે તેથી અનુકૂળ સંજોગોમાંથી નીકળી બહાર તરફની મુસાફરી શરૂ થઈ હતી.

# પ્રકરણ – ૫

# રૂથ : અજાણ્યો માર્ગ

" ક્યારેક ઈશ્વર તોફાનને શાંત પાડે છે અને
ક્યારેક તોફાનને થવા દે છે અને તેના બાળકને શાંત પાડે છે.
એડવર્ડ કે. રોવેલ[૨૦]

ઘણી બધીવાર સ્ત્રીએ પુરૂષના પ્રેમ અને કુટુંબના વચન માટે ઘર છોડયું છે. તેના માટે, બાળપણનાં સ્વપ્નો અને યૌવનકાળના આદર્શો ત્યારે સાકાર થાય છે, જયારે તે તેના પુરૂષ સાથે હાથ પકડીને બાંકડાઓની મધ્યેથી ચાલે છે. મોટા સરઘસનું સંગીત, પોતાના સફેદ લગ્ન પોષાકનો અનુભવ, તેના કુટુંબ અને મિત્રોના લાગણીભર્યા અવાજો – આ બધું આશાથી ભરપૂર અને પ્રણય ઘટના સાથે પ્રેમ એવા નવા જીવનની શરૂઆત સૂચવે છે.

પરંતુ જો સ્વપ્ન તે સ્વપ્ન જ રહે અને વાત પરીકથાની જેમ પહેલાં કરતાં સુખમાં ન પરિણમે તો શું? જો જીવન વિચાર્યું ન હોય તેવી ઘટનાઓની હારમાળાથી સળગી જાય તો શું? આર્થિક કટોકટી કમાણીને ખલાસ કરી નાખે કે જેમાંથી ઘરનાં હપ્તા ચૂકવવાના હોય છે. સાસરીયા પક્ષ સાથે સંઘર્ષ ધાર્યા કરતાં પણ વધારે પાશવી અને હાનિકારક સાબિત થાય છે. શારીરિક હતાશાને કારણે સામાન્ય ગર્ભાવસ્થામાં મુશ્કેલી સાથે કુટુંબની શરૂઆત કરવાનું આયોજન થાય છે. જો પતિ પર મૃત્યુ ત્રાટકે અને પત્નીને વિધવાવસ્થામાં મૂકે તો શું?

આમાનું કોઈપણ દુર્ભાગ્ય સોહામણી આંખવાળા પ્રેમીને માંહેથી ભાંગી નાખી શકે છે. જયારે ઘણી ઊંચી આશાઓ રાખી હોય

ત્યારે જો સખત વાસ્તવિકતા નીચે પાડે તો તે લોકોને તે દુઃખદ પરિસ્થિતિમાંથી અને ભ્રમણામાંથી છોડાવનાર હોઈ શકે. સૌથી વધારે સ્ત્રી માટે આ શકય બને છે, કારણકે મોટે ભાગે તેણે દોષ અને શરમથી દાઝવું પડે છે. પૂર્વ બાજુની તેમજ પૂર્વના દેશોની સંસ્કૃતિમાં સ્ત્રીએ લગ્ન કરવા, વિધવા બનવું અને બાળક વગરના હોવું એ સ્ત્રીઓ માટે વધારે અઘરું હોય છે.

આવી કફોડી સ્થિતિ રૂથની હતી. બાઈબલમાં તેની વાત શરૂ થાય છે ત્યાં, તે અને બીજી બે સ્ત્રીઓ તેમને પોતાને એકબીજાને દિલાસો અને આશ્વાસન આપે છે. બનાવના કરૂણ વળાંકે ત્રણેયને વિધવા બનાવી. દરેકે પોતાના પતિને ગુમાવ્યા હતા.

દસ કરતાં વધારે વર્ષો પહેલાં, રૂથની સાસુ નાઓમીએ બેથલેહેમ માંનું પોતાનું ઘર છોડયુંહતું. પોતાના પતિ અને તેમના બે પુત્રો સાથે, તે વધારે સારા જીવનની શોધ માટે આવી. થોડા સમય માટે, મોઆબમાં તેને તેના લગ્નમાં અને તેના દીકરાઓના બે પુત્રવધૂઓ રૂથ અને ઓર્પાહ સાથે લગ્નમાં સુખાકારી મળી. ત્યારબાદ ઘાતકી અંત હતો, નાઓમીએ તેના જીવનના ત્રણેય માણસોને ગુમાવ્યા.

તેણે ઘેર પાછા જવાનું નકકી કર્યું. તે તેની પુત્રવધૂઓ તેની સાથે આવે તેમ ઈચ્છતી નહોતી. આખરે તેઓ તો મોઆબની હતી અને જુદા કુળની હતી. પરંતુ રૂથે તેની સાથે જવાનો આગ્રહ રાખતાં કહયું, " તને છોડવાની તથા તારી પાસેથી પાછી જવાની આજીજી મને ન કર, કેમકે જયાં તું જાય છે ત્યાંજ હું જવાની, અને જયાં તું રહેશે ત્યાંજ હું રહેવાની, તારા લોક તે મારા લોક, ને તારો દેવ તે મારો દેવ થશે. " (રૂથ ૧:૧૬)

એમ રૂથ નાઓમી સાથે બેથલેહેમ ગઈ. તેઓ એક નગરમાં પહોંચી. બે સ્ત્રીઓ, અને બંને વિધવા. તે સમયની સંસ્કૃતિ પ્રમાણે અશકત અને નિઃસહાય. આખા નગરે ઉત્તેજના સાથે તેમની સામે જોયું અને પૂછયું, " શું આ નાઓમી છે? " ત્યારે તેણે તેઓને કહયું, " મને નાઓમી (એટલે મીઠી) ન કહો, મને મારા (એટલે કડવી) કહો, કેમકે સર્વ સમર્થે મારા પર ઘણી સખ્ખતાઈ ગુજારી છે. અહીંથી હું ભરપૂરપણે નીકળી હતી પણ યહોવાહ મને ખાલી હાથે સ્વદેશમાં પાછી લાવ્યો છે, યહોવાહે મારી વિરૂધ્ધ સાક્ષી પૂરી છે, ને સર્વ સમર્થે મને વિપત્તિમાં આણી છે, તો તમે મને નાઓમી કહીને કેમ બોલાવો છો? " (૧:૨૦–૨૧)

નાઓમીનું જીવન મીઠામાંથી કડવું, ભરપૂરમાંથી ખાલીપણામાં ફેરવાઈ ગયુંહતું. તે તેના પતિ અને બે પુત્રો સાથે નીકળી હતી, અને હવે તે તેમના વગર ખાલી પાછી ફરી હતી. એક સમયે તે કુટુંબ અને બાળકોની મીઠાશનો આનંદ માણતી હતી, હવે તે ખોટ અને દુઃખની કડવાશ અનુભવતી હતી. પરંતુ અંતે તેને ઘેર એવી જગા અને લોકો જેમને તે જાણતી હતી, ત્યાં પાછા ફરવાનો દિલાસો હતો. પરંતુ રૂથ માટે તેમ નહોતું. તે મોઆબણ, એક પરદેશી બીજા દેશની ભૂમિ અને અજાણી સંસ્કૃતિમાં પ્રવેશતી હતી. તેણે પણ પોતાનો પતિ ગુમાવ્યો હતો, પરંતુ નાઓમી કરતાં જુદું. તેણે પોતાનું જાણીતું ઘર અજાણી જગા માટે છોડયું હતું. તેથી રૂથની વિશ્વાસની સાહસ કથા તેના અનુકૂળ સંજોગોથી બહાર શરૂ થાય છે.

### કઠિન પસંદગી

રૂથનો વિશ્વાસ તેના વચનમાં પ્રગટ થાય છે, " જયાં તું મરશે ત્યાંજ હું મરીશ, ને ત્યાંજ હું દટાઈશ, જો મોત સિવાય બીજું કંઈ મને

તારાથી જુદી પાડે, તો યહોવા મારૂં મોત આણે ને એથી પણ વધારે દુઃખ દે. " ( ૧:૧૭ ) તેની તેના સાસુ પ્રત્યેની વચનબધ્ધતા અસાધારણ છે. પ્રથમ બાબત એ છે કે, પુત્રવધૂઓને સાસુ જોડે સામાન્ય રીતે બહુ સારૂ બનતું હોતુ નથી. ખાસ કરીને પૂર્વના દેશ અને તેની નજીકના દેશોની સંસ્કૃતિમાં આ સત્ય છે કે જયાં છોકરી પુરૂષના "ઘરમાં પરણીને" આવે છે, તેને બહારની ગણવામાં આવે છે.

માતા અને પત્ની વચ્ચે તણાવ ઉત્પન્ન થાય છે, કે જેઓ અનુક્રમે પુત્ર અને પતિના પ્રેમ અને વફાદારી માટે હરિફાઈ કરે છે. ઝગડા માટેના ચાઈનીઝ મૂળાક્ષરમાં એક છાપરા નીચે બે સ્ત્રીઓ દર્શાવાય છે. એક જ છાપરા નીચે રહેતા પુત્રવધૂ અને સાસુના ઘરમાં શાંતિ હશે નહીં! રૂથનું નાઓમીને સમર્પણ એ અસાધારણ છે કારણ કે તે સામાન્ય વ્યવહારની વિરૂધ્ધ છે.

બીજું, રૂથની તેની સાસુ પ્રત્યેની વચનબધ્ધતા અસાધારણ છે કારણ કે તે બીજા કુળ અને વિશ્વાસની હતી. મોઆબીઓ મૂર્તિના ઈશ્વરને પૂજતા હતા જયારે નાઓમી અને બેથલેહેમના લોકો ઈસ્ત્રાએલના એક ઈશ્વરને ભજતા હતા. સાચું જોતા, મોઆબ અને ઈસ્ત્રાએલ ઘણાં યુધ્ધો લડયા હતા. છતાં, ધાર્મિક અને સામાજિક વલણથી વિરૂધ્ધ રૂથે નાઓમીના લોકોને પોતાના લોકો અને નાઓમીના ઈશ્વરને પોતાના ઈશ્વર બનાવવાના વચનને જાહેર કર્યુ.

બાઈબલમાં બીજી એક મૂર્તિપૂજક સ્ત્રી છે જેણે ઈસ્ત્રાએલના વિશ્વાસને સ્વીકાર્યો અને તેના લોકો સાથે જોડાઈ, તે તો રાહાબ, યરીખો શહેરની એક વેશ્યા હતી, તેણે પણ આવા જ અર્થનું કંઈક કહયું કે, "તારો દેવ તે મારો દેવ અને તારા લોક તે મારા લોક થશે.

"પરંતુ તેણે બીકને લીધે તે કર્યું. યરીખો શહેર ઈસ્ત્રાએલના સૈન્ય દ્વારા જીતાવાનું હતું અને રાહાબે બચાવના હેતુથી તે જાહેર કર્યું. તેની પાસે કોઈ વિકલ્પ નહોતો."[૨૧]

રૂથ પાસે વિકલ્પ હતો – તે પોતાના લોકો પાસે રહી શકી હોત અને પોતાના દેવને ભજવાનુંચાલુ રાખી શકી હોત પરંતુ તેના બદલે તેણે નાઓમી સાથે જવાનું પસંદ કર્યુ. રાહાબે બીકને લીધે કર્યું, જ્યારે રૂથે પ્રેમને લીધે કર્યુ. નાઓમી પ્રત્યેનો પ્રેમ, તદઉપરાંત તેના (નાઓમીના) ઈશ્વર પરનો વિશ્વાસ રૂથને તેના અનુકૂળ સંજોગોથી બહાર લઈ ગયો અને મોટી અજાણી મુસાફરી શરૂ થઈ. એક સ્ત્રી પોતાનું ઘર પુરૂષ પ્રત્યેના પ્રેમ અને કુટુંબ પ્રત્યેના વચનોને લીધે છોડે છે, રૂથ પાસે કશું નહોતું, સિવાય કે બિમાર પતિની યાદ અને હ્રદયભંગિત સાસુની સંભાળ.

પરંતુ નાઓમી અને રૂથે જે ગુમાવ્યું હતું તે બધું ઈશ્વરે ઘટનાક્રમને ઉંધો કરીને પાછું મેળવી આપ્યું. ઈશ્વરે કડવાશને મીઠાશમાં અને ખાલીપણાને પાછું ભરપૂરીપણામાં બદલી નાખ્યું. ઈશ્વરે વર્ષો અગાઉ, રૂથની વાત કરતાં ઘણાં પહેલા સ્થાપન કરેલા બે નિયમો ધ્વારા તે કર્યુ. એક હતો સળો કરવા (લણ્યા પછી બચેલું ઉપાડવા) વિશેનો નિયમ અને બીજો લેવિરેટ લગ્નનો નિયમ.

સળો કરવા માટેનો નિયમ લેવીય ૧૯ : ૯–૧૦ માં શરૂ થાય છેઃ અને જ્યારે તમે તમારી જમીનની ફસલ કાપો, ત્યારે તું તારા ખેતરના ખૂણા પૂરેપૂરા ન કાપ, ને તારી કાપણીનો મોડ તું વીણી ન લે. અને તારી દ્રાક્ષો પણ તું સમેટી ન લે, તું ગરીબને સારૂ તથા વટેમાર્ગુને સારૂ તે રહેવા દે, હું યહોવા તમારો દેવ છું.

ઈશ્વરના દરેક નિયમો ઈશ્વરનું હ્રદય અને મન બતાવે છે. શાસ્ત્રમાંની અમૂક બાબતો ખેડૂત વર્ગના લોકો માટે યોગ્ય છે અને

કદાચ આપણા શહેરી સમાજને માટે બંધ બેસતી નથી. કંઈ વાંધો નહી, તેમ છતાં દરેક નિયમો તો લાગુ પડે છે. આપણે આજે સળો ના કરતા હોઈએ, પરંતુ ગરીબો માટેનો હિસ્સો જુદો રાખવો તે બાબત હજુ લાગુ પડે છે.

સળો કરવો એ નબળા અને જરૂરિયાતમંદોને પૂરૂં પાડવાનો હેતુ પૂરો કરે છે. રૂથ જેવા વિધવા ખોરાક શોધી શકે. તે ખેતરમાં બાકી રાખેલા દાણા વીણી લેવા ગઈ. ઈશ્વરે તેના જેવા લોકો માટે વ્યવસ્થા રાખી હતી. ખોરાક વગર તે અને તેની સાસુ ભૂખે મરત. પરંતુ સળો કરવા માટેના નિયમોને લીધે તેઓ જીવી શકયા.

ઈશ્વર ગરીબોને ભૂલી ગયા નહોતા. તે રૂથને ભૂલી ગયા નહોતા. પરંતુ તે પૂરતું નહોતું. તે ખેતરમાં આવીને કાપનારાઓની પાછળ સળો વીણવા લાગી, સદભાગ્યે તે અલીમેલેખના કુટુંબના બોઆઝના ભાગના ખેતરમાં આવી પહોંચી. (રૂથ ૨:૩) અને "એમ થયુંકે," એવું કહેવું તેનો બીજો શબ્દપ્રયોગ એ છે કે, "સદભાગ્યે" પણ ઈશ્વરની વ્યવસ્થામાં "સદભાગ્યે" કે "નસીબજોગે" એવી કોઈ બાબત નથી. સ્ત્રીઓ અને પુરૂષોની બધી જ ગતિવિધિઓનું ઈશ્વર નિરિક્ષણ કરે છે. રૂથનું બોઆઝના ખેતરમાં સળો વીણવા આવવાનું એક ચોકકસ કારણ હતું.

### દૈવી નાટક

ઈશ્વરનો બીજો નિયમ દ્રશ્યમાં આવવાની તૈયારીમાં હતો. પહેલો નિયમ તે સળો કરવા વિશેનો હતો. કે જેણે રૂથ અને નાઓમીની તત્કાલીન શારીરિક જરૂરિયાત પૂરી પાડી. બીજો નિયમ તેઓની લાંબા ગાળાની જરૂરિયાત પૂરી પાડવા માટે હતો. બીજો નિયમ પુર્નનિયમ ૨૫ : ૫–૬ માં મળે છે.

કોઈ ભાઈઓ ભેગા રહેતા હોય, ને તેઓમાંનો એક મરી જાય ને તેને દીકરો ન હોય, તો મરનારની સ્ત્રી બહારના કોઈ વિજાતીય પુરૂષને ન પરણે, તેના ધણીનો ભાઈ તેની પાસે જાય, ને તે તેને પરણીને તેની પ્રત્યે ધણીના ભાઈની ફરજ બજાવે. અને એમ થાય કે જે પહેલો દીકરો તે જણે તે તેના મરહૂમ ભાઈનું નામ ધારણ કરે કે, તેનુંનામ ઈસ્ત્રાએલમાંથી નાબૂદ ન થાય.

આ વિચિત્ર જોગવાઈ લેવિરેટ લગ્ન (લેવીયના પુસ્તકમાં મળતી આજ્ઞાને આધારે કરતું લગ્ન)ના નિયમ તરીકે ઓળખાય છે. ( લેવિર, લેટિનમાં જેનો અર્થ પતિનો ભાઈ થાય છે.) જો પુરૂષ એક પણ પુત્ર વગર મરી જાય તો તેના ભાઈની ફરજ બને છે કે તે વિધવા સાથે લગ્ન કરે અને મરી ગયેલાનું નામ ચાલુ રાખવા પુત્રને જન્મ આપે.

સળો કરવાના નિયમની જેમ આ નિયમ નબળા અને સામનો કરી ન શકે તેવાઓને લાગુ પડે છે. આ કિસ્સામાં વિધવાને રક્ષણ આપવાનો આનો હેતુ છે. કોઈક સંસ્કૃતિમાં સ્ત્રીના પતિનુંમરણ તેના પરના દૈવી શાપ તરીકે ગણાંતુ હતું. વિધવા માત્ર ખોટ અને દુઃખ જ નહીંપણ સાથે સાથે અનિશ્ચિત ભવિષ્ય પણ અનુભવતી. તે દોષના શાપ પણ સહન કરતી. ઈશ્વરે તેથી વિધવાના પુનઃલગ્નની જોગવાઈ કરી. તે માત્ર રક્ષણ અને જરૂરિયાતો પામતી તેમ નહીંપણ તે પહેલા પતિના નામને પાછું મેળવતી અને તેની શરમમાંથી મુકત થતી.

આવી પૂર્વભૂમિકા સાથે રૂથનું બોઆઝના ખેતરમાં સળો કરવો એ સુખદ યોગાનુયોગમાં "પરિણમ્યું." ઈશ્વરની બે દૈવી જોગવાઈઓ સાથે આવીઃ સળો કરવો અને લેવિરેટ લગ્ન. બોઆઝ રૂથનો નજીકનો સગો હતો. જો કે તેના પતિનો ભાઈ નહોતો, પરંતુ

એટલો નજીકનો સગો હતો કે તે રૂથને પરણી શકે અને કુટુંબ વધારી શકે.

વાતનો ઉત્તમ ભાગ ૨ : ૧૧–૧૨માં મળે છે. બોઆઝે તેને ઉત્તર આપ્યો, " તારા ધણીના મરણ પછી તેં તારી સાસુ સાથે જે જે વર્તણૂંક ચલાવી છે ને તારાં મા–બાપને તથા તારી જન્મભૂમિને છોડીને જે લોકોને તું આજ સુધી જાણતી નહોતી, તેઓમાં તું કેવી રીતે રહેવા આવી છે તે સર્વની મને સંપૂર્ણ માહિતી મળી છે. યહોવા તારા કામનું ફળ તને આપો, ને જે ઈસ્ત્રાએલના દેવ યહોવાની પાંખો તળે આશ્રય લેવા તું આવી છે તેનાથી તને પૂરો બદલો મળો. "

બોઆઝે દેખીતી રીતે જ રૂથને જોઈ હશે અને તેના બોલેલા શબ્દો રૂથનાં વખાણ અને તેના પ્રત્યેનો સદભાવ પ્રગટ કરે છે. તેનાં શબ્દો રૂથ માટે ઘણાં કિંમતી હતાં. એક બાબત બીજી બાબતને દોરી ગઈ અને થોડા સમયમાં થોડી અનિશ્ચિતતા બાદ તેઓ સુખેથી પરણ્યાં. રૂથ લોકો અને તેમના ઈશ્વરને શોધતી આવી. તેને બન્ને પ્રાપ્ત થયા. તે ખાલી હાથે આવી હતી અને ઈશ્વરે તેનું જીવન ફરીથી ભરી દીધું.

## પુનઃસ્થાપના અને પુનઃભરવું

રૂથની વાર્તા એ પુનઃસ્થાપનાની વાર્તા છે, તેણે ગુમાવેલું કેવી રીતે ઈશ્વરે પુનઃસ્થાપિત કર્યુ તેની આ વાર્તા છે. જે શબ્દનો આ પુસ્તકમાં વારંવાર ઉપયોગ થાય છે તે તો મુકિત છે. અલગ અલગ પ્રકારે આ શબ્દ ત્રેવીસવાર આ વાર્તામાં આવ્યો છે. આ શબ્દ ઈશ્વરવિદ્યા કે ખાસ બાબતને લગતો શબ્દ નહોતો. તે સામાન્ય શબ્દ તરીકે રોજબરોજના ઉપયોગમાં લેવાતો થયો. દા.ત. જો કોઈને

નાણાંની ખૂબ જ જરૂર હોય, તો તે ઘરેણાં જેવી ચીજ નાણાંધીરનારની દુકાને જઈને તેના બદલામાં નાણા લે. પાછળથી જો તેનું નસીબ સુધરે તો તે કિંમતી ચીજ થોડીક વધારે કિંમત ચૂકવીને પાછું મેળવી શકે. જે મૂળે પોતાનું હતું તેને પાછું મેળવવું એ છૂટકારો હતું.

છોડાવવાના કાર્યનું શ્રેષ્ઠ ઉદાહરણ એક છોકરાની વાર્તામાં કહેલું છે કે, જેણે એક રમકડાની હોડી બનાવી હતી. અને તેને તે બહુ ગમતી હતી. એક દિવસ તે તેને ઝરણામાં રમવા લઈ ગયો, અને પછી સખત પવન અને વહેણમાં નીચે સુધી તે તણાઈ ગઈ. છોકરાએ તેની હોડી ગુમાવી. એક અઠવાડિયા બાદ તેણે તે હોડીને રમકડાની દુકાનમાં વેચવા માટે મૂકેલી જોઈ. તે અંદર ગયો અને કહયું, " તે મારી છે. " દુકાનના માલિકે કહયું" જો તું તેના માટે નાણાં ચૂકવે તો તે તારી છે. " અને છોકરાએ તે કર્યુ. તેણે પોતાના નાણાં બચાવ્યા અને પાછો ગયો અને હોડી ખરીદી, જયારે તે દુકાનમાંથી બહાર નીકળ્યો, તેણે હોડીને પોતાના હૃદય પાસે રાખી અને કહયું, " નાની હોડી, તું મારી છે તેનું પ્રથમ કારણ એ કે મેં તને બનાવી અને બીજું, કારણ કે મેં તને ખરીદી. "

તેવી જ રીતે આપણે ઈશ્વરનાં છીએ – પ્રથમ કારણ કે તેણે આપણને બનાવ્યા અને બીજું કારણ કે તેણે આપણને ખરીદ્યા અથવા આપણને છોડાવ્યા. રૂથની વાર્તા છૂટકારાની, પુનઃસ્થાપનાની, હતાશાના ઊંડા ખાડાની કોરથી ઈશ્વરે તેને પાછા લાવ્યાની વાર્તા છે. આ એક વાર્તા છે કે જે આજે પણ કહેવામાં આવે છે. જીવન ખોટ અને અનિશ્ચિતતાથી ખાલી હોય અથવા દુઃખ અને ગુસ્સાથી જીવન કડવાશવાળું બન્યું હોય તો રૂથની વાર્તા એ તમારી વાર્તા હોય શકે. રૂથના ઉદાહરણથી આપણને અમૂક કિંમતી પાઠ શીખવા મળે છે.

પ્રથમ, આપણે જે કરી શકીએ છીએ તે આપણે કરવું જોઈએ. રૂથ તે પરિસ્થિતિમાં જે કંઈ કરી શકતી હતી તે બધું તેણે કર્યું. તેણે ઘરે બેસી રહીને ઊંડા વિચારો ન કર્યા. પોતાની દયા ખાઈને મનમાં સંતોષ માન્યો નહીં, તે ખોરાક શોધવા માટે બહાર ગઈ. તેને નાઓમીની સંભાળ લેવાની હતી, અને તેણે હિંમતથી અને વિશ્વાસુપણે તેની જવાબદારી નિભાવી.

તેને એ ખબર નહોતી કે જેમ તે પોતાની સાસુની સંભાળ રાખવા જતી હતી, તેમ ઈશ્વર પણ તેની સંભાળ રાખવા જતા હતા. ઈશ્વર તેને બોઆઝના ખેતરમાં સળો કરવા તરફ દોરી ગયા. બધાં ખેતરોમાંથી અને બધા લોકોમાંથી તેણી પોતાની જાતને એવી વ્યકિત પાસે લઈ ગઈ કે જે તેનો નજીકનો સગો હતો, એટલો નજીકનો સગો કે જે લેવીરેટ લગ્નના નિયમ મુજબ તેની સાથે લગ્ન કરે અને તેનું મહેણું ટાળે.

જો આપણે વિષમ પરિસ્થિતિમાં હોઈએ તો, ઈશ્વર આપણા માટે જે કરવું જોઈએ તેવું કરે એવી અપેક્ષા જો આપણે ઈશ્વર પાસેથી રાખીએ તો આપણે પણ બીજાઓ માટે એજ કરવું જોઈએ. રૂથે પોતાની સાસુ માટે જે કર્યુંતે ઈશ્વરે તેના માટે કર્યું. સાચે જ રૂથે ઈશ્વર તેની કાળજી રાખે તેવી અપેક્ષા રાખી નહોતી. પરંતુ ઈશ્વરે તો તે તેના માટે કર્યું હતું. તેણે રૂથને આપ્યું જેમ રૂથે નાઓમીને આપ્યું. તેથી આપણે આપણા વહાલાંઓને આપીએ અને ઈશ્વર પર ભરોસો રાખીએ કે તે આપણી પણ કાળજી રાખે.

બીજું, આપણે જાણીએ છીએ તે કરતાં ઈશ્વર આપણી કાળજી વધારે રાખે છે. ઈશ્વરે રૂથ અને નાઓમીની તેમણે ધાર્યા કરતાં વધારે કાળજી રાખી. તેમની સંભાળ લેવા માટે તેમને જરૂર

પડે તે કરતાં ઘણાં પહેલાં, ઈશ્વરે સળો કરવાનો નિયમ અને લેવીરેટ લગ્નના નિયમો અમલમા મૂકયા હતા. તેને ગરીબ અને જરૂરિયાતમંદો માટેની ચિંતા હમેશાં હતી.

વ્યકિતગત ખોટ અને ઉણપના સમયે, ઘણીવાર આપણે મનમાં વિચારીએ છીએ કે ઈશ્વર કાળજી રાખે છે કે કેમ. રૂથની વાર્તા પરથી, આપણે શીખીએ છીએ કે ઈશ્વર કાળજી રાખે છે, અને તે ખાસ કરીને જરૂરિયાતમંદોની કાળજી રાખે છે. જયારે આપણે આપણા અનુકૂળ વિસ્તારથી બહાર હોઈએ છીએ, અજાણી જગામાં હોઈએ છીએ, અનિશ્ચિત ભવિષ્યનો સામનો કરતા હોઈએ છીએ ત્યારે તે ખાસ રીતે આપણી નજીક હોય છે. ભલે આપણે હમેશાં તે અનુભવતા ના હોઈએ, પરંતુ સત્ય તો એ છે કે આપણે આપણી કાળજી રાખીએ છીએ તે કરતાં વધારે કાળજી ઈશ્વર આપણા માટે રાખે છે.

ત્રીજું, આપણે આખું ચિત્ર જોવું જોઈએ. નાઓમીએ ફરિયાદ કરી કે ઈશ્વરે તેની પાસેથી બધુંજ લઈ લીધું હતું. તે ભરપૂર નીકળી હતી અને ખાલી પાછી ફરી હતી. તે સાચું નહોતું. તે કશાકની સાથે પાછી ફરી હતી, અથવા વધારે સ્પષ્ટપણે કહીએ તો તે કોઈ વ્યકિત એટલે તેની સમર્પિત પુત્રવધૂ. તે નાઓમી માટે બધું જ બદલી નાખશે. કયારેક આપણે નાનું ચિત્ર જોઈએ છીએ અને ઈશ્વર વિરૂધ્ધ ફરિયાદ કરીએ છીએ, અને આપણી ખરાબ પરિસ્થિતિ માટે આપણે માત્ર કડવાશ અનુભવીએ છીએ અને માત્ર ખાલીપણું જોઈએ છીએ. આપણે ચિત્રમાં ઈશ્વરને સામેલ કરવાનું ચૂકી જઈએ છીએ.

રૂથની વાર્તામાં, ઈશ્વર કદી દૂર નહોતા. દરેક સમયે તે વાર્તામાં હાજર હતા. તેનો અદ્રશ્ય હાથ આખીય વાર્તા દરમિયાન કાર્યશીલ હતો. આપણે તે જાણવું જોઈએ. અંતમાં આપણે વાંચીએ

છીએ કે, રૂથે એક પુત્રને જન્મ આપ્યો કે જે દાઉદ રાજાનો દાદા અને તેનાથી ઈસુ મસીહના પૂર્વજો થયા. જો નાઓમીએ તે શરૂઆતથી જોયું હોત તો તે કેટલો મોટો તફાવત બન્યો હોત.

ખરાબ બાબતોમાંથી જુદી જ રીતે જીવન પરિવર્તન પામે તેવી આશા રાખવી તે કરતાં જીવનમાં કોઈક થોડી બાબતો સહન કરવી તે અઘરૂં છે. લગ્ન, કુટુંબ, ઘર અને બાળકો – આ પુરૂષ અને સ્ત્રી બંનેના સ્વપ્નો હોય છે. પરંતુ આપણા જીવનની મુસાફરી, ઘણીવાર આપણને જાણીતી અને રોજિંદા બાબતોથી બહાર લઈ જાય છે. જો સ્વપ્ન ભયંકર સ્વપ્નમાં પલટાઈ જાય તો શું? જો અણધાર્યુ આપણને ભેટી જાય અને આપણે આયોજન ના કર્યું હોય કે ઈચ્છયું ન હોય તેવા રસ્તે લઈ જાય તો શું?

આપણે એકલા નથી. રૂથ અને નાઓમી અને બીજાઓ પણ એ માર્ગે અગાઉ ગયા હતા. ઈશ્વર આપણાં પહેલાંએ માર્ગે ગયા છે અને આપણાં માટે બધી જોગવાઈ પણ કરી છે. " એમ થયું કે " એવા બધા જ સંજોગો તેના પ્રભુત્વ હેઠળ છે. આપણે જાણીએ તે કરતાં વધારે તે આપણી કાળજી રાખે છે જયારે આપણે કોઈક દિવસે મોટું ચિત્ર જોઈશું ત્યારે આપણને નવાઈ લાગશે કે શા માટે આપણે આપણો વિશ્વાસ ઈશ્વરમાં ન મૂકયો? જે ખાલી છે તે ભરવા અને જે ગુમાવ્યું છે તેને પુનઃપ્રાપ્ત કરવા તે ઘણા શકિતમાન છે.

# પ્રકરણ – ૬

# એલિયાહ : બીજો શ્વાસ

બીજો શ્વાસ – હાંફી જવાય તે પ્રક્રિયા પછી બહાર આવતી
શ્વાસોશ્વાસની શકિત, પ્રયત્નો પુનઃ જારી કરવા જોઈતી શકિત.
ચેમ્બર ડીક્ષનેરી.

હું સ્કૂલમાં હતો ત્યારે મેં ક્રોસ કન્ટ્રી દોડમાં ભાગ લીધો હતો. મારી તંદુરસ્તી બનાવવા હું દોડવા માંગતો હતો. બાળક તરીકે ક્ષય રોગથી હું પીડાયો હતો, અને મારા ફેફસાં નુકસાન પામ્યાંહતાં. મને દમ અને શ્વાસનળીના સોજામાં સમયાંતરે હુમલા થતા હતા. મેં અનુભવ્યું કે દોડ એ મારી તંદુરસ્તી અને મારી આ માંદગી પ્રત્યેની પ્રતિકારક શકિત મજબૂત કરવામાં મદદ કરી હતી.

જયારે મેં પ્રથમવાર ક્રોસ કન્ટ્રી દોડમાંભાગ લેવાનું શરૂ કર્યું ત્યારે શરૂઆતના થોડા વારનું અંતર દોડયા પછી શ્વાસ લેવા માટે હુંહાંફવા લાગતો અને ત્યાર બાદ દોડતો બંધ થઈ જતો. તે એટલી હદે ખરાબ હતું કે મેં લગભગ દોડવાનું પૂરેપૂરી રીતે છોડી દીધું, ત્યારે મેં કશુંક અગત્યનું શોધી કાઢયું. મેં શોધ્યું કે, શ્વાસ જયારે ઓછો પડે ત્યારે જો હું ધીમો પડું પણ દોડવાનું ચાલુ રાખું તો થોડા સમય બાદ, હું ફરીથી ઝડપ પકડવા માટે શકિતના તરંગનો અનુભવ કરતો. બીજા શ્વાસ વિષેનું રહસ્ય હું શીખ્યો.

પાછળથી મેં શોધી કાઢયું કે, "બીજો શ્વાસ" એટલે, દોડનાર થાકનાં શરૂઆતના ભાગ પછી શકિતનું પુનઃસંચારણ અનુભવે તે છે. દોડવીર આરક્ષિત શકિતનો નવો સ્ત્રોત શોધી કાઢે છે. જયારે હું

હાંફી જતો ત્યારે હું દોડ મૂકી દેવાનું વિચારતો પણ જો તે સમયે હું થોડાક વધુ વારનું અંતર કાપી શકતો તો હું શકિતનું પુનઃસંચારણ મેળવતો. મારી તાકત અને સહનશકિત પાછી મેળવતો. ત્યારબાદ હું એકધારી ઝડપે અચોકકસ મુદત સુધી દોડી શકતો તેમ મેં શોધી કાઢયું.

તે મહત્વનો પાઠ માત્ર દોડવા વિશે નહી, પણ જીવન જીવવા વિષે પણ હું શીખ્યો. એવા સમયો આવે છે જયારે આપણે જીવવાથી, પ્રયત્ન કરવાથી અને આગળ વધવાથી થાકી જઈએ છીએ. જયારે આપણે લાગણીઓના માનસિક અને આધ્યાત્મિક થાકની પરિસ્થિતિમાં આવી પહોંચીએ છીએ, ત્યારે આપણે દ્રઢ નિશ્ચય અને ઈશ્વરની કૃપાથી શકિતનું પુનઃનવિનીકરણ પામી શકીએ છીએ. પ્રબોધક એલિયાહનો આવો અનુભવ હતો. તે પ્રથમ, થાકના શ્વાસ હેઠળ ભાંગી પડયો હતો અને પછી નવા જીવનના સંચારનો બીજો શ્વાસ શોધી કાઢયો.

એલિયાહે આહાબ રાજા અને ઈઝબેલ રાણીના શાસનકાળ દરમિયાન પ્રબોધ કર્યો. રાણી બીજા દેશમાંથી આવતી હતી અને જયારે તેણે રાજા સાથે લગ્ન કર્યા ત્યારે તે પોતાની સાથે પોતાના દેવોને લાવી. તેણીનો પ્રિય દેવ હતો બઆલ – પ્રકૃતિનો ઈશ્વર અને ફળદ્રુપતાનો ઈશ્વર. તરત જ બઆલ દેવનું ભજન કરવું એ રાષ્ટ્રીય નિયમ બની ગયો. ઈસ્ત્રાએલના દેવની સાથે સાથે બઆલ દેવનું ભજન થતું. એલિયાહે લોકોને પડકાર આપ્યો કે જો બઆલ દેવ હોય તો તેઓએ તેનું ભજન કરવું અથવા પ્રભુ, ઈસ્ત્રાએલનો દેવ, દેવ હોય તો તેઓએ તેનું ભજન કરવું– પરંતુ બન્નેનું સાથે નહીં.

કોણ સાચો અને જીવતો દેવ હતો તે દેખાડવા એલિયાહે બઆલના પ્રબોધકોને કસોટી માટે બોલાવ્યા. કાર્મેલ પવર્ત પર દરેક

બલિદાન તૈયાર કરે અને પોતાના દેવને વિનંતી કરે અને જે દેવ અગ્નિ દ્વારા ઉત્તર આપે તે સાચો દેવ. બઆલના પ્રબોધકોએ સવારથી માંડીને બપોર સુધી તેમના દેવને વિનંતી કરી પણ કશું થયું નહીં. ત્યારબાદ એલિયાહે તેના દેવને વિનંતી કરી અને આકાશમાંથી અગ્નિએ પડીને બલિદાનને ભસ્મ કર્યુ. પ્રશ્નનો ઉકેલ આવી ગયો, એલિયાહનો દેવ તે સાચો દેવ હતો.

પરંતુ ઈઝબેલ રાણી પ્રભાવિત થઈ નહોતી તેમજ તેને ખાતરી પણ થઈ નહોતી. ઉલટાનું એલિયાહ દ્વારા કરાયેલ પ્રયોગે એ પ્રબોધકથી હંમેશ માટે છૂટકારો મેળવવાની તેની ઈચ્છાને પ્રબળ બનાવી. તેને દૂર કરવા માટેનો હુકમ તેણીએ બહાર પાડયો. એલિયાહ દૂર દક્ષિણનાં અરણ્યમાં નાસી ગયો અને પોતાના મોટી જાગૃતિના દર્શનને પોતાની આંખ આગળ ભાંગી જતા જોઈને મોત માંગ્યું.

આશ્ચર્યજનક રીતે એલિયાહ કાર્મેલ પર્વત પરની જીત છતાં પોતાની જાતને નિષ્ફળ થયેલ જુએ છે. જે બઆલના ૪૫૦ પ્રબોધકોની આગળ ઉભો રહયો હતો તે એક સ્ત્રી આગળ ઉભો રહી શકતો નહોતો. શું બનાવોના આવો વળાંક સમજી શકાય? હા સાચે જ. ઘણાં પુરૂષો અને સ્ત્રીઓએ પોતાની સફળતાની ટોચને ખેદાન મેદાન કરી નાખનાર નિષ્ફળતાની લાગણી તરીકે જોઈ છે. હતાશા ઘણીવાર હર્ષ જાગ્યા બાદ આવે છે.

ચાર્લ્સ સ્પર્જન તેનું એક ઉદાહરણ છે. તેમની સેવાના ૧૮૫૪ થી ૧૮૯૧ વચ્ચેના સમય ગાળામાં લંડનમાંની મેટ્રોપોલિટન ટેબરનેકલ મંડળી ૨૩૨માંથી ૫૩૧૧ સુધી વૃધ્ધિ પામી. ૧૮૬૧માં, ૩૬૦૦ માણસ બેસી શકે તેવી નવી વ્યવસ્થામાં ૫૬૦૦ કરતાં વધારે

માણસોથી ભરાઈ જતી, છતાં તેમાંથી ઘણાં પછીથી જતા રહયા. એ નવાઈની વાત નથી કે સ્પર્જન "ઉપદેશકોના રાજકુમાર"[૨૨] તરીકે જાણીતા હતા. લોકોએ તેમની સફળતા જોઈ. જો કે કિંમત માત્ર તેઓજ જાણતા હતા. ૧૮૬૬માં એક ભાષણમાં તેમણે કબૂલ્યું કે, "હું આત્માની હતાશામાં ગરક થઈ જવાથી ભયભીત થઈને આશા રાખું છું કે જે બેહદ પરિસ્થિતિમાંથી હું પસાર થઈ રહયો છું તેવું તમારામાંથી કોઈને કદી પણ ન થાય."[૨૩]

બીજા બધા લોકો માટે સામર્થ્યનો પરચો બતાવનાર, એલિયાહ ઈઝબેલ રાણી કે જેણે બઆલનું ભજન કરવાની સ્થાપના કરી હતી તેને સમજાવી શકયો નહી. શું તેને એવું લાગ્યું કે જયાં સુધી રાણીને સમજાવી શકાય નહી ત્યાં સુધી બીજું કશું બદલાવાનું નથી? જો તેમ હોય તો, આકાશમાંથી પડેલા અગ્નિ એ માત્ર વાસણમાંનો ભડકો હતો." સનસનાટી મચાવે તેવા વિજયે કશું જ મેળવ્યું નહિ. નિરાશા વ્યાપી ગઈ.

**પ્રથમ શ્વાસોચ્છવાસથી થાક**

એલિયાહ થાકી ગયો હતો, તે હાંફી ગયો હતો. તે છોડી રહયો હતો. તે આગળ જઈ શકે તેમ નહોતો. બધું બળીને ખલાસ થઈ ગયું હતું તેવી તેની પરિસ્થિતિ હતી. તેનો પ્રથમનો શ્વાસોચ્છવાસ ખલાસ થઈ ગયો હતો. જો તેને બીજો શ્વાસોચ્છવાસ ન મળ્યો હોત તો તે ખતમ થઈ જાત.

તેનો પ્રથમનો શ્વાસોચ્છવાસ ઘણી રીતે પ્રગટ થયો હતો. તે બધા એલિયાહના અનુભવોમાં દેખાય છે. દોડ હરીફાઈમાં દોડવીર કહે છે, "હું આગળ જઈ શકતો નથી. હું હરીફાઈ કરી શકતો નથી. હું

હવે તેમાં ચાલુ રહી શકતો નથી. હું હરીફાઈમાંથી બહાર થઈ ગયો છું." એલિયાહે એવું જ કહયું. (૧ રાજા ૧૯: ૪, ૧૦)

" હવે તો બસ થયું, હવે તો હે યહોવા, મારો જીવ લઈ લે, કેમકે હું મારા પિતૃઓ કરતાં સારો નથી. " "સૈન્યોના દેવ યહોવાને સારૂ મને ઘણી જ આસ્થા ચઢી છે, કેમકે ઈસ્ત્રાએલ પુત્રોએ તારા કરારનો ત્યાગ કર્યો છે, તારી વેદીઓને પાડી નાખી છે, તારા પ્રબોધકોને તરવારથી મારી નાખ્યા છે અને હું હા, હું એકલો જ બચી રહયો છું, અને તેઓ મારો પણ જીવ લેવા શોધે છે. "

આપણે અહીં લાગણીઓની આખી શૃંખલા જોઈએ છીએ.

- પરાજય ("હવે તો બસ થયું")
- નિરાશા ( "મારો જીવ લઈ લે " )
- દોષિતપણું ( " હું મારા પિતૃઓ કરતાં સારો નથી. " )
- સ્વદયા ( " સૈન્યોના દેવ યહોવાને સારૂ મને ઘણી જ આસ્થા ચઢી છે. " )
- એકલવાયાપણું ( " હું એકલો જ બચી રહયો છું. " )
- બીકગભરાટ ( " અને તેઓ મારો પણ જીવ લેવા શોધે છે. " )

એલિયાહ દોષિતપણાની અને સતાવણીની એમ બન્ને લાગણીથી પીડાતો હતો. જેનું સંયુકત મિશ્રણ, રૂદન અને મોત માટેના પોકાર તરફ દોરી ગયું.

શા માટે તે આ પ્રકારે અનુભવતો હતો? શું તેણે બઆલના પ્રબોધકો ઉપર હમણાં મહાન વિજય મેળવ્યો નહોતો? શું તેણે લોકોને દેખાડયું નહોતું કે સાચો અને જીવતો દેવ કોણ છે? જયારે આપણે આપણી જાતને સલામતીની બહાર ધકેલીએ છીએ, તરત

આપણે શીખીએ છીએ કે વિજય અને પરાજય વચ્ચે, હર્ષ અને માનસિક વેદના વચ્ચે કેવી પાતળી રેખા દોરાયેલી છે. એલિયાહની વાર્તા બતાવે છે કે કેટલી સફળતાથી આપણે થાકમાં ભાંગી પડીએ છીએ અને ગમગીનીમાં સરકી જઈએ છીએ. એલિયાહને તેના પ્રથમ શ્વાસ દરમિયાન નીચે પાડવા માટે ઘણાં બધાં પરિબળો એક સાથે આવ્યાં.

પ્રથમ, તે શારિરીક રીતે થાકી ગયો હતો. ૧લા રાજાના પુસ્તકમાંના વર્ણન પ્રમાણે તેણે બેરશેબા સુધી લગભગ ૮૦ માઈલ મુસાફરી કરી હતી. ત્યારબાદ એક દિવસ જેટલી મજલ અરણ્યમાં અને ત્યાંથી બીજા ચાલીસ દિવસ હોરેબ સુધી. જો આપણે આજે આ અંતર વિમાન માર્ગે કાપીએ તો પણ આપણે થાકી જઈએ. એલિયાહ શારીરિક રીતે ઘસાઈ ગયો હતો.

બીજું, તે લાગણીઓથી દબાઈ ગયો હતો. તેણે એકલા હાથે બઆલના ૪૫૦ પ્રબોધકોનો સામનો કર્યો હતો. તેમને પડકાર્યા હતા અને તેમની હાંસી ઉડાવી હતી. તેણે આખો દિવસ સખત લડાઈમાંપસાર કર્યો હતો. તેણે તેની બધી લાગણીઓની શકિત ખર્ચી નાખી હતી.

ત્રીજું, એલિયાહ આધ્યાત્મિક રીતે ખલાસ થઈ ગયો હતો. તે અંધકારના પરિબળો સાથે આત્મિક લડાઈમાં ઉતર્યો હતો. તેનો વિશ્વાસ ખેંચાઈ ગયો હતો. તેણે પોતાના દેવને વિનંતી કરી હતી. તેણે તેની પ્રાર્થનાઓના ઉત્તર જોયા હતા. પ્રથમ આકાશમાંથી અગ્નિ માટે અને પછી વર્ષોના દુકાળનો અંત લાવવા વરસાદ માટે. શારીરિક, માનસિક અને આધ્યાત્મિક રીતે એલિયાહે તેના શકિતના જથ્થાને ખર્ચી નાખ્યો હતો. તે એક દોડવીર જેવો હતો કે જેણે

ઉતાવળથી શરૂઆત કરી. તેણે બંદૂકની ગોળીની જેમ ઝડપ કરી હતી. તે અંતિમ રેખાને સૌથી પહેલો પહોંચવા આત્મવિશ્વાસી હતો. પરંતુ થોડીવારમાં થાક વરતાયો અને તેને લાગ્યું કે તે પૂરું કરી શકશે નહી.

આપણે ઘણીવાર આપણી જાતને આવી પરિસ્થિતિમાં જોઈએ છીએ. આપણે જીવનમાં શરૂઆત કરીએ છીએ, એવું માનતા કે આપણે કરી શકીશું અથવા આપણે આપણું ખ્રિસ્તી જીવન શરૂ કરીએ છીએ, ખૂબજ આનંદ અને ઉત્સાહ સાથે. આપણે માનીએ છીએ કે ઈશ્વર પાસે કશું શકય નથી. આપણે માનીએ છીએ કે આપણે તે કરવાના છીએ. આપણે આગળ વધીએ છીએ, ત્યારે કશુંક આપણને અથડાય છે. તે શારીરિક થાક, નિષ્ફળતાંની નજીવી લાગણી અથવા એવી લાગણી કે આપણે એકલા છીએ અને કોઈ કાળજી રાખતું નથી એવી લાગણીઓ તે ગમે હોય. આપણે આત્મવિશ્વાસ ગુમાવીએ છીએ અને આપણી જાતને કહીએ છીએ, " હું કરી શકવાનો નથી. "

પાળક તરીકે હું ઘણાં લોકોને આવી પરિસ્થિતિમાં મળ્યો છું.

- એક કુંવારી સ્ત્રી કે જેણે પતિ માટે રાહ જોવાનું છોડી દીધું.- પોતે તરછોડાઈ ગઈ છે એવી ભાવનાઓથી તેણી જીવન અને સંઘર્ષથી હતાશ થઈ ગઈ.
- એક દંપતિ જેમને બાળકો થતાં નહોતાં– ઈશ્વરના પ્રેમ વિશે શંકા કરતા અને ઈશ્વર કે બીજું કોઈ તેઓ કેવા પ્રકારની લાગણી અનુભવે છે, તે વિશે સંશય કરતા.
- એક જુવાન વ્યકિત કે જે એના એજ પાપમાં પડે છે.- દોષીપણાએ તેને એવો ભરડો લીધો હતો કે તે સમજતો હતો કે

એકમાત્ર છૂટકારો પોતાની જાતનો નાશ અથવા આત્માહત્યા છે.

- આધેડ વયની વ્યકિત કે જે પોતાના કામમાં ત્રાસદાયક રીતે ફસાઈ ગઈ છે, પરંતુ બીજું કશું હવે તે કરી શકતી નથી. કંટાળો તેને અંદરથી ખાઈ જાય છે.

ઈશ્વર આપણી સાથે આવી પરિસ્થિતિઓમાં કેવી રીતે વર્તે છે? ઈશ્વર એલિયાહ સાથે કેવી રીતે વર્ત્યા? પ્રથમ ત?, ઈશ્વરે દૂત દ્વારા એલિયાહ સાથે વાત કરી. એલિયાહ એટલો બધો થાકી ગયો હતો કે તે સૂઈ ગયો હતો. દૂતે કહયું, " ઉઠીને ખા " (ક. ૫) ફરીથી કલમ ૭ માં તેણે કહયું, " ઉઠીને ખા, કેમકે તારે લાંબી મજલ કાપવાની છે. "

## બીજો શ્વાસોચ્છ્વાસ મળવો

તે સમયે એલિયાહને જેની જરૂરિયાત હતી તે તો આરામ અને ખોરાક હતા. ઈશ્વરે એલિયાહના શરીર ધ્વારા વ્યવહાર કરવાનું શરૂ કર્યુ. પ્રબોધકે તેના શરીરને ખૂબ થાક પહોંચાડીને શિક્ષા કરી હતી. ઈશ્વર તેને તેની શારીરિક જરૂરિયાતોનો ખ્યાલ રાખવાનું કહેતા હતા. ઘણીવાર આપણે એટલા આધ્યાત્મિક બની જઈએ છીએ કે આપણે શારીરિક બાબતોની અવગણના કરીએ છીએ. પરંતુ આપણે શારીરિક અસ્તિત્વ ધરાવીએ છીએ અને આપણાં શરીરને આરામ અને પોષણની જરૂર છે.

હાગ્ગાય ઈન્સ્ટિટયૂટ ખાતે અમે આખી દુનિયામાંથી ખ્રિસ્તી આગેવાનોને, આગેવાની અને સુવાર્તા પ્રચારની તાલીમ આપવા માટે બોલાવીએ છીએ. ઘણા ઘણી લાંબી અથાક, સમર્પિત સેવાઓ

બાદ અમારી પાસે આવે છે. ઘણા વિકાસ પામતાં દેશોનાંઆગેવાનો – મંડળીમાં કે નોકરી ધંધામાં ઘણા લાંબા સમય સુધી અનિયમિત કલાકો માટે રજા કે વેકેશન વગર કામ કરે છે. વારંવાર, આ આગેવાનોએ જણાવ્યું છે કે ઈન્સ્ટિટયૂટમાં આવ્યાનો શ્રેષ્ઠ ભાગ તો તેમના થાકેલા શરીરને આરામ અને પોષણ આપવાની તક હતી.

વ્યકિતગત રીતે મેં શોધી કાઢયું છે કે હતાશાનો શ્રેષ્ઠ ઉપચાર એ સારી ઉંઘ છે. કોઈ એ કહયું છે કે, " પરિશ્રમને લીધે લાગતાં થાકમાંથી ઘણો ભય જન્મ લે છે. " જયારે આપણે થાકી જઈએ છીએ ત્યારે, આપણી માન્યતાઓ ભ્રમભરેલી અને નકારાત્મક બને છે. એલિયાહની માફક, આપણે સફળતાને નિષ્ફળતા, નાની ટીકાને મોટો ભય, હંગામી પીછેહઠને દુનિયાના અંતની જેમ જોઈએ છીએ. વિકટર હયુગોએ સલાહ આપી હતી. " જયારે તમે તમારૂં રોજિંદું કાર્ય પૂરૂં કરો છો, ત્યારે તમે ઊંઘી જાઓ, કારણ ઈશ્વર જાગે છે. "

પ્રથમ બાબત ઈશ્વરે એલિયાહને કહી તે તો, આરામ કર અને તારા શરીરને પુનઃતાજગીથી ભરી દે, તે તો બીજા શ્વાસોચ્છવાસની ચાવી છે. ધીમો પડ, પણ છોડી ના દે. શરીરને આરામ આપ.

બીજું, ઈશ્વરે એલિયાહને પ્રશ્ન પૂછયો, " એલિયાહ, તું અત્રે શું કરે છે? " (ક. ૯બ) ફરીથી ક. ૧૩બ માં એક અવાજે તેને કહયું, " એલિયાહ તું અહીં શું કરે છે? "

આ એ જ પ્રકારનો પ્રશ્ન છે કે ઈશ્વરે આદમને એદનવાડીમાં પૂછયો હતો, " તું કયાં છે? " (ઉત્પત્તિ ૩:૯) શું ઈશ્વર નહોતા જાણતા? શું તેમને ખબર નહોતી કે આદમ કયાં હતો? અલબત્ત,

તેઓ જાણતા હતા. શું તેમને ખબર નહોતી કે એલિયાહ ત્યાં શું કરી રહયો હતો? અલબત્ત, ખબર હતી. તો શા માટે તેઓ પૂછતા હતા? ઈશ્વર પૂછી રહયા હતા કારણ કે તેઓ ઈચ્છતા હતા કે આદમ બોલે. તેવુંજ એલિયાહ માટે પણ હતું. એલિયાહને બોલવાની, પોતાની જાતને પ્રદર્શિત કરવાની, અને પોતાના મનને ખાલી કરવાની તક ઈશ્વર આપવા માગતા હતા.

જયારે આપણે શારીરિક, માનસિક અને આત્મિક રીતે થાકી જઈએ છીએ ત્યારે આપણને કોઈની સાથે વાત કરવાની ઈચ્છા થતી નથી, આપણે એકલાં હોઈએ અને કોઈ આપણને સમજતું નથી તેવું અનુભવીએ છીએ. જેવી રીતે એલિયાહે વિલાપ કર્યો, " હું એકલો જ બચી રહયો છું, અને તેઓ હવે મારો પણ જીવ લેવા શોધે છે. " આપણે હવે આગળ જોઈશું કે પ્રબોધક તેની ઈસ્ત્રાએલના દેવ પ્રત્યેની વફાદારીમાં એકલો નહોતો.

શરીરને આરામ આપવા ઉપરાંત આપણે આપણા મનને ખુલ્લું કરવાની જરૂર હોય છે. આપણે કોઈની સાથે વાતચીત કરવાની જરૂર હોય છે. આપણું મન જણાવવા અને તે વ્યકિત આગળ હ્રદય ખોલવા વિકલ્પ તરીકે, આપણે આપણી જાતને પ્રાર્થનામાં ઈશ્વર સમક્ષ રજૂ કરી શકીએ. જેમ એલિયાહે કર્યું તેમ. બીજા સાથે વાત કરવી કે ઈશ્વરને પ્રાર્થના કરવી એ, આપણે શું વિચારીએ છીએ અને શી લાગણી અનુભવીએ છીએ તે જાણવા મદદરૂપ બને છે. તે મનને ખુલ્લું કરે છે, મનની બારીઓ ખોલી નાખે છે, વાસી હવાને બહાર જવા દઈ તાજી લહેરને અંદર આવવા દે છે.

### મેઘગર્જના વચ્ચે ઝીણો સાદ

ત્રીજું, અને ઘણું અગત્યનું. ઈશ્વરે પોતાની જાતનું પ્રકટીકરણ એલિયાહને કર્યું. એલિયાહ ઈશ્વરને જાણતો નહોતો

એવું નહોતું. તેણે ઈશ્વરમાં ખૂબ જ વિશ્વાસ મૂકયો હતો અને વિશ્વાસુપણે સેવા કરી હતી. પરંતુ આપણામાંથી કોઈ ઈશ્વરને સંપૂર્ણપણે જાણતા નથી. આપણે હંમેશા શીખતા હોઈએ છીએ.

ઈશ્વરના વ્યકિતત્વના ઘણાં પાસા છે, અને આપણા જીવનના જુદા જુદા સમયે આપણે ઈશ્વરની નવી લાક્ષણિકતાની કદર કરવાની જરૂર છે. જીવનની આ પળે એલિયાહને ઈશ્વરના નવા પ્રકટીકરણની જરૂર હતી. પ્રબોધકે જેની અપેક્ષા રાખી નહિ હોય, એવી રીતે ઈશ્વર પોતાની જાતને પ્રગટ કરવા માગતા હતા.

પછી ભારે તથા જોરાવર વાયુ પર્વતોને ફાડતો યહોવાની સંમુખ ખડકોના ટુકડેટુકડા કરતો હતો, પણ એ વાયુમાં યહોવાહ નહોતો, અને વાયુ પછી ધરતીકંપ થયો, પણ એ ધરતીકંપમાં યહોવા નહોતો, અને ધરતીકંપ પછી અગ્નિ પ્રગટયો, પણ તે અગ્નિમાં યહોવા નહોતો. અને અગ્નિ પછી એક કોમળ ઝીણો સાદ સંભળાયો. (૧ રાજાઓ ૧૯: ૧૧–૧૨)

ઈશ્વરે આશ્ચર્યચકિત કરે તેવો અવાજ અને અતિરેક અજવાળું એલિયાહને સારૂ ધારણ કર્યા હતા અને અગ્નિ પછી તરત જોરાવર વાયુ પસાર થયો. તેના પગ તળેની જમીનમાં ધરતીકંપ થયો અને ઝાડવા મધ્યે અગ્નિ પ્રગટયો. પરંતુ આ હિંસક અને નાટકીય પ્રકટીકરણ મારફતે ઈશ્વર તરફથી કંઈ આવ્યું નહિ. તેને બદલે જયારે પવન શાંત પડયો, ત્યારે ધરતીકંપ બંધ થયો અને અગ્નિ બુઝાઈ ગયો ત્યારે ઈશ્વર કોમળ સાદ (NIV) અથવા શાંત, ઝીણો અવાજ (KJV) મારફતે બોલ્યો.

ઈશ્વરે શું કહયું તે આપણને કહેવામાં આવ્યું નથી. તે કઈ મહત્તવની બાબત હતી તે જાણવાની જરૂર નથી. કારણ કે આ

કિસ્સામાં માધ્યમ એ સંદેશો હતો. એલિયાહ " અગ્નિનો પ્રબોધક " તરીકે ઓળખાય છે. તેણે દહનાર્પણ પર આકાશમાંથી અગ્નિ ઉતાર્યો. જો જરૂર હોય તો, તે તેના દુશ્મનો પર અગ્નિ બોલાવી શકયો હોત અને વળી ઈસ્ત્રાએલ દેશ પર પણ બોલાવી શકયો હોત. તે સાચે જ માનતો હતો કે ઈશ્વરને વફાદાર એવો તે એકલો જ બચી ગયો હતો.

એલિયાહ અતિ ઉત્સુક અને જુસ્સાવાળો વ્યકિત હતો. અને બેશક તેણે ઈશ્વરને તેના વ્યકિતત્વ પ્રમાણે ઓળખ્યા હતા. ઈશ્વર ઉચ્ચ, આદર્શ ઈશ્વર હતા, એક સંપૂર્ણ કે જે ભૂલ માટે જરાપણ અવકાશ ચલાવતા નહોતા, કે જેણે અતિઉત્તમ અને તેનાથી જરાપણ ઉતરતું માગ્યું નહોતું. શું તેથી એલિયાહ પોતાની જાતને નિષ્ફળ સમજતો હતો? જોકે તેણે બઆલના પ્રબોધકો અને ભજન કરનારાઓ સબંધમાં તેમની આગળ ચમત્કાર કર્યો હતો. જોકે તેણે સ્વીકાર્યું હતું કે છેવટે તો તે નિષ્ફળતા જ હતી. તેને ખાતરી હતી કે ઈશ્વર તેને નકારી કાઢે છે. તેથી તે પોકારી ઉઠયો, " મારો જીવ લઈ લે, હું મારા પિતૃઓ કરતાં સારો નથી. "

ઈશ્વર તે વાયુ, ધરતીકંપ અને અગ્નિનો ઈશ્વર છે તેમાં કોઈ શંકા નથી. પરંતુ એલિયાહ તેના જીવનના આ સમયે તેના પ્રથમ શ્વાસથી થાકી ગયો હતો, તેને ઈશ્વરના બીજા પાસાને જાણવાની જરૂર હતીઃ ઝીણા કોમળ સાદવાળો ઈશ્વર. બીજા શ્વાસોચ્છવાસને શોધવા તેણે ઈશ્વરને નવેસરથી ઓળખવાની જરૂર હતી.

ઈશ્વર કડક, વિવેકહીન વ્યકિત નથી. હા, તેમને આપણી તરફથી શ્રેષ્ઠ જોઈએ છીએ, પરંતુ તેઓ એ પણ સમજે છે કે આપણે ધૂળ છીએ. એ.ડબ્લ્યુ. ટોઝરે કહયું છે કે, " હું જયારે જુવાન ખ્રિસ્તી

તરીકે ઈશ્વરની સેવા કરવા માટે મારી શ્રેષ્ઠતાથી ઝઝૂમી રહયો હતો ત્યારે કોઈ એક એવી બાબતે મને ખૂબ જ સહાય કરી. મેં એવી દુ:ખદ લાગણી અનુભવી કે હું તે કરી શકતો નથી. તેણે ઈશ્વર વિષે કહયું હતું કે, "તેમને" ખુશ કરવા અઘરૂંનથી, છતાં તેમને સંતોષવા અઘરૂં હોઈ શકે. તેમણે પોતે પ્રથમ પોતાને આપી દીધા તે આપણે જાણીએ એવી આપણી પાસેથી અપેક્ષા રાખે છે. તેઓ તેને ખુશ કરવા માટે દરેક સામાન્ય પ્રયત્નો કરવા તે ઉતાવળ કરે છે અને જયારે તેઓ જાણે છે કે આપણે તેમની ઈચ્છા પ્રમાણે કરીએ છીએ, એટલી જ ઉતાવળે અપૂર્ણતાને નજર અંદાજ કરે છે."[૨૪]

જયારે આપણે આપણા હૃદયથી ઈશ્વરની સેવા કરીએ છીએ, તેઓ તે જુએ છે અને આપણાથી ખુશ થાય છે. પરંતુ તેમની જરૂરીયાત એટલી ઉંચી છે કે ભાગ્યે જ આપણે તેને સંતોષી શકીએ. તેમ છતાં તેઓ પ્રસન્ન થાય છે.

અમારી નાની દિકરી જયારે તે નાની હતી ત્યારે તેને નાની નાની ચિઠઠીઓ મને લખવાનું ગમતું હતું. પાળક તરીકે હુંમારા ઘરથી બહાર વારંવાર રહેતો જેથી હું તેને ઘણી વાર મળી શકતો નહોતો. તેણી નાની નાની ચિઠઠીઓ લખતી અને મારા ટેબલ પર મુકી દેતી. દા.ત. તેણી લખતી કે " મારે ૨/– ડોલર મારી સ્કૂલમાં પર્યટન જવા જોઈએ છે. " અથવા " શું હું મારા મિત્રો જોડે શનિવારે ફરવા જાંઉ? " કેટલીક વાર તેણી લખતી તેનો દિવસ કેવો ગયો અથવા તે કેવી રીતે આગળ વધી રહી છે. તેણી મને ચિઠઠી લખે તે મને ગમતું. હકીકતમાં હું તે ભેગી કરતો અને ફાઈલમાં મૂકતો. તેની ચિઠ્ઠીઓ મને ગમતી. જોકે મને લાગતું કે તેણે પોતાના અક્ષરો અને જોડણી સુધારવાની જરૂર હતી. તેના ગૂંચળાવાળા અક્ષરો કયારેક વાંચી શકાય નહી તેવા અને તેનું વ્યાકરણ અને જોડણી અમૂક સમયે અતિશય ખરાબ હતા. મને સંતોષ થતો નહી છતાં હું ખુશ થતો હતો.

એલિયાહે જાણવાની જરૂર હતી કે તેણે જે કર્યું હતું તેનાથી ઈશ્વર ખુશ હતા. તે દ્વારા એલિયાહના હેતુ પૂરા થયા નહી હોય અથવા પ્રબોધકની ધારણા પ્રમાણે ઈશ્વરને સંતોષ પમાડયો નહી હોય તેમ છતાં, આપણો ઈશ્વર તે કૃપાનો, ભલમનસાઈ અને ઝીણા કોમળ સાદનો ઈશ્વર છે. યશાયાહ પ્રબોધકે ઈશ્વર વિષે શું એવું કહયું નથી? કે, " છૂંદાયેલા બરૂને તે ભાંગી નાંખશે નહિ, અને મંદમંદ સળગતી દિવેટને તે હોલવશે નહિ. " (યશાયા ૪૨:૩)

છેવટે, ઈશ્વરે એલિયાહને કહયું કે, તે એકલો બચી ગયો છે એમ નથી. પરિસ્થિતિ આશાવિહિન નથી. ઈશ્વર હજુ પણ કાબૂ ધરાવતા હતા. એલિયાહ તે કેવળ એક જ નથી કે જેને ઈશ્વર તેના હેતુ પૂરા કરવા વાપરે. બીજી પણ વ્યકિતઓ હતી જેમકે હઝાએલ, યેહૂ અને એલીશા. ખરું જોતાં તો ઘણા બધા હતા.

" યહોવાહે તેને કહયું, કે અરણ્યને માર્ગે થઈને દમસ્ક પાછો જા, અને તું ત્યાં પહોંચે ત્યારે હઝાએલનો અભિષેક કરીને તેને અરામનો રાજા ઠરાવજે, અને નિમ્શીના દીકરા યેહૂનો અભિષેક કરીને તેને ઈસ્ત્રાએલનો રાજા ઠરાવજે, અને અબેલ –મહોલાહ –વાસી શાફાટના દીકરા એલીશાનો અભિષેક કરીને તેને તારી જગાએ પ્રબોધક ઠરાવજે, અને એમ થશે કે હઝાએલની તરવારથી જે બચી જશે તેને યેહૂમારી નાખશે, અને યેહૂની તરવારથી જે બચી જશે તેને એલીશા મારી નાખશે. તોપણ હુંમારે માટે ઈસ્ત્રાએલમાં એવા સાત હજારને બચાવીશ કે જે સર્વનાં ઘૂંટણ બઆલની આગળ કદી નમ્યા નથી, ને જેઓમાંના કોઈના મુખે તેને ચુંબન કર્યુ નથી. " (૧ રાજા ૧૯: ૧૫–૧૮)

બીજા સાત હજારે એ યહોવાહ પર ભરોસો રાખ્યો હતો, અને એલિયાહે વિચાર્યુ કે તે એકલો હતો. પ્રબોધકે ઉદાસ થઈને બેસી

જવાની જરૂર નહોતી. હજુ કામ કરવાની જરૂર હતી. પરંતુ તેણે એકલાએ નહીં. તેણે બે રાજાઓને શોધીને તેમનો અભિષેક કરવાનો હતો અને તેની જગાએ એક પ્રબોધક ઠરાવવાનો હતો. એલિયાહ જેને મસીહી ગ્રંથિ કહી શકાય તેથી પીડાતો હતો. અને એવું સમજતો હતો કે તેણે દુનિયાના બધા જ પ્રશ્નોનો ઉકેલ કરવો જ જોઈએ અને વળી તે બધું પોતાની જાતે જ. બીજો કોઈ તે કરી શકે નહીં. કેટલું ખોટું! ઈશ્વરના મનમાં બીજાઓ પણ હતા.

સાચે જ, ઈશ્વર માટે આપણે અનિવાર્ય નથી. અથવા આપણે આપણી મંડળી કે સંસ્થા માટે અનિવાર્ય નથી. હાગ્ગાય ઈન્સ્ટિટયૂટમાં અમારા સેમીનારના પ્રતિનિધિઓ ત્રણથી ચાર અઠવાડિયા તેમના ઘરથી દૂર ગાળે છે. ઘણી બધી અદ્‌ભૂત બાબતોમાંથી એક જે તેઓ શીખે છે કે, તે એ છે કે, તેમના ઘરે તેમની પાછળ મંડળીઓ, ઓફિસો અને ધંધા–વ્યવસાય તેમના વગર રહી શકે છે. હકિકતમાં તો તેમના વગર સમૃધ્ધ પણ થઈ શકે છે. કેટલું સુંદર, આશ્ચર્યજનક, એ કે આપણે જાણી શકીએ છીએ કે આપણે એકલા જ અનિવાર્ય નથી.

ઈશ્વર આપણને આપણે છેક નિર્ગત થઈ જઈએ ત્યાં સુધી લઈ જાય છે, જેથી આપણે બીજાઓને બોલાવીએ અને આપણું કામ વહેંચીએ. એલિયાહે એલીશાને તેની સાથે તેના કામમાં જોડાવા બોલાવવાનો હતો. આપણે જ એકલા નથી કે જેને ઈશ્વર વાપરે છે તે શીખવા માટે આપણાં સ્વાભિમાનને ઠેસ પહોંચી શકે. પરંતુ તે ચોકકસ આપણને બીજો શ્વાસ મેળવવા માટે મદદરૂપ થાય છે કે જયારે આપણે બીજા ભાગીદાર, સાથીદાર કે નવા શિખાઉને આપણી સાથે બોલાવીએ છીએ.

જયારે તે પ્રથમ શ્વાસથી થાકી ગયો હતો ત્યારે ઈશ્વરે એલિયાહને બીજો શ્વાસ મેળવવા માટે કેવી રીતે મદદ કરી? ઈશ્વરે

પ્રબોધક સાથે સ્પષ્ટ રીતે અને પ્રેમાળ ભાવથી વ્યવહાર કર્યો. આપણે ઈશ્વરનો તેને આપેલ સંદેશ નીચે જણાવ્યા મુજબ સારાંશ કરી શકીએ.

- તારા શરીરને આરામ આપ.
- તારા મન સાથે વાત કર.
- ઈશ્વરને ઓળખ.
- કામની વહેંચણી કર.

ઈશ્વરે એલિયાહને કહયું, " તું મહાન કાર્ય કરે છે, પરંતુ તારે આરામની જરૂર છે. તું મહાન કાર્ય કરે છે, પરંતુ તું એકલો જ આ કરે છે તેવું નથી. તું મહાન કાર્ય કરે છે, પરંતુ યાદ રાખ, હું અગ્નિનો ઈશ્વર સખત ઈશ્વર નથી. હું ઝીણા કોમળ સાદવાળો પણ ઈશ્વર છું. તું મહાન કાર્ય કરે છે, પરંતુ તેને તારા પૂરતું સિમિત ન રાખ. બીજાઓ સાથે વહેંચ. "

જો આપણે આપણી જાતને આ સંદેશની યાદ અપાવીએ છીએ તો આપણે આપણા થકાવટના સ્થળને દૂર ધકેલીએ છીએ અને શકિતનો નવો સ્ત્રોત – બીજો શ્વાસોચ્છવાસ મેળવીએ છીએ જે આપણને શરતમાં આગળ લઈ જાય છે.

# પ્રકરણ – ૭

# નહેમ્યાહઃ દૂરના અંતરથી દર્શન

હ' કયાં ઉભા રહેવાનું તે મને બતાવો અને
હું આખી પૃથ્વીને ખસેડીશ. "
આર્કિમીડીસ

જોન વેસ્લી, ન્યુ વર્લ્ડના જર્યોજિયા કોલોનીમાં નિષ્ફળ સેવાકાર્ય પરથી વહાણમાં ઘેર પાછા ફરતા હતા. આત્મવિશ્વાસ ખલાસ થઈ ગયો હતો અને સ્વશંકાઓથી ભરાએલા તેઓ થોડા મોરાવિયન વિશ્વાસીઓને મળ્યા. તેઓએ તેમને તારણની ખાત્રીના અભાવ વિશે પડકાર આપ્યો. પછીથી લંડનમાં તેઓએ બદલાણનો અનુભવ કર્યો કે જેણે તેમને ઈંગ્લેન્ડના ખૂણા–ખૂણાઓ સુધીની સેવામાં જોતર્યા. ઈંગ્લેન્ડમાં જે તેમણે સફળતાપૂવર્ક પૂર્ણ કર્યુ, તેની શરૂઆત બસ્સો માઈલ દૂરના અનુભવથી થઈ હતી.

જોન સંગ તેમના ઘરથી દૂર એક શહેર, સમુદ્ર અને એક ખંડમાં હતા. જયારે ઉદારમતવાળી વિશ્વવિદ્યાએ તેમને શીખવ્યું કે બાઈબલમાંના ચમત્કારો એક કાલ્પનિક વાર્તાઓ હતી. ત્યારે એક પાળકના પુત્ર તરીકે ઉછરેલા તેઓ હતાશ થઈ ગયા. ત્યારે ન્યુયોર્કની ઈશ્વરવિદ્યા શાળામાં તેમણે દર્શન જોયું, જેણે તેમનાં જીવનને બદલી નાખ્યું. તેઓ ચીન પાછા ફર્યા અને પંદર વર્ષ સુધી આધ્યાત્મિક જાગૃતિ અને બદલાણના ચિહ્નો પૂર્વ અને દક્ષિણ પૂર્વ એશિયાના દેશોમાં મુકતા ગયા. જે તેમણે એશિયામાં સફળતાપૂર્વક પૂર્ણ કર્યું, તેની શરૂઆત ઘરથી હજારો માઈલો દૂરના અનુભવથી થઈ હતી.

શું અંતર વિશે કંઈક એવું છે કે જે આપણી જાતને અને આપણા જીવનના સેવાકાર્યને વધારે સ્પષ્ટ રીતે સમજવા મદદ કરે છે? નહેમ્યાહે બંદીવાસમાં યરૂશાલેમની જરૂરીયાત દૂરના અંતરથી જોઈ અને તેની દિવાલો અને નીતિમત્તા બાંધવા માટે પાછો આવ્યો. ઉકિત પ્રમાણે, આપણે નજદીક કરતાં દૂરથી વધારે સારૂં જોઈ શકીએ છીએ અને સાંભળી શકીએ છીએ. નહેમ્યાહે યરૂશાલેમમાં જે સફળતાપૂર્વક પૂર્ણ કર્યું, તે અભિયાનની શરૂઆત શહેરથી દૂર થઈ હતી.

હ'વીસમા વર્ષના કિસ્લેવ માસમાં હું સૂસાના કિલ્લામાં હતો ત્યારે એવું બન્યું કે, મારા ભાઈઓમાંનો એક હનાની તથા યહુદિયામાંથી કેટલાક માણસો ત્યાં આવ્યા, અને બંદીવાસમાંથી છૂટેલાઓમાંના જે યહુદીઓ જીવતા રહયા હતા, તેઓ વિષે તથા યરૂશાલેમ વિષે મેં તેમને પૂછયું. તેઓએ મને કહયું કે, બંદીવાસમાંથી જેઓ ત્યાં પ્રાંતમાં જીવતા રહેલા છે તેઓ પણ સંકટમાં તથા અધમ દશામાં પડેલા છે, યરૂશાલેમનો કોટ પણ તોડી પાડવામાં આવેલો છે, અને તેના દરવાજા બાળી નાંખવામાં આવેલા છે." (નહેમ્યાહ ૧: ૧–૨)

તે દરમિયાન બંદીવાનોના બે જૂથ યરૂશાલેમ પાછા ફર્યા હતા. તેઓ યાજક ઝરૂબાબેલ તથા એઝરાની આગેવાની હેઠળ પાછા ફર્યા હતા. તેઓ ખૂબ ઉત્તેજના સાથે નીકળ્યા હતા. પરંતુ બધું ખેદાનમેદાન થયેલું જોવા મળ્યું. તેઓએ શહેરનો દરવાજો બળી ગયેલો, તેની દિવાલો તૂટી ગયેલી અને લોકોને આત્માવિહીન જોયા.

તે દિવસોમાં, દરવાજા અથવા દિવાલો વગરનું શહેર એટલે સલામતી કે ઓળખ વગરનાં લોકો. દરવાજા વગર રહેવાસીઓને

અંદર અને ઘૂસણખોરોને બહાર રાખવા કોઈ સલામતીનો અહેસાસ અનુભવી શકતું નહીં. દિવાલો વગર શહેરની હદ ન હોવાથી કોઈ પણને એવી લાગણી થતી કે તેઓ કયાંના વતની છે. નીતિમત્તા નીચી અને જીવન ભયમાં હતું.

તે બાબિલોન રાજયના મોટા શહેર સુસા, જે દૂરનાં અંતરે, ભવ્ય અને સુરક્ષિત શહેર હતું તેમાં રહેતો હતો. તે મહેલમાં કામ કરતો હતો કે જે એશઆરામનો ખોળો હતો. તે રાજાના પાત્રવાહક તરીકેના હોદ્દા સુધી આગળ આવ્યો હતો. તે હલકા પ્રકારની ભૂમિકાવાળું કામ નહોતું. તે રાજાને માટે તેનો ખોરાક અને પીણાં લાવતો, અને રાજાને આપતાંપહેલા ચાખતો. આવો હોદ્દો નહેમ્યાહ ધરાવતો હતો. આવો હોદદો એટલે નહેમ્યાહ પર રાજયના શકિતશાળી વ્યકિતનો ભરોસો ઉપરાંત નહેમ્યાહનું સાંભળવું.

બેશક, નહેમ્યાહ સારી એવી વગ ધરાવતો હતો અને જેઓ પોતાની વાત રાજાના કાને નાખવા માગતા હોય તેઓ પાસેથી ઉપકાર મેળવીને અતિ ધનવાન થઈ શકયો હોત. તે મહેલના આરામ અને અનુકૂળતાનો આનંદ માણતો હતો. શા માટે તેણે યરૂશાલેમમાંના લોકો વિષે ચિંતા કરવી જોઈએ?

વીસમી સદીના શરૂઆતના ભાગમાં જયારે સ્થળાંતર કરનારાઓએ ચીનનો દરિયાકિનારો નાન્યંગ અથવા દક્ષિણ સમુદ્રના મલાયા–સિંગાપુર અને તે વિસ્તારના બીજા દેશો તરફ જવા સારૂ છોડયો, ત્યારે તેઓ કદી ભૂલી ગયા નહી કે તેઓ કયાંથી આવ્યા હતા. પાછળથી જયારે સામ્યવાદી સત્તા હેઠળ ચીન નબળું પડયું ત્યારે તેની અર્થવ્યવસ્થા પરદેશના ચીની લોકોએ ઘેર નાણાં મોકલી જાળવી રાખી. તેઓ તેમની માતૃભૂમિને ભૂલી ગયા નહીં.

નહેમ્યાહે તેવું કંઈ કર્યું નહી. લગભગ કિશોરાવસ્થામાં તેને બંદીવાસમાં લઈ જવાયો અને પરદેશની ભૂમિમાં તે ઉછર્યો. તે દિવસોમાં એક દેશ બીજાને જીતે તો, તે જીતાએલા દેશના શ્રેષ્ઠ પુરૂષો અને સ્ત્રીઓને લઈ જતા. તેમ કરવાથી વિજયી દેશ હારી જનાર દેશની શ્રેષ્ઠતા પોતે મેળવી લેતા અને વળતા હુમલાની શકયતાને પહેલેથી નાકામિયાબ કરતા. તેનો હેતુ હારી ગયેલા દેશને બદનામ અને નબળો બનાવવાનો હતો.

તેના નવા ઘેર, નહેમ્યાહે (બીજા સમયનો તેનો સમકાલીન વ્યકિત દાનીએલની જેમ) પૂર્વગ્રહ, અલગતા અને વિરોધનો સામનો કર્યો. દેખીતા ગેરલાભ છતાં (અથવા તેના લીધે) તે પોતાની સેવામાં શ્રેષ્ઠ રહયો અને રાજાના મહેલના અગત્યના અધિકારી બનવા માટેની હરોળ સુધી વધ્યો. પરંતુ સ્વીકારી લીધેલા દેશમાં તેને કદી ઘર જેવું લાગ્યું નહી. તેનું હૃદય બીજે કયાંક હતું. દાનિયેલ, કે જે દરરોજ તેનું મોં યરૂશાલેમ ભણી રાખીને પ્રાર્થના કરતો તેની જેમ નહેમ્યાહ પણ ઘરના સમાચાર માટે ક્ષિતિજ ભણી તાકી રહેતો.

## ઘરથી દૂર એવું એક ઘર

આ આશ્ચર્યજનક પણ સાચું છે કે ઘરથી દૂર હોવું આપણને ઘર વિષે વધુ વિચારતા કરે છે. જુદી સંસ્કૃતિમાં જયારે જીવીએ છીએ ત્યારે તે આપણને પોતાની સંસ્કૃતિ વિષે વધારે સભાન બનાવે છે. જયારે મેં પહેલીવાર યુનાઈટેડ સ્ટેટસ ઓફ અમેરિકાની મુલાકાત લીધી અને મારા ચાઈનીઝ મિત્રોના ઘરમાં ગયો ત્યારે મેં દરેક ઘરમાં તેમની કોઈક પ્રખ્યાત ચાઈનીઝ યાદગીરી, ફુલદાની, અથવા ચિત્રો જોયાં. મને નવાઈ લાગી કે શા માટે મેં આ બધું મારા પોતાના ઘરમાં અથવા સિંગાપોર કે જયાં વસ્તી મોટેભાગે ચાઈનીઝ હતી (અને હજુ છે) ત્યાંના મારા મિત્રોના ઘરમાં ન જોયું?

પરદેશી સંસ્કૃતિમાં, નહેમ્યાહ પોતાના લોકો માટે ઉત્કંઠા ધરાવતો હતો. લોકોના પ્રતિનિધિ હનાની પાસેથી સમાચાર આવ્યા. તેઓ સૂસામાં શું કામ કરતા હતા તે આપણને જણાવાયું નથી. પરંતુ નહેમ્યાહે તેમને તેમના દેશ અને શહેર વિષે પૂછયું. તેણે સાંભળ્યું અને તેના સાંભળનારા કાન તેને ભંગિત હૃદય તરફ દોરી ગયા. "જયારે એ ખબર મેં સાંભળી ત્યારે હું બેસીને રડયો, ને કેટલાએક દિવસ સુધી મેં શોક કર્યો. આકાશના દેવની આગળ ઉપવાસ સાથે પ્રાર્થના કરી." (૧ : ૪)

નહેમ્યાહની પ્રાર્થના તે બાઈબલમાં નોંધાયેલી સૌથી શકિતશાળી પ્રાર્થનાઓમાંની એક છે. તેમાં તેણે ઈશ્વરની સ્તુતિ કરી, પોતાનાં પાપ કબૂલ કર્યાં અને પોતાના લોકોના પુનરૂધ્ધારની માંગણી કરી. આ બધામાં સંપૂર્ણપણે તેણે પોતાની જાતને પોતાના લોકોની સાથે રાખી. " તમે " એમ નહીપણ " અમે " એમ વિચાર્યું. તેઓના પાપ તે તેનાં હતાં. " ઈસ્ત્રાએલ પુત્રોએ, મેં તથા મારા પૂર્વજોએ પાપ કર્યુ છે. અમે તારી વિરૂધ્ધ ઘણો દુરાચાર કર્યો છે. જે આજ્ઞાઓ, વિધિઓ તથા હુકમો તેંતારા સેવક મુસાને ફરમાવ્યાં, તે અમે પાળ્યા નથી. " ( ૧ : ૬–૭)

તેની પ્રાર્થનામાં પહેલેથી જ તેણે નકકી કર્યુ હતું કે શું કરવાનું હતું. "આજે કૃપા કરીને તારા સેવકને તું આબાદાની આપ, ને આ માણસની તેના પર કૃપાદ્રષ્ટિ થાય એમ તું કર." (૧:૧૧) નહેમ્યાહે નકકી કર્યું હતુંકે તે તેના લોકોને એક જ રીતે મદદ કરી શકતો હતો અને તે તો તેમની પાસે જવું. પરંતુ તે તો રાજાની સેવામાં હતો. શું રાજા તેને જવા દે? નહેમ્યાહને રાજાની મદદની જરૂર હતી. આપણે યાદ રાખવું જોઈએ કે સંપૂર્ણ રાજાશાહીના જમાનામાં નોકર રાજાના હુકમ અથવા તરંગના ઈશારે જીવતો કે મરતો. શું નહેમ્યાહે યરૂશાલેમ જવા પૂછવું જોઈતું હતું? રાજા કદાચ તેને

વફાદારીના ભંગ તરીકે સમજે તો? કદાચ તે નહેમ્યાહનું કાવતરું હોય તેમ શંકા કરે તો?

નહેમ્યાહની મુશ્કેલ પરિસ્થિતિ બીજા અધ્યાયમાં દેખાય છેઃ " તે સમયે મેં તે દ્રાક્ષારસ લઈને રાજાને આપ્યો. હુંકદી એ પહેલાં તેની હજૂરમાં ઉદાસ થયો નહોતો. રાજાએ મને પૂછયું, કે તું માંદો નથી તેમ છતાં તારૂં મોં કેમ ઉદાસ છે? એ તો મનના ખેદ વગર બીજું કંઈ નથી. ત્યારે હું બહુ જ બીધો." (૨ઃ ૧–૨) નહેમ્યાહના હૃદયમાં બોજ એટલો બધો વધી ગયો કે તે તેના મોં પર દેખાયો. સમજદાર રાજાએ તેની નોંધ લીધી. પરંતુ નહેમ્યાહ શા માટે બીધો?

કદાચ, તેણે વિચાર્યું હશે કે રાજા તેના વર્તનથી નાખુશ થયો હતો. એક નોકર તરીકે તેણે આનંદી સ્વભાવ રાજાની હજૂરમાંરાખવો જોઈતો હતો. શુંતે મહેલના રીતરીવાજથી વિરૂધ્ધ નહોતું કે મોંચઢાવીને રાજાની સેવા થાય? એ જાણીને શું રાજા ક્રોધિત ન થાય કે તેના પ્રજાજન તેના રાજયમાં દુઃખી હોય અને બીજી જગા પસંદ કરે?

નહેમ્યાહે જોખમ લીધું અને તેની ઉદાસીનતા વિષે સત્ય બાબત રાજાને કહી. " ત્યારે હું બહુ જ બીધો મેં રાજાને કહયુંકે રાજા, ચિરંજીવ રહો, જે નગર મારા પિતૃઓની કબરોનું સ્થાન છે તે ઉજજડ પડયું છે ને તેનાં દ્વાર અગ્નિથી ભસ્મ થઈ ગયા છે, તેથી મારો ચહેરો ઉદાસ કેમ ન હોય?" (૨ : ૨–૩)

રાજા સમજદાર હોવાથી તે જાણતો હતો કે નહેમ્યાહ કંઈક માગી રહયો હતો. રાજાએ મને પૂછયું, " તારી અરજ શી છે? " ત્યારે મેં આકાશના દેવની પ્રાર્થના કરી, મેં રાજાને કહયું કે, " જો આપની મરજી હોય અને જો આપના સેવક પર આપની કૃપાદ્રષ્ટિ

હોય, તો યહૂદિયાના જે નગરમાં મારા પિતૃઓની કબરો છે ત્યાં મને મોકલો, તેથી હું તે ફરીથી બાંધુ." (૨ : ૪–૫)

એક જ શ્વાસે, નહેમ્યાહે તેના સ્વર્ગીય માલિકની સાથે વાત કરી તેમજ તેના પૃથ્વી પરના રાજા સાથે પણ વાત કરી. પાત્રવાહક જાણતો હતો કે તેણે હવે કેવા પ્રકારની માગણી રાજા સમક્ષ કરી હતીઃ તેના લોકોને તેની જરૂર હતી. પરંતુ તેને રાજાની પરવાનગીની જરૂર હતી. પણ તેણે માનવી રાજયથી પર દૈવી રાજય કે જેના હાથમાં બધાં રાજાઓ અને દેશોનું પ્રારબ્ધ છે તે તરફ જોયું. તેર અધ્યાયના નહેમ્યાહના પુસ્તકમાં અગિયાર વખત આપણે તે પ્રાર્થનામાં હોય તેમ વાંચીએ છીએ. જેમ નહેમ્યાહે પૃથ્વી પરની માહિતીનો ખ્યાલ રાખ્યો તેમ તે આકાશી મહાન ચિત્ર તરફ પણ દૃષ્ટિ કરવાનુંભૂલ્યો નહીં. તે વ્યવહારિક માણસ તેમજ પ્રાર્થનાવાદી માણસ હતો.

શા માટે ઈશ્વરે નહેમ્યાહ જેવા કોઈક કે જે ઘરથી ઘણે દૂર હતો તેવાને પસંદ કર્યો? યરૂશાલેમમાંથી કોઈક તો કોટ બાંધવા તૈયાર થઈ શકયો હોત? ચોકકસ, કોઈ એક કે જે ત્યાંનો હોય તે પરિસ્થિતિ વધારે સારી રીતે જાણતો હોત, છતાં ઈશ્વરે જરૂરિયાતની જગ્યાથી ઘણે દૂર જરૂરિયાત પૂરી કરવા કોઈકને શોધવા ગયા.

" ટીન ચેલેન્જ " એ દુનિયાની સૌથી મોટી સ્વયંસેવા સંસ્થા છે કે, જે અપરાધી જુવાનો અને માદક પદાર્થોના બંધાણીઓ મધ્યે સેવા કરે છે. જયારે ૧૯૫૮માં ન્યુયોર્કમાં સાત કિશોર છોકરાઓનો ખૂનનો પ્રયાસ કરવાનો અહેવાલ, એસેમ્બ્લીઝ ઓફ ગોડ મંડળીના પાળક ડેવિડ વિલ્કરસને વાંચ્યો ત્યારે દુનિયાના ૫૦ દેશોમાં કામ કરતી આ સંસ્થાની શરૂઆત થઈ. તેઓ રડી પડયા અને અનુભવ્યું કે

પ્રભુ ઈચ્છે છે કે તેઓ આ છોકરાઓ સાથે વાત કરે, તેમણે કોર્ટ રૂમમાં તેમ કરવાનો પ્રયત્ન કર્યો અને તેમ કરવા બદલ ધરપકડ વહોરી. આવી રીતે ધારણા ન કરી હોય તેવા સંજોગો મધ્યે આ સંસ્થાનો જન્મ થયો.

આ વાતનો નોંધપાત્ર ભાગ તો એ છે કે સંસ્થાના સ્થાપક ફિલિપ્સબર્ગ, પેન્સિલવેનિયામાંરહેતા હતા અને ચાર મહિના સુધી દર અઠવાડિએ ૩૫૦ માઈલ નયુયોર્ક સુધી હંકારી જતા. શા માટે ન્યુયોર્કમાં રહેનાર કોઈક દ્વારા કાર્યની શરૂઆત ન થઈ? શા માટે ઘણે દૂરથી કોઈ એક મારફતે?

## ગેરહાજરી અને અંતર

લોકો મધ્યેથી ગેરહાજર રહેવું અને કોઈ સ્થળથી દૂર અંતરે રહેવું એ શું પ્રતિકૂળ વિસ્તાર ઉભો કરે છે અને ઈશ્વર પ્રત્યે આપણને વધારે ખુલ્લાં કરે છે? જરૂરીયાતની જગાથી આપણે જેટલા દૂર હોઈએ તેટલી વધારે સારી રીતે જરૂરીયાતનો આપણને ખ્યાલ આવી શકે છે. આર્કિમિડિઝ, ત્રીજી સદીનો ગણિત શાસ્ત્રી અને ખગોળશાસ્ત્રીએ ઉચ્ચાલનના સિધ્ધાંતથી આ વાત સમજાવી હતી. તેણે ઉચ્ચાલકના લાંબા હાથાની અને ઉભા રહેવા જગ્યાની માંગણી કરી હતી કે જેના વડે તે પૃથ્વીને ખસેડી શકે.

તેજ પ્રમાણે, ઈશ્વર યરૂશાલેમથી ઘણે દૂર કોઈ એકને શોધતા હતા કે જેથી તેની પાસે શહેરને બદલી નાંખવા માટે જરૂરી એવું સખત બળ હોય. અહીં આપણે બે સિધ્ધાંતોને સાથે જોઈએ છીએ.

પ્રથમ, ખાલીપણું હૃદયને વધારે પ્રેમાળ બનાવે છે. નહેમ્યાહના કિસ્સામાં, નજરથી બહાર હોવું એટલે મનની બહાર હોવું એવું નહોતું. ઉલટાનું તે જે જોઈ શકતો નહોતો તેની તેને ખોટ સાલતી હતી. જેની તેને ખોટ સાલતી હતી, તેને તે વધારે ચાહતો હતો.

તેનો તેના લોકો પ્રત્યેનો પ્રેમ જયારે તે તેમનાથી દૂર હતો ત્યારે વૃધ્ધિ પામ્યો. પ્રેમ જયારે સાચો હોય છે ત્યારે પ્રેમીઓની ગેરહાજરીમાંતે પ્રેમ વૃધ્ધિ પામે છે. ગેરહાજરી પ્રેમ સંબંધી શું કરે છે તેને પવન આગ સંબંધી શું કરે છે, તેની સાથે સરખાવાયું છે. આ બંન્ને નબળાને હોલવી નાખે છે; અને દરેક સશકતને પ્રગટાવે છે. ભૂતકાળમાં ૧૭મી સદી સુધી આ સત્ય સુવાકય તરીકે પવિત્ર મનાતું હતું. ખાલીપણું સામાન્ય જુસ્સાને ઓછો કરે છે. અને મોટાને વધુ મોટો કરે છે, જેમ પવન મીણબત્તીને ઓલવી નાખે છે અને આગને વધારે પ્રજવલિત કરે છે, તેમ.[૨૫]

હાગ્ગાય ઈન્સ્ટીટયૂટના અમારા સેમિનારમાં, ભાગ લેનાર એક મહિના સુધી પોતાના ઘરથી દૂર રહે છે. અપવાદને બાદ કરતાં, દરેક પતિ પોતાની પત્નીને વધારે વખાણે છે અને દરેક પિતા પોતાના બાળકોની કદર કરે છે. તેઓ કુટુંબ પ્રત્યેના નવેસરના પ્રેમ અને જવાબદારી સાથે પાછા ફરે છે. ભાગ લેનાર બહેનો માટે પણ આ સાચું છે. જયારે આપણે આપણા વહાલાંઓથી દૂર હોઈએ છીએ ત્યારે બીજી કોઈ પણ વસ્તુ આપણને તેઓ કરતાં વધારે વહાલી લાગતી નથી.

બીજું, અંતર પ્રાર્થનાને વધુ મજબૂત બનાવે છે. શું તેથી નહેમ્યાહની પ્રાર્થના બહુ શકિતશાળી હોઈ શકે? કારણકે તે ઘણે

અંતરેથી કરવામાં આવી હતી. તેણે તેના લોકોનું દુઃખ જોયું. તેણે, કારણ અને તેના સ્પષ્ટ ઉકેલને પારખી લીધા. અંતર જે દર્શન બતાવે છે તે નજીકથી શકય હોતું નથી. દૂરથી, નહેમ્યાહે ઘણું અને વધારે સ્પષ્ટતાથી જોયું.

જયારે ડાઉનટાઉનમાં એક નવી હોટલ ખૂલી ત્યારે તેનો મધ્યભાગ તકતીઓની હારમાળાથી લોબીની શોભામાં વૃધ્ધિ કરતો હતો. ચાર માળ ચઢતા દરેક તકતી પૌરાણિક ચીનનું વૃત્તાંત કહેતી હતી. જયારે હું બારીકાઈથી અટપટી કોતરણીની દરેક બાજુના વખાણ કરતો ઉભો હતો ત્યારે મારા મિત્રએ સૂચન કર્યુ, " આપણે લોબીના બીજા છેડેથી તે જોઈએ, મને લાગે છે કે તેની કદર કરવા માટે આ રીત છે. " ચોકકસ રીતે, જયારે અમે દૂર ઉભા રહયા, મેં સમગ્ર સંગ્રહ જોયો કે, દરેક તકતી એક વાર્તા કહેતી અને દરેક વાર્તા બીજી પર આધારીત હતી.

અંતર દર્શન આપે છે અને દર્શન પ્રાર્થના પર ભાર મૂકે છે. પ્રાર્થના પરની એ એકાગ્રતા, બિનઅગત્યથી અગત્ય, ઓછો અગત્યથી વધુ અગત્યને જુદા પાડે છે. જયારે પ્રાર્થનામાં એકાગ્રતા આવે છે ત્યારે તે વજન અને બળ ઉભાં કરે છે.

ગેરહાજરી અને અંતર એ જવાબદારી બને એ જરૂરી નથી. ઉલટાનું તેઓ મિલકત બની શકે કે જે આપણી જાતને અને આપણાં દર્શનને વધારે સ્પષ્ટ જોવા મદદ કરે છે. જયારે આપણને દૂરના સ્થળે લઈ જવાય છે ત્યારે આપણું ઉચ્ચાલન બળ ઘટવાને બદલે વધી શકે છે. જાણીતી જગા અને લોકોથી દૂર જયારે આપણે હોઈએ છીએ ત્યારે આપણી અસરકારકતા ટૂંકા ગાળા માટે કદાચ ઘટે પણ લાંબે ગાળે વધી શકે છે. જયારે ઈશ્વર આપણને આપણા ઘરની જગાએથી દૂર લઈ જાય છે ત્યારે તેઓ, આપણે વધારે સ્પષ્ટ

જોઈએ, વધારે ગાઢ પ્રેમ કરીએ અને વધારે સામર્થ્યવાન પ્રાર્થના કરીએ તેવું ઈચ્છતા હોય છે.

પ્રેઈરીન બાઈબલ ઈન્સ્ટીટયૂટ, થ્રી હીલ્સના, સમાજમાં જેઓ પોતાના કાર્યમાંથી નિવૃત્ત થઈ ગયા છે તેવા મિશનેરીઓએ પ્રાર્થના ધ્વારા આખા વિશ્વમાં સેવા કરવાનું ચાલુ રાખ્યુ છે. જયારે આપણે સુવાર્તાની સિધ્ધિ, ઈશ્વર વિહીન રાજયના અંત અને અસામાન્ય જગાઓમાં મંડળીઓની પુનઃસ્થાપના વિષે વાંચીએ છીએ ત્યારે કોને ખબર કે તે આ સંતો અને તેમના જેવા બીજાઓની કે જે યુધ્ધ સ્થળથી દૂર છે તેવાઓની પ્રાર્થનાનાં ફળ નહીહોય?

તેજ રીતે આપણાં જીવનમાં ઈશ્વર દ્વારા થતાં મહાન કાર્યો કદાચ જયારે આપણે આપણા ઘરથી દૂર હોઈએ છીએ ત્યારે થાય છે. જયારે આપણે આપણા વહાલાંઓથી દૂર હોઈએ છીએ, ત્યારે તે આપણો તેમના પ્રત્યેનો પ્રેમ તાજો અને પોષણયુકત કરે છે. દૂરનાં અંતરથી તે આપણું દર્શન સ્પષ્ટ કરે છે અને એકાગ્રતાને સતેજ કરે છે, અને ત્યારે જ આપણે જુસ્સાથી પ્રેમ અને સામર્થ્ય થી પ્રાર્થના કરી શકીશું. સાચે જ, ગેરહાજરી, હૃદયને વધારે પ્રેમાળ બનાવે છે. બેશક, અંતર આપણી પ્રાર્થનાઓને શકિતશાળી બનાવે છે.

# પ્રકરણ – ૮

# મરિયમઃ હૃદયમાં ખુશીથી સંઘરી રાખેલ રહસ્ય.

" વિચારશીલ માણસનું સૌથી શ્રેષ્ઠ સુખ એ છે કે
જે ગ્રહણ કરવા જેવું છે તેને ગ્રહણ કરવું અને
જે ગ્રહણ કરવા જેવું નથી તેને શાંતિપૂર્વક સન્માનવું"
ગોએથ.

એક જુવાન અને સામાન્ય ખેડૂતની છોકરી, મરિયમને કંઈ જ ખબર નહોતી પડતી કે તેને શું થઈ રહયું છે. પ્રથમ તો દૂતની સલામે તેને ભય પમાડયો. ત્યારબાદ, જે સમાચાર તેણે કહયા તેથી તે ગૂંચવણમાં પડી ગઈ. મરિયમે દૂતને પૂછયું, " એ કેમ કરીને થશે? કેમકે મેં કોઈ પુરુષને જાણ્યો નથી." લુક (૧ઃ૩૪) તે જાણતી હતી કે તેણે કદી કોઈ પુરૂષને જાણ્યો નથી અને તે જાણતી હતી કે કુંવારી ગર્ભધારણ કરી શકે નહિ અને બાળકને જન્મ આપી શકે નહીં પરંતુ દૂતે તેના ગર્ભધારણ અને થનાર પુત્રના જન્મની વાત જાહેર કરી. તે આ સંદેશ સમજી કે ના સમજી, પણ તેનું જીવન હવે પહેલાં જેવું રહેવાનું નહોતું.

" શું આ સાચું થઈ શકે? શું ખરેખર તે મને થઈ રહયું છે? " આપણે આવા પ્રશ્નો પૂછીએ છીએ જયારે આપણે આપણા અનુકૂળ વિસ્તારમાંથી બહાર ધકેલાઈ જઈએ છીએ. જયારે જીવનમાં ધારણા મુજબનું બને છે, આપણે તે સ્વીકારી લઈએ છીએ. પરંતુ જયારે અણધાર્યો ફેરફાર આપણા પર આવી પડે છે, જે રીતે મરિયમ પર આવ્યો હતો, આપણે આપણા પથ પર રોકાઈ જઈએ છીએ. આપણે પ્રશ્નો પૂછીએ છીએ. આપણે મૂંઝાઈ જઈએ છીએ.

અચંબો પામીએ છીએ. વ્યાકુળ થઈને આપણે ઉત્તર માટે રાહ જોઈએ છીએ.

ખાતરી કરવા મરિયમ પાસે ઘણા પ્રશ્નો હતા. તેની અંદર કંઈક થઈ રહયું હતું. તેની કૂખમાં એક જીવન ઉછરી રહયું હતું, જોકે તેના મનમાં પ્રશ્નોનો ખડકલો થઈ રહયો હતો. કેવી રીતે તે પોતાનો અનુભવ યુસફ કે જે પુરૂષ સાથે તેની સગાઈ થઈ હતી તેને સમજાવે? તેના પ્રત્યાઘાતો કેવા હશે? આ બાળક કોણ હશે કે દૂતે તેને પરાત્પર દેવનો દીકરો, જેને દાઉદનું રાજયાસન અપાયેલું, તેના રાજયનો કદી અંત નહી આવે તેવું કહયું?

એક પ્રસંગે મરિયમને તેના ભાવિનો જવાબ જડયો. એક ધડાકે તેના જીવને જુદી દિશામાં વળાંક લીધો. ત્યારબાદ બીજી આશ્ચર્યજનક ઘટનાઓ બની. જે દરેક આગળની ઘટનાઓ જેવી રહસ્યમય હતી. બેથલેહેમમાં તેનો દીકરો અત્યંત અસાધારણ સંજોગોમાં જનમશે. યરૂશાલેમમાં થોડા સમય બાદ એક ભવિષ્યવાણી મરિયમને મૂંઝવણમાં મૂકી દેશે. "અને તારાં પોતાના જીવને તરવાર વીંધી નાખશે." (લુક ૨:૩૫)

તેના ઘરથી ઘણે દૂર, અજાણ્યા લોકો અને આશ્ચર્ય પમાડે તેવી બીનાઓએ તેને મૂંઝવણમાં મૂકી દીધી. ખેતરમાંના ઘેટાંપાળકો દૂતોના ગાયનના સમાચાર લાવ્યા. જ્ઞાની પુરૂષો ઘણે દૂરથી ભેટો લઈને આવ્યા અને તેમને દોરી લાવનાર તારાની વાત કરી. એક વૃધ્ધ સિમઓને મરિયમના બાળકને ઘણા સમયથી તેની રાહ જોવાની હતી તે, મસીહ તરીકે ઓળખ્યો, અને વૃધ્ધ સ્ત્રી હાન્નાએ, લાંબા સમયથી રાહ જોવાતી હતી તેવા યરૂશાલેમના છૂટકારા માટે આભારસ્તુતિ કરી.

મરિયમ કેવી રીતે સમજી શકે કે શું બની રહયું હતું? તેના પ્રથમજનિત કે જે ઈસુ કહેવાતો હતો તેના જન્મએ તેના જીવનમાં કશુંક ઘણું મોટું, ખૂબ ભવ્ય જે તેણે ખેડૂત છોકરી તરીકે કદી ના જાણ્યું હોય તેવું લાવ્યા. એક પ્રકારની આશ્ચર્યની લાગણી, જન્મ પહેલાં, ઘટનાની આસપાસ અને ત્યારબાદ હતી. લુક તે અતિ મહત્વની બીનાઓનો ઈતિહાસકાર આપણને કોઈ શંકામાં રાખતો નથી.

આ બીનાઓને ધ્યાનમાં લો. ગાબ્રીએલ દૂતે મરિયમ કે જે ઈશ્વરથી ખાસ કૃપા પામેલી હતી, તેને દર્શન આપીને સલામ પાઠવી. "મરિયમ તેના શબ્દોથી ઘણી ગભરાઈ અને વિચાર કરવા લાગી કે આ કઈ જાતની સલામ હશે." (લુક ૧:૨૯) ઝખાર્યાહ, મરિયમનો સગો, જયારે તેની પત્ની એલીસાબેત ગર્ભવતી હતી અને દીકરાને જન્મ આપ્યો ત્યારે મૂંગો થઈ ગયો હતો. જયારે બાળક આઠ દિવસનું થયું ત્યારે તેની સુનત કરવામાં આવી અને તેનું નામ યોહાન પાડવામાં આવ્યું અને તરત જ ઝખાર્યાને માલૂમ પડયુંકે તે ફરીથી બોલી શકતો હતો. " જેઓએ તે વાતો સાંભળી તેઓ સઘળાએ કહયું કે, ' ત્યારે આ છોકરો કેવો થશે.' (લુક ૧:૬૬)

જયારે ઈસુનો જન્મ થયો ત્યારે તેને વિષે જાણનાર પ્રથમ લોકો તે ઘેટાંપાળકો હતા. તેઓએ જઈને તારનાર અને ગભાણમાં સૂતેલો હતો તે જન્મેલા બાળક વિશે બધાને જણાવ્યું. " જે વાતો ઘેટાંપાળકોએ તેમને કહી, તેથી સર્વ સાંભળનારાઓ અચરત થયા. " (લુક ૨ : ૧૮) જયારે યુસફ અને મરિયમ તેમના આઠ દિવસના તાજા નવા જન્મેલા બાળકને મંદિરમાં અર્પણ કરવા માટે લાવ્યા ત્યારે વૃધ્ધ અને ધાર્મિક માણસ સિમઓને ઈસુને પોતાના ખોળામાં લીધો અને જાહેર કર્યુંકે, છેવટે યહૂદીઓમાં તારણ આવ્યુંછે, અને સાથે સાથે વિદેશીઓમાં પણ. " તેના સંબંધી જે વાતો કહેવામાં આવી તેથી તેના મા—બાપ અચરત થયા. " (લુક ૨:૩૩)

આખરે, જયારે ઈસુ બાર વર્ષની વયે મંદિરમાં ખોવાઈ ગયા, ધર્મગુરૂઓએ તેને શોધી કાઢયો અને તેની સાથે વાર્તાલાપ કર્યો, " જેઓએ તેનું સાંભળ્યું તેઓ બધા તેની બુધ્ધિથી તથા ઉત્તરથી વિસ્મીત થયા."(લુક ૨:૪૭) આમ લુક ગભરાટના વિષયને ફરી ફરીને ઠોકી ઠોકીને કહે છે. લોકો ગભરાયા, તેઓ વિસ્મીત થયા અને તેઓ આશ્ચર્ય પામ્યા. ઈસુના જન્મ અને બાળપણની આસપાસની ઘટનાઓ આશ્ચર્ય અને રહસ્યથી ભરપૂર છે. મરિયમ કે જે તારનારને આ જગતમાં જન્મ આપવા માટે ઈશ્વર દ્વારા પસંદ કરાઈ હતી, તે આ બધી ઘટનાઓ અને આશ્ચર્યમાં કેન્દ્રસ્થાને હતી.

પોતાના જીવનમાં થતા આ સમજાવી ન શકાય તેવા થતા ફેરફારને તેણે કેવી રીતે સ્વીકાર્યા? જયારે ઈસુનો જન્મ થયો, આપણે વાંચીએ છીએ: "પણ મરિયમ એ સર્વ વાતો મનમાં રાખીને તે વિષે વિચાર કરતી." (લુક ૨:૧૯) જયારે ઈસુ મોટા થતા હતા, આપણે વાંચીએ છીએ: "અને તેની માએ એ સર્વ વાતો પોતાના મનમાં રાખી." (લુક ૨:૫૧) મરિયમે આ બધી રહસ્યમય અને નવાઈ પમાડે તેવી બાબતો પોતાના મનમાં રાખી. તેણે કદી તેને જિજ્ઞાસાથી લીધી નહીં. તેણે પોતાના પ્રશ્નોને પોતાના મન સુધી રાખ્યા.

### ખજાનો અને સમસ્યા

હ્રદય એ વ્યકિત માટે મૂળભૂત અને મહત્વનું છે, બધા જ નિર્ણયોનું નિયંત્રણ કેન્દ્ર અને જીવનની પ્રવૃત્તિઓનું મુખ્યમથક જયાં બધા પ્રશ્નો ચર્ચાય છે અને નિર્ણયો લેવાય છે, આ એ જગ્યા છે કે જયાં ઈશ્વર માણસ સાથે વ્યવહાર કરે છે. ઈશ્વર આપણા મન સાથે વાત કરી શકે છે, તે આપણી ભાવનાઓને સ્પર્શી શકે છે. અંતે, ઈશ્વર આપણા હ્રદય તરફ જુએ છે અને આપણાં ઊંડાણથી આપણને

જીતવા માંગે છે. જો ઈશ્વર પાસે આપણું મન હોય, તો તેમની પાસે આપણો એક માત્ર ભાગ છે. જો ઈશ્વર પાસે આપણી લાગણીઓ હોય, તો તેમની પાસે આપણો એક માત્ર ભાગ છે. પરંતુ જો તેમની પાસે આપણું હૃદય છે તો તેમની પાસે આપણું બધુંજ છે. હૃદય આપણે જે છીએ તે બધુંજ દર્શાવે છે. મરિયમ તેના જીવનના પ્રશ્નો વિશે વિચારતી હતી તે તેના મૂળભૂત ધોરણે હતું.

પોતાના હૃદયમાંના પ્રશ્નો સાથે મરિયમે શું કર્યુ? પ્રથમ, તો તેણે તે સાચવી રાખ્યા. મૂળ શબ્દ જેનો અર્થ "જેલની જેમ ચોકી કરવી" અથવા "ચોકક્સ સમય સુધી સાચવી રાખવું" એવો થાય છે તે પરથી ગ્રીક શબ્દ "સંગ્રહ કરવો" એ આવે છે. યોહાન ૨:૧૦માં દ્રાક્ષારસ માટે જે શબ્દ વપરાયો છે તે એ છે કે એવો દ્રાક્ષારસ કે જે, લગ્ન જમણમાં પીરસવાનો સમય આવ્યો ત્યાં સુધી તેને સાચવી રાખી મૂકયો હતો. મરિયમે તેના વિચારો અને લાગણીઓને સાચવી રાખ્યા હતા. આ સમજ અંગ્રેજી ભાષાંતરમાં જણાવવામાં આવી છે. મરિયમે બધી વાતો પોતાના મનમાં રાખી. તેણે તેઓને ખજાનાની જેમ અનુભવીને પ્રિતીપૂર્વક હૃદયમાં સંઘર્યા અને સલામત રાખ્યા. તે અસાધારણ ઘટનાઓથી ઘેરાઈ ગઈ હતી, પરંતુ જાણતી હતી કે બધામાં કોઈ મોટો હેતુ સમાયેલો છે. તેણે તેમને સામાન્ય ગણ્યા નહી; તેણે તેમને મનમાંથી કાઢી નાખ્યા નહી, કારણ એ હતુંકે તેઓ સમજવા માટે અઘરા હતાં.

બીજું, મરિયમ તેઓ વિષે મનમાંવિચારતી હતી. તેના જીવનમાં ઘણી બાબતો બની રહી હતી. લગ્ન થવા માટે તેની સગાઈ થઈ હતી. તે પણ એક પોતે ઘટના હતી. લગ્ન થાય તે પહેલાં, એક દૂતે દર્શન દઈને તેને કહયું, કે તે ગર્ભવતી હતી. જયારે તેણે બાળકને જન્મ આપ્યો, ઘેટાંપાળકોએ આવીને કહયું, કે તેનો દીકરો જગતના

મસીહ તરીકે જન્મ્યો છે. જયારે તે પોતાના દીકરાને મંદિરમાં લાવી ત્યારે યાજકે તેને કહયું કે તેનો દીકરો યહૂદીઓ અને વિદેશીઓ માટે તારનાર થશે. મરિયમની જગાએ કોઈપણ હોત તો તે દિગ્મૂઢ બની વિચાર મગ્ન થાત.

"વિચારમાં લીન હોવું" માટેના ગ્રીક શબ્દનો શાબ્દિક અર્થ "સાથે ફેંકવું" અથવા "સાથે મૂકવું" એવો થાય છે. કોઈ બાબત પર વિચાર મગ્ન થવું એટલે બે કે તેથી વધારે બાબત સાથે મૂકવાનો પ્રયત્ન કરવો. તે એક બાબતની બીજી બાબત જોડે સરખામણી કરવી તે છે, એ જોવા કે તે બંને એકબીજા સાથે કેવી રીતે બંધ બેસે છે. તે જીગસો પઝલને સાથે મૂકવા જેવો પડકાર છે. પઝલના ટુકડાઓ જયારે અલગ હોય છે ત્યારે તેનો કોઈ અર્થ હોતો નથી. પરંતુ જયારે તેઓને સાથે મૂકવામાં આવે છે ત્યારે તેઓ એક ચિત્ર બનાવે છે. આવી પઝલ સાથે મૂકવા માટે આપણી પાસે આકાર અને રંગની સમજ હોવી જરૂરી છે. જયારે આપણે ખાલી જગા જોઈએ છીએ ત્યારે આપણે એક ટુકડો કે જે તેની બાજુના ટુકડા સાથે રંગ અને આકારમાં બંધ બેસતો આવે તેવો શોધીએ છીએ. જયારે તે ટુકડો બંધબેસતો થાય છે ત્યારે ચિત્રનો એક ભાગ ઉપસી આવે છે.

મરિયમે આ જ સમજણ સાથે તેના હૃદયમાં કર્યું. તેણે પઝલના બધા ટુકડાઓને કાળજીપૂર્વક સાચવી રાખ્યા, કે જેથી તેમાંનો એક પણ ખોવાઈ ના જાય. તેણે બધા ટુકડાઓને સાથે મૂકયા અને ઉપસતા ચિત્ર માટે જાગૃત હતી. કેવી રીતે જુદી જુદી ઘટનાઓ અને ભવિષ્યવાણીઓનો એકબીજા સાથે મેળ બેસે? કેવી રીતે તેઓ એકબીજા સાથે બંધબેસે, ચિત્ર બનાવે અને આખરી ચિત્ર બને? મરિયમ બધુંજ એક સમયે સમજતી નહોતી. તેણે રહસ્યને મનમાં સંઘરી રાખવાની કાળજી લીધી અને તેઓ બધાને સાથે મૂકવા માટે

સમય આપ્યો. "પણ મરિયમ એ સર્વ વાતો મનમાં રાખીને તે વિષે વિચાર કરતી." (લુક ૨:૧૯)

બીજાઓએ જે કર્યું તેથી વિરૂધ્ધનું મરિયમે કર્યું. તેના કાર્યો 'પણ' થી શરૂ થાય છે. ઘેટાંપાળકોએ નવા જન્મેલા ઈસુને ગભાણમાં જોયા અને તરત જઈને સમાચાર બીજાઓને જણાવ્યા. જયારે ઘેટાંપાળકો ગયા અને તેના વિષે કહયું ત્યારે મરિયમે બેસીને આ બાબતો પોતાના સુધી રાખી. એમ નહોતું કે ઘેટાંપાળકોએ જે કર્યુ તેમાં તેઓ ખોટા હતા – ના, તેઓએ કહયું અને સમાચાર ફેલાવ્યા અને તેમણે ઈશ્વરને મહિમા આપ્યો અને સ્તુતિ કરી. પરંતુ તે એ નહોતું કે જે મરિયમે કર્યું. આપણે મુલાકાતીઓ દ્વારા તેની આગળ મૂકાતા પ્રશ્નોની કલ્પના કરી શકીએ. તેણે બધા પ્રશ્નો સાંભળ્યા પરંતુ ચૂપ રહેવાનું પસંદ કર્યું. તેણે પ્રશ્નોને પોતાના મનમાં રાખ્યા.

જેમ બેથલેહેમમાં બન્યું તેમ, યરૂશાલેમમાં પણ બન્યું. "પણ તેની મા એ એ સર્વ વાતો પોતાના મનમાં રાખી" (લુક ૨:૫૧). જયારે તેણે અને યુસફે પોતાના ખોવાઈ ગયેલા દીકરાને મંદિરમાં ધર્મગુરૂઓ સાથે વાર્તાલાપ કરતો જોયો ત્યારે તેમને રાહત થઈ હતી. પરંતુ તેમના ચિંતાની અભિવ્યકિતને અચાનક પ્રત્યાઘાત મળ્યો. તમે શા માટે મારી શોધ કરી? " શું તમે જાણતા નહોતાંકે મારા બાપને ત્યાં મારે હોવું જોઈએ?" (લુક ૨:૪૯) શબ્દો ઉધ્ધત હતા, સાથે રહસ્યમય હતા. જો મરિયમની લાગણી ઘવાઈ ન હોત તો પણ તે આશ્ચર્યચકિત જરૂર થઈ હશે. જો કે જયારે તેઓ નાઝરેથ પાછા ફર્યા, ત્યારે ઈસુ તેમના માબાપને આજ્ઞાંકિત દીકરાની જેમ આધીન થયા. કેવી રીતે તેની અસભ્યતા, તેની આધીનતા સાથે સુમેળ ધરાવે છે? ફરીથી એક બીજો પઝલનો ટુકડો મરિયમના મનમાં અને

ખજાનામાં પડયો.

**વ્યસ્તતા અને થાક**

સંભાળ રાખવાનું કેવું જબરજસ્ત ઉદાહરણ તેણે આપણા માટે પૂરૂં પાડયું છે. જોકે આધુનિક દુનિયામાં આપણું જીવન આવી શિસ્તનું વિરોધી છે. વર્ચસ્વ ધરાવવાની આપણી ઈચ્છાને લીધે આપણે બધુંજ જાણવાની માંગણી કરીએ છીએ. આપણને બધું સમજાવવામાં આવે તેવું ઈચ્છીએ છીએ. આપણી જીજ્ઞાસાને સંતોષવા નિષ્ણાંતો સક્ષમ છે, દરરોજ માનવીય માનસશાસ્ત્રથી માંડીને ઈતિહાસ પૂર્વકાળની પ્રાચીન પ્રાણી વિદ્યાના ઈતિહાસ સુધીના કોઈપણ અભ્યાસનાં તારણોનો મારો આપણા પર ચલાવવામાં આવે છે. અરે ઈશ્વર વિષેનો અભ્યાસ - ઈશ્વરવિદ્યા પણ સંપૂર્ણપણે એકદમ વૈજ્ઞાનિક ઢબે કોમ્પ્યુટર ટેકનોલોજીની ચોકસાઈથી બાઈબલના શબ્દોની ગણતરી અને બનાવોનું પૃથ્થકરણ કરે છે.

શું આ જગતમાં રહસ્યને કોઈ અવકાશ નથી? કદાચ, તેથીજ ઈશ્વર આપણને આપણા અનુકૂળ સંજોગોથી દૂર કરે છે. જે બાબતો આપણે જાણતાં નથી કે સમજતા નથી તે બાબતો આપણને બતાવવાનો માત્ર હેતુ છે. કેન્સરના એક દર્દીને દશકાઓથી કેન્સર સંશોધનની એકત્ર કરેલી માહિતી પરથી તેની માંદગી વિષે સમજાવી શકાય, પરંતુ તે જે જાણવા માંગે છે તે તો એ કે, શું હું સાજો થઈશ? સદીઓથી ઈશ્વરવિદ્યાના થયેલા અભ્યાસ પરથી એક વિધવાને ઈશ્વરવિદ્યામાંથી દુઃખ સહન કરવા વિષે જણાવી શકાય, પરંતુ તે જે જાણવા માંગે છે તે તો, “મારો પતિ મરી કેમ ગયો?” આવા પ્રશ્નોના આપણી પાસે ચોકકસ જવાબ નથી.

પરંતુ શું એ બધાનાં હમણાંને હમણાંજ આપણી પાસે જવાબ હોવા જરૂરી છે? સાચે જ નહીં. જવાબો આપણા જ્ઞાનમાં વૃધ્ધિ કરે છે અને આપણા અભિમાનને વધારે છે. પ્રશ્નો આપણી અજ્ઞાનતા છતી કરે છે, અને ઈશ્વર આગળ આપણને નમ્ર બનાવે છે. શું આપણે રહસ્યને સ્વીકારીએ કે એથી વિશેષ શબ્દોમાં કહીએ તો શું તેને ભેટી શકતા નથી? છુપું રાખવુંએ શું ઈશ્વરનો મહિમા નથી? અને તપાસ કરવી અને એ વિષે આશ્ચર્યચકિત થવુંએ શું આપણી ફરજ નથી? (નીતિવચનો ૨૫:૨) ઈશ્વરના ગુઢ હેતુઓ સામે અજ્ઞાનતા જાહેર કરવી એ શરમની વાત નથી. ખાસ કરીને એવા સમયે કે જયારે તેણે જાહેર કર્યુ છે કે " મારા વિચારો તે તમારા વિચારો નથી તેમ તમારા માર્ગો તે મારા માર્ગો નથી. .... જેમ આકાશો પૃથ્વીથી ઊંચા છે, તેમ મારા માર્ગો તમારા માર્ગોથી, ને મારા વિચારો તમારા વિચારોથી ઊંચા છે. " (યશાયાહ ૫૫: ૮–૯)

મરિયમની જેમ આપણે વિચારોમાં અને પ્રાર્થનામાં ઘણું મનન કરવું જોઈએ. પ્રાર્થના આખરે હું બધુ જાણું છું એવા આપણા અભિમાનનું સમર્પણ છે. આપણે આપણી જાતને ઈશ્વરની સર્વોપરી ઈચ્છાને અર્પિત કરીએ છીએ અને ઈશ્વર બધું તેના નિયંત્રણ હેઠળ રાખે છે. પરંતુ જયાં સુધી આપણે નિયંત્રણ જોઈતું હોય છે આપણે ઉપરછલ્લી સિવાયની પ્રાર્થના કરવાનું ધિકકારીએ છીએ. જયારે આપણે કાબુ ગુમાવીએ છીએ એવું અનુભવીએ છીએ ત્યારે આતુરતાપૂર્વક પ્રાર્થના દ્વારા ઈશ્વર પાસે પહોંચી જઈએ છીએ. જયારે આપણે ખૂબ જ ઉત્સુકતાથી પ્રાર્થના કરીએ છીએ ખૂબ જ નિ:સહાયતા અનુભવીએ છીએ.

પ્રવૃત્તિથી ભરપૂર અને દોરવાતા આ જગતમાં આપણી પ્રાર્થના એ જો કે સામાન્ય વલણ નથી. અથવા ચિંતન પણ નથી. આપણે મનન, ચૂપ રહેવાની, ધ્યાન ચિંતનની કળાનું આચરણ મોટે

ભાગે ગુમાવી દીધું છે. આપણો સમાજ આપણે કોઈક પ્રવૃત્તિમાં વ્યસ્ત રહીએ તેવો આગ્રહ રાખે છે. આપણે હંમેશા કંઈક કરતા રહેવું જોઈએ. ટેકનોલોજીએ આપણને ગમે તે સ્થળેથી કામ કરવા માટેના રસ્તાઓ પૂરા પાડયા છે. સેલફોન અને લેપટોપ કોમ્પ્યુટર પૃથ્વીના અંતરિયાળ વિસ્તાર સુધી આપણી પાછળ પાછળ આવે છે. શું એવી કોઈ જગ્યા બાકી રહી ગઈ છે કે જયાં આપણે રોકાઈએ અને ખલેલ રહિત વિચારી શકીએ, ધીમા પડીએ અને વિચારીએ? જે પળે આપણે જે કરતા હોઈએ તે કરતા થોભીએ તો, આપણે કંટાળો અને ઊંઘ અનુભવીએ છીએ.

આપણે આપણા બાળકોમાં આ જોઈએ છીએ. તેઓ આપણો નમૂનો લે છે. કેટલી બધી વાર આપણે તેમને ફરિયાદ કરતાં સાંભળીએ છીએ " હું કંટાળી ગયો છું" અથવા " આ બહુ કંટાળાજનક છે. " આપણે સતત કાર્યપ્રવૃત્ત અને મનોરંજનવાળા જગતમાં પણ કટાંળીએ છીએ. સળંગ પ્રવૃત્તિ આપણી શકિતને વાપરી નાખે છે, અને આપણને કંટાળેલા અને થાકેલા કરી મૂકે છે. જો આપણે વ્યસ્ત નથી તો આપણે થાકેલા છીએ, જો આપણને થાક લાગ્યો નથી, તો આપણે વ્યસ્ત છીએ. આપણું જીવન ગતિના ચક્રમાં પડેલું છે અને થાકને નિરર્થક કરે છે.

વર્ષોથી મેં એક અવલોકન કર્યુ છે. તમે પ્રયોગ કરી જોજો. હવે પછી જયારે તમે લોકોના જૂથમાં કોઈ ચર્ચામાં ઓતપ્રોત હો અને કોઈ એક સૂચન કરે કે " આપણે પ્રાર્થના કરીને બંધ કરીએ ", તમારી આંખો બંધ કરતા પહેલાં તરત જ તમારી આસપાસ જુઓ. તમે એક, બે અથવા વધારે લોકોને બગાસું ખાવાનું શરૂ કરતાં જોઈ શકો તેવી શકયતા છે. જયારે આપણે વાત કરીએ છીએ ત્યારે આપણે સતર્ક

હોઈએ છીએ, જયારે આપણે પ્રાર્થના માટે થોભીએ છીએ ત્યારે આપણને સુસ્તી લાગે છે, આજ વાત પતિ અને પત્ની કે જેઓ સૂઈ જતા પહેલાં સાથે પ્રાર્થના કરે છે તેમને લાગુ પડે છે. જેવા તમે પ્રાર્થના કરવા માટે આંખ બંધ કરો, કે તરત તમે અથવા બંન્ને બગાસું ખાવાનું શરૂ કરશો.

આ વિચિત્ર વલણની ખરેખર સરળ સમજ છે. જેરાલ્ડ જી. મે, એક મનોચિકિત્સક કે જેઓ રાસાયણિક બંધાણી કે જે તણાવ તરફ લઈ જાય છે તેવા દર્દીઓ મધ્યે કામ કરે છે, આપણું શરીર એ સતત પ્રવૃત્તિમય રહેવાને ટેવાયેલું હોય છે જેથી વિચારવા માટે કે પ્રાર્થના કરવા માટે થોભીએ તે શરીરને કશુંક ખોટું બની રહયું છે એવું વિચારવા ભડકાવે છે. ઈન્દ્રિય દ્વારા જાણ થયેલ બિનકાર્યદક્ષતા મગજને એક એવું સિગ્નલ મોકલે છે જે કહે છે કે હવે આગળ વધવા ઓકિસજનની જરૂર છે પરિણામે બગાસું ઉદ્ભવે છે. બિનપ્રવૃત્ત મગજને એક સિગ્નલ એવું કહેતાં મોકલે છે કે આ ખોટને પૂરી પાડવા ઓકસીજનની જરૂરિયાત માટે બગાસું આવે છે. ડોકટર આ રીતે આપણા પ્રાર્થના પ્રત્યેના અણગમાને સમજાવ્યે જાય છે.

ઘણીવાર એવી બાબતો છે કે જેમને આપણે પ્રાર્થનામાં બાકાત રાખીએ છીએ. આપણે કદાચ સ્વપ્રભુત્વની ભાવનાને છોડી દેતા નથી, આપણે કદાચ સાંભળતા નથી કે જે ઈશ્વર આપણને કહેવા માંગતા હોય, આપણે કદાચ એકાંતમાં પ્રાપ્ત થતાં જ્ઞાનને ગણકારતા નથી. તદ્રઉપરાંત, આપણામાંના ઘણાં બધા લોકો કે, જેઓએ શોધી કાઢયું છે કે આપણે કદાચ શાંતિપૂર્વક રહેવાની પ્રતિકૂળતા અનુભવતા નથી."[૨૬]

આપણે ઝડપથી દોડતા, ઘોંઘાટથી ભરેલા જગતમાં જીવીએ છીએ અને સ્થિરતા અને શાંતિથી આપણે પ્રતિકૂળ બની ગયા છીએ.

આપણે કંટાળાની ફરિયાદ કરીએ છીએ. આપણે બહુ ઓછું સુસ્તીપણાની સામે ઝઝૂમીએ છીએ. પરંતુ આપણે જાણીએ છીએ કે હૃદય જીવનના રહસ્યોને પ્રેમથી સંભાળી રાખે છે અને તેના પર વિચારે છે. જયારે આપણે શાંત બનવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે આપણું પોતાનું શરીર આપણી વિરૂધ્ધ પ્રતિકાર કરે છે. છતાં આપણે આપણા શરીરને આપણી ઈચ્છાને આધીન કરીએ છીએ, આપણે એકલાં આપણી જાતને શાંતિમાં મૂકી દેવા તેને ફોસલાવવું પડે છે. ત્યારથી હું શીખ્યો છું કે જયારે હુંશારીરિક કાર્યમાંરોકાયેલો હોઉ છું ત્યારે વધારે સારી રીતે પ્રાર્થના કરું છું જેવા કે, ડ્રાઈવીંગ, જોગીંગ અથવા વાસણ ધોવા – કે જે શરીરને ખાત્રી આપે છે કે બધું બરાબર છે.

## ભંડાર અને પવિત્ર વેદી

રહસ્યોમાંનુ એક જેણે મરિયમને મૂંઝવણમાં મૂકી જ હશે તે તો વૃધ્ધ શિમઓનની ભવિષ્યવાણી હશે. બાળ ઈસુને આશીર્વાદ આપતાં તેણે જાહેર કર્યુ, કે "જો આ બાળક ઈસ્ત્રાએલમાંના ઘણાના પડવા તથા પાછા ઉઠવા સારૂ તથા જેની વિરૂધ્ધ વાંધા લેવામાં આવે તેની નિશાનીરૂપ થવા સારૂ ઠરાવેલો છે. હા, અને તારા પોતાના જીવને તરવાર વીંધી નાખશે, એ માટે કે ઘણાં માણસોના મનની કલ્પના પ્રગટ થાય." (લુક ૨: ૩૪ – ૩૫)

મસીહાનો ગર્ભ ધારણ કરવા માટે પસંદ કરાયેલ તરીકેનું માન અને અનૌરસ બાળકના ગર્ભ ધારણનું કલંક ભેગું થઈ ગયું હતું. વિશિષ્ટ ખ્યાતિ અને પ્રભાવ સુધી વધનાર પુત્રને ઉછેરવાનું ગર્વ, અને પુત્રને નિંદા સહન કરતો અને નકાર પામતો જોવાનું દુ:ખ મિશ્રિત થયું હતું. મરિયમ ભવિષ્યવાણી ત્યારે જ સમજી શકે જયારે

તે જે બાળકને પોતાના હાથે પારણામાં ઝુલાવ્યું હતું તેને વધસ્તંભ આગળ ઉભા રહી તેને જડાતો જુએ. ઈસુના હાથ અને પગમાં જડાયેલા ખીલાઓ મરિયમના હૃદયને પણ વીંધી નાખે.

અંતિમ બનાવોને સમજયા સિવાય મરિયમ કેવી રીતે આવી ભવિષ્યવાણીના શબ્દો સમજી શકે? ઘણી બધી બાબતો એવી હંતી કે જે મરિયમ સમજી શકી નહોતી. તેણે આ બધી બાબતોને પોતાના હૃદયમાં રાખી અને તેના પર વિચારતી હતી. તેનું હૃદય ખજાના, કિંમતી વિચારો અને પ્રેમાળ યાદોનો ભંડાર બની ગયું. તેનું હૃદય મનન માટે પવિત્ર મંદિર, ઈશ્વરની ઈચ્છા અને હેતુઓ શોધવા માટેનું શાંત સ્થળ પણ બની ગયું.

શું કોઈ વર્તમાન ઘટનાએ આપણને ગૂંચવણમાં નાખી દીધા છે? શું કોઈ અણધાર્યા બનાવોએ આપણને આપણા અનુકૂળ વિસ્તારમાંથી બહાર ફેંકી દીધા છે? કદાચ, વ્હાલાનું મૃત્યુ થયું હોય. તેનો શું આપણને કંઈ અર્થ છે? કદાચ, આપણી કારકીર્દિમાં મોટો ફેરફાર થયો હોય. આપણે હજુ વિચારતા હોઈએ કે આપણે સાચી બાબત કરી કે કેમ? અથવા કદાચ, સબંધનો અંત આવ્યો હોય. શું આપણે હજુ પૂછીએ છીએ કે શા માટે જે સબંધો પર આપણે ઘણી બધી આશા રાખી હતી તે સફળ થયો નહિ? શા માટે ઈશ્વર તેને અથવા તેણીને લઈ લીધા?

મરિયમની જેમ, આપણે આપણા જીવનની ઘટનાઓ આનંદ અને દુઃખ, આશા અને અચોકકસતાથી મિશ્રિત થયેલા જોઈએ છીએ. આપણે નાના બાળક દીકરા કે દીકરીનો કુટુંબમાં ઉમેરો થવાથી આનંદ કરીએ છીએ. પરંતુ આપણે ચિંતા પણ કરીએ છીએ કે આર્થિક રીતે આપણે કેવી રીતે પહોંચી વળીશું? આપણે ઉશ્કેરાટ સાથે નવી નોકરી તરફ જોઈએ છીએ અને તેમ છતાં તે નોકરી

બદલતી વખતે અસલામતીની લાગણી અનુભવીએ છીએ. જીવન ફેરફાર અને આશ્ચર્યથી ભરેલું છે. મરિયમે જે બધી બાબતો તેના સંબંધમાં બની તે વિષે કદી કલ્પના કરી નહોતી. તેને કદાચ જે જોઈતું હતું તે તો જેની સાથે વેવિશાળ થયું હતું તે પુરૂષ સાથે લગ્ન કરવા અને ખેડૂત સ્ત્રી તરીકેના જીવનમાં શાંતિથી સ્થિર થવું.

પરંતુ ઈશ્વર પાસે તેના માટે અલગ યોજના હતી. તેણે તે વાસ્તવમાં બતાવવાનું હતું. તેણે ઈશ્વરનો મહાન હેતુ તેના જીવનમાં શોધી કાઢવાનો હતો. આપણે પણ તેમ કરવું જોઈએ. જો આપણે મરિયમના હૃદયમાં જોઈએ તો આપણે તેને ઈશ્વરે તેને જે કહયું હતું તેનો સંગ્રહ કરવાની જગા તરીકે જોઈએ છીએ. તે એ જગા છે જયાં તે ઈશ્વરે તેની સાથે કરેલી વાત પર તે વિચારતી હતી. પરંતુ બધામાં, તેનું હૃદય તે સાંભળનારું હૃદય હતું. તેણે આધીન થવાના હેતુસહ સાંભળ્યું.

દૂતે જયારે તેની સાથે વાત કરી ત્યારે તેનો પ્રત્યુત્તર હતો. " તારા કહયા પ્રમાણે મને થાઓ. " (લુક ર : ૩૮) તેણે ઈશ્વર જે કહેવા માંગતા હતા તે સાંભળ્યું, અને ઈશ્વર તેના દ્વારા જે કરાવવા માંગતા હતા તે માટે પોતાની જાતને આપી દીધી. આપણું ધ્યાન ખેંચવા માટે, ઈશ્વર આપણને આપણા અનુકૂળ વિસ્તારમાંથી બહાર ધકેલે છે. આપણી ઈચ્છાઓને તેની ઈચ્છા પ્રમાણે ગોઠવવા માટે તે આપણી પરિસ્થિતિને ઢંઢોળે છે. મરિયમે ઈશ્વર તરફ ધ્યાન આપ્યું. તેણે બધી ગૂઢ અને સમજાવી ન શકાય તેવી બાબતો જે તેણે જોઈ અને સાંભળી તેને પોતાના હૃદયમાં ખજાનાની જેમ સંભાળી રાખી. તે તેની પર વિચારતી રહી જયાં સુધી તે સ્પષ્ટ અને અર્થસભર બની. બધામાં તેણે ઈશ્વરને સાંભળ્યા અને આધીન થઈ.

# પ્રકરણ – ૯
# પિત્તર : પૂર્ણ વર્તુળ

"તારી જાતને શાંત્વન અ)પ,
જો તેંમને શોધ્યો ના હોત તો હું તને મળ્યો ના હોત."
બ્લેઈઝ પાસ્કલ

દરેક વખતે જયારે અમે સિંગાપોર જઈએ છીએ, ત્યારે હું અને મારૂં કુટુંબ, માવી, હવાઈ સ્થળાંતર કરી જતાં જેઓને પાછળ મૂકીને ગયા હતા તેવા મિત્રોને મળીએ છીએ. અમારા ઘણાં મિત્રોને અમે ત્યાંજ મળીએ છીએ જયાં અમે છૂટા પડયા હતા. જાણે કે અમે કદી છૂટા પડયા જ ન હોઈએ. મિત્રતા એવી હોવી જોઈએ કે જેને ગેરહાજરી કે અંતર ઘટાડી ના શકે.

તેમ છતાં, વખતો વખત અમે મદદ કરી શકતા નથી પણ અમૂક મિત્રોને મળીએ ત્યારે અજુગતું ચોકકસ અનુભવીએ છીએ. અમે કયારેક સમાચારની આપ–લે કરી નથી. કદાચ દોષીપણાની ભાવના અમને કહે છે કે અમે જોઈએ તે પ્રમાણમાં સંબંધ રાખ્યો નથી. જયારે દોષીપણું સંબંધોમાં પ્રવેશે છે, તે અજુગતી પ્રતિકૂળ લાગણી લાવે છે. સંબંધો વ્યથિત, દૂરના અને વધુ ચિંતિત બને છે.

જેટલું આપણા લોકો સાથેના સંબંધો માટે સાચું છે તેટલું આપણા ઈશ્વર સાથેના સંબંધો માટે પણ એટલું જ સાચુ છે. આપણે જયારે અનુભવીએ છીએ કે અ)પણે ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું છે, ત્યારે આપણે તેમની પાસે જતાં ખચકાટ અનુભવીએ છીએ. અથવા જયારે આપણે વિચારીએ છીએ કે તેઓ આપણી તરફ

આવી રહયા છે ત્યારે આપણને તે પ્રતિકૂળ લાગે છે. આપણે શું કરીએ છીએ? આપણે ઈશ્વર સમક્ષ પાપી, દોષિત, નાલાયક છીએ તેવું અનુભવીએ છીએ ત્યારે શું કરીએ છીએ?

પોતાના જીવનના બે નોંધપાત્ર અવસરે, સિમોન પિત્તર ઈશ્વર સમક્ષ અત્યંત શરમની લાગણી અનુભવે છે. દરેક પ્રસંગે તે તેના સાનુકૂળ સંજોગમાંથી બહાર ધકેલાઈ ગયો હતો. તોપણ દરેક પ્રસંગે કેવી રીતે તેણે પ્રતિભાવ આપ્યો તે તેની એક જગાથી બીજી જગાની મુસાફરી આપણને દર્શાવે છે. ઈસુના સાથી તરીકે ત્રણ વર્ષમાં, પિત્તર શીખ્યો હતો કે કેવી રીતે આપણા ઈશ્વર સાથેના સબંધોમાં પ્રતિકૂળતાનું પરિબળ આપણને તેની તરફ લઈ જાય છે અથવા તેનાથી દૂર લઈ જાય છે.

તેની ઈસુ સાથેની પહેલી અચાનક મુલાકાતમાં સિમોન પિત્તરે અનુભવ્યું કે ઈસુ સમક્ષ તે ઘણો પાપી હતો. તે દિવસે, ગાલીલના સમુદ્ર કિનારે, તે પોતાના રાત્રિ દરમિયાનના કાર્ય બાદ એક પણ માછલી પકડયા વગર પાછો ફર્યો હતો. તે અને તેના સાથી માછીમારો પોતાની જાળો ધોઈ રહયા હતા ત્યારે સતત પ્રવાસ કરતા ઉપદેશકે તેની હોડી સાધન તરીકે વાપરવા માંગી કે જેના પર ઉભા રહીને તે ટોળાને બોધ કરે. સિમોને પોતાની જાળો પર કામ કરતા કરતા લોકોને સંબોધી રહેલા ઉપદેશકને સાંભળ્યા.

જયારે તેમણે ઉપદેશ આપવાનું બંધ કર્યુ, તેમણે સિમોનને કહયું, " ઉંડા પાણીમાં હંકારીને માછલા પકડવા સારૂ તમારી જાળો નાખો. " સિમોને જવાબ આપ્યો " સ્વામી, અમે આખી રાત મહેનત કરી પણ કશું પકડયું નહિ તોપણ તારા કહયાથી હું જાળો નાખીશ. " જયારે તેઓએ તેમ કર્યુ, ત્યારે તેઓએ માછલાનો એટલો મોટો

જથ્થો પકડાયો કે તેમની જાળો ફાટવા લાગી. તેથી તેમના ભાગિયાઓ જેઓ બીજી હોડીમાં હતા તેમને ઈશારો કર્યો કે તેમને મદદ કરે અને તેઓ આવ્યા અને હોડીઓને એવી ભરી કે તેઓ ડૂબવા લાગી, જયારે સિમોન પિત્તરે આ જોયું ત્યારે તેણે ઈસુના પગ આગળ પડીને કહયુ, " ઓ પ્રભુ, મારી પાસેથી જા કારણકે હું પાપી માણસ છું. " (લુક ૫: ૪–૮)

શા માટે પિત્તરે ઈસુને દૂર જવા કહયું? કારણો સ્પષ્ટ હતાં: પિત્તર પોતાની જાતને જાણતો હતો કે તે પાપી હતો. પિત્તર ઈસુને પણ જાણતો હતો – કે તેઓ પવિત્ર હતા. અકલ્પ્ય માછલીઓ પકડાઈ તે ઈસુએ કરેલો ચમત્કાર પિત્તરે જોયો હતો. તેણે ઈસુને ટોળાને શિક્ષણ આપતા સાંભળ્યા હતા. તેણે જાણ્યુંકે ઈસુ સામાન્ય માણસ નહોતા. અહીં એક સુથાર હતા કે જે જાણતા હતા કે માંછલીઓ કયાં હતી. અહીં એક ઉપદેશક હતા કે જેઓ લોકોને મંત્રમુગ્ધ કરી દેતા હતા. જયારે તેઓ અધિકાર સાથે શિક્ષણ આપતા હતા. પિત્તરને લાગ્યું કે તે લાયક નહોતો. તે પણ ઘણો પાપી હતો. તેથી તેણે ઈસુને આજીજી કરી, ઓ પ્રભુ, મારી પાસેથી જા કારણ કે હું પાપી માણસ છું.

## ઉતાવળ શા માટે?

ત્રણ વર્ષ પછી, સિમોન પિત્તર પોતાની જાતને પાછો ગાલીલના સમુદ્ર કિનારે લાવ્યો. તે અને તેના સાથી માછીમારો રાત્રી દરમિયાન માછલાં પકડવા ગયા હતા ત્યાંથી પાછા ફરતા હતા. તેઓએ કશું પકડયું નથી. સવારના અજવાળામાં તેઓએ સમુદ્રકાંઠે એક વ્યકિત જોઈ કે જે તેમને બોલાવી રહી હતી.

વહેલી સવારે, ઈસુ સમુદ્રકાંઠે ઉભા હતા પરંતુ શિષ્યો ઓળખી શકયા નહીં કે તે ઈસુ છે. તે તેઓને કહે છે, " તમારી પાસે કંઈ ખાવાનું છે? " " ના " તેઓએ જવાબ આપ્યો. તેણે કહયું, " હોડીની જમણી તરફ તમારી જાળ નાખો એટલે તમને મળશે. " જયારે તેઓએ તેમ કર્યુ ત્યારે તેઓ જાળ ખેંચી શકયા નહીં કેમકે ઘણી મોટી સંખ્યામાં માછલીઓ તેમાં ભરાઈ આવી હતી. ત્યારે જે શિષ્ય પર ઈસુ પ્રેમ રાખતો હતો તે પિત્તરને કહે છે કે એ તો પ્રભુ છે. " જયારે સિમોન પિત્તરે જાણ્યું કે " એ તો પ્રભુ છે " ત્યારે તેણે પોતાનો ડગલો પહેર્યો. (કેમકે તે ઉઘાડો હતો ) અને સમુદ્રમાં કૂદી પડયો. ( યોહાન ૨૧ : ૪–૭ )

માછલીઓ પકડવાનાં ચમત્કારિક બનાવે પિત્તરના મનમાં ઘંટડી વગાડી. તે તેના માટે ગૂઢ બનાવ હતો. જયારે તેણે જાણ્યુંકે તે ઈસુ છે, ત્યારે તે સમુદ્રમાં કૂદી પડયો. તે શું કરી રહયો હતો? ઈસુથી દૂર જવાનો પ્રયત્ન કરતો હતો? ના, ઈસુ તરફ તરીને જવા માંગતો હતો. પોતાના સ્વામીને મળવાની તૈયારીરૂપે તેણે પોતાનો ડગલો પહેરી લીધો. ઈસુ પાસે અડધા ઉઘાડા જવું એ અપમાનજનક હોત. પિત્તર શા માટે ઈસુને મળવા ઉતાવળો હતો? હોડી તેની ઉત્તેજનાને સમાવી શકતી નહોતી અને સમુદ્ર તેની અધીરાઈને રોકી શકતો નહોતો.

જયારે આપણે કોઈને નાસીપાસ કરીએ છીએ ત્યારે તે વ્યકિત છેલ્લી હોય છે કે જેને આપણે મળવું હોય. તે પ્રાધ્યાપક હોઈ શકે કે જેમણે આપેલા ઘણાં બધા કામો હજી આપણે કરવાના બાકી હોય અથવા એક મિત્ર કે જેને આપણે કંઈક વચન આપ્યું હોય અને હજુ સુધી તે પાળ્યું ન હોય. પાળક તરીકે હું જાણું છું કે દેવળમાં ભકિતસભામાં ગેરહાજર રહેનાર કોઈ વ્યકિત જયારે મને પછીથી

જુએ છે ત્યારે તે કેવી લાગણી અનુભવે છે. પરંતુ પિત્તરે વધારે ખ?ટું કર્યું હતું. આ પ્રસંગ સુધીના સમય સુધી પિત્તર ઈસુની પાછળ ત્રણ વર્ષ સુધી ચાલ્યો હતો. તે તેના નજીકના બાર શિષ્યોમાં મુખ્ય પદ સુધી પહોંચ્યો હતો. તે અંતર્ગત વર્તુળમાંનો એક હતો.

ત્યારે અકલ્પનિય બન્યું. જયારે ઈસુને અધિકારીઓ દ્વારા પકડાયા અને ચુકાદા માટે લવાયા, પિત્તર દૂરથી તેને અનુસરતો હતો. જયારે કોઈ સામાન્ય લોકોએ તેને જોયો અને તે ઈસુના શિષ્યમાંનો એક છે તેવા આક્ષેપો કર્યા ત્યારે તેણે તેનો નકાર કર્યો. એક વાર નહી, બે વાર નહીં, પરંતુ ત્રણ ત્રણ વાર – તેણે જાહેર કર્યું, " હું જાણતો નથી કે તું કોના વિશે કહે છે. હું આ ઈસુને ઓળખતો નથી. "

પિત્તર પૂરેપૂરો પાપી હતો. તે તેના બધા મુખ્ય શિષ્યો કરતાં ઈસુનો શિષ્ય બનવા લાયક ન હતો. પરંતુ જયારે પુનરૂત્થાન પામેલ ઈસુએ ગાલીલના સમુદ્રકાંઠે શિષ્યોને દર્શન દીધું ત્યારે શું થયું? પિત્તર ઈસુને મળવા માટે રાહ જોઈ ન શકયો. આપણે વિચાર્યુ હોત કે જો પિત્તરને તેની અને પ્રભુની વચ્ચે અંતર રાખવા કોઈ કારણ હોત તો, તે આ પ્રસંગે પણ હોત. પિત્તર પાપી, નાલાયક, શંકાના ડાઘ ન લાગ્યા હોય તે વગરનો, દોષિત હતો. તો પણ, તે ઈસુ તરફ ધસી ગયો. શા માટે? શા માટે પિત્તર પહેલી મુલાકાતમાં ઈસુથી દૂર ભાગ્યો અને બીજી મુલાકાતમાં ઈસુ તરફ ધસી ગયો હતો? ઈસુ સાથે ગાળેલા વર્ષોમાં કશુંક બન્યુ હતું. જેને લીધે તેનો પ્રતિભાવ જુદો હતો. પિત્તરની જીવન મુસાફરીને સમજવા આપણે તેના જીવનની સૌથી શ્રેષ્ઠ અને નીમ્ન તબકકા તરફ ફરીથી નજર કરવી જોઈએ. બંને ઘટનાઓ તેના ઘરથી થોડા અંતરે આવેલા સ્થળોએ બની હતી.

પ્રથમ કાઈસારીયા ફિલીપી, જે ગાલીલ સમુદ્રની ઉત્તરપૂર્વે પચીસ માઈલ દૂર આવેલ હતું, જે ગાલીલના રાજા હેરોદ એન્ટીપાસની હકૂમતથી બહાર હતુ ત્યાં બની હતી. બીજી ઘટના પિત્તરના વતનથી બીજી દિશામાં પંચોતેર માઈલ દૂર આવેલ એક શહેર યરૂશાલેમમાં બની હતી.

## ઊંચા અને નીચા તબક્કાઓ

કાઈસારીયા ફિલિપીમાં પિત્તરે કરેલી જાહેરાત તેની ઈસુ વિશેની સાચી સમજ બતાવતું હતું. જયારે યરૂશાલેમમાં, પિત્તર ઈસુને ઓળખતો હોવા છતાં નકાર કરીને તે નિવેદનને રદબાતલ કર્યુ. તેના એક ઉચા શ્રેષ્ઠ તબકકે પિત્તરે મહાન એકરાર કર્યો, તેના નીચા તબકકે કાયરની જેમ નકાર કર્યો.

જયારે ઈસુ કાઈસારીયા ફિલિપીના વિસ્તારમાં આવ્યા ત્યારે તેમણે તેમના શિષ્યોને પૂછયું, " માણસનો દીકરો કોણ છે એ વિષે લોકો શું કહે છે? " ત્યારે તેઓએ તેને કહયું કે કેટલાક (કહે છે) યોહાન બાપ્તિસ્મા કરનાર અને કેટલાએક એલીયાહ અને કેટલાએક યિર્મેયાહ અથવા પ્રબોધકોમાંનો એક. તે તેઓને કહે છે, પણ હું કોણ છું, તે વિષે તમે શુંકહો છો? ત્યારે સીમોન પિત્તરે ઉત્તર દીધો, કે તું મસીહ જીવતા દેવનો દીકરો છે. અને ઈસુએ તેને ઉત્તર દીધો, કે સીમોન બાર યોના, તને ધન્ય છે, કેમકે માંસે તથા લોહીએ નહિ, પણ મારા આકાશમાંના બાપે તને એ જણાવ્યુંછે અને હું પણ તને કહું છુ કે તું પિત્તર છે ને આ પથ્થર પર હું મારી મંડળી બાંધીશ, ને તેની વિરૂધ્ધ હાડેસની સત્તાનું જોર નહિ ચાલે. (માત્થી ૧૬: ૧૩–૧૮)

પીત્તરે ઈસુને તે કોણ હતો તે વિશે સાચી રીતે ઓળખી બતાવ્યો હતો. "તું મસીહ જીવતા દેવનો દીકરો છે." સામાન્ય લોકો તેને યોહાન બાપ્તિસ્મા કરનાર, એલિયાહ અથવા પ્રબોધકોમાંનો એક તરીકે જોતા હતા. પરંતુ પીત્તરે વધારે સારી રીતે પ્રભુ ઈસુને ઓળખ્યા હતા. ઈસુ તે કરતાં વધારે હતા – તે દેવનો અભિષિકત, મસીહ, ઈશ્વરપુત્ર હતા.

ત્યારે ઈસુએ ઉત્તર દેતા પીત્તરને કહયું, " તું પીત્તર છે અને આ ખડક પર હું મારી મંડળી બાંધીશ. " પારસ્પરિક દ્રઢ વચનોની નોંધ લો. પીત્તરે કહયું, " તું ખ્રિસ્ત છે. " ઈસુએ કહયું"તું પીત્તર છે." પરંતુ બે નિવેદનો વચ્ચે તફાવતની દુનિયા સમાયેલી છે. ઈસુ બધું જ હતા કે જે પીત્તરે જાહેર કર્યુઃ ખ્રિસ્ત, જીવતા દેવનો દીકરો. જો કે ઈસુએ તેને એક ખડક જાહેર કર્યો પરંતુ પીત્તર ભાગ્યે જ કંઈક હતો.

પીત્તર કંઈક નહિ બલ્કે ખડક હતો. તે દ્રઢ, મજબૂત, સ્થિર અને સલામત હોવાથી ઘણે દૂર હતો. તેણે ત્યારપછી જે બાબત કહી તે પરથી આ તરત જ દેખાઈ આવે છે. તેણે એવું ભયભીત નિવેદન કર્યા પછી ઈસુ શિષ્યોને તેના કાર્ય વિશે શીખવવા લાગ્યા – તેઓ યરૂશાલેમ જઈ રહયા હતા જયાં તે પકડાવાનો હતો, મરણ પામવાનો હતો અને મરણમાંથી ફરીથી સજીવન થવાનો હતો. વિરોધ કરતાં તે સ્વયં ઉશ્કેરાઈ પડયો. " અરે પ્રભુ, એ તારાથી દૂર રહે, એવું તને કદી થશે નહિ " (ક. ૨૨) સાચેજ, પીત્તરે પ્રેમ અને વફાદારીને લઈને એવું કહયું હશે. પરંતુ સત્ય એ છે કે તે ઈસુને, ઈસુએ શું કરવું તે કહી રહયો હતો. તે ઈસુને તેનું કાર્ય કેવી રીતે તેણે પૂરૂં કરવું તે વિશે સલાહ આપતો હતો. ઈસુ તરત જ પીત્તરે બતાવેલ વિરોધમાં શેતાનનો અવાજ પારખી ગયા અને હુકમ કર્યો, " અરે શેતાન મારી પછવાડે જા. " (ક. ૨૩).

એક પળે, પીત્તર ઈસુની સાથે હતો, બીજી પળે તે શેતાનની સાથે હતો. એક પળે, તે કહેતો હતો "પ્રભુ" અને બીજી પળે "ના, પ્રભુ." તે પીત્તરના જીવનનો ઊંચો તબકકો હતો, ભલે તે થોડો ખચકાતો હતો તેમ છતાં ઈસુ તેને ખડક કહે છે. ઈસુએ તેનામાં ભરોસો રાખ્યો અને જાહેર કર્યુ કે તે મંડળીની સ્થાપનામાં સાધન બનશે.

**ખડકમાંથી આંસુ**

ત્યાર પછી તરત બીજી ઘટના યરૂશાલેમમાં બની. પીત્તર અને શિષ્યો ઈસુની સાથે યરૂશાલેમ તરફ મુસાફરી કરતા હતા. જયારે ઈસુ પોતાના બાપની ઈચ્છા પૂરી કરવા ત્યાં ગયા હતા ત્યારે શિષ્યો પહેલેથી સ્વાર્થી લાભના વિચાર, સ્થાન અને મહત્વ માટે અંદરોઅંદર ઝઘડતા ઝઘડતા તેની પાછળ જતા હતા.

ત્યારે ઈસુએ તેઓને કહે છે કે, તમે સહુ આજ રાત્રે મારા સંબંધી ઠોકર ખાશો, કેમકે એમ લખેલું છે કે, " હું ઘેટાંપાળકને મારીશ ને ટોળાનાં ઘેટાં વિખેરાઈ જશે. પણ મારા ઉઠયા પછી હું તમારી અગાઉ ગાલીલમાં જઈશ. " ત્યારે પીત્તરે તેને ઉત્તર દીધો, " જો કે બધાં તારા સંબંધી ઠોકર ખાય, તોપણ હું કદી ઠોકર નહિ ખાઈશ. " ઈસુએ તેને કહયું, " હું તને ખચીત કહું છું કે આજ રાત્રે મરઘો બોલ્યા અગાઉ તું ત્રણ વાર મારો નકાર કરીશ. " પીત્તર તેને કહે છે, " જો કે તારી સાથે મારે મરવું પડે તો પણ હું તારો નકાર નહિ જ કરીશ. " બધા શિષ્યોએ પણ એમ જ કહયું. ( માત્થી ૨૬: ૩૧—૩૫)

પીત્તરે બડાઈ હાંકતાં કહયું, "જો કે બધા તારા સબંધી ઠોકર ખાય, તો પણ હું કદી ઠોકર નહિ ખાઈશ." તેણે આગળ ઉમેરતાં

કહયું "જો કે તારી સાથે મારે મરવુંપડે તોપણ હું તારો નકાર નહિ જ કરીશ." તે પોતાની જાતને બીજા અગ્યાર શિષ્યો સાથે સરખાવી રહયો હતો. "યોહાન કદાચ ઠોકર ખાય, કદાચ યાકુબ ઠોકર ખાય, માથ્થી કદાચ ઠોકર ખાય, તેઓમાંના બધાજ ઠોકર ખાય તોપણ હું નહિ ખાઈશ." શિષ્યોમાં ચડિયાતું કોણ તે ભાવના ત્યાં પ્રવર્તતી હતી.

પીત્તરે કદાચ વિચાર્યુ હશે કે તે તેઓમાં ખડક સમાન છે. તે અચલ ઉભો રહી શકશે. બીજા ઠોકર ખાઈ પડી જાય પણ તે નહીં. પરંતુ બન્યુ શું? પીત્તરે ઠોકર ખાધી અને સખત ઠોકર ખાધી. ત્રણ વખત. ઈસુને જાણવા છતાં ઈસુનો નકાર કર્યો. "બાઈ, હું તેને ઓળખતો નથી." અને ફરીથી "અરે ભાઈ, હું એમાંનો નથી." અને ફરીથી "અરે ભાઈ તું શું કહે છે તે હું જાણતો નથી." ( લુક ૨૨: ૫૬–૬૦)

પરંતુ ધારી ન શકાય તે કરતાં જલ્દી તે સભાન થઈ ગયો. ત્રીજી વખત તેણે ઈસુનો નકાર કર્યો, ત્યારે કશુંક બન્યું. તે બોલતો હતો એટલામાં મરઘો બોલ્યો. પ્રભુએ ફરીને સીધે સીધું પીત્તરની સામે જોયું. તેણે તેને કહયું હતું કે " આજ મરઘો બોલ્યા અગાઉ તું ત્રણ વાર મારો નકાર કરશે. " એ પ્રભુનું વચન પીત્તરને યાદ આવ્યું. પછી તે બહાર જઈને બહુ જ રડયો. (લુક: ૨૨: ૬૦–૬૨)

ઈસુએ ફરીને પીત્તરની સામું જોયું. તે દ્રષ્ટિએ પીત્તરના હ્દયને ભાંગી નાખ્યું. કયા પ્રકારની તે દ્રષ્ટિ હતી? નિરાશાજનક? ગુસ્સાથી ભરેલી? કે દુ:ખભરી? પીત્તર બહાર ગયો અને બહુ જ રડયો. યહૂદાની જેમ, જો કે તેણે બહાર જઈને આત્મહત્યા કરી નહીં. યહૂદાએ ઈસુનું મુખ જોયું નહીં.તે અધિકારીઓ પાસે લોહીના પૈસા પાછા આપવા ગયો. તેઓએ તેને ધૂત્કારી કાઢયો. તેઓના

છેતરપીંડી કરતા ચહેરા તેણે જોયા. છેતરનાર, છેતરાયેલો યહૂદા પોતાની જાતને ઘેરાયેલો જુએ છે. આત્મહત્યા જ એકમાત્ર રસ્તો બચ્યો હતો. તેણે જઈને ફાંસો ખાધો. (માત્થી ૨૭ઃ ૩–૫) શું પીત્તર તરફ ઈસુની દ્રષ્ટિ ઠેકડી ઉડાડવાની હતી? ("મેં તને આમ કહયું હતું!"), બેશક પીત્તરે પણ તેમજ કર્યુ હોત.

પરંતુ ઈસુના મુખના દેખાવની કોઈક બાબતથી પીત્તરના અંતરમાંથી આંસુઓનો આકસ્મિક ધોધ વહયો. એક જુવાન કે જેનું અચાનક માંદગીથી મૃત્યુ થયું હતું, તેની દફનવિધિ મેંકરી હતી તે હું કદી ભૂલીશ નહીં.તેના ગાઢ મિત્રોમાંના ત્રણ ત્યાંહતા તેઓ બધાં જ પુખ્ત વયના હતા પણ ઘણુંજ રૂદન કરતા હતા. તેઓ મોટેથી અને બહુ જ રડતા હતા. તેઓનું છાતી કુટવું અને મોટેથી રડવું તે રોકી શકાય તેમ ન હતું. હું કલ્પના કરું છુંકે, પીત્તર તેવી રીતે જ આખી રાત રડયો હશે.

પીત્તર જે ઘડીએ તે પડયો તે ઘડીથી જ તેની ચઢતીની શરૂઆત થઈ. તેને ઈસુના શબ્દો યાદ આવ્યા. તેણે ઈસુનું મુખ જોયું. એક બીજી બાબતે તેની ચઢતીમાં મદદ કરી. તેણે પોતાના નામનો ઉલ્લેખ થયેલ સાંભળ્યું. ઈસુની કબર આગળ દૂતે સ્ત્રી દ્વારા શિષ્યોને સંદેશ મોકલ્યો. પીત્તરના નામનો ખાસ ઉલ્લેખ કર્યો હતો. પણ તે તેઓને કહે છે, કે અચરત ન થાઓ, વધસ્તંભે જડાએલા ઈસુ નાઝારીને તમે શોધો છો, તે ઉઠયો છે, તે અહીં નથી, જુઓ, જે જગાએ તેને મૂકયો હતો તે આ છે. પણ તમે જાઓ, તેના શિષ્યોને તથા પીત્તરને કહો કે, તે તમારી અગાઉ ગાલીલમાં જાય છે, જેમ તેણે તમને કહયું હતું તેમ તમે ત્યાં તેને જોશો. (માર્ક ૧૬ઃ ૬–૭)

જે રીતે સંદેશો પ્રગટ થયો હતો તે અગત્યનું છે, " તેના શિષ્યો અને પીત્તરને કહો, " શા માટે પીત્તરનો ખાસ ઉલ્લેખ કરાયો? અને શા માટે તેનો શિષ્યોની પહેલાં નહિ ,પણ શિષ્યો પછી તેનો ઉલ્લેખ કરાયો? જો એમ હોત કે પીત્તર અને શિષ્યો, તો તે એટલા માટે હોત કે તે શિષ્યોનો આગેવાન હતો. પછી તેણે જે કંઈ કર્યુ હતું, તે આગેવાન થવાને લાયક નહોતો. તો કેમ ઈસુએ પીત્તરનું નામ સામેલ કર્યુ? ઈસુએ પીત્તરનું નામ પીત્તરને સંદેશ આપવા સામેલ કર્યું કે તે ભૂલાઈ ગયો નથી. વાકય શ્રેષ્ઠ રીતે અનુવાદ કરાયો છે. "શિષ્યોને કહો અને ખાસ કરીને પીત્તરને કહો." પ્રભુ હજીપણ તેને યાદ કરતા હતા તે જાણવાની અગત્ય પીત્તરને બીજા કોઈપણ શિષ્ય કરતાં વધારે હતી.

ઈસુએ તેમના મરણમાંથી સજીવન થયા બાદ પીત્તરને વ્યકિતગત રીતે દર્શન દીધું હતું. (લુક ૨૪ : ૩૪) આપણી પાસે કોઈ નોંધ નથી કે જયારે તેઓ મળયા ત્યારે તેઓએ શી વાત કરી હતી. પરંતુ આપણે ચોકકસ કહી શકીએ કે પીત્તર પહેલાં જેવો આપવડાઈ કરનારો હવે ન હતો. ઈસુએ પીત્તરને શું કહયુ? આપણને કહેવામાં આવ્યું નથી. પીત્તરે કદાચ કોઈને પણ નહીં કહયું હોય. આપણું અનુમાન છે કે પ્રભુએ ફકત તેનો હાથ પીત્તરના ખભા પર મૂકીને પહેલાં જે જાહેર કર્યુ હતુંતેનો પુનરૂચ્ચાર કર્યો હશે. " અને હું પણ તને કહું છું કે તું પીત્તર છે, ને આ પથ્થર પર હું મારી મંડળી બાંધીશ, ને તેની વિરૂધ્ધ હાડેસની સત્તાનું જોર નહિ ચાલે." (માત્થી ૧૬:૧૮)

ઈસુએ મુલાકાતનું વચન કે જે તેમણે દૂત મારફતે આપ્યું હતું તે પાળ્યું. જેમ તેમણે વચન આપ્યું હતું, તેમ તેમણે શિષ્યો અને પીત્તરને ગાલીલના સમુદ્રકિનારે દર્શન આપ્યું. (યોહાન ૨૧:

૧–૨૩) પીત્તર માટે તે અલૌકિક અનુભવ હતો. અગાઉના કરતાં હવે તેને પોતાની પાપી સ્થિતિનું વધારે ભાન થયું. છતાં તેણે ઈસુની નજીક જવામાં ઉતાવળ કરી. પાસ્કલ " પેનસીસ " અથવા " ૧૬૭૦ના વિચારોમાં" લખતાં આપણને ખાત્રી આપે છે કે અ)પણે ઈશ્વરને શોધીશું નહિ સિવાય કે આપણે તેને પહેલેથી શોધી કાઢયો હોય. તે પર આધારિત કોઈકે સાચી જ રીતે પ્રાર્થના કરી કે, પ્રભુ મેં તને શોધ્યો નથી કારણ કે તેં મને શોધી કાઢયો છે.

પીત્તર ઈસુને શોધી કાઢે તે પહેલાં તો ઈસુએ તેને શોધી કાઢયો. પીત્તર ઈસુ તરફ ઉતાવળો હતો કારણ કે ઈસુએ તેને શોધ્યો અને શોધી કાઢયો. તે તો પીત્તરનો પ્રભુ પ્રત્યેનો પ્રેમ નહોતો કે જે તેને એટલો બધો ઉતાવળો કરતો હતો. પરંતુ તે તો પ્રભુનો તેના પ્રત્યેનો પ્રેમ હતો. પ્રેરિત યોહાન કે જે પીત્તરની સાથે હતો તેણે તે બધું જાણ્યું. તેણે પોતાની જાતને એક શિષ્ય કે જેની પર ઈસુ પ્રેમ રાખતો હતો તેવી રીતે ઓળખાવી હતી. (યોહાન ૧૩ : ૨૩, ૨૧ : ૭) છેલ્લા ભોજન વખતે, પીત્તર જયારે તેના ઈસુ પરના પ્રેમ વિશે મોટેથી કહી રહયો હતો ત્યારે યોહાન શાંતિથી ઈસુના પ્રેમ તરફ ઢળી રહયો હતો. કદાચ યોહાને જે જોયું તે તેને એવા શબ્દો લખવા દોરી ગયું. આમાં પ્રેમ છે, નહીં કે આપણે ઈશ્વરને પ્રેમ કર્યો, પરંતુ તેણે આપણા પર પ્રેમ કર્યો, (૧ યોહાન ૪ : ૧૦, ૧૯) શિષ્ય, કે જેને ઈસુ પ્રેમ કરતો હતો તે છેવટ સુધી તેની સાથે ઉભો રહયો, પણ શિષ્ય કે જે ઈસુને પ્રેમ કરવાનો દાવો કરતો હતો તે નિષ્ફળ નીવડયો.

### પ્રકરણ સમાપ્ત કરતાં

તેથી ઈસુ એ પોતાનો પ્રેમ પ્રદર્શિત કરવા અને પીત્તરને તેની નિષ્ફળતાની લાગણીમાંથી બહાર લાવવા પીત્તરને દર્શન દીધું.

માછલીઓ પકડયા વગરની નિરર્થક રાત્રી અને ચમત્કારીક રીતે માછલીઓ પકડાવી, એ પીત્તરને ફરી એકવાર તે શું કરી શકતો હતો અને ઈસુ શું કરી શકતા હતા, તે વચ્ચેનો તફાવત દેખાડવા માંગતા હતા. તે પીત્તરનાં જીવનનું અંધકારમય પ્રકરણ પૂરું કરવા માટે પણ હતા. તેને પૂર્ણાહૂતિની જરૂર હતી જેમ આપણે જીવનમાં મોટી નિષ્ફળતા સહયા બાદ કરીએ છીએ તેમ, પછી તે સબંધોમાં, આપણી કારકીર્દિમાં અથવા આપણા કુટુંબમાં હોય. જો તેમ ના હોય તો આપણી નિષ્ફળતા આપણો પીછો કરશે અને બાકીના જીવનને લંગડુ બનાવી દેશે. પૂર્ણાહૂતિની ચાર તંદુરસ્ત નિશાનીઓ છે.

- હું જાણું છું કે મને માફી આપવામાં આવી છે.
- હું જાણું છું કે હું કયાં ખોટો હતો.
- હું જાણું છું કે હું હજુ પણ ઉપયોગી થઈ શકુંછું.
- હું જાણું છું કે કેવી રીતે ફરીથી ન પડી જવાય.

જયારે આપણે યોહાનના ૨૧માં અધ્યાય તરફ જોઈએ છીએ, ત્યારે આપણે આ તંદુરસ્ત પૂર્ણાહૂતિની ચારેય નિશાનીઓ પીત્તરના જીવનમાં જોઈ શકીએ છીએ. પ્રથમ, પીત્તરે જાણ્યું કે તેને માફી મળી હતી. જયારે ઈસુએ તેને આમંત્રણ આપ્યુ, " આવો નાસ્તો કરો. " (ક.૧૨) ઈસુએ પીત્તર અને શિષ્યોને નાસ્તા માટે બોલાવ્યા ના હોત, જયાં સુધી તેમણે તેઓને માફ કરી દીધા ના હોત. નાસ્તો વહેંચવો અને સાથે ખાવુંનો અર્થ હતો મિત્રતા અને સંગત.

બીજું, પીત્તરે જાણ્યું કે કયાં તે પડી ગયો હતો. જયારે ઈસુએ તેને પૂછયું, " યોહાનના દીકરા સીમોન, શું તું મારા ઉપર એઓનાં કરતાં વધારે પ્રેમ રાખે છે? " (ક.૧૫) " એ ઓ " માટેનો શબ્દ ગ્રીકમાં નાન્યતર કે નર જાતિનો હોઈ શકે, પ્રશ્નનુંબે રીતે ભાષાંતર

કરી શકાય. જો નાન્યતર જાતિ લઈએ તો પ્રશ્ન આ હતો, " શું તું મારા ઉપર આ માછલી પકડવાની હોડી, જાળ અને માછલીઓ કરતાંવધારે પ્રેમ રાખે છે? " ઈસુ પીત્તરને પૂછી રહયા હતા કે શુંતે તેના પહેલાના માછીમારના જીવન તરફ પાછો ફરવાની ઈચ્છા રાખતો હતો?

જો નર જાતિ લઈએ તો પ્રશ્ન આ હતો, " શુંતુંમારા ઉપર આ શિષ્યોના કરતાંવધારે પ્રેમ રાખે છે? ઈસુ પીત્તરને પૂછી રહયા હતા કે જે તેણે પહેલા દાવો કર્યો હતો તેને શુંતે વળગી રહયો હતો? " જો કે બધા તારા સબંધી ઠોકર ખાય, તો પણ હુંકદી ઠોકર નહી ખાઈશ. " (માત્થી ૨૬:૩૩) તે વેદના ભરી યાદ ફરીથી તાજી કરાવે છે અને પીત્તરના જ્ઞાનતંતુને તે સ્પર્શે છે. વિષયને અનુલક્ષીને આ વધારે ઈચ્છવાજોગ અર્થ લાગે છે. ઈસુ પીત્તરના અભિમાન કે જેણે તેને પડતી તરફ દોર્યો હતો તેને સ્પર્શી રહયા હતા. નવાઈ પામવા જેવુંનથી કે, પીત્તરનો જવાબ ઈસુના એ પ્રશ્ન કે જેમાંપ્રેમ માટે થોડો ઉતરતો શબ્દ વાપર્યો હતો, તે પ્રત્યે હતો. નવાઈ પામવા જેવુંનથી કે, તે દુ:ખી થયો હતો કે ઈસુએ ત્રીજીવાર એનો એ જ પ્રશ્ન થોડો ઉતરતો શબ્દ વાપરીને પૂછયો હતો. પિત્તર પહેલાંની જેમ આ વખતે ચોકકસ નહોતો. તેણે જાણ્યું, કે તેણે કયાંખોટું કર્યુંહતું.

ત્રીજુ, પીત્તરે જાણ્યુંકે તે હજુ પણ ઉપયોગી થઈ શકતો હતો જયારે ઈસુએ તેને આદેશ આપ્યો, " મારાંહલવાનને પાળ " અને " મારાં ઘેટાંને પાળ " (ક.૧૫:૧૭) હજુ કામ કરવાનુંબાકી હતુંઅને પીત્તર તે કરશે. તેને ઉઘાડો, દૂર કે ગેરલાયક કરવામાંઆવ્યો નહોતો. મને એ સમય યાદ છે જયારે દિક્ષિત સેવકો અને વડીલો તરીકે અમારે અમારા સાથી સેવક કે જેઓ પાપમાં પડયા હતા તેઓને શિસ્તમાં લાવવા. તેની સાથે વિચાર વિમર્શ કરતા. તેમણે

ઈશ્વર પાસે અને અમારી પાસે ક્ષમા માંગી. હું તેમની દર્દભરી અને આંસુભરી આજીજી કદી ભૂલીશ નહીં. જયારે તેમણે ઈશ્વરને આજીજી કરતાં કહયું, " ઓ ઈશ્વર, મહેરબાની કરીને મારું નામ તમારા સેવા પુસ્તકમાંથી ચેકી નાંખતા નહીં. " બીજા કશા પણ કરતાં વધારે તેમને એ જાણવું હતું કે હજુ પણ તે પ્રભુની સેવામાં ઉપયોગી રહી શકતા હતા.

અંતમાં, પીત્તરે જાણ્યું કે કેવી રીતે ફરીથી પડી ન જવાય જયારે ઈસુએ તેને કહયું, " મારી પાછળ આવ. " (ક. ૧૯) જયારે ઈસુએ પીત્તરને તે એક દિવસે કેવા પ્રકારનું મોત સહન કરશે એ વિશે કહયું ત્યારે તે યોહાનનું શું થશે એ જાણવા માંગતો હતો. " પ્રભુ એ માણસનું શું થશે? " (ક.૨૨) પીત્તરે એ પ્રમાણે ઠોકર ખાધી હતી. કારણ કે તેણે પોતાની જાતને બીજા શિષ્યો સાથે સરખાવી હતી. જયારે તેણે ઈસુ તરફ જોવું જોઈતું હતું, ત્યારે તેણે બીજાઓ તરફ જોયું હતું.

જયારે આપણે આપણી જાતને બીજાઓ સાથે સરખાવીએ છીએ, જયારે આપણે એવું વિચારીએ છીએ કે આપણે વધારે સારા છીએ ત્યારે આપણે અભિમાનમાં પડીએ છીએ, અને જયારે આપણે વિચારીએ છીએ કે આપણે વધારે ખરાબ છીએ ત્યારે આપણે આપણી પોતાની દયા ખાઈએ છીએ. કોઈક રીતે, આપણે આપણી આંખો પ્રભુથી દૂર કરીએ છીએ. દોડવીરો અને પ્રેક્ષકોથી ભરેલું અને ચીચીયારીઓથી ધમધમતાં સ્ટેડીયમમાં, " ઈસુની તરફ આપણે આપણી આંખો સ્થિર કરીએ. " એવો પડકાર તો ત્યાં હોય છે જ. (હેબ્રી ૧૨: ૧–૨) પીતરે, જો તેણે બીજી વાર પડી જવું ન હોય તો તેની નજર ઈસુ પર સ્થિર કરવી જોઈએ.

આપણે શરૂઆત કરતાં દોષીપણું અને સંબંધો વિશે વાત કરી હતી. જયારે આપણે દોષિત અનુભવીએ છીએ ત્યારે આપણા લોકો સાથેના સંબંધો કઢંગા અને પ્રતિકૂળ બને છે. જો પીત્તરે પાછા પડી ન જવું હોય તો તેની નજર તેણે ઈસુ પર સ્થિર કરવી જોઈતી હતી. જયારે તે ઈસુને પહેલાં મળ્યો ત્યારે તેણે પણ તે રીતે જ અનુભવ્યું" મારાંથી દૂર જા કારણ કે હું પાપી છું. " તે જાણતો હતો કે તે પાપી હતો તે જાણતો હતો કે ઈસુ પવિત્ર હતો. ત્રણ વર્ષ પછી પીત્તર વૃધ્ધિ પામ્યો. તેણે પોતાની જાતને વધુ સારી રીતે ઓળખી. તે હજુ પણ એટલો જ પાપી હતો (એમ નહીંતો વધારે). તેણે ઈસુને વધુ સારી રીતે ઓળખ્યા: પ્રભુ હજુ પણ એવા જ પવિત્ર હતા. પરંતુ તે ઈસુ વિશે બીજું કાંઈક શીખ્યો કે જેણે તેનો ઈસુ પ્રત્યેનો પ્રતિભાવ બદલી નાખ્યો. ઈસુથી દૂર દોડી જવાને બદલે, તે તેની તરફ દોડી રહયો હતો.

પીત્તર શું શીખ્યો હતો? તે પૂરૂં વર્તુળ ફર્યો હતો. તે શીખ્યો હતો કે ઈસુએ તેનામાં અતિ ભૂંડુ જોયું, તેમ છતાં તેના વિશે અતિ ઉત્તમ માન્યું. પીત્તરે જાણ્યું કે તે ખડક બનવાથી ઘણે દૂર હતો, તેમ છતાં ઈસુએ તેને એક ખડક તરીકે જોયો. ઈસુ આપણે શું છીએ તે વિશે નહીં પરંતુ આપણે શું બની શકીએ તે જુએ છે. મેથ્યુ હેનરી અવલોકન કરવામાં સાચા હતા, " તેઓ કે જેઓને ખ્રિસ્ત પોતાની પાસે નજદીકની ઓળખ આપવા તૈયાર કરે છે તેઓને તે પ્રથમ એવી ખાતરી કરાવા માંગે છે કે તેઓ બહુ દૂરથી પણ તેમની સાથેના સબંધમાં સ્થાયી થવાને લાયક છે."[૨૭]

તે આપણને આપણામાંની ભૂંડાઈ જોવા કહે છે, કે તેથી આપણે તેમનામાં શ્રેષ્ઠ જોઈ શકીએ. ઈસુનાં પ્રેમનો એક પ્રકાશિત તારો છે જે પાપીઓને તેની તરફ ખેંચે છે. જયારે આપણે આપણી

પાપી અવસ્થા જોઈએ છીએ ત્યારે આપણે ભયપૂર્વક તેની આગળ ઝુકી પડીએ છીએ. પરંતુ જયારે આપણે તેની પ્રેમાળતા જોઈએ છીએ, આપણે પ્રેમપૂર્વક તેને ભેટીએ છીએ. હવે આપણે તેમનાથી દૂર ભાગતા નથી, પણ એની તરફ દોડીએ છીએ. દોષિતપણું સંબંધો બાંધતું નથી; પરંતુ પ્રેમ તે બાંધે છે. દોષિપણું સંબંધોમાં મદદ કરતું નથી; પણ માફી તેમ કરે છે.

આપણે આપણા દોષિતપણાના પ્રકરણનો અંત લાવવાની જરૂર છે. આપણે આપણા નિષ્ફળતાના પ્રકરણનો અંત લાવવાની જરૂર છે. આપણે ફરીથી શરૂઆત કરવા સક્ષમ થવાની જરૂર છે. આપણે આપણા અપરાધને (સાચો હોય કે કલ્પિત હોય) પ્રભુ સાથેના સંબંધોના અંત તરીકે જોતા નથી. આપણે તેને શરૂઆત તરીકે જોઈએ છીએ. જે પળે આપણે અનુભવીએ છીએ કે અ)પણે ઈશ્વર વિરૂધ્ધ પાપ કર્યુ છે તે જ પળે આપણે તેની તરફ પાછા ફરીએ છીએ અને ફરીથી શરૂઆત કરીએ છીએ. આપણે લાયક નથી માટે આપણે ઈસુથી વિમુખ જતા નથી; પરંતુ તેની પાસે જઈએ છીએ. જયારે આપણે મોટા પાપી છીએ તેવુંઅનુભવીએ છીએ ત્યારે આપણને તેની વધારે જરૂર છે. જયારે આપણે પોતાની જાતને ઓછા લાયક અનુભવીએ છીએ ત્યારે તે આપણને ખાસ આવકારે છે. પ્રેમનું વર્તુળ જયારે પૂર્ણ થાય છે ત્યારે હંમેશા તે આપણને તેની અંદર ખેંચે છે.

# પ્રકરણ – ૧૦

# પાઉલઃ લાંબુ ઘસડાયેલો

" જીવનમાં કોઈપણ બોજ ઊંચકવાનો
ન હોય તે સૌથી અઘરી બાબત છે. "
સાધુ સુંદરસીંગ

તે બનાવ પચ્ચીસ વર્ષ પહેલાં બન્યો હતો. છતાં પાઉલ જાણે કે તે ગઈકાલે જ બન્યો હોય તેમ બોલી ઊઠે છે, " તે માટે, હે અગ્રીપા રાજા, તે આકાશી દર્શન માન્યા વિના હું રહયો નહિ. " (પ્રેરિતોનાં કૃત્યો ૨૬: ૧૯) કૈસર પાસે અદાલતી તપાસની માંગણી બાદ રાજા અને તેની સાથેના સભાજનો સામે, પાઉલે તે ઘડી યાદ કરી. આકાશી દર્શને તેને અંધ બનાવી દીધો અને તેજ સમયે તેની આંખો ખોલી નાંખી. તેણે તેના ભૂતકાળને સરળ થવા ન દીધો અને તેના ભવિષ્યને નવો અર્થ આપ્યો.

નિર્ણયાત્મક પળો એ વ્યકિતના જીવનની મહત્વની ઘટના છે જે તેને કે તેણીને એવી અસર કરે છે, જેથી તે કદી પહેલાંના જેવી પછીથી રહેતી નથી. પાઉલ સાથે બન્યુંતેમ આવી ઘટના મોટે ભાગે પરિચિત અને રોજિંદી બાબતોથી બહાર દૂર બને છે. ઈશ્વર તેનું જીવન બદલી નાંખવા તેને ઘરથી ૧૪૦ માઈલ દૂર લઈ ગયો. પાઉલે ખ્રિસ્તીઓના નવા સંપ્રદાયનો નાશ કરવાના હેતુથી દમસ્ક જવા યરૂશાલેમ છોડયું હતું. ટ્રેઈન અને વિમાનના દિવસો પહેલાં, મુસાફરી પગે ચાલીને થતી અને તે અઠવાડિયા સુધી ચાલતી.

વિલિયમ બાર્કલે અનુમાન કરે છે કે પાઉલ પાસે કશું કરવાનું નહોતું પરંતુ ચાલવાનું અને વિચારવાનું હતું. તેણે સાન્હેદ્રિન

સભાના આગેવાનો "એક પ્રકારનું પોલીસ દળ" ની સાથે મુસાફરી કરી હતી, અને વિધ્વાન ફરોશી તરીકે તેની સાથે થોડીક વાતો કરવી પડતી.[૬૮] તેણે ગાલીલમાં થઈને મુસાફરી કરી અને ઈસુની યાદ આવી. રસ્તો ઉપર હેર્મોન પર્વત પર જતો હતો, અને જેમ જેમ દમસ્ક શહેર તરફ નીચે ઉતરતો હતો, પર્વતની ઠંડી હવા, મેદાન પ્રદેશની ગરમ હવા સાથે મળતાં તીવ્ર વીજળીક હુમલો થયો. અંધ કરી દે તેવા ચમકારામાં પાઉલ જીવનની ધરી પર જડવત ઉભો હતો કે જે પાછળથી બદલાવાની હતી.

તે ઘડીથી સતાવણી કરનાર શાઉલ પ્રેરિત પાઉલ બન્યો. તેણે પ્રકાશ જોયો અને બીજું બધું તેના ઝળહળાટમાં જોયું. આવું સંપૂર્ણ બદલાણ અનુકૂળ પરિસ્થિતિમાં કદી થઈ શકયું ન હોત. પાઉલે વીજળીના ભયંકર કડાકા સાથે અથડાવવાનું હતું– તે સંપૂર્ણપણે જુદી જ વ્યકિત તરીકે ઊભા થતાં પહેલાં તે ધ્રુજયો, દિગ્મૂઢ થઈ ગયો અને પડી ગયો.

**પ્રકાશ જોતાં**

પ્રથમ, પાઉલે નવા પ્રકાશમાં ઈસુને જોયા. જયારે તે યરૂશાલેમથી નીકળ્યો ત્યારે પાઉલ માનતો હતો કે ઈસુ એ દેવથી શાપિત છે. શું તે તો રોમન વધસ્તંભ પર મરવા માટે નહોતો? શું શાસ્ત્ર એમ નથી કહેતુંકે, "જે કોઈ ઝાડ પર ટંગાયેલો છે તે દેવથી શાપિત છે?"(પુનર્નિયમ ૨૧ : ૨૩) ઈસુને મોટા ગુના માટે દોષિત ઠરાવાયો, મૃત્યુદંડની સજા ફરમાવવામાં આવી અને લાકડા પર લટકાવી દેવામાં આવ્યો. શાસ્ત્રના શિક્ષણ પ્રમાણે આવો માણસ એ શાપિત હતો. તે મસીહ ન હોઈ શકે – વધસ્તંભે જડાયેલો મસીહા એ શબ્દો વિસંગત લાગતા હતા.

તો શા માટે ખ્રિસ્તીઓ તેને આદરમાન આપતા અને તેને ઈશ્વર તરીકે ભજતા હતા? આ તો દેવ વિરૂધ્ધ દુર્ભાષણ. સ્તેફનને મરણદંડની સજાનો હુકમ મંજૂર કરતાં પાઉલને સંશય નહોતો. (પ્રે.કૃ. ૭:૫૭–૬૦), દેવ વિરૂધ્ધ દુર્ભાષણ માટેની સજા તો મરણદંડ હતી. ખરેખર પાઉલે ઈસુના શિષ્યોને બંદી બનાવીને નવો જન્મ લેનાર સંપ્રદાયનું નિકંદન કાઢી નાંખવા એ પોતાની ફરજ તરીકે જોયું હતું. તેણે યરૂશાલેમથી શરૂઆત કરી અને બીજાં શહેરો કે જયાં ખ્રિસ્તીઓ ભાગી ગયા હતા ત્યાં સુધી પોતાનો ધ્યેય પાર પાડવા પીછો કર્યો.

પરંતુ તેને ખબર નહોતી કે તે ઈશ્વર વિરૂધ્ધ લડી રહયો હતો. " શાઉલ, શાઉલ, તું મને કેમ સતાવે છે? આરને લાત મારવી તને કઠણ છે." આકાશમાંથી એક વાણીએ તેમ કહયું. (પ્રે.કૃ. ૨૬:૧૪) જુવાન બળદને ધૂંસરી અને ગાડું ગમતું નથી. પરંતુ જયારે તેને તેની સાથે જોડવા બાંધવામાં આવે છે ત્યારે તે તેમાંથી છૂટવા લાત મારીને પ્રયત્ન કરે છે. ગાડાનો આગળનો ભાગ બળદની એડી પાસે એક સળિયા સાથે જોડાયેલો હોય છે. તરત બળદ સમજી જાય છે કે માલિકની સામે મારેલી લાત પોતાને જ વગાડે છે.

આવો જ પાઠ પાઉલે શીખવાનો હતો. તે બપોરે મુસાફરી કરી રહયો હતો. ("લગભગ મધ્યાહન" પ્રે.કૃ. ૨૬:૧૩) જયારે મોટાભાગના મુસાફરો સૂર્યની ગરમીને લીધે આરામ કરતા હતા ત્યારે જે રીતે તે તેના ધ્યેયની પાછળ પડી ગયો હતો તે બતાવે છે કે કોઈ વળગાડ તેને દોરી રહયું છે. શું તે સ્તેફનના શાંતિ તફાવત તરીકે જોઈ શકયો નહોતો, જયારે તેને પથ્થરે મારવામાં આવ્યો ને તે સમયે તે પ્રાર્થના કરતો હતો, " ઓ પ્રભુ, આ દોષ તેઓને માથે ન મૂક." (પ્રે.કૃ. ૭:૬૦) શું પાઉલ પોતાના નૈતિક ખ્યાલને તેના

અણીદાર ભાગ સામે મારીને શાંત પાડવાની કોશિશ કરી રહયો હતો? પાઉલ જેવા સખત વ્યકિત માટે, કોઈ પણ બાબત તેને બદલી ન શકે સિવાય કે કોઈ ઉગ્ર પગલાં. ઈસુએ તે જોઈ શકે માટે તેને આંધળો કરવો પડયો.

તે યરૂશાલેમથી પોતાના હાથમાં અધિકાર પત્રોનો જથ્થો લઈને નીકળયો હતો. તે જ હાથો સાથે તે દમસ્કમાં સત્તા વગરનો અને અસહાય પરિસ્થિતિમાં પહોંચ્યો. તે જીતવા માટે આવ્યો હતો પરંતુ તે જીતાઈ ગયો. તે બંદી બનાવવા આવ્યો હતો પરંતુ તે બંદી બની ગયો. ઘણાં વર્ષો પછી તેના ગલાતીમાંના ખ્રિસ્તીઓને લખાયેલા પત્રમાંતે ઈસુના શાપિતપણાનો અર્થ વિગતવાર સમજાવે છે. તે શાપ ઉલટાનો આપણા પર છે. " નિયમ શાસ્ત્રના પુસ્તકમાં જે આજ્ઞાઓ લખેલી છે તે બધી પાળવામાં જે કોઈ ટકી રહેતો નથી તે શાપિત છે. " (ગલાતી ૩:૧૦, પુનર્નિયમ ૨૭:૨૬નો આધાર આપતાં)

કોઈપણ વ્યકિત આજ્ઞાઓ સંપૂર્ણપણે પાળી શકતી નથી અને માટે બધાંજ શાપિત હતા. ઈસુએ વધસ્તંભ પર જે શાપ માથે લીધો તે આપણો હતો નહીં કે તેનો. ખ્રિસ્તે આપણી વતી શાપિત થઈને, નિયમના શાપથી આપણને છોડાવી લીધા કેમકે એમ લખેલું છે કે, " જે કોઈ ઝાડ ઉપર ટંગાયેલો છે તે શાપિત છે. " (ગલાતી ૩:૧૩, પુનર્નિયમ ૨૧:૨૩ને ટાંકતા) અંતે પાઉલે ઈસુને તેઓ જે ખરેખર હતા તેવા જોયાઃ દોષિત, ગુનેગાર, ઈશ્વરના શાપને લીધે વ્યગ્ર નહીં પરંતુ છોડાવનાર કે જે આપણા પાપનો શાપ દૂર કરવા મરણ પામ્યા.

બીજું, તેણે ઈસુના શિષ્યોને નવા પ્રકાશમાંજોયા. જયારે તેને દમસ્કમાં દોરી લઈ જવામાં આવ્યો ત્યારે તે મોટા રસ્તા પરના એક

મોટા ઘરમાં અંધારામાં બેઠો. દ્રષ્ટિ, ખોરાક અને પાણી વગર ત્રણ દિવસ તેણે માનસિક યાતના સહી. મેંશુંકર્યુ હતું? કેવી રીતે હું ખોટા માર્ગે ગયો હતો? હવે મારું શું થશે? તેની દુનિયા અંધારામાં ઝબોળાઈ હતી, તેનું જીવન અભિમાન પૂર્વકની ચોકસાઈથી ખાલી થઈ ગયું હતું. તેની અનુકૂળ વિસ્તારથી બહારની મુસાફરી શરૂ થઈ હતી. જેમ રાત્રિ પરોઢની રાહ જોતી હતી તેમ ખાલીપણું ભરપૂરીપણાની રાહ જોતું હતું. દરવાજા પર ટકોરાનો અવાજ સંભળાયો, તે ખૂલ્યું તેમ કિચૂડ કિચૂડ અવાજ આવ્યો અને કોઈકના પગલાં તેની તરફ આવ્યા.

" ભાઈ શાઉલ ", એક અજાણ્યા અવાજે તેને સંબોધન કર્યુ (પ્રે.કૃ. ૯:૧૭) જેમને તે બંદી બનાવવા પકડવા આવ્યો હતો તે લોકો પાસેથી પ્રથમ બે શબ્દો તેણે સાંભળ્યા તે પ્રેમ અને માફીના હતા. તે શત્રુ તરીકે આવ્યો હતો, પરંતુ તેઓએ તેને મિત્ર અને ભાઈ તરીકે સ્વીકાર્યો. ઘણાં વર્ષો પછી, ખ્રિસ્તીઓને લખેલા તેના પત્રોમાં પાઉલે તે શબ્દોને વારંવાર ઉપયોગમાં લીધા. ફિલીપીમાંના ખ્રિસ્તીઓને " મારા ભાઈઓ ", આપોલસને " આપણો ભાઈ ", તિતસને " મારા ભાઈ " અને તુખીકસને " વહાલો ભાઈ " કહયા.[૨૯]

એક અજાણી વ્યકિત કે જેણે પાઉલનો ખ્રિસ્તીઓના કુટુંબમાં આવકાર કર્યો હતો તે દમસ્કમાં રહેનાર વિશ્વાસી - અનાન્યા હતો. પ્રભુ દ્વારા દર્શનમાં સૂચના પામ્યા અનુસાર અનાન્યા પાઉલ પાસે સંદેશ સાથે આવ્યો હતો. " તું તેની ઈચ્છા જાણે, અને તે ન્યાયીને જુએ, અને તેના મોંની વાણી સાંભળે માટે આપણા પૂર્વજોના દેવે તને પસંદ કર્યો છે. " (પ્રે.કૃ. ૨૨:૧૪). શા માટે ઈસુએ જાતે તે સંદેશ ન આપ્યો? શા માટે અનાન્યાને મોકલ્યો?

જવાબ સરળ છે. પાઉલે ઈશ્વર સાથે જ નહી પરંતુ લોકો કે જેમને તે સતાવતો હતો તેમની સાથે પણ સમાધાન કરવાનું હતું.

ઈસુએ પોતાની જાતને તેના શિષ્યો સાથે એવી સંપૂર્ણ રીતે ઓળખાવી હતી કે તેણે પાઉલને પૂછયું, " શાઉલ, શાઉલ તું મને કેમ સતાવે છે? તેમને સતાવવા એટલે ઈસુને સતાવવા તેમ હતું. લોકો જેઓ ઈસુને અનુસરતા હતા તેમની સાથે સમાધાન વગર ઈસુ સાથે સમાધાન પૂર્ણ ન થાય.

પાઉલ પછીથી શીખવે છે " ખ્રિસ્ત મંડળીનું શિર છે, વળી ખ્રિસ્ત શરીરનો ત્રાતા છે. " (એફેસી ૫ઃ ૨૩) ઈસુ એ શિર છે, અને મંડળી એ તેનું શરીર છે. આપણે શરીરના ભાગ બન્યા વગર પણ શિરના ભાગ કેવી રીતે બની શકીએ? અનાન્યા એ શરીર એટલે દમસ્કમાંની મંડળીનો પ્રતિનિધિ હતો. પાઉલને " ભાઈ " તરીકે સંગતમાં સ્વીકારીને તેણે સમાધાન બેવડી રીતે જાહેર કર્યુ. " ત્યારે તેની આંખો પરથી તત્કાળ છાલા જેવું કંઈ ખરી પડયું, એટલે તે દેખતો થયો. " (પ્રે.કૃ. ૯ઃ૧૮) સાજાપણું સંપૂર્ણ હતું.

અનાન્યા દ્વારા લવાયેલા સંદેશાએ પાઉલની ભવિષ્યની યોજનાઓ નકકી કરી. રોમનો દ્વારા તેને દેહાંતદંડ અપાયો ત્યાં સુધી પાઉલનું જીવન એક બાબતને માટે સમર્પિત હતું. આકાશી દર્શનને આધીન અને તેના પ્રભુ તરફથી સોંપાયેલી ખાસ કામગીરી. તે ખાસ કામગીરી તો સુવાર્તાના સુસમાચાર દૂર દૂર સુધી, યહૂદીઓ અને બિન યહૂદીઓ સુધી લઈ જવી તે હતી. " તું તેઓની આંખો ઉઘાડે, અને તેઓને અંધારામાંથી અજવાળામાં, અને શેતાનની સત્તા નીચેથી દેવની તરફ ફેરવે. " (પ્રે.કૃ. ૨૬ઃ૧૮)

## આંખોમાં સમયની રેતી

રસપ્રદ રીતે, પાઉલે એવું નથી કહયું કે, " આકાશી દર્શન પ્રત્યે હું વિશ્વાસુ હતો. " પણ તેણે કહયું, "હું અવિશ્વાસુ ન હતો. "

શા માટે બે વાર નકારાત્મક શબ્દો? શું તે એમ કહેવા માંગતો હતો કે કોઈને ન માનવુંએ સરળ પડશે? માટે માન્યા વગર ન રહેવું એ અઘરૂ છે? સાચે જ, આકાશી દર્શન દ્રષ્ટિમાંથી બહાર જવું, ભૂલાઈ જવું અથવા તેમાંથી વિચલિત થવુંએ સહેલું હતું. માન્યા વગર રહેવા માટે કોઈ પ્રયત્નની જરૂર નથી. માન્યા વગર ન રહેવા માટે પ્રયત્ન જરૂરી છે, તેને માટે દ્રઢ નિષ્ઠાથી કાર્ય, શિસ્ત અને સંકલ્પ જરૂરી છે.

ઘણી બાબતો પાઉલ અને આકાશી દર્શન વચ્ચે આવી હશે. પ્રથમ તો તેણે ઘણી મુશ્કેલીઓ સહન કરી. તે જયાં કંઈ ગયો ત્યાં તેનો વિરોધ થયો. મંડળીની અંદર તથા બહાર તેના શત્રુઓ હતા. તેને ધમકી આપવામાં આવી, તેનું અનિષ્ટ કરવામાં આવ્યું, મારવામાં આવ્યો, કેદખાનામાં નાંખ્યો, કાયદેસર કામ ચલાવ્યા વગર દેહાંતદંડ ફરમાવવામાં આવ્યો, પથ્થરે મારવામાં આવ્યો, ભાંગી પડયો. ૨ કોરંથી ૧૧: ૨૩–૨૮માં અપાયેલી તેની સહનશકિતની આકરી કસોટી કરતી યાદી, તેણે જે સહયું તેનાથી થાકી ગયો નહોતો.

આમાંથી કોઈપણ બાબતે તેને રોકયો નહી. તે દર્શન માન્યા વગર ન રહેવાને મકકમ હતો. તે જ પ્રમાણે, આપણી અને આપણા દર્શનની વચ્ચે અસહય પરિસ્થિતિ આવી શકે છે. બહુ સહેલાઈથી આપણે માની લઈએ છીએ કે જો કંઈક ઈશ્વર પાસેથી આવે છે, તો તે આપણા માટે માર્ગ સરળ બનાવશે. તે સાચું જ હોય તેવું જરૂરી નથી. પાઉલ માટે, દર્શન ઈશ્વર પાસેથી આવ્યું હતું. પરંતુ પાઉલ માટે માર્ગ સરળતાથી ઘણો દૂર હતો. પરંતુ તેણે મુશ્કેલીઓને પોતાનો માર્ગ બદલવા દીધો નહી.

બીજું, તેણે પોતાની અને પોતાના દર્શનની વચ્ચે સમયને આવવા દીધો નહી, જયારે પાઉલે, રાજા અગ્રીપા સમક્ષ બયાન રજૂ

કર્યું હતું ત્યારે તે પોતાના નાટકીય બદલાણના અઢી દાયકા પછી બોલી રહયો હતો. તે ઘણો સમય થઈ ગયો હતો, પરંતુ એવી રીતે બોલતો હતો કે જાણે તેણે તે ગઈ કાલે જ મેળવ્યું હોય. તે કદી તે અનુભવ ભૂલ્યો નહીં. તેની અસર હેઠળથી તે કદી બાકાત રહયો નહીં. સમયની ધૂળના પડળ કદી તેની આંખમાં લાગ્યા નહીં.

પાઉલે શું જોયું કે જેણે તેના જીવનમાં આવો ફેરફાર કરી નાંખ્યો? આપણે જે જોઈએ છીએ તે આપણા દર્શનનું ક્ષેત્ર છે. જયારે આપણે ચશ્મા બનાવનાર પાસે આપણી આંખોની દ્રષ્ટિ (પ્રત્યક્ષ નજરની શકિત) તપાસવા જઈએ છીએ, ત્યારે તે આપણે કેટલી સારી રીતે જોઈ શકીએ છીએ તે જુએ છે. પરંતુ પાઉલના દર્શનનો અર્થ તેના કરતાં વધારે હતો. તેણે સામાન્ય જોયું નહી, તેણે એ જોયુંકે જે બીજાઓએ જોયું નહીંઅને જોઈ શકે નહીં. આવી વ્યકિતને આપણે પારલૌકિક દ્રશ્ય જોનાર કહીએ છીએ. મોટા ભાગના લોકો જે વસ્તુ અસ્તિત્વ ધરાવે છે તે જુએ છે અને પૂછે છે " શા માટે? " દ્રષ્ટા જે વસ્તુ હજુ અસ્તિત્વ ધરાવતી નથી તે જુએ છે અને પૂછે " શા માટે નહી? "

પાઉલે ઈસુને જોયો અને એક આજ્ઞા સાંભળી, તેણે બે પ્રશ્નો પૂછયાઃ " પ્રભુ, તું કોણ છે? " અને " પ્રભુ હું શું કરૂં? " ( પ્રે.કૃ. ૨૨:૮–૧૦) પાઉલ માટે દર્શન આ બે બાબતો હતી. પ્રથમ એ તેના સબંધી હતું, જેને તે મળ્યો હતો તે ઈસુ. બીજું, તેણે એ કરવાનુંહતું જે તેને કહેવામાં આવ્યું હતુંઃ આખા જગતને સુવાર્તા આપવી. પાઉલે ઈસુને જોયો અને તેની પાસેથી સાંભળ્યું.

બાઈબલમાંના બધાં મહાન દર્શનો આ બે બાબત ધરાવે છેઃ જોવું અને સાંભળવું. મુસાએ બળતા ઝાડવામાં ઈશ્વરને જોયા અને

મિસર પાછા જવાનો આદેશ સાંભળ્યો. યહોશુઆએ એક વ્યકિતને પોતાની તલવાર બહાર ખેંચેલો જોયો અને તેને ભાન થયું કે તે પ્રભુ હતો. યશાયાહે પ્રભુને ઉચ્ચ તથા ઉન્નત રાજયાસન પર જોયો અને જઈને લોકોને પ્રબોધ કરવાનો આદેશ સ્વીકાર્યો. યોહાને પાત્મસ બેટમાંદેશનિકાલના સમયે દર્શનમાં ઈસુને જોયો અને પ્રકટીકરણનું પુસ્તક લખવાનો આદેશ સાંભળ્યો.[30]

## જન્મ, મરણ અને પુર્નજન્મ

પાઉલના દર્શનને તેણે જે જોયું અને સાંભળ્યુ તેની સાથે સંબંધ હતો. તેને ઈસુનું દર્શન થયું અને તેના તરફથી આજ્ઞા મળી. તેણે શોધી કાઢયું કે ઈસુ કોણ હતો અને શુંકરવા માટે તેણે તેને બોલાવ્યો હતો. કઈ બાબતે પાઉલને દર્શન પ્રમાણે કરવામાં લાગુ રાખ્યો? અચાનક ઘણી બધી ઉત્તેજના થોડા સમય પૂરતી હોઈ શકે. થોડા દિવસોમાં જ તે ભૂલાઈ જઈ શકે અથવા તાવડીમાંના અગ્નિના ચમકારા જેમ દૂર થઈ શકે. પાઉલને કોણે નિભાવી રાખ્યો અને કઈ બાબતે તેના દર્શનને જીવંત રાખ્યું?

પ્રથમ, તો પાઉલે દર્શનની માલિકી સ્વીકારી. સાચે જ, તે તેને ઈસુ દ્વારા અપાયું હતું, પરંતુ એકવાર તે અપાયું એટલે તે હવે પાઉલનું હતું. જો આપણે તે આપણું છે તેવું વિચારીએ નહીંતો, આપણે દર્શનને અથવા ખાસ કામગીરીની આજ્ઞાને આધીન રહી શકતા નથી. જયારે ઈસુએ તેની સાથે મોઢામોઢ વાત કરી ત્યારે પાઉલ લોકોના એક જૂથ સાથે હતો. પરંતુ જયારે તેઓએ કંઈક અવાજ સાંભળ્યો ત્યારે તેઓએ કોઈને જોયો નહી. (પ્રે.કૃ. ૯:૭) તેઓએ મોટો પ્રકાશ જોયો, પરંતુ પાઉલ સાથે બોલનાર વાણી તેમના સમજવામાં આવી નહી. (પ્રે.કૃ. ૨૨:૯)

ફકત પાઉલે જ વાણી સાંભળી અને સમજયો. માત્ર પાઉલે જ જોયું અને ઓળખ્યો કે તે ઈસુ હતો. તેની સાથેના મૂસાફરોમાંના કોઈએ પણ આકાશી દર્શન પ્રાપ્ત કર્યું નહીં.તે પાઉલને અને માત્ર પાઉલને જ આપવામાં આવ્યુંહતું. તે તેનું દર્શન હતું. તેણે તેની માલિકી સ્વીકારી. તેણે તેને પોતાનું બનાવ્યું. જો તે તેને પાળવામાં નિષ્ફળ જાય તો તે તેનો જવાબદાર હતો. બીજું કોઈ નહીં.

એવું કહેવાય છે કે જયારે ઈશ્વરને કંઈક કરવું હોય છે, ત્યારે તે સમિતિની રચના કરતો નથી. તે પુરૂષ કે સ્ત્રીને બોલાવે છે. જયારે તેને મસીહના આગમન માટે કુટુંબ જોઈતું હતું ત્યારે તેણે ઈબ્રાહીમને બોલાવ્યો. જયારે તેને તેના લોકોને મિસરની ગુલામીમાંથી છોડાવવા હતા ત્યારે તેણે મુસાને બોલાવ્યો. જયારે તેને યરૂશાલેમ શહેર ફરીથી બાંધવું હતું ત્યારે તેણે નહેમ્યાહને બોલાવ્યો. જયારે તેને તેના પુત્રને પૃથ્વી પર જન્માવવો હતો ત્યારે તેણે મરિયમને બોલાવી. જયારે તેને તેની મંડળીની સંભાળ લેવી હતી ત્યારે તેણે પીત્તરને બોલાવ્યો. જયારે તેને આખા જગતમાં સુવાર્તા મોકલવી હતી, તેણે પાઉલને બોલાવ્યો.

દરેક વખતે જયારે તેડું આવ્યું, ત્યારે તે દરેકને વ્યકિતગત અને અંગત રીતે આવ્યું હતું. મોટા ભાગના બનાવોમાં ઈશ્વરે વ્યકિતને તેના નામથી બોલાવ્યોઃ " મુસા, મુસા " અથવા " સિમોન, યોનાના દીકરા " અથવા " શાઉલ, શાઉલ. " દર્શનને આધીન થવા તમારે તે તમારું છે તેમ સ્વીકારવું જ પડે.

પાઉલનું પ્રથમ રહસ્ય છે, માલિકીપણું. પરંતુ દર્શનની માલિકી સ્વીકારવી એ તો માત્ર શરૂઆત છે. જયારે આપણે દર્શનને અમલમાં મૂકવાની શરૂઆત કરતાં અ)પણે એમ માનીએ છીએ કે આ ઈશ્વરે બનાવ્યું છે અને તે કરીએ છીએ ત્યારે શું થાય છે? પ્રથમ

બાબત જે આપણે મેળવીએ છીએ તે તો નિષ્ફળતા. કોઈ પણ મહાન દર્શન તેની પ્રગતિમાં વિઘ્ન વગર ટકી શકતું નથી. જેટલું દર્શન મહાન તેટલું વિઘ્ન મોટું.

પાઉલને યહૂદીઓ અને વિદેશીઓને સુવાર્તાનો ઉપદેશ કરવાનું ખાસ કામ સોંપવામાં આવ્યું હતું. તે તરત જ કામે લાગ્યો. તે દમસ્કના સભાસ્થાનમાં ગયો અને ઈસુ તે દેવનો દીકરો હતો તેવો બોધ કરવા લાગ્યો. યહૂદીઓએ તેને મારી નાંખવાનું કાવતરું કર્યુ. શહેરમાંના ખ્રિસ્તીઓએ તેને ટોપલામાં મૂકીને કોટ પરથી ઉતારી મૂકયો. (પ્રે.કૃ. ૯: ૨૦ – ૨૫)

તે તો માત્ર શરૂઆત જ હતી. પાઉલ યરૂશાલેમ પાછો ફર્યો. ત્યાં તે પ્રેરિતોને મળ્યો, બેશક તેઓ તેનો ખુલ્લા હાથે સ્વીકાર કરે તેવી તે આશા રાખતો હતો. તેવું બન્યું નહીં. તેણે યરૂશાલેમ આવીને શિષ્યોની સાથે મળી જવાને કોશિશ કરી, પણ તેઓ બધા તેનાથી બીતા હતા, કેમકે તે શિષ્ય છે એવું તેઓ માનતા નહોતા. (પ્રે.કૃ. ૯:૨૬)

અટકયા વગર, પાઉલે પોતાના દર્શનને આધીન થતાં યરૂશાલેમમાં બોધ આપવાનું શરૂ કર્યુ. ફરીથી શહેરમાંના યહૂદીઓએ તેને મારી નાખવાનો પ્રયત્ન કર્યો. તેને બચાવવાને માટે શહેરના ખ્રિસ્તીઓ તેને બંદરે લઈ ગયા અને તેને ત્યાંથી તેના ઘેર તાર્સસ મોકલી આપ્યો. ત્યારબાદ આપણે વાંચીએ છીએ, " ત્યારે આખા યહુદાહ, ગાલીલ તથા સમરૂનમાંની મંડળી દ્રઢ થઈને શાંતિ પામી. " (પ્રે.કૃ. ૯:૩૧) આપણને નવાઈ લાગે કે ઈતિહાસકાર કહે છે કે ખ્રિસ્તીઓ, પાઉલ છૂટો પડે અને ઘરે જાય તેથી ઘણા ખુશ હતા કારણ કે જયાંકંઈ તે ગયો ત્યાં તે મુશ્કેલીનું કારણ બન્યો હતો.

પાઉલના આકાશી દર્શનનું શું થયું હતું? શું તે મરી ગયું હતું? ના કદાપિ નહીં. તે સાચે જ સેવનમાંથી પસાર થતું હતું. આપણે "સેવવું" શબ્દ મરઘી ઈંડા પર બેસે અને તેને સેવે તેના માટે વાપરીએ છીએ. જયારે શબ્દકોષ "સેવવું" નો અર્થ આ પ્રમાણે આપે છે, " મનોમંથન કરવું, ના વિકાસ માટે ઉછેરવું, પાલન કરવું, પોષવું. " આપણે સેવનનો અર્થ "જન્મ અને પુર્નજન્મ વચ્ચેનો સમયગાળો" એવો કરી શકીએ.

એક પંખી જન્મે છે જયારે એક ઈંડું મૂકાય છે, પરંતુ વાસ્તવમાં જયાં સુધી તેને સેવવામાં ન આવે ત્યાંસુધી તે જન્મતું નથી. આવી જ રીતે પતંગિયું જન્મે છે ત્યારે એક ઈયળ એક ઈંડામાંથી બહાર આવે છે. પરંતુ જયાં સુધી પતંગિયું કોશેટામાંથી બહાર આવતું નથી, વાસ્તવમાં તે જન્મતું નથી . પાઉલનું આકાશી દર્શન આ પ્રક્રિયામાંથી પસાર થયું. તે જન્મયું, ત્યારબાદ તેનું સેવન થયું અને પછી ફરીથી જન્મ્યું. બધા જ મહાન દર્શન આ પ્રક્રિયામાંથી પસાર થાય છે.

મુસાનું તેના લોકોને મિસરમાંથી છોડાવવાનું દર્શન ચાલીસ વર્ષના સમયગાળા માટે સેવવાની પ્રક્રિયા માંથી પસાર થયું. ઈબ્રાહીમનું તારાઓ જેટલા ઘણાં બધાં સંતાનો થવાનું દર્શન જયારે તે અને સારાહ વૃધ્ધાવસ્થામાં બાળકને જન્મ આપી શકયા નહીં ત્યારે લગભગ મરી ગયું. પાઉલ ફરીથી પ્રકાશમાં આવ્યો ત્યાં સુધી તે ત્રણ વરસ માટે અરેબિયાના રણમાં શાંત રહયો અને અચોકકસ મુદત સુધી તાર્સસમાં રહયો.

દર્શન એ જન્મ, મરણ અને પુર્નજન્મની પ્રક્રિયામાંથી પસાર થાય છે. જયારે આપણે ઈશ્વરે આપેલ દર્શનને અમલમાં મૂકવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે આપણે આશ્ચર્ય પામવું ન જોઈએ જો તે

ફરીથી જન્મ લે તે પહેલાં મરી જાય તો. ઈશ્વર ઘણીવાર આપણને આપણા અંતની નજીક લઈ જાય છે કે જેથી આપણે જાણીએ કે આગળ મળનારી સફળતા તે તેનાથી છે અને આપણાથી નથી. દર્શનનું મૃત્યુ તે આપણા અભિમાનની વૃત્તિને ઓછી કરે છે અને આપણા મહિમા માટે આધાર ઓછો કરે છે.

## હું કોનો છું?

આખરે, પાઉલે જે વ્યકિતને જોયો તેની સાથે તેના આકાશી દર્શનનું પાલન સંકળાયેલું હતું. દર્શન એ વ્યકિતવિહીન બાબત નથી. તે માત્ર કોઈ બાબત નથી કે જે આપણે કરીએ, પણ કોઈ વ્યકિત છે જેને આપણે તે કરવા માટે જવાબદાર હોઈએ છીએ.

નેતાગીરી અને વ્યવસ્થા વિશેનો હાલના વર્ષોમાંનો અભ્યાસ રસિક રીતે વિકાસ પામ્યો છે. પ્રથમ વિશ્વ યુધ્ધ પછી, નેતા શું કરે છે અને તે અને તેણી કેવી રીતે કરે છે તે અભ્યાસમાં કેન્દ્રિત થયું હતું. કામગીરી અને કાર્યકુશળતા, કાર્યપધ્ધતિ અને જાણકારી પર ભાર મૂકવામાં આવતો હતો. હાલના સમયમાં "શું અને કેવી રીત" થી મહત્વ બદલાઈને "કોણ" પર ગયું છે. નેતા કોણ છે? કેવા પ્રકારનું ચારિત્ર્ય તેનું હોવું જોઈએ અને કેવા પ્રકારનાં સિધ્ધાંતો સહ તે જીવે છે?[૩૧]

આ સાચી દિશામાં પગલું છે. નેતાએ શું કરવુંજોઈએ અને કેવી રીતે કરવું જોઈએ તે માત્ર જાણવું પૂરતું નથી, તે તો સંપૂર્ણ પ્રમાણિક અને ચારિત્રયવાન વ્યકિત હોવો જ જોઈએ. તેમ છતાં વિકાસ એ એક વધુ પગથિયું આગળ વધી શકે. "શું" અને "કેવી રીતે" થી "કોણ" અને તેથી પણ હજુ આગળ, આપણે "કોની"

તરફ વધવું જોઈએ. માત્ર હું શું કરું છું? હું કેવી રીતે કરૂં છું? તેમ નહીં, અરે, માત્ર હું કોણ છું? તેમ પણ નહીં,પરંતુ હું કોનો છું?

હું કોની માલિકીનો છું? હું કોને જવાબદાર છું? હું મારા જીવન માટે કોનો ઋણી છું અને છેવટે કોને જવાબદાર છું? પાઉલનું દર્શન તેને ઈસુની સમક્ષ મોઢામોઢ લાવ્યું. પાઉલે પૂછયું, " પ્રભુ તું કોણ છે? જેવો તેણે ઉત્તર સાંભળ્યો કે પાઉલે જાણ્યું, કે તે તેનો પોતાનો કદી નહોતો. હવે તે પોતાનો નથી પરંતુ પ્રભુ ઈસુની માલિકીનો છે. જયારે તેનું જીવન વિનાશક તોફાનને લીધે જોખમમાં હતું ત્યારે તેણે તેની સાથે જેઓ વહાણમાં હતા તેમને સંબોધીને કહયું કે, " જે દેવનો હું છું અને જેની સેવા હું કરૂં છું. " (પ્રે.કૃ. ૨૭:૨૩)

દરેક પુરૂષ અને સ્ત્રીએ તે જગા સુધી આવવું જ જોઈએ જયાં તે અથવા તેણી બિનશરતી રીતે પોતાનું અર્પણ પ્રભુને કરે. અનુકૂળ સંજોગોથી બહારની મુસાફરી આપણને પોતાનાથી દૂર અને ઈશ્વર તરફ લઈ જાય છે. તેમ છતાં આપણે આપણી જાતને ગુમાવતા નથી. ઉલ્ટાનું, આપણે આપણી જાતને મેળવીએ છીએ, આપણી ખરેખરી જાતને. આવો પાઉલનો અનુભવ હતો. જેમ સી.એસ.લુઈસ કહે છે, " જયારે મેં મારી જાતને બીજાને સોંપી ત્યારે હું મારો પોતાનો બન્યો."

"ગુમાવવું અને મેળવવું, મરવાનું અને જીવવાનું" વિષેની માર્મિક વાત ઈસુના શિક્ષણ અને જીવન સોંસરૂ પ્રસરે છે, " કેમકે જે કોઈ પોતાનો જીવ બચાવવા ચાહે છે, તે તેને લીધે ખોશે, અને જે કોઈ મારે લીધે અને સુવાર્તાને લીધે પોતાનો જીવ ખોશે તે તેને બચાવશે. " (માર્ક ૮:૩૫) જયાં સુધી આપણે તે વિરોધાભાસ સાથે ઝઝૂમીશું નહીં, આપણે સમજી શકીશું નહી કે તે ઈસુને અનુસરવા માટેનો શો

અર્થ છે. જયારે પાઉલે કહયું" હું માન્યા વગર રહી શકતો નથી." ત્યારે તેનો અર્થ એ હતો કે જેની માલિકીનો તે હતો અને જેને એક દિવસે તેણે હિસાબ આપવાનો છે તેને તે આધીન થયો હતો.

છેવટે તે જ અર્થસભર છે. જગત આપણા જીવનને આપણી શકિત, માલિકી અને અસરકારકતાથી માપે છે. ઈશ્વર આપણું જીવન એક જ ધોરણથી માપે છે, આધીનતા અથવા બિનઆધીનતા. અંતમાં આપણે ધનવાન અથવા ગરીબ, અધ્વિતીય અથવા સામાન્ય, પ્રખ્યાત અથવા અજાણ્યા હોઈ શકીએ, તેથી કશો ફરક પડતો નથી. પરંતુ પ્રશ્ન એ છે કે શું આપણને ઈશ્વર જેણે આપણને જેના માટે તેડયા છે, તેને આધીન રહયા હતા?

જેમ પાઉલે જાણ્યું તેમ, ઈશ્વરે તેને આપેલ દર્શનને આધીન થવું. તે સરળ નહોતું. તે તેને તેના અનુકૂળ સંજોગોથી બહાર લઈ ગયું. મુસાફરી અઘરી કષ્ટદાયક હતી. પરંતુ પાઉલે તે દર્શનની માલિકી સ્વીકારી. તેણે તેને પૂરેપૂરું મરી જવા દીધું નહીં, પરંતુ તે સંપૂર્ણ થાય ત્યાંસુધી રાખ્યું. પાઉલ જવાબદારી સમજયો. તે તેના પ્રભુને દર્શન પ્રમાણે કરવા અને પાળવા માટે જવાબદાર હતો.

સાધુ સુંદરસીંગ, એ ભારતે વિશ્વને આપેલા મહાન સંતોમાંના એક છે. તેઓ ૧૮૮૯માંએક નામાંકિત કુટુંબમાં જન્મ્યા. તેમણે પોતાનો મોભો, હકક અને સુખ જતાં કર્યાં અને પવિત્ર સાધુનો પોષાક પીળો ઝભ્ભો ધારણ કર્યો. તેઓ સતત પ્રવાસ કરનારા સુવાર્તિક બન્યા અને હિમાલય પર્વતમાળાના પહાડો અને ખીણોમાંના અંતરિયાળ ગામોમાં સુવાર્તા પ્રગટ કરતા હતા.

એક વખત તેમને પૂછવામાં આવ્યું, " જીવનમાં સૌથી અઘરી બાબત કઈ છે? " તે પ્રશ્નનો જવાબ આપતાં તેમણે આ વાર્તા કહી.

એક દિવસ તેઓ બૌધ્ધ સાધુ સાથે પર્વતોમાં મુસાફરી કરી રહયા હતા, બરફ પડી રહયો હતો અને તીક્ષ્ણ પવન તેમના કપડાંમાંથી તેમને મારી રહયો હતો. બૌધ્ધ સાધુએ કહયું, " આપણે સૂર્યાસ્ત પહેલાં આશ્રમ પહોંચી જવું જોઈએ નહિ તો આપણે થીજીને મરી જઈશું. જયારે તેઓ તેમની મુસાફરી માટે ઝઝૂમી રહયા હતા, તેઓએ નીચેથી એક પોકાર કરતી ચીસ સાંભળી. તેઓએ કિનારે જઈને પર્વતના રસ્તા પર જોયું એક માણસ ત્યાં પડેલો હતો. તે ઘવાઈને પહાડના બહાર નીકળતા ટૂંકા રસ્તા પર પડયો હતો અને મદદ માટે બૂમ પાડતો હતો.

બૌધ્ધ સાધુએ કહયું, " સાધુ " " આપણે મદદ કરવા ઊભા રહી શકીએ નહીં, તે તો તેનું નસીબ તેને અહીં લઈ આવ્યું છે. આપણે જલદી કરવું જોઈએ, નહીં તો આપણે પણ તેના જેવા થઈશું. "

સાધુ સુંદરસીંગે કહયું, "ના" "ઈશ્વર, જો આપણે તેને મદદ ના કરીએ તેવું જો તેઓ ઈચ્છતા હોત તો આપણને અહીં લાવ્યા ના હોત." આવું કહીને સાધુ સુંદરસીંગ ઢાળ નીચે ઊતર્યા કે જયાં તે માણસ પડયો હતો. બૌધ્ધ સાધુ ઝડપથી તેના રસ્તે ગયો. ખૂબ જહેમત બાદ સાધુએ ઈજાગ્રસ્ત માણસને પોતાના ખભા પર મૂકયો. ભારે વજન ઉચકીને અને હાંફતા, હાંફતા તેઓ ઢાળ ચઢવા લાગ્યા અને પાછા પોતાના રસ્તા પર આવ્યા અને પોતાની મુસાફરી ચાલુ રાખી. તેઓ સખત પરિશ્રમ કરી રહયા હતા, સૂર્ય ઝડપથી ડૂબી રહયો હતો.

આખરે તેઓએ આશ્રમનું અજવાળું જોયું. તેમની ઝડપ વધારતાં અચાનક તેઓનો પગ બરફમાં કશાક સાથે અથડાયો અને ઠોકર વાગી. તેમણે આસપાસ જોયું, તે તો બૌધ્ધ સાધુનું શરીર હતું. તે બરફમાં પડી ગયા હતા અને થીજીને મરી ગયા હતા. સાધુ સુંદરસીંગ આખરે આશ્રમ પહોંચી ગયા ત્યાં સુધી તેઓ ઘવાયેલા માણસને લાવવા માટે એટલા પ્રવૃત્તિમય રહયા હતા કે તેઓને તો પરસેવો થતો હતો. તેમની ક્રિયાશીલતાએ તેમને અને ઊંચકી લેવાયેલા માણસને જીવતા રાખ્યા.

"જીવનમાં સૌથી અઘરી બાબત કઈ છે?" તેનો જવાબ આપતાં સાધુએ કહયું, "કોઈપણ બોજો ઉપાડવાનો ન હોવો એ જીવનમાં સૌથી અઘરી બાબત છે."[૩૨]

અનુકૂળ સંજોગોમાંથી બહાર, રસ્તો ખાડાટેકરાવાળો અને બોજો ભારે લાગે છે. પરંતુ આપણે બોજો ઉચકવામાં અને અ)પણું દર્શન પાળવામાં શરમાવું ન જોઈએ. અંતિમ સ્થળ તરફ મુસાફરી કરતાં આપણે અથાગ પરિશ્રમ કરવો પડે અને ઝઝૂમવું પડે, પરંતુ અંતે જે દર્શનને આપણે જીવંત રાખીએ છીએ તે જ એવી બાબત છે કે જે આપણને જીવંત રાખે છે.

# વિસ્તારપૂર્વક

## અનુકૂળ સંજોગોના આઠ સિધ્ધાંતો

"જો પગરખાં એકદમ ચુસ્ત પહેરેલા છે તો તમે પગને વૃધ્ધિ પામવા દેતા નથી." – રોબર્ટ એન. કુન્સ

અનુકૂળ સંજોગોથી બહારની મુસાફરીઓમાંની એક એવી યાકુબની મુસાફરી જે ખૂબ જ મહત્વની ઘટનાઓવાળી છે. વીસ વરસ સુધી તે ઘરથી દૂરની જગાઓમા ટૂંકા રોકાણ કરતો કરતો રહયો. દરેક વખતે તેણે પોતાની જન્મભૂમિ–ઘર અને તેના ટૂંકા રોકાણના ઘર સુધી મુસાફરી કરી. ઈશ્વર તેને અર્થપૂર્ણ મુલાકાતો દ્વારા મળ્યા. તે દરેક અનુભવો એટલા યાદગાર હતા કે યાકુબે તે ઘટનાને સ્મરણમાં રાખવા માટે તે જગાઓને નામ આપ્યાં, તેની આગળ તરફની મુસાફરીમાં બેથેલ અને પાછા ફરતાં પનીએલ.

તેની મુસાફરીની શરૂઆત તે ઘેરથી ભાગી નીકળ્યો ત્યારથી થઈ. તેણે તેના મોટા જોડિયા ભાઈને જયેષ્ઠપણા માટે છેતર્યો હતો અને એસાવે તેને મારી નાખવાની પ્રતિજ્ઞા લીધી હતી. તેના જીવની બીકને લીધે તેની માએ તેને તેના મામા, લાબાન સાથે રહેવા મોકલી આપ્યો. લાબાનની નાની દિકરી રાહેલને મેળવવા સાત વર્ષ સુધી કામ કર્યા બાદ, લગ્નના બીજા દિવસે તે ઉઠયો ત્યારે તેને ખબર પડી કે તે નાનીને બદલે મોટી દિકરી લિયાહને પરણ્યો હતો. છેતરપીંડી કરનાર છેતરાયો હતો.

યાકુબે રાહેલ માટે બીજા સાત વર્ષ કામ કર્યુ. તે દરમિયાન તેણે લાબાનના ઢોર અને ટોળાંચાર્યા, અને તે બકરાં, ઘેટાં અને ઘણું

નામ કમાયો. ઈશ્વરે યાકુબને આશીર્વાદ આપ્યો અને તે ખૂબજ ધનવાન થયો. બીજા છ વર્ષ પસાર થઈ ગયા. તેના મામાએ તેની સફળતાની ઈર્ષા કરી અને યાકુબને લાગ્યું કે આ સમય તે હવે ઘેર પાછા જવાનો સમય હતો. પરંતુ એસાવની પ્રતિજ્ઞાને લીધે તેને ચિંતા થતી હતી. જેવો તે તેના વતન તરફ પહોંચ્યો, તેણે, સમાચાર સાંભળ્યા કે તેનો ભાઈ ચારસો પુરૂષોને લઈને તેને મળવા આવે છે, શું તે આવકાર માટેની ઉજવણી હતી કે મારી નાખનાર ટોળું.

મુંઝાયેલ અને ભયભીત યાકૂબે પ્રાર્થના કરી કે "ઓ યહોવાહ, મારા બાપ, ઈબ્રાહીમના દેવ તથા મારા બાપ ઈસ્હાકના દેવ, તેંમને કહયુ હતું કે, તારા દેશ તથા તારાંસગાંની પાસે પાછો જા, ને હું તારૂં ભલું કરીશ. જે સર્વ સત્યતા તેંતારા દાસ તરફ દેખાડી છે તેને હું લાયક જ નથી કેમકે કેવળ મારી લાકડી લઈને હું આ યર્દન નદી પાર ઉતર્યો હતો અને હવે મારે બે ટોળાં થયાં છે મને મારા ભાઈના હાથથી એટલે એસાવના હાથથી બચાવજે, કેમકે હું તેનાથી બીહું છું રખેને તે આવીને મને તથા મારા દિકરાઓને તેઓની મા સુધ્ધાં મારી નાખે – (ઉત્પત્તિ ૩૨:૯–૧૧)

શોષણ કરનાર મામા અને વૈર વાળવાનું નકકી કરનાર ભાઈની વચ્ચે ફસાયેલા યાકૂબે એસાવ તરફનું જોખમ પસંદ કર્યુ પરંતુ જેમ તે ઘરની નજદીક ગયો, તેને દ્વિધા થઈ, તેણે તેના ભાઈને સંતુષ્ટ કરવાના કાવતરાની યોજના ઘડી કાઢી. ગાયો અને અન્ય પાલતુ જાનવરોને અગિયાર જુદા જુદા સમૂહમા વહેંચીને દરેકને દોરવા એક દાસને મોકલીને યાકુબ ધારતો હતો કે તેની આ પુષ્કળ ભેટોને લીધે એસાવ દબાઈ જશે. જો તે સફળ થયો હોત તો યાકુબે બધો જ યશ પોતાને માથે લીધો હોત. તેમ છતાંતે રાત્રે ઈશ્વર તેને બતાવવાના હતા કે સાચે જ હોડમાં ખરેખર કઈ બાબત હતી.

જયારે તે એકલો રહી ગયો ત્યારે એક માણસ પ્રગટ થયો અને અરૂણોદય થતા સુધી તેની સાથે મલ્લયુધ્ધ કર્યું. યાકુબના જીવનના તમામ સંઘર્ષો આ તેના આત્માની "અંધારી રાત્રે" પરાકાષ્ટાએ પહોંચ્યા. તે ઈશ્વરની સાથે મોઢામોઢ મળ્યો હતો. હોડમાં બધું હતું જ અથવા કશું જ નહોતું. આપણી આપણા અનુકૂળ સંજોગોમાંથી બહારની મુસાફરીના બધા જ ફેરફારોમાં કદાચ આ ખૂબ જ મહત્વનો છે. ઈસુએ તે ગેથસેમાની વાડીમાં અનુભવ્યું. તેઓ વેદનાથી પોકારી ઉઠયા, "ઓ મારા બાપ, જો બની શકે તો આ પ્યાલો મારાથી દૂર કર, તોપણ મારી ઈચ્છા પ્રમાણે નહિ, પણ તારી ઈચ્છા પ્રમાણે થાઓ." (માત્થી ૨૬: ૩૯) તેમનો કાલવરી પરનો વિજય તેમના ગેથસેમાનેમાંના સમર્પણને લીધે પૂર્ણ થયો.

યાકુબની જેમ આપણે પણ યુધ્ધોમાંના ઘણા યુધ્ધો આપણી અંદર લડીએ છીએ. શું યાકુબનું યુધ્ધ એસાવ સામે હતું? અથવા તે પોતાની જાત સાથેનું હતું? બીજા દિવસે એસાવ દોડીને યાકુબ પાસે આવવાનો અને પ્રેમપૂર્વક તેને ભેટીને તેની સાથે રડવાનો હતો (ઉત્પત્તિ ૩૩:૪) તો શા માટે યાકુબ આટલો બધો ભયભીત હતો? તે પોતાના દોષિતપણા અને અસલામતી સામે ઝઝૂમી રહયો હતો. લોકોની સાથેના આપણા મોટા ભાગના સંઘર્ષો આપણી પોતાની જાત સાથેના સંઘર્ષને લીધે જ પેદા થાય છે. આપણી અંદરની સમસ્યાને ઉકેલો અને આપણે બહારની સમસ્યા ઉકેલીશું.

તદ્દઉપરાંત, ઘણાં યુધ્ધો આપણે લડીએ છીએ ને આપણે એકલા જ તે લડવાનાંછે. ભલે યાકુબ પાસે તેના સગાસબંધીઓ અને દાસો હતા, પરંતુ તેણે એકલા એ જ ઈશ્વરનો સામનો કરવાનો હતો. ઘણાં સંઘર્ષો એવા ગહન અને બેકાબૂહોય છે કે જે કોઈપણ રીતે આપણી સાથે કે આપણા માટે લડી ન શકીએ. આપણે એકલા એ જ

જવાનુંછે. બીજું કોઈ સમજી ન શકે કે આપણે કેવી સ્થિતિમાંથી પસાર થઈ રહયા છીએ. અથવા કેવા નિર્ણયો આપણે લઈએ છીએ. યુધ્ધ તો આપણી અને ઈશ્વરની વચ્ચે છે. બીજા કોઈ સાથે નહીં. દરેક બાબત જેને આપણે ચાહીએ છીએ તે મેજ પર મૂકાય છે, આપણે તે બધું પ્રાપ્ત કરીએ અથવા તો બધુંજ ગુમાવીએ એવું બને.

યાકુબે, ઈશ્વર સાથેની આવી મોઢામોઢ મુલાકાતના સમયે હિંમતભેર આગ્રહથી વિનંતી કરી, "મને આશીર્વાદ દે, નહિ તો હું તને જવા દેવાનો નથી." (ઉત્પત્તિ ૩૨:૨૬) આટલા વર્ષોમાં જે બધું યાકુબે મેળવ્યું એટલે તેના ભાઈનો જન્મસિધ્ધ અધિકાર, તેના પિતાનો વારસો, તેના મામાની મિલ્કત. તેમ છતાં હવે તે એક જ બાબત ઈચ્છતો હતોઃ ઈશ્વરનો આશીર્વાદ. આ જ દૈવી મુલાકાતનો હેતુ હતો. જીવન અને મરણ વચ્ચેની ધારદાર કિનારે, યાકુબ એ સમજયો કે ઈશ્વરની કૃપાદ્રષ્ટિ તેના પર આવી હતી તે સિવાય બીજું કશું જ મહત્વનું નથી.

**બીજી કોઈ વાત નહિ**

જયારે હાગ્ગાય ઈન્સ્ટીટયૂટ તરફથી મને માવી, હવાઈ જવા માટે અને ત્યાં બીજું આંતરરાષ્ટ્રીય તાલીમ કેન્દ્રની શરૂઆત કરવા માટેનું આમંત્રણ મળ્યું ત્યારે મેંમારી મંડળીની નેતાગીરીને સૂચિત કરી દીધા હતા, કે હું મારી સેવા માટે હવે પછીના સત્રો આગળ ચાલુ રાખવાનો નથી. લગભગ વીસ વર્ષ સુધી મંડળીમાં પાળકીય સેવા આપ્યા બાદ મને લાગ્યું કે હવે તેમાંથી ઉતરવાનો સમય આવી ગયો હતો. મને બે સક્ષમ મદદનીશ પાળકો, પોતાને એકલે હાથે કામ કરનાર લે લીડરની ટીમ અને કાર્યકુશળ ઓફિસસ્ટાફની આશિષ મળી હતી. જયારે બધું બરાબર ચાલી રહયુ હતું ત્યારે મારે છોડવું હતું.

મારા રાજીનામાની જાહેરાતે મંડળીને આઘાત અને દુઃખથી ભરી દીધી. પરંતુ અમે વધારે બહોળી સેવા માટે જઈ રહયા છીએ તે જાણીને અમારા મિત્રોએ અમને તેમના આશીર્વાદ આપ્યા. ત્યારબાદ આગળના ચાર મહિનાઓ મને અને મારા કુટુંબને વિદાય ભોજન માટે આમંત્રણ મળ્યા જેની કુલ સંખ્યા ૧૪૫ હતી. અશ્રુભરી વિદાયસભા બાદ અમે અમારી જાતને અમારા અનુકૂળ વિસ્તારની બહારની મુસાફરી માટે કસી. ત્યારે મારી બહેન સાથેની સામાન્ય વાતચીતમાં મેં જાણ્યું કે મારે મારા તરફથી યુ.એસ.એ.માં કામ કરવા માટે, વીસા માટે અરજી કરવાની હતી. મને જણાવવામાં આવ્યું કે જો હું તેમ ના કરું તો મને ગેરકાયદે કામદાર તરીકે દેશનિકાલ પણ કરવામાં આવી શકે.

જયારે મને નોકરી રાખનાર સંસ્થાએ તેમના તરફથી વીસા માટેની બધી જ કાર્યવાહી પૂર્ણ કરી હતી. પરંતુ મેં કરી નહોતી. જવાના માત્ર બે દિવસ અગાઉ અમે અમારી ઉડાન રદ કરી અને યુ.એસ. રાજદૂતાલયની કચેરીમાં દ્વિધા સાથે રજૂ થયા. મને ફોર્મ ભરવાનું અને બે મહિના પછી વ્યકિતગત મુલાકાત માટે આવવાનું કહેવામાં આવ્યું. મારે એક અઠવાડિયામાં મારી જગાએ હાજર થવાન હતું તેવી મારી વિનંતી સહાનુભૂતિ વગરના કાને અથડાઈ. કામગીરીને ઝડપી કરવા કોન્સ્યુલર જનરલ પણ મદદ કરી ન શકયા.

મને ખાતરી આપવામાં આવી કે સંસ્થાની સિંગાપોર ઓફિસમાં કામ શરૂ કરવું અને આવનાર ટ્રેનીગ સેમિનાર માટે માવી તરફની મુસાફરી કરવી એ કાયદેસર હતું. મેં આ કર્યું. ઘરથી દૂર, સાવ એકલો મારી હોટલના રૂમમાં મને એક વિચાર હજારો વીજળીના કડાકાના ધકકાથી અથડાયો. જો મને વીસા નહીં મળે તો શું

થશે? મેંઅને મારી પત્નીએ અમારા કામમાંથી રાજીનામું આપી દીધું હતું. અમે અમારી દીકરીઓને સ્કૂલમાંથી ઉઠાવી લીધી હતી. અમારું ઘર ભાડે આપી દીધું હતું અને અમારો સામાન તો રસ્તામાં વીસ ફુટના કન્ટેઈનરમાં પેસેફિક સમુદ્રમાં હતો. જો મને વીસા નહીં મળે તો શું થશે?

મેં જે માનસિક અસ્વસ્થતા, ભીતિ અને દુઃખનો અનુભવ કર્યો હતો તે શબ્દોમાં વર્ણવી શકાય તેમ નહોતું. એકલો હું આ પ્રશ્ન સામે લડયો. હું વિચારતો હતો કે કદાચ હું ઈશ્વરની દોરવણીને ખોટી રીતે સમજયો તો નથી ને? કદાચ, આ જગા માટે હું લાયક વ્યકિત નહોતો. જો મારે મારા બધા આયોજનને ઉલ્ટા કરવા પડે તો શી અગવડતા અને મુશ્કેલીઓ પડશે તે મેં વિચાર્યુ. કન્ટેઈનર પાછું સિંગાપોર મોકલવું, બાળકોને સ્કૂલમાં પાછા મૂકવા, અમારું ઘર પાછું લેવું અને મારી મંડળીમાં પાછા જવું. અંતિમ અને પ્રમાણિક પૃથ્થકરણમાં સૌથી અઘરી બાબત હતી તે તો મારો અહમ ઘવાયો બધું હું પાછું લઈ શકતો હતો, સિવાય કે મારો અહમ.

તે એક યુધ્ધ હતું જે મારે મારી પોતાની જાતની અંદર અને એકલા હાથે લડવાનું હતું. યાકુબની જેમ હું પોકારી ઉઠયો "જયાં સુધી તમે મને આશીર્વાદ નહિ આપો ત્યાં સુધી હું તમને જવા દેવાનો નથી." મેં બધુંજ પશ્ચાદભૂમિમાં સરકતું જોયું. મારી યોજનાઓ, મારું ભવિષ્ય, મારી જાત. ત્યાં સુધી કે પ્રભુ સિવાય બીજું કોઈ રહયું નહી. જયાં સુધી તેમણે આશીર્વાદ આપ્યો નહિ ત્યાં સુધી બીજા કશાનું મહત્વ નહોતું. મેં બિનશરતી સમર્પણ કર્યુ અને શાંતિ પ્રાપ્ત કરી. ત્યાર પછી, વીસા અંગેના પ્રશ્નએ કદી મને તકલીફ આપી નહીં. ઈશ્વરના આશીર્વાદ નીચે જીવવા સિવાય જીવનમાં બીજું કોઈ બાબત મહત્તા ધરાવતી નથી. હુંઆ પાઠ શીખી શકયો ન હોત જો

મને મારા અનુકૂળ સંજોગોમાંથી બહાર ધકેલવામાં આવ્યો ન હોત તો.

બે મહિના પછી, હું ઈન્ટરવ્યુ માટે ગયો અને વીસા મેળવ્યો. પરંતુ સૌથી મહત્વનું, અમે ઈશ્વરનો આશીર્વાદ પ્રાપ્ત કર્યો. અમારા ઘર અને દેશથી બહાર પ્રસ્થાન કરવું એ બહુ મોટું પગલું હતું અને અમે તે ઈશ્વરની મંજૂરીની મહોર વગર કરી શકયા ન હોત. અમારી પરિચિત અને નિત્યક્રમથી પર એવી મુસાફરી અમને પેસેફીક સમુદ્રની વિશાળતામાં હજારો માઈલો લઈ ગઈ. શોધ માટેની તે સફર આજ દિન સુધી ચાલુ છે.

બધી જ અનુકૂળ સંજોગો બહારની મુસાફરીઓ જીવનમાં આવતા બદલાવ અને પડકારમાંથી ઉદ્‌ભવે છે. જયારે આપણે આ મુસાફરીઓનો અભ્યાસ કરીએ છીએ અથવા તેમાં આપણી જાતને સામેલ કરીએ છીએ ત્યારે આપણે અમૂક ચોકકસ સમાન રીત જોઈએ છે. અનુકૂળ સંજોગો વિશેના આઠ સિધ્ધાંતો નીચે મુજબ છે.

૧. સ્વભાવગત આપણે અનુકૂળ સંજોગો શોધીએ છીએ.

જેમ પાણી પોતાનો માર્ગ શોધી લે છે તેમ આપણે અનુકૂળ સંજોગો શોધીએ છીએ. આપણે આપણું જીવન રોજીંદા કાર્યમાં જીવીએ છીએ અને આદતોમાં અનુકૂળતા પ્રાપ્ત કરીએ છીએ. પડી ગયેલી આદત તે આપણને કંઈક વધારે પ્રયત્નો વગર પૂરૂં કરવામાં મદદરૂપ બને છે. ઓફિસે હંકારી જવું તે પ્રયત્ન વગરનું બની જાય છે. જયારે આપણે દરરોજ એક જ રસ્તેથી જઈએ છીએ. સ્ટાફ મીટીંગનું આયોજન સામાન્ય કામકાજથી ઓછું બની જાય છે. જયારે તે દર અઠવાડિયે થતી હોય. તેવું જ ભોજન પહેલાંની પ્રાર્થના, દરરોજ સાંજે ચાલવાની જગ્યા અથવા દર વર્ષે વેકેશનમાં કુટુંબ સાથે બહાર જવાનું.

રોજીંદા કાર્યો, જીવન અને તેના ઘણા કાર્યોને સરળ બનાવે છે. આપણે ટેવના પ્રાણી તરીકે રોજીંદા કાર્યક્રમમાં ઠરીઠામ થઈએ છીએ. અનુકૂળ સંજોગોનો એક ભાગ તે જાણીતું હોવું એ છે. આપણે આપણી આસપાસની બાબતો પરિચિત હોય તેવું ઈચ્છીએ છીએ. જયારે હું અને મારા પત્ની સિંગાપોરથી હવાઈ સ્થળાંતર કરવાના હતા ત્યારે એક અનુભવી મિશનરીએ અમને સલાહ આપી "તમારી સાથે કશુંક પરિચિત લઈ જાઓ, જયારે તમે સ્થાયી થાઓ ત્યારે તમારા બેઠકખંડમાં તે રાખજો." અમે તેમની સલાહ માની અને ખૂબ મદદરૂપ નીવડી. અજાણી જગ્યામાં, તે દિવાલ તરફ જોતાં જાણીતું ચિત્ર જોવાની અને ટેબલ પાસે બેસતાં જાણીતું પાથરણું અમને જીવન જીવવાની ખાત્રી કરાવતું.

૨. અનુકૂળ સંજોગોમાં આપણે સલામતી અનુભવીએ છીએ.

સ્વભાવગત આપણે અનુકૂળ સંજોગો શોધીએ છીએ. આપણે જે રોજીંદુ અને પરિચિત છે તેથી ખુશ થઈએ છીએ. પહેલેથી ખબર હોય તેવા રોજીંદા કાર્યોની મધ્યેના પરિચિત વાતાવરણ આપણને સલામતીની સમજ આપે છે. આપણે આપણા અનુકૂળ સંજોગોમાં સુરક્ષા અનુભવીએ છીએ. અબ્રાહમ માસ્લોના મત મુજબ જરૂરિયાતોના અગ્રતાક્રમમાં સુરક્ષા અને સલામતીની જરૂરિયાત એ મૂળભૂત છે. આપણી રોજીંદા જીવનમાં સ્થિર થવાની ઈચ્છાઓ અથવા કોઈએક સ્થળે આપણા મૂળ ઊંડા નાંખવામાં કાંઈ ખોટું નથી. પરંતુ સ્થિર કે ઠરીઠામ થવા અને બંધિયાર કે સુસ્ત થવા વચ્ચે તફાવત છે.

ઈબ્રાહીમનો પિતા તેરાહ, હારાનમાં સ્થાયી થયો હતો. પરંતુ તે અટકી પડયો હતો. તેના પરિણામ સ્વરૂપે તે કદી વચનના દેશમાં

જઈ શકયો નહી. દાઉદ રાજા, મહેલમાં સ્થાયી થયો હતો પરંતુ તે પણ બંધિયાર હતો. તેના ફળ સ્વરૂપે તે બેથશેબા સાથે પાપમાં પડયો. અનુકૂળ પરિસ્થિતિમાં આપણે આત્મ સંતુષ્ટ બની જઈએ છીએ. આદતો મદદ કરે છે. પરંતુ તેઓ નુકશાન પણ કરે છે. રોજીંદી આપણી લાગણીઓને બુઠઠી બનાવે છે. અને થોડા સમય પછી આપણે શા માટે કામ કરીએ છીએ તે જાણ્યા વગર તે કરીએ છીએ. પરિચિત હોવું પણ તેવું જ કરે છે. તુચ્છકારને જન્મ આપે છે. તરત આપણે જે જોઈએ છીએ અને સાંભળીએ છીએ તેને ઘણીવાર ધારી લઈએ છીએ. હેનરી નાઉવેનનો એક અનુભવ બતાવે છે:

હ'ઈશ્વરવિદ્યાશાળામાં સાંભળેલા વ્યાખ્યાનો મારી આંતરિક લાગણીઓને જાગૃત કરતાં, હું મારી જાતને કહયા કરતો 'કેવું રસપ્રદ, કેવું મનમોહક, કેવું ઉડું જ્ઞાન' – અને એજ સમયે મેં મારી જાતને કહયું તેથી શું? ઈશ્વર પિતા, પુત્ર અને પવિત્ર આત્મા વિષેના આ શબ્દોએ અહીં મારા માટે શું કરવાનું છે?'

જેવો હું આ શબ્દોની હારમાળા કે જે શબ્દો મારા માટે પ્રચલિત છે, તેમાંથી બહાર આવું છું, પ્રવચનનું એ આખું ધોરણ એકદમ મન પરથી ઉતરી જતું દેખાય છે.[33]

૩. અનુકૂળ સંજોગોમાં આપણે આત્મસંતુષ્ટ બની જઈએ છીએ.

પરિચિત અવાજ અને શબ્દો ખાત્રી પમાડે છે. પરંતુ તેઓ આપણને શાંત પાડીને જડ બનાવી દે છે. અનુકૂળ સંજોગોમાં આપણે સહેલાઈથી સ્વસંતોષી, આત્મસંતોષી અને સ્વન્યાયી બની જઈએ છીએ. તેના સમયોમાં જે લોકોએ ઈસુનો ખૂબ આવેશપૂર્વક વિરોધ કર્યો હતો તેઓએ તેમના અનુકૂળ સંજોગો છોડવાનો નકાર કર્યો

હતો. તેમણે તેમની સલામતી વર્ષો જૂની પ્રથાઓમાંશોધી હતી. તેમણે તેમના જીવનોને સેંકડો નિયમોથી નિયંત્રિત કર્યા હતાં. જયારે તેઓ એ તેમના ખાલી ધાર્મિકપણાને પકડી રાખ્યું હતું. તેઓએ ઈસુને બહાર બંધ કરી દીધા હતા અને પોતાના પાંગળી ધાર્મિકતાને અનુસરી રહયા હતા. તેમને માટે તેણે સખત શબ્દો કહયા.

"ઓ શાસ્ત્રીઓ તથા ફરોશીઓ, ઢોંગીઓ, તમને અફસોસ છે, કેમકે તમે ધોળેલી કબરના જેવા છો, જે બહારથી શોભાયમાન દેખાય છે ખરી પણ માંહે મુડદાંના હાડકાંએ તથા હરેક અશુધ્ધિપણાએ ભરેલી છે." (માત્થી ૨૩: ૨૭–૨૮)

નિયમો કે જે એક સમયે અર્થપૂર્ણ અને સલામતિ બક્ષનાર હતા તે હવે કેદખાનાની દિવાલો બની ગયા હતા. અનુકૂળ સંજોગો આપણને કબ્રસ્તાનની શાંતિમાં છાના પાડી શકે છે કે જયાં કબરો મૃત અને કહોવાણને સંતાડે છે. દરેક સમાજને તેની વ્યવસ્થાઓ હોય છે. દરેક વિકસીત સમાજને તેનો અમીર અને ગરીબ વર્ગ વચ્ચેનો એક વર્ગ મધ્યમ વર્ગ હોય છે. મૂળ વર્ણનાત્મક શબ્દ અને વિશેષણ, મધ્યમનો પરંપરાગત રૂઢિચુસ્ત અને રોજીદું મામૂલી એવો હાનિકારક વિધાનનો અર્થ થઈ ગયો છે. તેઓ કે જેઓ અતિશયોકિતને દૂર રાખે છે તેઓ મધ્યમ જગ્યામાં સ્થિર થાય છે, તેઓ પરિશ્રમ કરવાનું છોડી દે છે, જોખમ ખેડવાનું ટાળે છે અને જુસ્સાના અગ્નિને નવશેકા પાણી જેવા હૂંફાળા સાથે બદલે છે. નિયમિતતાવાળો મધ્યમ માર્ગ સરળતાથી વૈવિધ્યહિન બીજા અને સામાન્ય કોટિમાં સરકી જાય છે.

૪. વખતો વખત જીવન આપણને અનુકૂળ સંજોગોની બહાર લઈ જાય છે.

આમ તો જીવન આપણને આપણા અનુકૂળ સંજોગોમાં રહેવા દેતું નથી. જીવન, તેની પ્રકૃતિને કારણે બદલાવ અને આકસ્મિકતાથી ભરેલુંછે. વખતોવખત તે આપણને પરિચિત અને રોજીંદી બાબતોથી દૂર લઈ જાય છે. આપણે આગળની વાર્તાઓમાંઅને મુસાફરીમાં આ બનતું જોઈએ છીએ. સમય અને સ્થળના સંદર્ભમાં લોકોની હિલચાલ એ ઈતિહાસ કહેવાય છે. જીવન ચરિત્રમાં વ્યકિતઓના જીવનની સમયો દરમ્યાન થયેલા વિકાસને નોંધવામાં આવે છે. કશું પણ લાંબા સમય માટે એવુંને એવું રહેતું જ નથી.

આપણે એક તબકકાથી બીજા તબકકામાંપસાર થતાં આગળ વધીએ છીએ. એક વિદ્યાર્થી એક કામ કરનાર વ્યકિત બને છે. એક કુંવારી વ્યકિત પતિ અથવા પત્નિ, ત્યારબાદ પિતા કે માતા, ત્યારબાદ દાદા કે દાદી બને છે. પરિણીત વ્યકિત વિધવા કે વિધૂર બને છે. આપણે એક જગ્યાએથી બીજી જગ્યાએ જઈએ છીએ. વૈશ્વિક ગામમાં, આપણું કાર્યરત જીવન અલગ અલગ જગ્યાઓમાં વિવિધ ખંડોમાં પ્રસરેલું છે. આપણે અપરિચિત સંસ્કૃતિ, શબ્દો, નાણાં, ભોજનની વાનગીઓ, આબોહવા સાથે સમાધાન કરીએ છીએ.

જ્ઞાનથી ભરપૂર વિશ્વમાં, આપણે સતત જીવન બદલનારી નવીનતાના આક્રમણનો સામનો કરીએ છીએ, છેલ્લા થોડા દાયકાઓમાં આપણે જોયું છે કે આપણા અનુરૂપ સંજોગો માઈક્રોચીપની ક્રાંતિથી ભાંગીને ભુકકો થઈ ગયા છે. કચેરીમાંના

કારકૂન હાથના ટાઈપરાઈટર વાપરતા, જે ઈલેકટ્રોનિક ટાઈપરાઈટરથી બદલાયા ત્યારબાદ ટેબલ પરના કોમ્પ્યુટર, ચોક અને કાળા પાટિયા અથવા ઓવરહેડ પ્રોજેકટથી ટેવાયેલા શિક્ષકો પાવર પોઈન્ટ મલ્ટી મીડીયા પ્રેઝન્ટેશન સુધી પહોંચી ગયા. જો આપણે આપણા અનુકૂળ સંજોગો છોડવાનો ઈન્કાર કરીએ છીએ તો આપણે નકામા બનીએ છીએ.

૫. અનુકૂળ સંજોગોની બહાર, આપણે બદલાવ પ્રત્યે વધુ મુકત હોઈએ છીએ.

પણ આપણે તો બદલાવનો તિરસ્કાર અને વિરોધ કરીએ છીએ. અનુકૂળ સંજોગોમાં સ્થાયી થવું એ આપણી બદલાવની જરૂરિયાતના વિરોધ માટેની પધ્ધતિ છે. જયારે આપણે અમૂક બાબત વર્ષોથી એક રીતે કરી છે ત્યારે આપણે તેને જુદી રીતે કરવાની જરૂરિયાતને જોતા નથી. આપણું મગજ એક જ દ્રષ્ટિકોણથી બંધાઈ જાય છે અને આપણે બીજી રીતે જોઈ શકતા નથી. આપણે એ જ બાબતને બીજી ઘણી રીતે જોઈ શકીએ છીએ, તે દીવા જેવી સ્પષ્ટ બાબત છે એમ સ્વીકારીએ છીએ છતાં પકડી રાખીએ છીએ આપણી રીત તે ઉત્તમ છે. જોએલ બાર્કર જેને "વિચાર પધ્ધતિનો પક્ષઘાત" કહે છે. જયાં સુધી આપણે થોડા સમય માટે આપણા અનુકૂળ વિસ્તારમાંથી બહાર નથી આવતા ત્યાં સુધી તે આપણે ધરાવીએ છીએ.

અમારા તાલીમકેન્દ્રમાં ભાગ લેનાર પ્રતિનિધિઓ, વ્યાખ્યાતાઓ અને મહેમાનો આખા વિશ્વભરમાંથી આવે છે. તેઓ વીસથી ત્રીસ દેશોનું પ્રતિનિધિત્વ કરતા હોવા છતાં બે થી ચાર અઠવાડિયા માટે એકબીજા સાથે ખૂબ નિકટતાથી એક સમૂહમાં રહે

છે. દરેક વ્યકિત કે જેઓના વ્યવસાય, વ્યકિતત્વ, સ્વભાવ, મંડળી અને સંસ્કૃતિ જુદા હોય છે. અને ખાસ કરીને કહેવાની જરૂર નથી કે રાજકીય અને ઈશ્વરવિદ્યાની સમજ એ હચમચાવી દે તેવાં હોય છે. તેમ છતાં ઘણાં સાક્ષી આપે છે કે આ અનુભવ તેમને જુદા દ્રષ્ટિકોણ અને નવા વિચારો માટે ખુલ્લા થવા મદદરૂપ બને છે.

બદલાવ, ખાસ કરીને ખૂબ મોટો બદલાવ ભાગ્યે જ આપણા અનુકૂળ સંજોગોમાં થાય છે. કોઈપણ માળખામાં બદલાવ ભાગ્યે જ કેન્દ્રમાંથી શરૂ થાય છે, તે સપાટી પરથી ઉદભવે છે. જયારે આપણે નેતાગીરીના કેન્દ્રમાં હોઈએ છીએ ત્યારે આપણે બદલાવ માટે કાળજી રાખવાની જરૂર છે. કદાચ આપણો અહમ ભોગ બની શકે, આપણે આપણા હિત જાળવવા મૂળ સ્થિતિ, એવીને એવી જ જાળવીએ છીએ તેમ છતાં, કેન્દ્રથી દૂર આપણે થોડું ગુમાવીએ છીએ અથવા કશું ગુમાવતા નથી. તેવી જ રીતે ઘરથી દૂર આપણે ધરમૂળના પરિવર્તન માટેના વિચારોને લક્ષમાં લેવા પ્રોત્સાહિત હોઈએ છીએ. આપણા અનુકૂળ સંજોગોથી બહાર આપણે બદલાવ પ્રત્યે વધુ ખુલ્લા હોઈએ છીએ.

૬. અનુકૂળ સંજોગો બહાર આપણને વૃધ્ધિ માટેની તક પ્રાપ્ત થાય છે.

જયારે આપણે બદલાવ પ્રત્યે ખુલ્લા બનીએ છીએ ત્યારે આપણે વૃધ્ધિ માટે પણ ખુલ્લા બનીએ છીએ. છેવટે વૃધ્ધિ એ તો પરિપકવ પૂર્ણ વિકસિત થવા માટેનો બદલાવ છે. જયારે આપણે અનુકૂળ સંજોગોમાંથી બહાર ધકેલાઈએ છીએ ત્યારે બાઈબલ આપણને વૃધ્ધિ માટેની તકનો ઉપયોગ કરવા ભારપૂર્વક જણાવે છે. જયારે તમને તરેહ તરેહનાં પરીક્ષણો થાય છે ત્યારે તેમાં પૂરો આનંદ માનો, કેમકે તમે જાણો છો કે તમારા વિશ્વાસની પરીક્ષામાં

પાર ઉતર્યાથી ધીરજ ઉત્પન્ન થાય છે. તમે પરિપકવ તથા સંપૂર્ણ થાઓ અને કશામાં અપૂર્ણ રહો નહિ, માટે ધીરજ ને પોતાનું કામ પૂરેપૂરું કરવા દો. (યાકુબ ૧ઃ ૨–૪) આપણા અનુકૂળ સંજોગો બહાર આપણા વિશ્વાસની પરીક્ષા થાય છે અને આપણી પરિપકવતા વિકાસ પામે છે.

ઈશ્વરે યહોશુઆને આજ્ઞા આપી. "માટે હવે તું તથા આ સર્વ લોક ઉઠીને જે દેશ હું તેઓને, એટલે ઈસ્ત્રાએલપુત્રોને, અ)પું છું તેમાં આ યરદન ઉતરીને જાઓ. મેં મુસાને કહયું તેમ જે જે ઠેકાણું તમારા પગ નીચે આવશે તે દરેક મેં તમને આપ્યું છે." (યહોશુઆ ૧ઃ ૨–૩) યહોશુઆને સરહદોને પાછળ ધકેલવા – નદી ઓળંગવા, અજાણી ભૂમિમાં પગ માંડવા અને વચનનો દેશ પ્રાપ્ત કરવા તેડયો હતો. આપણે કદી પણ વૃધ્ધિ પામી ન શકીએ જો આપણે આગળ સાહસ ન ખેડીએ, આપણા પગ ભીના થવા ન દઈએ અને અણનમ માર્ગ પસંદ ન કરીએ તો.

એક સિનિયર કર્મચારીની વાત ઘણીવાર કહેવામાં આવે છે કે જેણે પૂછયું કે શા માટે તેને બદલે જુનિયર કર્મચારીને મૂકવામાં આવ્યા જેમણે વિરોધ કરતાં કહયું, "પણ મને તો વીસ વરસનો અનુભવ છે." તેના ઉપરી અધિકારીએં તેને સુધારતાં કહયું, "ના" "તમને" એક વરસનો અનુભવ વીસ વખત છે." જો આપણે અનુકૂળ સંજોગોની બહારની તકને ઝડપી લઈશું નહીંતો આપણે સકુંચિત રહી જઈશુંઃ પરિચિત અને નિત્યક્રમથી દૂરના સમયો આનંદદાયક હોતા નથી, કદાચ દુઃખદાયક હોઈ શકે. પરિશ્રમ વધાર્યા વગર વૃધ્ધિ થતી નથી.

૭. આપણું ધ્યાન કેન્દ્રિત કરવા ઈશ્વર આપણને અનુકૂળ સંજોગોની બહાર લઈ જાય છે.

આપણી પરિચિત જગ્યાઓ સુખદ અને આનંદદાયક લાગે છે. પરદેશમાં એક અમેરિકન વ્યકિત ઘર જેવું જ અનુભવે છે, જયારે તે મેકડોનાલ્ડસ રેસ્ટોરેન્ટમાં જાય છે. સંગીતના જાહેર કાર્યક્રમમાં પ્રેક્ષકો જયારે નામાંકિત ગાયકના ગીતની પહેલી કડી ઓળખી જાય છે ત્યારે તેઓ ચિચિયારી પાડે છે. પરિચિતપણું આનંદ આપે છે અને આનંદ આપણને સ્થિતપ્રજ્ઞ બનાવે છે. "પરંતુ દુ:ખ ધ્યાનમગ્ન થવા આગ્રહ કરે છે." સી.એસ.લુઈસ જણાવે છે, "ઈશ્વર આપણા સુખાનંદના સમયોમાં ધીમેથી કાનમાં કહે છે, અંતરઆત્માના અવાજમાં આપણી સાથે વાત કરે છે પરંતુ આપણા દુ:ખોમાં મોટેથી બૂમ પાડીને કહે છે: તે તેનો મેગાફોન છે જે બહેરા જગતને સાવધ કરે છે."[૩૪]

જયારે બધું સારું હોય છે ત્યારે આપણે બહેરા થઈ જઈએ છીએ. જયારે કંઈક ખરાબ બાબતો બને છે ત્યારે આપણે પ્રશ્નો પૂછવા લાગીએ છીએ. જવાબ શોધીએ છીએ. આપણી આંખો પહોળી થઈ જાય છે અને કાન વધારે ચકોર બની જાય છે. આપણે કદાચ ઘણાં બધા એવા લોકોને જાણતા હોઈશું કે જેઓ તેમના જીવનમાં મુશ્કેલીઓ ન આવી હોત તો ઈશ્વર વિષે વિચાર્યુ જ ન હોત. જયારે જીવન સામાન્ય રોજીંદુ હોય છે ત્યારે આપણે બહુ વ્યસ્ત હોઈએ છીએ. આપણી પાસે થોભવાનો અને સાંભળવાનો જરા પણ સમય હોતો નથી. પરંતુ જેવી માંદગી આવે કે ધંધામાં નિષ્ફળતા મળે કે કોઈ અણધારી ઘટનાઓ આવી પડે, અને તરત આપણે સાંભળવા માટે તૈયાર થઈ જઈએ છીએ. "ઈશ્વર, શા માટે?" એવું આપણે પૂછીએ છીએ. તે પૂછવા માટેનો શ્રેષ્ઠ પ્રશ્ન નથી પરંતુ આપણે ગમેતેમ ઈશ્વર સાથે એ રીતે પણ વાત કરીએ છીએ.

૮. ઈશ્વર આપણે વૃધ્ધિ પામીએ માટે મદદ કરવા આપણા અનુકૂળ સંજોગોની બહાર લઈ જાય છે.

આપણી અનુકૂળ સંજોગો વિષેની ચર્ચાને લગતું જે કાંઈ પ્રતિકૂળ છે તેનો અંતિમ સાર તો હકારાત્મક છે. ઈશ્વર આપણે વૃધ્ધિ પામીએ તેવું ઈચ્છે છે, અને સાચે જ ઘણીવાર તેમના માટે એક માત્ર રસ્તો હોય છે કે આપણને અનુકૂળ સંજોગોમાંથી બહાર ખેંચી કાઢવા. બીજી કેવી રીતે આપણું ધ્યાન ઈશ્વર તરફ ફેરવીશું, તેઓ શું કહેવા માંગે છે તે સાંભળીશું અને આપણા જીવનના મહત્વપૂર્ણ કાયમી ફેરફારોને જોઈશું?

આપણા અનુકૂળ સંજોગો બહારની અને ઉપરાંતની મુસાફરીને પાઉલ "સારી લડાઈ" કહે છેઃ "હું સારી લડાઈ લડયો છું, મેં દોડ પૂરી કરી છે. વિશ્વાસ રાખ્યો છે." (૨ તિમોથી ૪ઃ ૭) તે ખૂબ સારું છે કારણ કે દુઃખદાયક પરિશ્રમ અને માનસિક યુધ્ધ છતાં પરિણામ શ્રેષ્ઠ છે. જયારે આપણે મુસાફરીમાં પ્રવાસ સતત ચાલુ રાખીએ છીએ અને આપણે વિશ્વાસ રાખીએ છીએ ત્યારે આપણે ઈશ્વરની પ્રેમાળ કૃપા આખા રસ્તે પ્રાપ્ત કરીએ છીએ અને અંતે ગૌરવી આવકાર પામીએ છીએ.

# ચર્ચા વિચારણા માટેના પ્રશ્નો

**પ્રકરણ – ૧ – યાકુબઃ અંધારી રાત્રિ**

૧. "આત્માની અંધારી રાત્રી" શું છે? બાઈબલમાંનાં થોડા ઉદાહરણો આપો. આ બધા ઉદાહરણોમાંસામાન્ય બાબત કઈ છે?

૨. તમારા જીવનનો એક અનુભવ જણાવો કે જેને તમે અંધારી રાત્રી તરીકે ગણી શકો. તે અનુભવ પહેલાં, દરમિયાન અને પછી શું થયું હતું?

૩. જીવનમાંના અમૂક ફેરફારો વિષે વિચારો. પરિવર્તન પામી રહેલી વ્યકિતની જરૂરિયાતો કઈ હોય છે? કઈ સૌથી અગત્યની બાબત છે કે જે તેણે અથવા તેણીએ જાણવાની જરૂર છે? યાકુબના દ્રષ્ટાંતનો માર્ગદર્શન માટે ઉપયોગ કરો.

૪. જીવનનું પરિવર્તન આપણને વિશ્વાસની આગળની ઉચાઈ સુધી લઈ જવામાં કેવી રીતે મદદરૂપ થઈ શકે? આપણે શું કરવું જોઈએ, અને આપણે શું ન કરવું જોઈએ?

૫. યાકુબની તેની અનુકૂળ પરિસ્થિતિની બહારની મુસાફરીમાંથી શીખવા મળતા પાઠોનો ઉપસંહાર જણાવો.

**પ્રકરણ – ૨ યુસફઃ જેલ સુરક્ષા**

૧. શા માટે અમૂક લોકો બિનસલામત હોય છે? અસલામતી કેવી રીતે વ્યકિત અને તેની કે તેણીની આસપાસના લોકોને અસર કરે છે?

૨. યુસફના કુટુંબને ધ્યાનમાં રાખો. કુટુંબની દરેક વ્યકિતમાં અસલામતી કેવી રીતે પ્રગટ થતી હતી? ભાઈઓએ તેમની અસલામતી દૂર કરવા શું કર્યુ? શું તેનાથી મદદ મળી?

૩. યુસફની તાલીમના ત્રણ "સત્ર"નો સારાંશ જણાવો. કેવી રીતે યુસફ સલામતી શીખ્યો? એક વાકયમાં જણાવો કે ઈશ્વર, યુસફ કયો મુખ્ય પાઠ શીખે તેમ ઈચ્છતા હતા?

૪. શા માટે સત્તા પહેલાં દુઃખ અને સફળતા પહેલાં સલામતી આવવી જોઈએ? જેઓએ દુઃખનો અનુભવ કર્યા વગર સત્તાનો ઉપયોગ કરે છે અથવા સલામતી શીખ્યા વગર સફળતાનો આનંદ માણે છે તેવા લોકોનું શું થાય છે?

૫. તમારા જીવનનો એક અનુભવ કે જયારે તમે અસલામતી અનુભવી હોય તેની સાથે સરખાવો. યુસફના અનુભવ પરથી, તમે તમારી અસલામતીને કેવી રીતે હલ કરશો?

**પ્રકરણ – ૩ – ઈબ્રાહીમ : ખુલ્લા હાથો**

૧. ઈબ્રાહીમે પોતાની ચામડી અને પોતાનું મોં બચાવવાનો પ્રયત્ન કર્યો. "આ બે બાબતો આપણું જીવન અને આપણું અભિમાન–આપણે બીજી બધી બાબતો કરતાં ખૂબ સખત રીતે પકડી રાખીએ છીએ? શું તમે સહમત થાઓ છો? જો હા, તો આધુનિક જમાનાના થોડાક ઉદાહરણ આપો.

૨. ઈબ્રાહીમને શુંઆપી દેવાનું કહેવામાં આવ્યું હતું? તેના સંબંધમાં શું ગેરવાજબી હતું અને શું વાજબી હતું?

૩. ઈબ્રાહીમની જે સમયે તેને આજ્ઞા મળી ત્યારથી ઈસ્હાકના બલિદાન સુધીની વિશ્વાસની મુસાફરીનું સ્મરણ કરો. તેણે શું કર્યું અને શું ન કર્યું? જો તમે તેની જગ્યાએ હોત તો તમે શું કર્યું હોત?

૪. વિશ્વાસ નિષ્ક્રિય નહીંપણ સક્રિય કેવી રીતે હોઈ શકે? આપણે આપણા વિશ્વાસનું સત્ર કેવી રીતે પૂરૂં કરી શકીએ અને તેને જન્મતા પહેલાં જ મારી ન નાંખીએ?

૫. તમારોં એક અનુભવ જણાવો કે જયારે ઈશ્વર તમને કંઈક છોડી દેવાનું કહેતા હતા. તે શા માટે મુશ્કેલ હતું? જીમ ઈલિયટના અવતરણો કેવી રીતે મદદરૂપ થાય?

**પ્રકરણ – ૪ – મુસાઃ બુઝાતો જતો અંગારો**

૧. જયારે ઈશ્વરે બળતા ઝાડવામાંથી મુસા સાથે વાત કરી ત્યારની તેની ધ્વિધા સમજાવો. શું તે મિદ્યાનમાં ઘરે હોય તેવું અનુભવતો હતો? શું તે મિસર પાછો જવા માંગતો હતો? શા માટે?

૨. મુસા જયારે ૪૦ વર્ષનો હતો અને ૮૦ વર્ષનો હતો તેની સરખામણી કરો. તે બંન્ને કેવી રીતે અલગ હતા? શું થયું હતું?

૩. જયારે આપણે કહીએ છીએ કે વ્યકિત બળી ગયો? તો તેનો અર્થ શું થાય છે? તમે જેમને ઓળખો છો તેમણે આવો અનુભવ કર્યો હોય તે જણાવો.

૪. ઈશ્વરે શા માટે અગ્નિના માધ્યમથી મુસા સાથે વાત કરી? ઈશ્વરના નામ "હું છું" નું શું મહત્વ છે?

૫. મુસાની સાદગીથી ટીકાત્મક સુધીની મુસાફરી પરથી આપણે કયા પાઠ શીખી શકીએ છીએ તેનો સાર જણાવો. કેવી રીતે બે મહત્તમ બાબતોને નિવારી શકાય? આપણે કેવી રીતે સાદગીમાંથી બહાર નીકળી, ટીકાઓ કર્યા વગર, પ્રગતિ કરી શકીએ?

## પ્રકરણ – ૫ – રૂથ: અજાણ્યો માર્ગ

૧. રૂથે જેમ તેની સાસુની કાળજી રાખવા ઘર અને દેશ છોડયો એવું તમે શું કર્યુ હોત? તેના નિર્ણય અને કાર્ય અંગે નોંધપાત્ર બાબત શી હતી?

૨. શા માટે નાઓમીએ ફરિયાદ કરી કે તેનું જીવન કડવું અને ખાલી બનાવી દેવાયું હતું? તેમ કહેવામાંશુંતે યોગ્ય હતી? તેની અને રૂથની પરિસ્થિતિને સરખાવો. કઈ વિધવા વધુ મુશ્કેલ સ્થિતિમાં હતી? તમારો એક અનુભવ જણાવો કે જયારે તમને લાગ્યું હોય કે તમે અજાણ્યા ભવિષ્યનો સામનો કરી રહયા હતા? તમારા મનમાં કેવા પ્રશ્નો હતા?

૩. ઈશ્વરે રૂથને કેવી રીતે પૂરૂં પાડયું? તેના જેવી જરૂરિયાતમંદ વ્યકિંતઓની સુખાકારી માટે ઈશ્વરે કયા નિયમો બનાવ્યા હતા?

૪. રૂથની અનુકૂળ વિસ્તાર બહારની મુસાફરી પરથી આપણે શું શીખી શકીએ છીએ? જે ખાલી હતું તે ભરવા અને જે ગુમાવ્યું હતું તે મેળવવા તેણે કયો ભાગ ભજવ્યો અને ઈશ્વરે કયો ભાગ ભજવ્યો?

## પ્રકરણ – ૯ – એલિયાહ: બીજો શ્વાસ

૧. "બીજો શ્વાસ" શું છે? તેનો સિધ્ધાંત આપણને દોડવા અને જીવવા માટે કેવી રીતે મદદ કરે છે?

૨. એલિયાહ કે જે બઆલના પ્રબોધકો - ૪૫૦ પુરૂષોની સામે ઉભો રહયો હતો તેણે કેવી રીતે એક સ્ત્રી - ઈઝબેલની બીકથી પૂંઠ ફેરવી? કયા પરિબળોએ તેની મુસાફરી અને ત્યારબાદની તેની નિરાશામાં ભાગ ભજવ્યો?

૩. એલિયાહના જેવા તમારા જીવનના અનુભવને સરખાવો. નકારાત્મક લાગણીઓ (દા.ત. હાર, દોષિતપણું, સ્વદયા, એકલાપણું) અને તેઓ કેવી રીતે આવી તે સમજાવો.

૪. આવા પ્રથમ શ્વાસોશ્વાસથી લાગેલ થાકના પરિણામે આપણે આપણી જાત અને ઈશ્વર વિષે શું શીખી શકીએ છીએ.

૫. એલિયાહ જયારે પોતાના અંત સુધી આવી પહોંચ્યો ત્યારે ઈશ્વરે તેની સાથે કેવો વ્યવહાર કર્યો? આપણે "બીજો શ્વાસ" શોધવા માટે મદદ માટે કેવાં પગલાં લઈ શકીએ?

૧. જોન વેસ્લી, જોન સંગ, ડેવિડ વિલ્કરસન અને નહેમ્યાહના અનુભવોમાં શી સામ્યતા હતી?

૨. આપણે જયાં કામ કરીએ છીએ ત્યાંથી અંતર, શું એ આપણે જે કરીએ છીએ તેમાં અડચણરૂપ છે કે મદદરૂપ છે? શું તે આપણને સમયે સમયે આપણા કામથી દૂર લઈ જાય છે? કેવી રીતે? (અંતર થોડા માઈલોથી હજારો માઈલો સુધીનું હોઈ શકે)

૩. ગેરહાજરી, લોકો સાથેના આપણા સંબંધોમાં શું કરે છે? એક ઉદાહરણ આપી સરખાવો કે જયારે ગેરહાજરીના પરિણામે સંબંધો મજબૂત (અથવા નબળા) બન્યા હોય. (ગેરહાજરી થોડા દિવસોથી કેટલાક વર્ષો સુધીની હોઈ શકે.)

૪. પોતાના લોકો મધ્યેની ગેરહાજરી અને પોતાની માતૃભૂમિથી દૂરનાં અંતરે નહેમ્યાહને કેવી રીતે ઈશ્વરે આપેલા દર્શન અને તેડા માટે તૈયાર કર્યો?

૫. આપણા દર્શન અને તેડાને વધુ સ્પષ્ટ બનાવવા માટે કેવી રીતે વ્યકિતગત રીટ્રીટ, રજાઓ, અઠવાડિયાનો સાતમો આરામનો દિવસ અને બીજા પ્રકારની ઠોકી બેસાડેલી ગેરહાજરી મદદરૂપ બને છે તેની ચર્ચા કરો. આપણા કેલેન્ડરમાં આ કામો નિયમિતરૂપમાં આવે તેવું આપણે કેવી રીતે કરી શકીએ?

## પ્રકરણ – ૮ – મરિયમઃ હૃદયમાં ખુશીથી સંઘરી રાખેલ રહસ્ય.

૧. જ્યારે મરિયમે દૂત પાસેથી તેની ગર્ભાવસ્થાના સમાચાર સાંભળ્યા તે સમયે તમે તમારી જાતને મરિયમની જગાએ મૂકો અને જે વિચારો તમને આવે તે તમારા વિચારો અને લાગણીઓ જણાવો.

૨. તમારો એક અનુભવ જણાવો કે જયારે તમને આ પ્રકારના વિચારો અને લાગણીઓ થઈ હોય. શું આ સાચું હોઈ શકે? શું તે સાચે જ મારામાં બની રહયુંછે?

૩. "આપણી સત્તાધીશ બનવાની ઈચ્છામાં આપણે બધુંજ જાણવાની માંગણી કરીએ છીએ. આપણને વધુ સમજાવવામાં આવે તેમ ઈચ્છીએ છીએ." આપણે જે દુનિયામાં જીવીએ છીએ તે માટે શું તે સાચું છે? શું તે ઈશ્વર સાથેના આપણા સંબંધો માટે સાચું છે?

૪. જે બાબતો આપણે સમજી શકયા નથી તેનો સામનો આપણે કેવી રીતે કરવો જોઈએ? મરિયમે તે બાબતો કેવી રીતે હલ કરી હતી? તેની પાસેથી આપણે શું શીખી શકીએ છીએ?

૫. આપણુંહૃદય કેવી રીતે સંગ્રહસ્થાન અને પવિત્ર જગ્યા બની શકે? વ્યસ્તતા અને થાકની ઘટમાળમાંથી બહાર આવવા માટેના થોડાંક પગલાંઓ કે જેનું તમે આયોજન કરી શકો તેની રૂપરેખા બનાવો.

## પ્રકરણ – ૯ – પિત્તર: પૂર્ણ વર્તુળ

૧. લુક: ૫ અને યોહાન: ૨૧માં પિત્તરની સરખામણી કરો. ઈસુના તેની સાથેના દરેક મેળાપ વખતે તેણે કેવો પ્રતિભાવ આપ્યો હતો? તફાવત શાના લીધે હતો?

૨. ઈશ્વર સમક્ષ જતાં તમને બીક અથવા શરમ લાગી હોય તેવો એક અનુભવ જણાવો. તમને શેની બીક અથવા શરમ લાગી હતી? તમે કેવી રીતે વિચાર્યુ કે ઈશ્વર તમને સ્વીકારશે?

૩. પિત્તર તેના સર્વોચ્ચ શિખર પરથી (ઈસુની ખ્રિસ્ત તરીકેની કબૂલાત)થી તેના ન્યૂનતમ શિખર (ઈસુનો નકાર) સુધી કેવી રીતે પડયો? યહૂદા કે જેણે ઈસુનો વિશ્વાસઘાત કર્યા બાદ આપઘાત કર્યો હતો તેના જેવી કમનસીબીથી તેનો કઈ બાબતે બચાવ કર્યો?

૪. ઈસુએ પિત્તર અને તેની નિષ્ફળતા સાથે કેવો વ્યવહાર કર્યો? પીત્તરને તેના જીવનના તે પ્રકરણનો સુખદ અંત લાવવામાં કેવી રીતે મદદ મળી?

૫. નિષ્ફળતા નિવારવા આપણે કેવાં પગલાં લઈ શકીએ? નિષ્ફળતા બાદ ફરીથી ઉભા થવા આપણે કેવાં પગલાં લઈ શકીએ?

## પ્રકરણ – ૧૦ – પાઉલ: લાંબુ ઘસડાયેલો

૧. તમારા જીવનમાં ભૂતકાળમાં બની ગયેલો એક બનાવ છે કે જે તમને હજુ ગઈકાલે જ બન્યો હોય તેવી રીતે યાદ છે? તેના વિષે કહો, અને તે તમને તાદ્રશ યાદ કેમ છે તે જણાવો.

૨. પાઉલની ઈસુ સાથેની દમસ્કના માર્ગ પરની મુલાકાત બાદ તેની દમસ્કમાં અનાન્યા સાથે મુલાકાત થઈ. શા માટે પાઉલ માટે બંને મુલાકાતો અગત્યની હતી? બીજી મુલાકાતે પહેલીને કેવી રીતે પૂરી કરી?

૩. "હું તે આકાશી દર્શન માન્યા વગર રહી શકતો નથી." પાઉલે દર્શન મળ્યા બાદ ઘણાં વર્ષો પછી આ જાહેર કર્યું. પાઉલ અને તેના દર્શન વચ્ચે શું આવ્યુંહશે?

૪. આપણું ધ્યાન દોરવા અને સદા આપણને યાદ રહી જાય તેવું કરવા ઈશ્વર ઘણીવાર આપણને આપણા અનુકૂળ સંજોગોમાં હચમચાવે છે. તમારા જીવનમાં થયેલો આવો અનુભવ જણાવો.

૫. નિર્ણયો બને છે અને તૂટે છે, દર્શન પ્રાપ્ત થાય છે અને ખોવાઈ જાય છે. આપણે કેવી રીતે આપણે જે જોયું અને સાંભળ્યુ તેને યાદ રાખી શકીએ અને જે કરવાને માટે આપણને તેડવામાં આવ્યા છે તેને સત્યતાથી વળગી રહીએ? આપણે કેવી રીતે લાંબા સમયથી ઘસડાતી વખતે આધીનતા કેળવી શકીએ?

# સંદર્ભ પુસ્તકો


૧. ધ બિઝનેસ ઓફ પેરાડિમ્સ (ચાર્ટ હાઉસ ઈન્ટરનેશનલ ૧૯૯૦)

૨. જોન એડમન્ડ હાગ્ગાય, લીડ ઓન, લીડરશીપ ધેટ એન્ડયુરસ ઈન એ ચેઈન્જીંગ વર્લ્ડ (સિંગાપોરઃ વર્ડ પબ્લીશીંગ, ૧૯૮૬), ૨૧.

૩. જયોફી હેન્કસ, ૬૦ ગ્રેટ ફાઉન્ડર્સ (રોશ્શાયર, સ્કોટલેન્ડઃ ક્રિશ્ચિયન ફોકસ પબ્લીકેશન્સ, ૧૯૯૫), ૨૫૪.

૪. ૬૦ ગ્રેટ ફાઉન્ડર્સ, ૧૨૮. જુઓ એલાઈન ર્‌હોટન, ધ લોગોસ સ્ટોરી (કેન્ટ, ઈંગ્લેન્ડઃ ઓ એમ પબ્લીશીંગ, ૧૯૮૮), ૧૪.

૫. સ્પર્જન પૂછવાનું ચાલુ રાખે છે, "જો તેની અંધારી રાત્રિઓ જગતના દિવસ જેટલી પ્રકાશિત છે તો તેના દિવસો કેવા હશે?" મોર્નિંગ એન્ડ ઈવનીગ ડેઈલી રીડીંગ્સ (રોશ્શાયાર, સ્કોટલેંડઃ ક્રિશ્ચિયન ફોકસ પબ્લીકેશન, ૧૯૯૪), મે ૧૮ સાંજ.

૬. ડાર્ક નાઈટ ઓફ ધ સોલ, ઈ. એલીસન પીયર્સ ધ્વારા અનુવાદિત ન્યુયોર્કઃ ડબલ ડે ઈમેજ બુકસ, ૧૯૯૦). સેંટ જોન ઓફ ધ ક્રોસ લીવ્ડ ફોમ ૧૫૪૨ થી ૧૫૯૧.

૭. ધેટ ઈનક્રેડિબલ ક્રિશ્ચિયન (કેમ્પ હીલ, પેન્સિલવેનિયાઃ ક્રિશ્ચિયન પબ્લીકેશન્સ ઈન્કો, ૧૯૮૬), ૧૨૨.

૮. લેલેન્ડ રાયકેન, વર્લ્ડલી સેંટસઃ ધ પુરિતાનસ એઝ ધે રીયલી આર (ગ્રાન્ડ રેપિડસ, મિશિગનઃ ઝોન્ડરવન, ૧૯૮૬), ૨૧૦.

૯. બ્રધર લોરેન્સ, ધ પ્રેકટિસ ઓફ ધ પ્રેઝન્સ ઓફ ગોડ (લંડનઃ એપવર્થ પ્રેસ, ૧૯૬૮)

૧૦. "ઈફ યુ ડોન્ટ માઈન્ડ મી સેંઈગ સો," ધ અમેરિકન સ્કોલર (સમર, ૧૯૬૭)

૧૧. એડવર્ડ કે. રોવેલ, કવોટસ એન્ડ આઈડીયા સ્ટાર્ટસ ફોર પ્રીચીંગ એન્ડ ટીચીંગ (ક્રિશ્ચિયાનીટી ટુડે, ઈન્કો, ૧૯૯૬), ૧૫૮

૧૨. લેટર્સ એન્ડ પેપર્સ ફોમ પ્રિઝન (લંડનઃ ફોન્ટાના બુકસ, ૧૯૭૧), ૯૭

૧૩. જોસફ, ટર્નર પિકચર્સ વર્લ્ડ વાઈડ, ઈન્કો, ૧૯૯૫

૧૪. ધ રૂટ ઓફ ધ રાઈચિયસ (હેરિસબર્ગ, પેન્સિલવેનિયાઃ ક્રિશ્ચિયન પબ્લીકેશન, ઈન્કો, ૧૯૫૫), ૧૩૭

૧૫. વર્જીનીયા સ્ટેમ ઓવેન, એડવર્ડ કે. રોવેલ (એડ.), કવોટસ એન્ડ આઈડીયા સ્ટાર્ટસ ફોર પ્રીચીંગ એન્ડ ટીચીંગ (ગ્રાન્ડ રેપિડસ, મિશિગનઃ બેકર બુકસ, ૧૯૯૬), ૪૧

૧૬. ગોર્ડન મેકડોનાલ્ડ, રીબિલ્ડીગ યોર બ્રોકન વર્લ્ડ (થોમસ નેલ્સન, ૧૯૮૮) પ્રકરણ ૬.

૧૭. એલિસાબેથ ઈલિયટ, ધ શેડો ઓફ ધ ઓલમાઈટી (લંડનઃ હોકર એન્ડ સ્ટોઉગ્ટન, ૧૯૬૭), ૧૫, ૫૯.

૧૮. ઓન ધ કોન્ટ્રારી (૧૯૬૨), ૭, ર્હોડા થોમસ ટ્રીપ ધ્વારા સંકલિત અને ધ ઈન્ટરનેશનલ થિસોરસ્ ઓફ કવોટેશન્સમાં જણાવાયેલ (ન્યુયોર્કઃ થોમસ વાય. ક્રાઉવેલ, ઈન્ક, ૧૯૭૦), ૨૧૧.૧.

૧૯. લોરેન્સ જે. પીટર, પીટર્સ કવોટેશન્સ (ન્યુયોર્કઃ બેનટેમ બુક, ૧૯૮૦), ૧૦૦.

૨૦. કવોટસ એન્ડ આઈડીયા સ્ટાર્ટર ફોર પ્રીચીંગ એન્ડ ટીચીંગ (ગ્રાન્ડ રેપિડસ, મીશીગનઃ બેકર બુકસ, ૧૯૯૬). આ અવતરણ અજાણ્યા સ્ત્રોતમાંથી લેવાયું છે.

૨૧. યહોશુઆ ૨૮ઃ ૮–૧૩

૨૨. જોન ડી. વુડબ્રીજ (ઈડી.), ગ્રેટ લીડર્સ ઓફ ધ ક્રિશ્ચિયન ચર્ચ (શિકાગો, ઈલિનોઈસઃ મૂડી, પ્રેસ, ૧૯૮૮), ૩૩૬–૩૩૮.

૨૩. વોરન વીયર્સબી, વોઉગ વીથ ધ જાયન્ટસ (ગ્રાન્ડ રેપિડસ, મિશિગનઃ બેકર બુક હાઉસ, ૧૯૭૬), ૨૬૩.

૨૪. ધ રૂટ ઓફ ધ રાઈટયસ (અકોલા, મહારાષ્ટ્ર, ઈન્ડિયાઃ અલાયન્સ પબ્લીકેશન્સ, ૧૯૭૭), ૧૪.

૨૫. લા રોચેફોકોલ્ડ, મેકિસમસ (૧૬૬૫), કેનેથ પ્રેટ ધ્વારા અનુવાદિત, ધ ઈન્ટરનેશનલ થેસર્સ ઓફ કવોટેશન્સમાં પ્રકાશિત, રહોડા થોમસ ટ્રીપા ધ્વારા સંકલિત (ન્યુયોર્કઃ થોમસ વાય. ક્રાઉવેલ કં., ૧૯૭૦), ૩.૯.

૨૬. જેરાલ્ડ જી. મે, ગ્રેસ એન્ડ એડીકશન (સાન ફ્રાન્સિસકો, કેલિફોર્નિયાઃ હાર્પર એન્ડ રો, ૧૯૮૮), ૮૯.

૨૭. કોમેન્ટરી ઓન ધ હોલ બાઈબલ ઈન વન વોલ્યુમ (લંડનઃ માર્શલ, મોર્ગન એન્ડ સ્કોટ, ૧૯૬૦), ન્યુ ટેસ્ટામેન્ટ, ૨૨૭.

૨૮. ધ એકટસ ઓફ ધ અપોસલસ (ધ ડેઈલી સ્ટડી બાઈબલ સિરિઝ, રીવાઈઝડ એડિશન) (લુઈસવિલે, કેન્ટુકીઃ વેસ્ટ મિનિસ્ટર જોન કોક્ષ પ્રેસ ૧૯૭૬), ૭૦–૭૧.

૨૯. ફિલિપી ૩:૧, ૧ કોરંથી ૧૬:૧૨, ૨ કોરંથી ૨:૧૩, કોલોસી ૪:૭

૩૦. નિર્ગમન ૩: ૧–૧૦, યહોશુઆ ૫: ૧૩–૧૫, યશાયા ૬: ૧–૧૦, પ્રકટીકરણ ૧:૯–૨૦.

૩૧. સ્ટીફન આર. કોવી, ધ સેવન હેબિટસ ઓફ હાઈલી ઈફેકટીવ પીપલ (ન્યુયોર્કઃ સાયમન એન્ડ સસ્ટર, ૧૯૮૯), ૧૮–૧૯

૩૨. ક્રિશ્ચિયન મેડીકલ સોસાયટી જર્નલ (સ્પીગ ૧૯૭૭, વોલ્યુમ ૮ નંબર ૨), ૧૦,૧૧ તે સાથે જૂઓ – સીરીલ જે. ડેવી, ધ સ્ટોરી ઓફ સાધુ સુંદરસીંગ (શિકાગો, ઈલીનોઈસઃ મુડી પ્રેસ, ૧૯૬૩), ૧૩૨–૧૩૪.

૩૩. હેનરી એમ. નૌવેન, ધ જેનેશી ડાયરી, રીપોર્ટ ફોન્ડ એ. ટ્રાપીસ્ટ મોનેસ્ટ્રી (ન્યુયોર્કઃ ડબલ ડે, ૧૯૭૬), ૧૭૨

૩૪. ધ પ્રોબલમ ઓફ પેઈન (લંડનઃ ફોન્ટાના બુકસ, ૧૯૫૭), ૮૧.

# લેખકનો પરિચય



રેવ. ડેવિડ ડબલ્યુ.એફ. વોંગ

રેવ. ડેવિડ વોંગે ૧૯૯૪થી હાગ્ગાય ઈન્સ્ટીટયુટ, માવી, હવાઈના ડાયરેક્ટર ઓફ ટ્રેઈનીગ તરીકે સેવાઓ આપી હતી. તેમણે દર વર્ષે માવીમાં તાલિમ લેતા અલગ અલગ દેશોના સેંકડો ખ્રિસ્તી આગેવાનો માટે નિરીક્ષક, અધ્યાપક અને માર્ગદર્શક તરીકેની સેવાઓ આપી. ૨૦૦૧ થી ૨૦૦૬ના વર્ષો દરમિયાન તેમણે હવાઈ અને સિંગાપોર એમ બન્ને ટ્રેઈનીગ પ્રોગ્રામ માટે ઈન્ટરનેશનલ ટ્રેઈનીગના વાઈસ પ્રેસિડેન્ટ તરીકેની સેવાઓ બજાવી. તાજેતરમાં તેઓ હાગ્ગાય ઈન્સ્ટીટયુટમાંથી સેવા નિવૃત્ત થયા છે.

સિંગાપોરમાં જન્મેલા તેમણે, પ્રાથમિક અભ્યાસ દેશની મહત્વની સ્કૂલ, રેફલ્સ ઈન્સ્ટીટયુટમાં અને આર્ટસ તથા થિયોલોજીની બે માસ્ટર્સ ડિગ્રીનો અભ્યાસ યુનિવર્સિટી ઓફ માન્ચેસ્ટર, ઈંગ્લેન્ડ અને યુનિવર્સિટી ઓફ એબર્ડન, સ્કોટલેન્ડમાંથી અનુક્રમે કર્યો હતો. તેમણે તેમનો ડોકટરેટનો અભ્યાસ ફૂલર થિયોલોજીકલ સેમિનરીમાંથી લીડરશીપ અને લર્નીગ પેરાડિમ્સ વિષય પર ૨૦૦૪માં પૂરો કર્યો હતો.

તેમણે ૧૭ વર્ષો સુધી માઉન્ટ કાર્મેલ બાઈબલ પ્રેસ્બિટેરિયન ચર્ચમાં પાળકીય સેવાઓ આપી, જે દરમિયાન તે મંડળી ૧૨૦ સભ્યોમાંથી ૫૦૦ સભ્યોવાળી મોટી માતૃમંડળી તરીકે વૃધ્ધિ પામી કે જેણે ચાર મંડળીઓને જન્મ આપ્યો જેમાંની એક ભારતમાં પણ છે. તેમણે અધ્યાપક તરીકે વિવિધ ઈશ્વરવિદ્યાશાળાઓમાં અને બિબ્લીકલ ગ્રેજયુએટ સ્કૂલ ઓફ થિયોલોજીમાં ડેપ્યુટી ડીન તરીકે, ૧૯૯૪ સુધી જયારે તેઓ વધુ મોટી સેવા માટે ગયા, ત્યાં સુધી સેવાઓ આપી હતી.

તેમના પત્ની જેની, પ્રિસ્કૂલ કન્સલટન્ટ છે. તેઓને બે પુત્રીઓ અને એક દોહિત્ર છે.

Published and Distributed by:
GUJARAT TRACT AND BOOK SOCIETY
Sahitya Seva Sadan, Near Gujarat College,
Ellisbridge, Ahmedabad - 380006. INDIA
Phone : 26445281 E-mail : gtbs_1852@yahoo.co.in

Printed By: Screendot Printers, Ph. 079 - 65446629